# સર્જન સહિયારું-ગદ્ય

## લઘુનવલકથા સંગ્રહ

### બ્લૉગમિત્રો દ્વારા લખાયેલી વાર્તાઓ

# કલમકાર સમુહ

અનીલ શાહ

કીરિટ્કુમાર ભક્ત

ડો નીલેશ રાણા

નીલમ દોશી

પ્રભુલાલ ટાટરીયા “ધુફારી”

પ્રવિણા કડકીયા “પ્રવિણાશ”

મોના નાયક “ઊર્મિસાગર”

રમેશ શાહ

રાજુલ શાહ

વિજય શાહ

સપના મર્ચંટ

# પૂર્વભૂમિકા

ગુજરાતી સાહિત્ય સરિતાનાં ઘણા બધા સર્જકો ઘણુ રચતા એવે સમયે એક વાત આવી આપણે લોકો પોતાના વિચારો સરસ રીતે વ્યક્ત કરીયે છે તો કંઇક નવુ પણ સહિયારું સર્જન કરીયે તો? અને મેં હિન્દી ફીલ્મ “કથા” ની વાત ઉપાડી. વિજય તેંડુલકર અને સાંઈ પરાંજપે જેવા દિગ્દર્શકોથી તૈયાર થયેલ તે ફિલ્મની કથા ૪૩ જેટલા લેખકો એ રચી હતી..તો ચાલો આપણે એવુ કંઇક કરીયે. અને શરુ થયુ ૨૦૦૫નાં વર્ષમાં મનોમંથન.” નિવૃતિ નિવાસ” જેમા ૧૧ લેખકોએ ૧૫ જેટલા પ્રકરણ લખ્યા.

બધા પ્રકરણ ભેગા કરી તેને એક સુત્રતા આપવાના પ્રયત્નમાં એક વાત સમજાઇ ગઇ કે તે નવલકથા નહીં પણ  નવલીકા  છે. પ્રો સુમન અજમેરીએ તેનુ સઘન વિશ્લેષણ કર્યુ અને તેને પરિણામે મિત્રોનો ઉત્સાહ હંગામી રીતે ઠંડો પડ્યો. પણ મને પ્રવિણાબેનને અને કીરિટ ભક્તને લખવાનું નવુ આલંબન મળ્યુ...બહુ લેખકો ઉપર મુખ્ય લેખક રહે અને તે વાર્તાનો પ્રવાહ તુટ્વા ન દે તે રીતે પહેલો પ્રયત્ન “બીના ચીડીયા કા બસેરા લખવાનુ શરુ કર્યુ અને ઉર્મિસાગર અને નીલમબેન દોશી સાથે “સર્જન સહિયારુ –ગદ્ય” બ્લોગ મુક્યો કે જેથી દરેક ભાગ લેતા અને ભાગ લેવા ઇચ્છતા લેખકો વિકસતી વાર્તા માણી શકે અને સૌ લેખકોને પણ આમા જોડાવા આમંત્રણ આપ્યુ

આ ખુબ જ સરસ અનુભવ હતો. મુખ્ય લેખક વાર્તા વિકસાવવાના મુદ્દા આપે અને તે ૧૨ પ્રકરણ પહેલેથી વહેંચાઇ જાય.દરેક લેખકની કસોટી એ હતી કે તેમણે તેમની આગળનાં હપ્તા વાંચીને પછીજ લખવાનું હતુ અને ઉત્સાહમાં આવી જઇ લેખક પોતાના ભાગનુ તો લખતો પણ કશુંક એવું અંતમાં લખતો કે પાછળના લેખકને તંતુ બેસાડવામાં તકલીફ પડતી. જોકે મુખ્ય લેખક વધ ઘટ કરી શકે તેથી લઘુ નવલકથા નવલીકા બની જતી નહોંતી.

આ નવતર પ્રયોગ માં નેટ અગત્યનો ભાગ ભજવતું..અને એવા કેટલાય નવા મિત્રો બન્યા કે જેમને હજી સુધી મળ્યા પણ નથી અને તેઓની સાથે સહિયારું લખાણ શક્ય બન્યું છે.

બ્લોગ ઉપર પહેલો બહુલેખકો દ્વારા લખાયેલ પ્રથમ લઘુ નવલકથા.

# बीना चीडीया का बसेरा



ટાઇટલ ફોટોઃ જયશ્રી ભક્તા

1.પ્રવિણા કડકીયા

2. રમેશ શાહ

3.કિરીટકુમાર ભક્ત

4.વિજય શાહ

શર્મીલા માસીનાં મૃત્યુનાં સમાચાર સાંભળીને રીના ધ્રુસકેને ધ્રુસકે રડી પડી. રીનાનો પતિ વાત્સલ્ય અને શર્મીલામાસીનો નિરવ બંને બાળમિત્રો હતા. શર્મીલામાસીને મન તે રામ લક્ષ્મણની જોડી હતી.શર્મીલામાસી વાત્સલ્યને પણ તુ તો મારો બીજો દીકરો છે કહી લાડ લડાવતા.માનવ સહજ હજારો ત્રુટીઓ તેમનામાં હતી પણ એક ગૂણ બહુજ મોટો હતો અને તે ખુબજ પ્રેમાળ હતા.વળી નિરવ તો એમને શ્વાસ અને પ્રાણ વહાલો. મારો નિરવ તો આમ અને મારો નિરવ તો તેમ કરતા અને કહેતા એમની જીભ ન સુકાય.વાત્સલ્યને આ વાત ઘણી જ ગમતી તેથી ક્યારેક રીનાને કહેતો પણ ખરો...માનો પ્રેમ કેટલો નિઃસ્વાર્થ અને ઉમદા હોય છે તે જોવો હોય તો શર્મીલામાસી પાસે નિરવની  વાત કર. શર્મીલામાસીનાં જવાબમાં તને હળવાશો સાથે વાત્સલ્ય અને હુંફનો ધુધવતો સાગર જોવા મળશે.

શર્મીલામાસીની સરખામણીમાં વાત્સલ્યનાં મમ્મી થોંડાક રીઝર્વ. જરુર પુરતી જ વાત. ખોટો આડંબર નહિ કે ક્યારેય જરુર કરતા વધુ લાગણીનાંવે શબ્દ પણ નહિ.આ વાત રીનાને ડંખતી.તે રમાબા પાસે વાત્સલ્ય માટે એવુજ લાગણીનુ ઘોડાપુર ઝંખતી. કદાચ આ જ કારણે જ્યારે શર્મીલા માસી નિરવની સાથે સાથે વાત્સલ્ય માટે પણ અંતરનાં આશિર્વાદ આપતા ત્યારે તે અહોભાવ થી ગદ ગદ થઇ જતી.

રમાબહેન ચુસ્ત કર્મનાં જ્ઞાનને વરેલા તેથી શર્મીલામાસીને ટોકતા પણ ખરા..'આ મારો નિરવ મારો નિરવ કરે છે પણ એ જ્યારે તારો નહિ રહે ત્યારે રડી રડીને અડધી થઇ જઇશ.'શર્મીલા માસી હસીને કહેતા 'એ જ્યારે એની વહુનો થશે ત્યારે એના છોકરાને મારો કહીશ. અને તે મારો ન રહે છતા એનામાં વહેતુ લોહી મારુ છે. એનો શ્વાસ મારી દેન છે તે ક્યાં જતી રહેવાની છે?

રીનાની આંખોમાં અશ્રુ ડોકાતા જોઇ વાત્સલ્યને પણ ડૂમો ભરાયો. રડતી આંખે પોતાને અને રીનાને આશ્વાસન આપતો હોય તે રીતે તે બોલ્યો 'દરેક જણ પોત પોતાના દિવસો શ્વાસો અને ક્ષણો લખાવીને આવ્યા હોય છે જે પુરા થતા ચાલ્યા જવાનુ હોય છે'

બે ચાર દિવસથી રીના વાત્સલ્ય માટે બહુજ બેચેન રહેતી હતી.એનો જીવ બળ્યા કરતો હતો.તે વખતે એણે રમાબા ને કહ્યુ 'બા વાત્સલ્ય માટે તમારો જીવ કદી ગભરાતો નથી? આ શર્મીલા માસી તો નિરવભાઇ સહેજ મોડા પડે તો પણ ઉંચાનીચા થઇ જાય છે.'

રમાબા બહુ ઠાવકાઇથી બોલ્યા'મારુ મારુ એ જ અજ્ઞાનતા. મારૂ કદી મારુ થાય નહિ અને ખોટા કર્મનાં બંધનો બાંધવાનાં...'રીનાએ પ્રત્યુત્તરમાં કહ્યું 'બા એમાં બંધન ક્યાં આવ્યું? દરેક માતાનાં મનમાં ઉદભવે તેવો સહજ માતૃપ્રેમ..નિર્મળ પ્રેમ છે એતો..'

રમાબા કહે 'એ મોહનીય બંધન છે એનો ઉદય થાય અને મોહનીય કર્મ મારાપણાનો ભાવ લાવે અને તે જ્યારે ઝુંટ્વાઇ જાય ત્યારે રડાવે અને તે રુદન જ આત્માને ભવાટવીમાં રખડાવે.'

રીનાને આ ગણિત ના સમજાયુ અને એક વેદના સાથે તેણે તેનુ મન ચર્ચામાંથી વાળી લીધુ

## बीना चीडीया का बसेरा-२

રડતી રીનાને લઇને વાત્સલ્ય હોસ્પીટલ તરફ વળ્યો શર્મીલા માસીને કોઇ મોટી માંદગી તો નહોંતી પણ તેદિવસે રાત્રે છાતીમાં દુઃખે છે તેટલો નિરવનો ફોન આવ્યો અને તાબડતોબ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કર્યા. રીક્ષા કરીને વાત્સલ્ય અને રીના પહોંચ્યા અને નિરવને ડોક્ટરે કહ્યુ હવે કશુ જ રહ્યુ નથી. તાબડતોબ ફોન કર્યા અને બીજલ તેની નાની બેબી પિંકી સાથે હોસ્પીટલ પહોંચી ત્યારે નિરવ અને બીજલ રડતા હતા અને પિંકી વિચાર કરતી હતી આ પપ્પા રડે અને બા કંઇ બોલતા કેમ નથી?

શર્મીલી માસી જાણે ઘસઘસાટ ઉંઘમાં હોય તેમ દેખાતુ હતુ અને ૪ વર્ષની પિંકી બા પાસે જવા જોર કરતી હતી અને બીજલ તેને જતા રોકતી હતી. સફેદ ચાદર ઓઢાડેલ ચહેરો તેજ થી ઝળહળ થતો હતો.નિરવની મોટી બહેન જ્યોતી આવવા નીકળી ગઇ હતી. જેમ વાત વહેતી થઇ તેમ માણસ આવવા માંડ્યુ હતુ. નિરવ સુનમુન બેઠો હતો અને વાત્સલ્ય મનમાં તો નિરવની વ્યથા સમજતો હતો અને તેને મજબુત રહેવા સમજાવતો હતો. બીજલનાં પપ્પા મમ્મી આવ્યા ત્યારે બીજલ છુટ્ટા મોઢે રડી પડી. નિરવ પણ આર્દ્ર થઇ ગયો.

બા બા કરતા બંને મા બાપને રડતા જોઇ પિંકી ગુંચવાયા કરતી હતી.તેની ઢીંગલી પાસે જઇને બાળાપો કાઢતા બોલી ‘ગુડ્ડી જોને પપ્પા અને મમ્મી રડે છે અને બા તો જરા પણ જાગતાજ નથીને..આપણે રડીયે તો કેવા છાના રાખવા આવે અને આજે બધ્ધા રડે છે છતા ઉઠતા પણ નથી અને છાના પણ રાખતા નથી કે ઘાંટો પાડીને કોઇને બોલાવતા પણ નથી.’

જ્યોતિનાં આવ્યા પછી ઘણી રો-કકળ થઇ નર્સ બે વખત આવીને શાંતીનો આદેશ આપી ગઇ પણ સવાર સુધી શર્મીલાબેન આમ અને શર્મીલા બેન તેમ રોકકળ સાથે ચાલ્યુ.

કોઇક ડાહ્યો બોલ્યો “જીવ તો આંખમાંથી ગયો છે તેથી ચોક્કસ દેવ ગતિ જ છે. હવે રડીને તેમની ઉર્ધ્વ ગતીને રોકો ના.”

બીજુ બોલ્યુ “લીલી વાડી મુકીને ગયા છે. અને આત્મા કેવો પુણ્યશાળી કોઇની એક મીનીટ સેવા લેવા ન રોકાયા. હું પણ ઇચ્છું આવુ મોત મને મળે.”

વાત્સલ્ય દુર ઉભો ઉભો શર્મીલી માસીનાં પ્રસન્ન ચહેરાને જોઇ રહ્યો હતો. હવે મારો નિરવ કહીને નિરવને લાડ કોણ કરશે? માનાં ઉત્તમ સ્નેહને હવે તે ક્યારેય નહીં પામી શકે.જ્યોતિ તો મા પાછળ વિલાપ કરતી બેહોશ થઇ ગઇ વાત્સલ્યનું રડુ રડુ થતુ ઉદાસ વદન જોઇ રીના પણ ડુસકે ચઢી. બરોબર છનાં ટકોરે તેમને સ્નાન કરાવી અવ્વલ મંઝીલે પહોંચાડવાની શરુઆત થઇ અને નિરવ ખુબ જ રડ્યો. વાત્સલ્યની આંખમાંથી પણ આંસુ તો નીકળતા હતા અને નિરવને પણ સાચવતા સાચવતા વિષાદની અતિ ગંભિર પરિસ્થિતિમાં શર્મીલી માસીનાં દેહને અંતિમ દર્શન માટે મુક્યો ત્યારે સવારનાં ૯ વાગ્યા હતા અને રઘુપતી રાઘવ રાજા રામની ધુન સાથે નનામી નીકળી.

સ્મશાનમાં તેમનાં દેહને અગ્ની મુકાયો ત્યારે પહેલી વાર નિરવને રમાબાનાં શબ્દોની ગંભીરતા સમજાઇ."મારુ મારુ એજ અજ્ઞાનતા મારુ કદી મારુ થતુ નથી આજે જે મારુ એ તે કાલે કોઇક બીજાનુ થશે અને પછીના દિવસે કોઇક ત્રીજાનુ થશે..ભલેને તે દેહ હોય લક્ષ્મી હોય કે સંતતી..આ માડીને હું શ્વાસ પ્રાણ વ્હાલો હતો. મને કંઇક થૈ જાયતો આખા વિશ્વ સામે લઢવા ઉભી થઇ જતી એ માવડી નો હું હતો તો શું તે મારી નહોંતી?

જેવો જીવ ગયો અને કાઢો કાઢો થઇ ગયુ..સંતોની વિનય વાણી અત્યારે માડીની ભભક્તી ચીતા સામે પડધાતી હતી. આ "હું" તમે જેને કહો છો તે "હું" કોણ છે? તમે જેને "હુ" માનો છો તે "હું" તો તમારુ શરીર છે. તે આત્માનુ કેદખાનુ છે. જે દિવસે આત્મા તે કેદખાનામાંથી મુક્ત થઇ જશે ત્યારે આ નશ્વર દેહને તમારુ આપ્તજન  ઘર માં ૨૪ કલાક પણ  રાખશે નહીં. નિરવની આંખમાં આંસુ તો શમી ગયા હતા પણ સ્મશાન વૈરાગ્ય દ્વારા આત્મગુણ જાગી ગયો હતો. ભારે ખમ હ્રદયે ડાઘુઓ સાથે નિરવ ઘરે પાછો આવ્યો ત્યારે રો-કકળ યથાવત હતી અને નાનો બીટુ બધાને ખીજાતો હતો. આ શું રડા રોળ ચાલે છે? બા આવશે તો બધાને ખખડાવશે ખબર છે ને તેમને રડતા કે રડાવનારા બંન્ને નથી ગમતા. બીજલ તો બીટુની વાતથી થોડીક અકળાઇ ગઇ પણ જ્યોતિબેન બોલ્યા હા બીટુ તુ એમજ કરાવજે..અને તેમની આંખમાં ખાળી રાખેલો અશ્રુ ધોધ એકદમ છુટો થઇ ગયો. નિરવનાં સગા વહાલ જે બહારગામ થી આવ્યા હતા તે સૌએ રાત્રે ભજન અને જાપ કર્યા.બધા રડતા હતા તેથી જીવ ચુંથાતો હતો છતા બીજલ મનમાં ને મનમાં હાશ! છુટી નાં રાહતનાં દમ લેતી હતી.

દુર ક્યાંક રેકોર્ડ વાગતી હતી " બીના ચીડીયાકા બસેરા હૈ ન તેરા હૈ ન મેરા હૈ."

## बीना चीडीया का बसेरा-૩

રીનાને શર્મીલામાસીનો નિરવ પ્રત્યેનો પ્રેમ ગમતા હતા પણ બીજલને મન તો તે નરી ઘેલછા હતી.તેને થતુ હતુ કે નિરવ તેના ભાગે ઓછો આવે છે કારણ કે સાસુમા જરુર હોય કે ના હોય નિરવની સેવા કરવા હંમેશા તૈયાર હોય જ અને તેથી ધાર્યુ એકાંત તો ઘરમાં મળેજ નહિ. નવા નવા લગ્ન થયા હોય અને જે કોડ પુરા કરવા મન થનગનતુ હોય તેવી દરેક નાજુક ક્ષણે શર્મી માસી એક ય બીજા પ્રકારે બીજલ પાસેથી નિરવને ઝુંટવી લેતા હોય તેવો એક ભ્રમ બીજલને થઇ ગયો હતો અને તે વ્યંગ સ્વરુપે ક્યારેક નીકળી જાય તેથી નિરવને દુઃખ થતુ. તે માનતો હતો કે મા અને પત્ની બે અલગ સ્થાન છે મા ને પત્ની વચ્ચે કોઇ સ્પર્ધા સંભવી જ ન શકે. જ્યારે બીજલ કહેતી લગ્ન પછી મહદ અંશે સાસુનુ આધિપ્ત્ય વધુ મજબુત થતુ હોય છે કારણકે વર્ષોથી જતન કરી ઉછરેલ દિકરો પત્ની ને સાંભળતો થઇ જાય તો સાસુની કિંમત ઘટી જાયને..વ્હાલ વહેંચાઇ ન જાય?

જોકે લગ્ન પછી સામાન્ય રીતે મા પોતાનુ આધિપત્ય સમજી ને ઓછુ કરતી હોય છે પણ શર્મી માસી કદાચ તે નહોંતા કરી શક્યા અને તેથી ક્યારેક બીજલના આ બળાપા તે સાંભળતા ત્યારે ગુસ્સામાં બોલી જતા
" નવ મહીના પેટમાં રાખી જનમ આપ્યો અને ત્યાર પછી ૨૫ વરસ તેને ભણાવી ગણાવીને મોટો કરીને તને સોપ્યો તેનો ઉપકાર માન. થરથરતી જાંઘે જનમ આપેલ છોકરા એમ કંઇ રાતો રાત ઓછા તારા થઇ જાય?"

રમાબા કહેતા "શર્મીલા! છોકરો તારો ત્યાંજ સુધી જ્યાં સુધી તે નાનો હોય...ભુખ લાગે અને મા યાદ આવે અને ત્યાં સુધી જ માનો અધિકાર.બાકી તો છોકરાને પાંખો આવી એટલે ઉડી જવાના..હવે જરા આત્મા સામે જો..નિજ કલ્યાણનાં રસ્તે વળો."

શર્મી માસીને રમાબાની વાત જચતી નહિ કારણકે રમાબાની વાતો કથા વ્યાખ્યાનનાં ઉદાહરણો પરથી આવેલી અને મહદ અંશે બીન વહેવારીક હોય છે.આ દિશામાં એમનુ પોતાનુ કોઇ ચિંતન નહિ તેથી જરા કૃધ્ધ આવાજે બોલ્યા " જો રમા તારી વાત એની રીતે સાચી ભલે હોય પણ હું તે સ્વિકારીશ તેમ ન માનતી.આત્મ, ધર્મ અને નિજકલ્યાણની વાતો વૃધ્ધાવસ્થામાં ચારે બાજુથી ફેંકાઇ ગયેલાઓની મનની શાંતિ માટે રચેલુ ભ્રામક તરકટ છે.તે વાતો જ્યારે વૃધ્ધ થશે ત્યારે વિચારીશુ.હાલમાં એ વાતો કરી તુ વાત્સલ્ય અને રીનાને માની લાગણીઓ થી વંચીત રાખે છે.વહેવારની

વાત એ છે કે આપણે આ ઉંમરે તેમનુ ધ્યાન રાખીશુ તો આપણે જ્યારે વૃધ્ધ થઇશુ ત્યારે તેઓ આપણો ખ્યાલ રાખશે.”

શર્મી માસી અને રમાબાની આ વાતો આમજ ચાલ્યા કરતી.અને મઝાની વાત એ હતી કે બંને એકમેકનાં હિતની વાતો કરતા પણ કદી તે વાતો પ્રમાણે બદલાતા નહિ.

નવી નવી બીજલ જ્યારે ઘરમાં આવી ત્યારે શર્મી માસી પણ તેના વખાણ કરતા થાકતા નહિ. મારી બીજલ તો રુપ રુપ નાં અંબાર સમી છે. બંને ને સાથે ઉભા રાખોતો એક દુજેકે લીયે ની જુગલ જોડી લાગે.મારા ઘરમાંતો સાક્ષાત લક્ષ્મીનો અવતાર જેવી વહુ આવી છે તેઓની આ સમાધીમાં તે એટલા આગળ વધી ગયા કે..લગ્ન પછી નિરવનાં હનીમૂનમાં પણ નિરવની સાથે નીકળવા તૈયાર થઇ ગયા.

## बीना चीडीया का बसेरा ४

બીજલતો કાપો તો લોહી ન નીકળે તેવી સ્થિતિમાં મુકાઇ ગઇ પણ જ્યારે નિરવે તેને સમજાવી ત્યારે તે વિચારમાં પડી ગઇ કે નિરવને પણ આમા અજુગતુ કેમ કશુ લાગ્યુ નહિ. નિરવ જ્યારે આઠ વર્ષનો હતો ત્યારે તેના બાપુજી અરવિંદભાઇનુ અકાળ અકસ્માતમાં મૃત્યુ થયુ ત્યાર પછી શર્મીલાબહેને બહુ કરકસર કરીને નિરવ અને જ્યોતિને ઉછેર્યા હતા.શિક્ષીકાની નોકરી કરતા કરતા બે પાંદડે તો નિરવ કામે લાગ્યા પછી થયા. નિરવની વાત જો કે બીજલ ને જચી ન હતી પણ નિરવ એવુ માનતો હતો કે પપ્પાનાં મૃત્યુ પછી મમ્મી  નાં મનોમસ્તિષ્ક માં નિરવ પુખ્ત પુરુષ તરીકે પ્રવેશ્યો જ નથી અને તેથી તો નાના બાળકની જેમ તકેદારી લીધા કરે છે.હનીમૂન નો પ્રોગ્રામ તો આબુ જવાનો હતો પણ શર્મી બેન ને પાલીતાણાની માનતા કરવી હતી તેથી વરઘોડીયુ પાલીતાણા તરફ જવા નીકળ્યુ અને શર્મી માસીની હાજરી સાથે.. ( બીજલની મમ્મીએ હસતા હસતા કહ્યુ કે વેવાણ છોકરાને થોડાક એકલા રહેવા દો..પણ પછી મારુ વેકેશન પુરુ થઇ જશે અને માનતા રહી જશે જેવી બીન વહેવારીક વાતો અને નિરવનાં મૌન ને સંમતિ માનીને તે સાથે નીકળ્યા.)

બીજલ તો અંદરથી નિરવનાં વર્તનથી ખુબ જ દુઃખી હતી પણ બાને ખોટુ ન લાગે તેમ વિચારી કડવો ઘુંટડો પી ગઇ. જો કે પાલીતાણા પહોંચ્યા પછી નિરવે ધર્મશાળામાં બે રુમ લીધી ત્યારે તેના મનમાં થોડીક ટાઢક થઇ.નવોઢા બીજલને નિરવ પૂર્ણ સ્વરુપે ક્યાંય વહેંચાય વગર જોઇતો હતો..અને આ માનતાને નામે તેના પર થતો જુલમ સહેવાની તેને જરુર નહોંતી પણ  તેને મૌન રહેવુ યોગ્ય લાગ્યુ.એક વર્ષનાં વિવાહ દરમ્યાન તે એટલુ તો પામી ગઇ હતી કે નિરવ પણ બાનુ મન રાખતો હતો પણ એને મા મા જેવુ બહુ નહોંતુ. તેને રમાબાની નીતિ ‘કહેવુ પણ તેનો અમલ થાય કે નહિ તેના વિશેનુ કોઇ મમત્વ નહિ’ તે ગમતી.

બાર કલાકની લક્ઝરી સફર પતાવી વહેલી સવારે પાલીતાણા પહોંચી સહેજ તૈયાર થઇને ત્રણે તળેટી પહોંચ્યાં.આગમ મંદિર અને તળેટીમાં પુજન કરી ઉપર દાદાને દરબાર જવાની તૈયારી કરતા હતા અને નિરવે કહ્યું ’બા તમારા થી ઉપર ચઢાશે? ડોળી કરી લઇએ? શર્મિલાને તેથી ઘણું સારુ લાગ્યુ દિકરો તેની ચિંતા કરે છે અને હજી કહ્યામાં છે તે ભાવ સાથે થોડોક સુખનો ઘડો ભરી લીધો. બીના નિરવની યુક્તિ ઉપર વારી ગઇ.બંને થનગનતા અશ્વ ઉપર જાણે અસવાર બની ટુંકા રસ્તે સડસડાટ ચઢવા લાગ્યા.

ડોળી વાળા શર્મીલાબેન ને લઇ ઉપર ચઢતા હતા અને પહેલા વિસામે પહોંચ્યા ત્યાં સુધીમાં તેમના માથે સુરજ ગરમી વિખેરવા માંડ્યો હતો.સાથે લીધેલી વોટરબેગમાંથી પાણી પીતા હતા અને એક સાધ્વિજી દર્શન કરીને નીચે ઉતરતા હતા અને તેમેણે ટીકા કરી બેન દર્શન કર્યા પછી પાણી વાપર્યું હોત તો પુણ્ય ઘણુ થતે. અચાનક શર્મિલાબેનને અરવિંદભાઇની યાદ આવી ગઇ તે પણ આમ જ માનતાં હતા.એક તો મોડુ ચઢવાનુ શરુ કર્યું અને તાપ પણ કહે મારુ કામ..તેના મને ફરી ઉથલો માર્યો.અને થયું કે આ શરીર હજી ચાલે છે તો આ ડોળીવાળાને કષ્ટ કેમ આપવાનું? અને તેમણે ડોળીવાળાને કહ્યુ ભાઇ થોડુક હું ચાલીશ.

આ બાજુ પ્રેમી પંખીડા એક મેક્ને ટેકે નવટુંકને માર્ગે ચઢી ગયા. અને દેરાસરોનાં સમુહનું જે વિહંગ દર્શન કર્યું તે જોઇને નિરવ આવક થઇ ગયો. બીજલ પણ નિરવની સાથે દરેક દેરાસરોની ધ્વજાનાં ફરકાટ અને તેની સાથે વાગતી નાની ઘંટડીનાં અવાજને માણી રહી.લગ્નજીવનની શરુઆત અને દેવસ્થાન કદાચ પહેલી નજરે વિચિત્ર પણ મનોગમ્ય વાતાવરણ હતું.નિરવ હળવેકથી બોલ્યો બીજલ પ્રભુની સાક્ષીમાં તારા અને મારા મનનું મિલન એ તો સાચુ લગ્ન છે.શું કહે છે? બીજલની નેહપૂર્ણ આંખો નિરવનાં સાત્વિક મનને ચુમી રહી હતી..બીજલને જોતા નિરવ ફરી બોલ્યો ‘મને ખબર છે આ સમયે તને બા ની હાજરી ન ગમે પણ તે મારા બા છે અને બાપુજીના ગયા પછી હું તેમનુ મન દુભાવવા નથી માંગતો પણ સાથે તને પણ હું દુઃખી કરવા નથી માંગતો.’

બીજલ બોલી ‘રાજા! ગુલાબ જો મેળવવો હોય તો ક્યારેક કાંટા પણ સહેવા પડેને?’

દુરથી શર્મીલાબેન ચાલતા આવતા દેખાયા અને નિરવની આંખોમાં પ્રશ્નાર્થ ડોકાયો.’કેમ તમે ચાલતા?’ શર્મીબેને હસતા હસતા કહ્યું ‘ મને તુ ઘરડી બનાવવા ભલે માંગતો પણ હજી આ હાથ પગ સાબુત છે.’ બીજલ સહેમી ગઇ પણ ચુપ રહેવુ યોગ્ય છે તેમ માની તેમને ટેકો કરી દાદાનાં દરબારમાં દાખલ થયા.

## बीना चीडीया का बसेरा ५

દેરાસરમાં પ્રવેશતા પ્રભુ સન્મુખ સ્તુતિ બોલતા બીજલને લાગ્યુ કે બાનુ ધ્યાન ચલિત હતુ. ભગવાનનાં દ્વાર પર પુજાની લાઇન અને મોટે મોટે થી ગવાતા સ્તવનોથી તે લગભગ ગુસ્સે થવાની અણી પર હતા ત્યાં અચાનક દાદાનાં રાયણ પગલા તરફ જઇને બેસી પડ્યા.આ રાયણનાં વૃક્ષ નીચે અરવિંદ ભાઇ સાથે પહેલી વાર આવ્યા હતા તે સૌ ઘટના મનમાં તાજી થઇ ગઇ.ક્ષણભર માટે નિરવ અન બીજલ મુંઝાઇ ગયા અને કંઇક પુછે તે પહેલા એમની આંખનાં ખુણે આવેલા ઝળઝળીયાને લુંછતા તે બોલ્યા ‘નિરવ તારા જન્મ વખતે આ માનતા માની હતી કે દાદાને દરબાર તને અને તારી પત્નિને સાથે લાવીને ભક્તિ કરીશુ.. પણ તે તો ન રહ્યા અને મને એકલીને નોંધારી કરી તે તો ગામતરુ કરી ગયા..’

નિરવ બોલ્યો ‘બા તુ આવુ ન વિચાર એમનુ મૃત્યુ તેમના હાથની વાત તો નહોંતી. અકસ્માતથી મૃત્યુ એ આપણા સૌનુ કમનશીબ્ બીજુ તો શું?’

‘હા તારી વાત તો સાચી છે.’કહેતા તેઓ પૂજા માટે સ્નાનગૃહ તરફ વળ્યા.

બીજલ માટે શર્મીલાબેનને આર્દ્ર સ્થિતિમાં જોવાનો કદાચ આ પહેલો પ્રસંગ હતો. નિરવને તેના પૂજાનાં કપડા આપી તે પણ સ્નાન ગૃહ તરફ વળી.બીજલે તેના ઘરમાં કદી આવી લાગણીઓ જોઇ નહોંતી તેથી તેને અજુગતુ લાગતુ હતુ અને ખાસ તો મંદિરમાં રડારોળ કરવી તેને જરાય જચતી નહિ. ફુલ સુખડ ચંદન અને ધૂપ લઇ ને પુજા માટે લાઇનમાં ઉભા ત્યારે ૭ કે ૮ વર્ષની નાની છોકરી તેની દાદીમા સાથે પુજા કરવાનુ શીખતી હતી. તેના પ્રશ્નોનાં ઉત્તર દાદીમા આપી શકતા નહોંતા.

પ્રશ્ન હતો ભગવાનને એક વખત ચાંદલો કરીયે તો એક પુજા કહેવાય અને ૧૦૮ વખત ચાંદલો કરીયે તો ૧૦૮ વખત પુજાનુ પુણ્ય મળે કે નહિ? દાદીમા કહે બહુ સમય લઇએ તો પાછળનાં પુજા કરવા વાળાને વિલંબ થાય તેથી એક જ વખત પુજા કરવાની. પેલી છોકરી કહે પણ મારે તો ૧૦૮ વખત પુજા કરવી છે. દાદીએ ઠાવકાઇ થી કહ્યુ પ્રભુ ભાવનો ભુખ્યો હોય છે તેં મનમાં ધારી લીધું કે ૧૦૮ પુજા કરવી છે એટલે તારી એક પુજા ૧૦૮ વખતનું પુણ્ય આપશે.’

"તો તો હું ૧૦૦૮ વખત ધારીશ."

શર્મી બેન અને બીજલ પ્રભુ સન્મુખ જ્યારે પહોંચ્યા ત્યારે નિરવ પુજા કરી ચુક્યો હતો છતા શર્મી બેને તેને બોલાવી બીજલ સાથે ફરી પુજા કરાવી અને બોલ્યા 'પ્રભુ મારા નિરવ અને બીજલ ને સૌ વાતોનૂ સુખ આપજે '

 ત્યાં પેલા દાદી બોલ્યા 'બેન વિતરાગ પરમાત્મા પાસે આ ભવ રોગ છુટેની માંગણી કરો. આ ભવટવીનાં બંધનો છોડી ગયેલા સિધ્ધો પાસ છોકરાવની સુખાકારી ના મંગાય!'

શર્મી માસી બરબરનાં છંછેડાયા પણ ત્રાહીત માણસને કહે પણ શું? દરેક્ની દરેક ઘટના જોવાની પધ્ધતિ જુદી જુદી હોય. એ મનો મન બબડ્યા પણ ખરા કે શું જમાનો આવ્યો છે પરભુ પાસે સંતાનની સુખાકારી માંગવી એ પણ લોકોને મનમાં આવે?પાછા વળતા ડોળી વાળા સાથે વાતો કરતા બાને તેમનાથી આગળ જવા દઇ બંને ધીમે ધીમે એક મેકને ટેકો દેતા સાંજે ૫ વાગ્યે ઉતરી રહ્યા. બીજલ માટે નિરવ સાથે નો આ સંગાથ સંતોષજનક હતો. નીચે ઉતરીને દાઢમની સીંગ દાણાની ભેળ બંધાવી ધરમશાળા એ પહોંચ્યા ત્યારે શર્મીબેન ભોજનશાળામાં તેમની રાહ જોતા બેઠા હતા.પાસ આપીને જમવા બેઠા ત્યારે નિરવ અને બીજલ સાથે બેઠા અને શર્મી માસી સામે બેસીને બહુજ હેત થી બંનેને જોતા હતા અને મનોમન પ્રાર્થના કરતા હતા કે આ જોડીને અખંડ રાખજે..

## बीना चीडीया का बसेरा ६

નિરવ નાં લગ્ન પછી એક મહિનામાં વાત્સલ્યનાં પણ લગ્ન લેવાયા હતા.લગ્ન નાં દિવસે રમાબેન કરતા શર્મીલાબેન વધુ આનંદીત હતા જોકે તેનુ કારણ તો વાત્સલ્યને પણ સમજાતુ નહોંતુ પણ તેને અજુગતુ પણ લાગતુ નહોંતુ.તે દિવસે રીનાની મોટીબેને પુછ્યુ પણ ખરુ વાત્સલ્ય આ શર્મીમાસી તારી સગી માસી છે ત્યારે બહુ ઠાવકાઇથી વાત્સલ્યે કહ્યું 'રમાબાને પુછી જોઇએ.'

રમાબા નો જવાબ હતો 'મા તો વાત્સલ્યની હું છુ પણ શર્મી ને નિરવ જેટલોજ વ્હાલો વાત્સલ્ય છે. મારા કરતા પણ વધુ સાર સંભાળ તેની શર્મીલા રાખે છે. હશે કોઇ ગત ભવની લેણ દેણ વધુ તો શું કહુ?'

શર્મી માસીને વાત્સલ્યે આ વાત કહી ત્યારે શર્મી માસી કહે ' છોકરાઓ પૂર્વ ભવની લેણ દેણ થી જનમતાં હોય છે તે વાત તો સાવ સાચી પણ આ ભવે તેઓ તો આપણી મમતાનાં અધિકારી. આપણે તો આપવાનુંજ. લેણાનું તો કોઇ નામ નિશાન જ નહિ.આપણી મરજીથી તેમને આપણે આંગણ આણ્યાં, હવે લાગણી હુંફ અને વ્હાલથી ઉછેરવાનાં જેમ માળી બીજ રોપી છોડ ઉછેરે તેમ..'

નિરવને થોડુંક વેવલાપણુ લાગ્યુ પણ વાત્સલ્ય તો હેતનાં ફુવારે ભીંજાયો અને રીના પણ મનોમન હરખાઇ તેના વાત્સલ્ય માટે આવુ વિચારતી મા પણ છે.

વાત્સલ્ય અને રીના પરણી ઉતર્યા અને રમાબા અને હરીશભાઇને પગે લાગવા જતા શર્મી માસી પહેલા ઉભા હતા તો વાત્સલ્ય તેમને પગે લાગ્યો ત્યારે તેમની આંખમાં ઝળઝળીયા આવી ગયા 'ફલો ફુલો. માબાપની સેવા કરો અને જીવન ખુશીઓથી ભરો જેવા કંઇ કેટલાય આશિષોથી બંને ને તરબતર કરી દીધા.રમાબા અને હરીશભાઇને પગે લાગતા રમાબાની આંખમાં પણ ખુશીનાં આંસુ તો હતાજ 'કલ્યાણ થાવ.'અને તેનાથી વધુ બીજો કોઇ શબ્દ નહિ. રીનાએ મનોમન આની નોંધ લીધી.તેના મનમાં તરત જ બીજો વિચાર આવ્યો ગમે તેમ તોય તેજ વાત્સલ્યનાં બા છે વળી જન્મ.સંસ્કાર, લગ્ન અને મરણ એ તો કર્મ અનુસાર મળે છે તે ક્યાં કોઇનાં વશમાં છે.

રમાબાએ રીનાનાં હાથમાં શુકનનાં રુપિયા અને ઘરની ચાવી સોંપતા કહ્યું 'રીના હવે ઘર તને સોંપ્યુ.મારી ફરજ પુરી થઇ હું તો ધર્મના મારગે ચઢીશ. જરુર હોયતો મને પુછજો.'

રીનાએ નમ્રતાથી કહ્યું ‘એવુ તે કંઇ હોય! તમે મારા ઉપર આખુ ઘર ના સોંપશો નવા સવા હાથે કોઇક ભુલ ચુક થઇ જાય!

રમાબાએ હળવેકથી કહ્યુ ‘એમ કંઇ ભુલ થતી નથી અને તુ તો ભણેલી અને ગણેલી છે ગ્રેજ્યુએટ છે.મારા કરતા પણ સારુ ઘર ચલાવીશ.’

બીજલને મનોમન થયુ કે રીના ખરેખર ભાગ્યશાળી છે.

શર્મીમાસીએ રમાને ટોકી ‘અલી રમા નવી સવી છોકરીને ઘર કામમાં સમજ નહિ પડે તો ગભરાઇ નહિ જાય્?’

રમાબા એમની ઠાવકાઇ સાથે બોલ્યા ‘કર્મનાં બંધનોમાંથી જેટલો જલ્દી છુટકારો થાય તેટલુ સારુ કારણ તો ખબર છેને કે જેટલુ “મારુ” મારુ” કર્યું તેટલો “માર” પડે. જેવી જગ્યા મળે તેવી “ખો” આપી દેવાની.આખી પાધડી માથે પહેરી ફરવાની વાત જ ખોટી’

હરીશભાઇ બોલ્યા ‘રમા ધર્મની રીતે તુ કદાચ સાચી હોઇ શકે પણ વહેવારીક રીતે ઘરની રીતભાતથી વાકેફ કરવા સુધી સાથે રહેવુ જોઇએ.એમ ગૃહસ્થીનો ભાર ઉતારી વહુને માથે ના નંખાય.’

રમાબા કહે ‘હવે ઘરમાં કરવાનુ શુંછે? બે સમયનું રસોડુ અને ઘર કામ.એ કરતા મારુ પ્રભુ ટાણુ ના જતુ રહે? અને તકલીફ હશે તો હું ઘરમાં જ છુને?’

બીજલ આ સાંભળતી હતી અને મનમાં થતુ હતુ કે મને આ જોઇએ છે તે મળતુ નથી અને રીનાને તે મળે છે તો જોઇતુ નથી.સંસાર આને જ કહ્યો છે ને?

## बीना चीडीया का बसेरा (૭) પ્રવિણા કડકીયા

બીજલ અને રીના જ્યારે એકલા પડ્યા, કે તરતજ બીજલ તેના ગળે વળગી પડી.રીના અવઢવમાં પડી ગઈ. રીના બીજલને મધુરજનીની વાતો કરવા ઉત્સુક હતી. જ્યારે બીજલ રીનાને ખુશખબર આપવા તલપાપડ થઈ રહી હતી.રીના કાંઈ બોલે તે પહેલાંજ બીજલ બોલી પડી 'રીના મધુરજની માણીને આવ્યા પછી મને માસિક આવ્યું નથી.લાગે છે કે હું——-.'

આગળ તે બોલી ન શકી પણ ચબરાક રીના વાતનો મર્મ સમજી ગઈ.

બીજલ કહે 'આ વાતની માત્ર નિરવનેજ ખબર છે.'પછી તો બન્ને જણાની વાતો ક્યાંય સુધી ચાલી. શર્મિલાબાને તથા પોતાનાં માબાપને સાથે જાણ કરવી તેવું નક્કી થયું. શર્મિલાબાતો ઘરમાં પારણું બંધાશે એના સ્વપ્નમાં તો લગ્ન પહેલાના રાચતા હતા. લાગણીસભરતો એ પહેલેથીજ હતા. બીજલ વિચારોમાં ગુંથાયેલી રહેતી હતી. તેને દેખી શર્મિલાબા ખુશ થતાં. પોતાના સારા દિવસના ખ્યાલોમાં જો આટલો આનંદ મળતો હોય તો નિરવ અને તેની પત્ની બીજલ શર્મિલાબાને કેટલો આનંદ આપે. મગજના કોઈક ખૂણામાં આ વિચાર બીજલને ઝબકી ગયો.

શર્મિલાબા તેને આજે જૂદા જણાયા. નિરવની ચકોર આંખોએ તેની નોંધ લીધી મનમાં મુસ્કુરાયો. બિજલ પણ 'બા મને ખાટું ખાવુ છે.મને જરા સૂવાદો'.એવા વાક્ય પ્રયોગો જાણે અજાણે કરતી.

નિરવે અજાણ્યાનો ઢોંગ કરતા કહ્યુ 'આ બીજલ તમને સારા સમાચાર આપવા માંગે છે દાદીમા!'

વાદળોમાં છૂપાયેલો પેલો સૂરજ હસતો હસતો પ્રકાશ વેરી રહ્યો. એમની આંખમાં આવતા ઝળઝળીયા જોઇ બીજલ બોલી 'બા! શું થયુ? આ સમાચાર ન ગમ્યા?'

'ના રે બીજલ તેંતો બહુજ સારા સમચાર આપ્યાછે . એટલે જરા એ યાદ આવી ગયા. નિરવ વખતે તો તેમણે આખી સોસાયટીમાં પેંડા વહેંચાવ્યા હતા..' બીજલને માથે ઓવારણા લઇ આંગળાનં દસ કટાકા બોલાવ્યા અને નજર ઉતારી મારા દિકરાને ઘેર દીકરો આવે તે તો મોટુ સદ ભાગ્ય કહેવાય.

બીજલ ડરતા ડરતા બોલી બા દિકરો કે દીકરી એ તો જન્મે તે પછી ખબર પડે અત્યારે તો ...

‘બેટા હું સમજુ છુ પણ મને શ્રધ્ધા છે કે સૌ સારા વાના થશે..તને પહેલે ખોળે દિકરો જ થશે..’

શર્મીલાબેનને નિરવ નાનો હતો અને અરવિંદભાઇ સાથે કરેલી વાત યાદ આવી. તે સમયે નિરવ ૮ વર્ષનો હતો અને દેરાસરમાં આદત મુજબ નિરવની સુખાકારી માંગતા હતા ત્યારે બોલ્યા હતા’ આ નિરવ નિરવ ના કર. પરણી જશે અને ત્યારે તને ક્યાંય છોડી દેશે ખબર પણ નહિ પડે.’

શર્મીલાબેન બોલ્યા-’તમારુ આટલુ ધ્યાન રાખ્યુ તો નિરવ થયો. હવે એનુ ધ્યાન રાખીશ તો દાદીમા દાદીમા કરતો નાનો મુન્નો આવશે અને આપણો વંશ ચાલશેને?’

‘પણ ઘેલી! વંશ તો મારો ચાલ્યો તારો ક્યાં વંશ કહેવાયો..’

નગ્ન સત્યને અવગણતા શર્મીલાબેન બોલ્યા ‘તમે અને હું ક્યાં જુદા છે અને તમારા એકલાથી ક્યાં વંશ ચાલવાનો હતો?’

રમાબા ને જ્યારે રીનાએ સમાચાર આપ્યા ત્યારે તેમને પણ આનંદ થયો.અને પહેલી ચિંતા વ્યક્ત કરી હવે તબીયત સાચવજે અને બહુ ઉછળ કુદ ન કરીશ. માતૃત્વ ખુબ દોહ્યલું છે અને તમે જુવાનીયા તેને અમથુ ન રોળી નાખો તેથી આતો જરા મારા સ્વભાવ વિરુધ્ધ કહેવાઇ ગયુ.

રીનાને આ વાતમાં બીજલ પ્રત્યેની ચિંતા દેખાઇ પણ શર્મીમાસીનાં પ્રતિભાવો સાથે અજાણતા મન સરખામણી કરી બેઠુ.

## बीना चीडीया का बसेरा (८) रमेश शाह

બીટ્ટુ ના જનમ વખત ની એક  વાત બીજલને યાદ આવતી ગઈ.. એને છેલ્લા દિવસો અને નિરવ ને ટાઈફોઈડ થયેલો..  બીજલ દિવસે અને બા રાતનાં નિરવ ની પથારી પાસે જ બેસી રહેતાં નિરવ નાં તાવ થી ધગતાં કપાળે સતત કોલનવોટર નાં પોતા મુકતાં રહેતાં. રવીવાર નો દિવસ અને બીજલ ને સવાર થી દુ:ખાવો ઉપડયો હતો..  સહન થાય ત્યાં સુધી કર્યું. પણ પછી અચાનક બુમ પડાઈ ગઈ.  ઓ ઓ..બા...અને નિરવ પાસે બેઠાં બેઠા જ બા એ સાદ દઈને કીધુ'તુ 'આવી દીકરાં'.

બા બે રૂમ ની વચ્ચે ના બારણાં સુધી પણ નહીં પહોચ્યા હોય ને નિરવે બૂમ પાડી 'બા... તું અહીંજ બેસ'. થોડી પળ માટે પગ અટક્યાં પણ પછી શબ્દો સંભળાયાં. 'અત્યારે તારા કરતાં મારી વહુ ને મારી વધારે જરૂર છે'. તરતજ હોસ્પીટલ માં ફોન કર્યો અને એમબ્યુલન્સ મોકલવાં જણાવ્યું. રવીવાર એટલે ડોક્ટર કોણ મળે? એમ વિચારી ને પુર્ણીમાંબહેન ડોક્ટર ને પણ ફોન કરી દીધો.. આ બધી તૈયારી કરતાં કરતાં પણ થોડીથોડી વારે નિરવ ને જોઈ આવતાં અને મારી પાસે આવી મારા કપાળે હાથ ફેરવી જતાં.એ હાથ ની શીતળતાં કેમ અનૂભવી નહોતી સકતી એ આજે પણ સમજાતું નથી. દવાખાને પહોંચ્યા ત્યાં સીસ્ટરે બોંમ્બ ફોડ્યો. 'ડોકટર ની ગાડી બગડી છે એટલે અમારે ડીલીવરી કરાવવી પડશે'. અને બા નો પિતો ગયો. 'એને કહે કે ટેક્સી ઘણી મળે છે ગામમાં . આમેય તે ટેકસી નાં પૈસા તો અમારા બીલ માં જ ચઢસે ને?' ખબર પડી કે ટેક્સી ની પણ હડતાલ છે. બીજલ ને દાખલ કરી,જે એમબ્યુલંન્સ માં એને લાવ્યા હતાં એજ લઈને પંદર મીનીટ માં તો ડોકટર સાથે હાજર.બપોરે બે વાગ્યા હશે ને સુપુત્ર ની પધરામણી થઈ. મા-દિકરા ને વોર્ડમાં લાવ્યા ત્યારે તો દાદીમાં ચા લઈને હાજર.તે દિવસે શર્મીલાબા જમ્યા પણ ન્હોતાં બાપ બનવાની ખુશી માં નિરવ પણ જલ્દી સાજો થઈ ગયો.

તેની વિચાર ધારા તુટી જ્યારે તેણે બીટ્ટુ ની ચીસ સાંભળી. 'આવી દિકરાં' દોડી ને બીજાં રૂમ માં ગઈ જોયું તો બીટ્ટુ ના પગ માં થી લોહી ની ધાર વ્હેતી હતી. તરતજ એને પગે રૂમાલ કચકચાવી ને બાંધી દીધો. નિરવ ની ઓફીસે ફોન કર્યો તો ખબર પડી કે એ મીટીંગ માં છે. હવે...હવે શું કરીશ? તરતજ શર્મીલાબા એ ઘા બાજરીયું લાવી ને પગ માં દાબી દીધુ અને બોલ્યા 'લોહી હમણાં બંધ થઈ જશે.

વાત્સલ્ય અને રીના ની જીવન શૈલી થોડી જુદી હતી. રમાબાં ની ઈચ્છા ને બંન્ને માન આપતાં પણ રમાબાં ક્યારેય કોઈ વસ્તુનો આગ્રહ ન રાખતાં. હંમેશા કહેતાં 'તમને

જેમ યોગ્ય લાગે તેમ કરો.' રીના એ પણ ઘર સરસ સંભાળી લીધું હતું.બંન્ને પરીવાર પોતપોતાની રીતે સુખી હતાં. બીજે દિવસે બીટુ ને સ્કુલબસ માં બેસાડી, પીંકી ને સંગીત ક્લાસ માં મૂકી બીજલ્ નીકળી. રસ્તાં માં રીક્ષા ઉભી રાખી રમામાસી માટે થોડું ફ્રુટ અને સરસ મજાનો બૂકે બંધાવ્યો.. હોસ્પીટલ માં દાખલ થતાં જ સામે રીના મળી.માસી ને કેમ છે કેમ નહીં એવું કંઈ પૂછે એ પહેલાં તો રીના જ બોલવા લાગી. 'જો ખબર કાઢી તરતજ પાછી નીકળી આવજે .ડોક્ટરે ના પાડી છે છતાં બા માનતાં જ નથી અને બોલ બોલ કર્યા કરે છે . ધરમ ની વાતો અને સંસાર ની અસારતાં ની વાતો એમને ખૂટતી જ નથી.પણ સાચું કહું એમની તબીયત નરમ થઈ છે ને દાખલ કર્યા છે ત્યારનું મને મનમાં કશુંક અમંગળ થવાના ભણકારા જ વાગ્યા કરે છે'. રીનાની આંખ ભીની થઈ ગઈ અને આસું લુછતી એ બહાર નીકળી ગઈ.

બીજલ વોર્ડ માં પહોંચી એટલી વાર માં તો કેટલાં વિચાર એને આવી ગયા.રીના શું ખરેખર રમા બા ને આટલો આદર આપે છે? રમા બા ધરમ નો આધાર લઈને આટલાં નિર્લેપ રહી શકે ખરા? ના ના બંન્ને સાસુ-વહુ ખોટો દેખાડ જ કરે છે. વોર્ડ માં દાખલ થતાં એણે જોયું રમાબા ની આંખ હમણાં જ મીંચાઇ હોય તેવું લાગ્યુ. ધીમેથી ખુરશી લઈને પલંગ પાસે બેઠી. બાજુમાં પડેલું છાપું હાથમાં લઈને વાંચવા લાગી. છાપાં નાં પાનાનો અવાજ થતાં જ રમાબા એ આંખ ખોલી. બીજલ ને જોઈને પુછ્યું 'ક્યારે આવી તું? રીના હમણાં જ ગઈ' .

બીજલે હસતાં હસતાં કહ્યું કે રીના એને મળી, એ આવી ને ત્યારેજ રીના બહાર નીકળી..'બા તમારે માટે નિરવે આ ગુલદસ્તો મોકલ્યો છે અને જલ્દી સાજા થઈ જાવ એવી શુભેચ્છા પણ મોકલી છે.' રમાબા અલીપ્તતાથી ગુલદ્સ્તા ને જોઈ રહ્યા . 'આ ફુલ તો કાલે કરમાઇ જશે પણ નિરવ ની શુભેચ્છા તો મારી સાથે આવશે. બીજલે તેમને માટે સંતરું સુધાર્યું અને રમાબા એ સંતોષ થી ખાધું. બીજલ વાત તો કરતી હતી રમાબા જોડે પણ એનું મન ચોટ્યું હતું ઘર ગૃહસ્થીમાં.

'ચાલો હવે હું નીકળું . છોકરાઓનો ઘરે આવવાનો ટાઈમ થાય એ પહેલાં ઘરે પહોંચી જાઉં નહીતર અમારા બીટુ ભાઈ તો ઘર માથે લેશે. કાલે હાથમાં થી કાચ નો ગ્લાસ પડ્યો ને પગ માં કાચ પેસી ગયાં. હેં બા ધનુર નું ઈંન્જેક્શન નો લેવું પડે? નિરવ ને તો એમજ છે કે બાનુ ઘા બાજરીયું દાબી દીધું છે એટલે ઈંન્જેક્શન ની કાઈ જરૂર નથી.' રમાબા હસ્યા ' નિરવ શર્મીલા નો દિકરો ને બીટુ તારો દિકરો..બીજલ કંઈ સમજી શકે એ પહેલાં સીસ્ટર ઈશારો કરી ગઈ કે રમાબાને બહુ બોલવાની મનાય છે.બીજલ બા ને આવજો કરીને નીકળી.

## बीना चीडीया का बसेरा(९) कीरिटकुमार भक्त

તે દિવસે નિરવ બહુજ આનંદીત હતો. તેની કોન્ટ્રાક્ટરની છ વર્ષની કારકીર્દીમાં આટલો મોટો કોન્ટ્રાક્ટ તેને મળેલો નહિ. હોસ્પીટલ ટેન્ડર માં આખા ગુજરાતનો સર્જીકલ બેંડેજનો અને વિટામીન બી ૧૨નો સપ્લાય કરવાનો હતો. શક્ય છે કે આ વર્ષે તેનો નફો ૪૦ લાખ થી ઉપર થાય. વાત્સલ્યે તેને અભિનંદન આપતા કહ્યું આવો મોટો લાભ શર્મીમાસીનાં આશિર્વાદ છે ને તેથી મળે છે. રીના પણ વાત્સલ્ય સાથે સહમત થતી હોય તેમ હકારમાં માથુ હલાવ્યુ અને તે સાથે તેના મનમાં એક દુઃખ ની રગ પણ દબાઇ.તેને થયુ બીજલ કેમ આ નહિ જોઇ શકતી હોય.. તેને શર્મી બા તેના નિરવ પ્રત્યેના પ્રેમમાં ભાગીદાર સમજવાને બદલે આ આશિર્વાદોથી આવતા આ સુખોને કેમ માણતી નહિ હોય? તે બીજલનાં વલણને જાણતી હતી. બીજલનાં મતે લગ્ન થયાંને આટલા વર્ષો વિત્યા,નિરવ બે બાળકોનો બાપ બની ગયો.તો પણ શર્મીબાને મન તો હજી તે બાળ નિરવ જ રહ્યો. બિજલને આ કઠતું.

રમાબેન ઘણીવાર શર્મીલાબેનને ટોકતાં, "શર્મી,હવે આ બધું મારી જેમ મેલી દે.તારું આ લાગણીનું ગાંડપણ છોડ અને, જીવનના અનુભવોનું ડહાપણ વાપર."ત્યારે બીજલને લાગતું કે એની સાસુ ભલેને સાઇઠ વરસનું જીવન જીવ્યા,પરંતુ જીવનનો સાચો અનુભવ તો એમને કદાચ નહિવત જ છે. સાલું.....આ શું... ખોટા લાગણીવેડા...એ સિવાય બીજું કંઇ જ નહી.ના કોઇની ભાવનાની કદર કે ના કોઇપણ જાતના વહેવારનું ભાન...! મારા સસરા આ લાગણીના થાંભલા સાથે કેમ કરીને રહ્યા હશે ? અને સાથે જ બીજલને લાગતું કે રીના કેટલી નસીબદાર...એના સાસુ રમાબા કેટલાં સમજૂ અને પ્રેકટીકલ છે.રીનાના ઘરમાં પ્રવેશતાં જ ઘરની ચાવીઓ સમેત તમામ જવાબદારીઓ એને આપી દીધી.રોજ રીનાને મનગમતુ મેનુ ઘરમા બને, રાંધવાની ઇચ્છા ન હોય તો વાત્સલ્ય સાથે બહાર રેસ્ટોરંટમાં અને તે પણ એકલાં જવાનુ. અને અહીં સાસુ શું ફરમાન આપે તેની રાહ જોવાની.આપણી કોઇક ઇચ્છા કહીએ તો – નિરવને આ નહી ફાવે,ફલાણું, ઢીકણું...કાંઉ..કાંઉ કાબરની જેમ મંડી પડે...પહેલા પુછ તો ખરી...પણ...ના....મારા નિરવને આમ.. ને મારા નિરવને તેમ....અરે....હું તેની પત્ની છું..કોઇ મજાલ છે કે..મારી કરતા કોને વધારે ખબર હોય કે એને શું કેવી રીતે અને કેમ ફાવે છે. હવે તો હદ થાય છે...દરેક વાતમાં ટક ટક..! પ્રેમની કોણ ના પાડે છે ? જાણે બીજું કોઇ નિરવને સમજતું જ નથી કે ? નિરવ સામેથી ના પાડે તો પણ...બા..નહી સુધરે...એને હંમેશા થતું કે બાળકોને પોતાની રીતે જમાના પ્રમાણે ઉછેરે.. પણ હું નિરવને આમ કરતી એટલે....આને પણ આમ જ..કરવાનુ.... હે ભગવાન!.....! મારો ક્યારે છૂટકારો કરીશ્?

રમાબા ઘણીવાર દુ:ખી બીજલનો ચહેરો વાંચીને આશ્વાસન આપતાં,અને કહેતાં કે – “શર્મી તો ઘેલી છે, હવે કેટલું જીવશે ?”ત્યારે બીજલને મનમાં થતું કે એ ગમે ત્યારે મરશે, પણ મને તો એણે જીવતે જીવત મારી નાખી છે.બાકી હું સૌભાગ્યવતી એની હાજરીમાં મારા પતિની સામે પણ વિધવાથી પણ બૂરી દશામાં છું. એકવાર રસોઇ કરતાં રોટલી જરા કડક થઇ ગઇ એટલે તો,ઓ બાપ રે ! નિરવને આવી રોટલી નથી ફાવતી પણ કલાક ભાષણ ચાલ્યું.અરે ! એને આ રોટલી નથી આપવાની....તમે શું કામ ચિંતા કરો છો. તે દિવસે તો બીજલને હાથમાંની સાણસી શર્મીબા ના માથામાં ફટકારી દેવાનું મન થઇ આવ્યું.

રમાબાનુ વર્તન સામાન્ય રીતે અલિપ્ત રહેતુ પણ સોસાયટીનાં મિસ્ત્રીકાકાનાં અશોકનાં આકસ્મીક મૃત્યુ વખતે બહુ જ વિચિત્ર હતુ. મિસ્ત્રી કાકા બહુ જ હિબકે ચઢ્યા હતા અને કેમેય કરી યુવાન મૃત્યુ માટે વલોપાત કરતા રોકાતા નહોતા. શર્મીમાસી અશોકનાં ગુણ ગાતા હતા ત્યાં  એટલામાં રમાબા  આવ્યા બોલ્યા – “આમ રડવા કરવાથી જો જનાર પાછા આવતા હોય તો ગામ આખાને રડવા બોલાવીએ  ને.....”

આ વાત સાંભળીને રીનાને આશ્ચર્ય થયું. કે આવા પ્રસંગે મારા સાસુ આવું શું કામ બોલતા હશે ?અને,બીજલને આમાં સચોટ વહેવારિકતા દેખાઇ.- સાચી જ વાત છે ને દુ:ખ તો લાગે જ, કોને ન લાગે.... દુ:ખો તો ઘણા જ હોય છે ફક્ત આ દુ:ખ દેખાય છે એટલે જ...

એક વરસ પહેલા જ અશોકે પ્રેમલગ્ન કરેલાં,અકાળે અવસાન પામવાથી રાધાને ઘેરો શોક લાગ્યો હતો.ઊંડા શોકના કારણે તેનાથી રડી શકાતું ન હતું. અરે ! કેવીરીતે તે માને કે તેની તો આખી દુનિયા જ અંધારી થઇ ગઇ છે.તે માનવા તૈયાર જ ન હતી કે તેનો પતિ મૃત્યુ પામ્યો છે. રોકકળ ચાલતી હતી.ત્યાં અચાનક જ રમાબા તેમની જગ્યા પરથી ઉઠીને રાધા પાસે જઇને તેને ધબ્બો મારીને ત્રાડ પાડી– “મુરખ! આવો પહાડ જેવો ધણી ફાટી પડ્યો છે ને, તને રડવું નથી આવતું.કેમ? બીજે ક્યાં છિનાળા કરવા છે ? એ જાય એની રાહ જોતી હતી કે ?” અને પેલી સ્ત્રી છાતીફૂટ રડી પડી.પછી બધાને ખબર પડી કે બે જીવ વાળી એ બાઇ અને છ મહીનાનાં નાના જીવને બચાવવા તેને રડાવવી જરુરી હતી. વહેવારીક રીતે આ વલણ અમાનવીય કહેવાય પણ રાધા રડી તેથી બંને જીવ બચી ગયા.

## बीना चीडीया का बसेरा (१०)

બીજલનો શર્મી બા માટેનો ધુધવાટ બહુ સમય સુધી ઢંકાયેલો રહ્યો.પણ તે દિવસે પીંકી બોલી ગઇ

‘ દાદી મમ્મીનાં મનમાં તમે દુઃખ દેનારા અને તેમને ચેન થી ન જીવવા દેનારા છો.’ત્યારે શર્મીબા બરોબર ધુંધવાયા અને બીજલને સીધ્ધોજ પ્રશ્ન કર્યો ‘આવી તુ કેવી નગુણી કે તારુ આટલુ કર્યા પછી પણ મારા પ્રત્યે તને તિરસ્કાર રહે છે?’ બીજલ બોલી ‘બા લાગણી સમજવાની અને માણવાની વાત છે તેનો અતિરેક ક્યારેક જોહુકમી બની જાય છે.”‘ એટલે તુ શું કહેવા માંગે છે?’

‘ખાસ કશું નહિ પણ થોડોક નિરવ મારો પણ હોય તેવો અનુભવ હવે ૬ વર્ષ પછી પણ મને તમે થવા નથી દેતા’

”લે કર વાત! નિરવ તારો વર તો પછી થયો પણ તે મારો છોકરો પહેલા હતો અને હજી છે તે વાત તો હકીકત છે ને?”

"તે હકીકત થી ઇન્કાર નથી પણ તમે હજી એમ કેમ માનતા નથી કે હવે તે મારો પતિ અને મારા બે છોકરાનો બાપ પણ છે અને તમે જે કર્યું તે એક જ રીત નથી જે રીતે મારા છોકરા પણ ઉછરે. જમાનો ઘણો આગળ વધી રહ્યો છે અને તે રસ્તાની ખબર તમારા કરતા અમને વધારે પડે છે.”

"લે બા આતો મગને પગ નિકળ્યા. તુ આ નવી નવી હવે મને શીખવશે?’

"બા મેં એમ નથી કહયુ કે હું તમને શીખવીશ્ મારો કહેવાનો ભાવાર્થ..”

"હું બધુ જ સમજુ છુ.હું કંઇ સાવ નાની ગિગલી નથી. તને હવે ઘરનો વહીવટ જોઇએ છે.’

"ના બા વહીવટ નહિ .નીરવ સાથે ને મારા સંતાનો સાથે રહેવામાં તમારી સુફીયાણી વાતોમાંથી મુક્તિ જોઇએ છે.ક્યારેક તમારી સલાહ વિના પણ અમે રહી શકીયે તેવુ વાતાવરણ જોઇએ છે.”

‘એ જ વાત આવીને કે તારે હવે તારો ચોકો જુદો કરવો છે પણ હજી હું જીવતી બેઠી છુ મારા જીવતા નિરવ કદી તે નહિ કરે સમજી!'

’‘બા તમને બે હાથ જોડીને વિનવું કે વાતનુ વતેસર ના કરો. સહેજ તમારો કડપ ઘટાડો અને રમાબા જે કરે છે તેનો દસમો જ ભાગ તમે કરો તો આપણું ઘર નંદનવન બની જશે.”‘

"હા હવે એજ બાકી રહ્યુ છેને..રમા તો જવાબદારી થી ભાગે છે..મારે શું કરવું અને નહિ કરવું તે મને સમજ છે. મને મારી બધી જવાબદારીનું ભાન છે અને હું તેમ કરી નિરવનું જ ભલુ કરુ છુ તેમ સમજ. હું તો ઘરનું જીવતુ તાળુ છું મારી હાજરીમાં મારા નિરવનો એક પણ પૈસો આઘો પાછો ન થાય સમજી?’

બીજલ તેના સ્વભાવ પ્રમાણે સહેમી ગઇ પણ તેના મનમાં થયુ કે મિલ્કત પર ફેણ લગાવી ચોકી કરતો કાળોતરો નાગ છે આ શર્મી બા...તેમના હાથ નીચે બાળકો મોટા જરુર થશે પણ તે ડીપ્રેશનમાં જરુર જતી રહેશે, કોણ જાણે કેમ તેના સસરા  હયાત નથી તે વાતનો અફસોસ થવા માંડ્યો.વ્યવસાયે શર્મી બા શિક્ષિકા હતા તેથી નિયંત્રણનુ ભુત મનમાં જરુર કરતા વધારે દેખાયા કરે છે. ગુસ્સે થતા બાને રોકવા અને સહેજ પણ ઢીલુ ન મુકવાનં હેતુસર રસોડામાં જઇ ઠંડુ પાણી તેમને આપી તે બોલી

‘બા તમે શાંતિથી વિચારો અમે તમે નિવૃત થાવ તે સમજાવવા નો પ્રયત્ન કરીયે છે.’

‘અમે એટલે તેં નિરવને પણ આ નાટકમાં ભોળવ્યો છે?’

‘નિરવ તમારો ભારોભાર આદર કરે છે તેથી મૌન રહે છે પણ તમે પેલો બીટ્ટુ જેમ રમકડુ પકડ્યા પછી ન છોડવાની જીદ કરે તેમ નિરવને ન છોડવાની જીદ લઇને બેસી ન રહો તો સારુ.’

‘નિરવને કલકત્તા થી આવી જવાદે પછી વિચારીશુ.’

અને ત્યાંજ ફોન ની ઘંટડી વાગી. ફોન નિરવનો હતો.બીજલ પાસેથી કોઇક ટેલીફોન નંબર માંગતો હતો.મનનો ભાર સહન ના થતા શર્મી બેને મોટેથી ભેંકડો તાણ્યો જાણે ઘરમાં કોઇ મરી ન ગયુ હોય્..આને બીજલથી તે સહન ન થયુ અને ઉંચા અવાજે બોલી પડી ‘બા! આ નાટક રહેવા દો.’

"નિરવે ફોન ઉપર જ પુછ્યુ કે બા ને શું થયુ કંઇક વાગ્યુકે પછી પડી ગયા શું થયુ છે?’

‘પીંકીએ બાને કહ્યુંકે તમે મને દુઃખ આપો છો તેથી તે વાત જરુર કરતા વધુ વિચિત્ર રીતે લઇને રડારોળ કરે છે.’

શર્મી બેન નો ગુસ્સોતો સાતમા આસમાને હતો રડતા રડતા ફોન હાથમાં લીધા વિના જ ‘મારી તપસ્યા એળે ગઇ બીજલ મને ઘરમાંથી કાઢી મુકવાની વાતો કરે છે ઓ માડી રે...!’
બીજલે ફોન સ્પીકર પર મુકીને નિરવને બા સાથે વાત કરવાનુ કહ્યું.

નિરવ સહેજ ઉંચા અવાજે બોલ્યો..’બા તમે મર્યાદા નહી છોડો તો બીજલ પણ નહિ છોડે’.

શર્મી માસીને જબર જસ્ત આંચકો હવે લાગ્યો..અરવિંદભાઇનાં શબ્દો સાચા પડી હવા માં ઘુમરાતા હતા..નિરવ તેની પત્ની નો થશે ત્યારે દુઃખ થાય તે કરતા તે રસ્તે જવું જ નહિ. નિરવ બોલતો હતો બા કાલે તો આ બીઝનેસ ડીલ પતાવીને ત્યાં આવી જવાનો છું એક દિવસ શાંતિ ન રાખી શકાય? બાજુનાં કબાટનાં પડછાયામાં મુંછમાં હસતી બીજલને જોઇ શર્મી બેન શોક મગ્ન થઇ ગયા..

મોહ રાજાનાં શરણોમાં દુઃખ શું હોય તે પહેલી વખત શર્મી બાને સમજાયુ. દારુડિયાને સવારે ઉઠતા જે હેંગોવરનું દર્દ હોય તેવુ મગજ બહેર મારી ગયું.

## बीना चीडीया का बसेरा (११)

બીજે દિવસે સવારની ફ્લાઇટમાં નિરવ પાછો ફર્યો.ઘરમાં જ્વાળામુખી ફાટ્યો હોવાની કલ્પના તો હતી પણ એરપોર્ટ ઉપર બીજલ ની સાથે શર્મીબાને જોઇ થોડુક આશ્ચર્ય થયુ.આદત પ્રમાણે તેણે શર્મી બાનાં પગે લાગ્યો તેથી થોડાક પ્રસન્ન દેખાયા.ઘરે જતા જાણે કર્ફ્યું લાગ્યો હોય તેવો સન્નાટો હતો. શોફરની હાજરીમાં કદાચ બધા સૌમ્યતા થી વર્તતા હતા. બીજલ અને શર્મી બા પેલા મહાભારતનાં યુધ્ધમાં કૌરવો અને પાંડવોનાં સેનાપતિઓની અદા થી વર્તતા હોય તેવુ નિરવને થતુ હતું. તેનો કદાચ સૌથી કટોકટી ભરેલો આ સમય હતો. તેની જાતને તેણે કૃષ્ણ થવુ કે અભિમન્યુ તે સમજાતુ નહોંતુ..પણ એક વાત સ્પષ્ટ હતી તે તૈયાર હતો. તે તેની જાતને વારંવાર કહેતો હતો ૧૮૫૭નાં બળવાની જેમ સમય કરતા બધુ જ વહેલુ થતુ હતુ અને આ વર્ષ નીકળી ગયુ હોત તો  સારુ હતુ.શર્મી બા આખી રાત વિચાર્યા કરતા હતા. તેઓ માટે પણ આ અનપેક્ષીત પરિસ્થિતિ હતી. નિરવનાં વલણ ઉપર તેમનો બધો આધાર હતો. તેમને તેમનુ મન અને હ્રદય જુદો જુદો રસ્તો બતાવતા હતા. તેમને થૈ તો ગયુ જ હતુ કે બીજલ તેનુ ધાર્યું કરીને રહેશે અને તેમ થવા દેવામાં ડોશી મરી જાય તેનો નહિ પણ જમ ઘર ભાળી જવા જેવુ થવાનુ છે. વારંવાર તેમની નજર નિરવને માપી રહી હતી.. શું આ એજ નિરવ જે મને પુછ્યા વિના પાણી પણ નહોંતો પીતો તે હવે મને બીજલ દ્વારા હંફાવશે? તેની પાછળ મેં મારી આખી જાત રેડી દીધી પણ હવે બૈરી આવતા તેના તરફી થઇ જશે?

બીજલને તો કશુ ખોવાનુ હતુ જ નહિ તેથી તે ચુપ્પી સાંધી બેસી રહી હતી.તે તો નિરવ હનીમુન નાં સમયે સાથે આવવાની વાત કરી હતી ત્યાર થી તે તો ઇચ્છતી હતી કે બાને તેમની મર્યાદા નિરવ બતાવે પણ સંસ્કાર એવા હતા કે બીજલ ચુપ થઇને બંનેની પરિસ્થિતિ ને સહેતી હતી.ઘરે પહોંચતાની સાથે નિરવ વિચારતો હતો કે બાને સમજાવે કે ૩૨ વર્ષનો પુખ્ત માણસને ઘણી બધી જવાબદારી હોય છે.અને લાગણી કે વહાલ થી પેટ નથી ભરાતુ. જિંદગી સતત માવજત માંગતુ માનસીક પરિબળ છે. તમે મોટા અને વડીલ તેથી આ રીતે વર્તવાનો પરવાનો તમને મળી જાય અને તે ક્યારેય ન બદલાય તે મર્યાદા બહારની વાત છે. અને સાથે બીજલને પણ કહીશ કે છ વર્ષ એટલે બહુ નથી..જેમ તારો બીટ્ટૂ તેમ બા નો હું.

ઘર આવતાની સાથે કોઇ કંઇ પણ બોલે તે પહેલા નિરવે અરવિંદભાઇ ની તસ્વીર ઉપર હાથ રખાવી કહ્યું હું જાણું છું કે વિચારોમાં મતભેદ છે.દરેક પોતાની રીતે વિચારી વિચારીને દુઃખી થાય તે ન ચાલે. આજે પપ્પા હોત તો તેમણે શું કર્યું હોત

બા તમે કહો. શર્મી બેન તો ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા.. ‘એ હોત તો  મારે આ દિવસ તો ના જ જોવો પડ્યો હોત."

‘‘બા! તમારી ભુલ થાય છે. મારા સૌમ્ય વર્તનને તમે મનમાન્યુ કરવાનો પરવાનો ના સમજી શકો. તમારા ઉપરાંત મારી જવાબદારી બીજલ અને બીટ્ટુ પિંકીની છે.તમે જેટલુ અને જે કરી શકતા હતા તે કર્યુ હવે બીજલની જવાબદારી છે અને તેથી તે તમને કહે છે બા હવે નિવૃત્ત થાવ. તેની ભાવના ને સમજો.’‘અને હા બીજલ બાની સામે ઉધ્ધતાઇ તેં કરી છે તુ તેમની માફી માંગી લે.’ થોડાક મૌન પછી તે બોલ્યો ‘તમને બંનેને એક વાત હું કહી દઉં તમે બે જ્યારે પણ લઢો છો ત્યારે મને થાય છે કે મારુ જમણુ અંગ મારા ડાબા અંગને મારે છે.’

શર્મી માસી સહેજ મલક્યાં અને બીજલે ઉંડો નિઃશ્વાસ નાંખ્યો. નિરવ ખરેખર કશુંજ કરી ન શકે. તે બોલી ‘મેં કોઇ ઉધ્ધતાઇ નથી કરી.મારા મનની વાત કરી છે અને આદર પુર્વક મેં મારો અધિકાર માંગ્યો છે. બા તમારા છે તમને જે વહાલ અને વાત્સલ્ય મળે છે તેનો દસમો ભાગ પણ મને મળેને તો હું ધન્ય થઇ જઉં. ખૈર નિરવ તમે પણ આજે ન્યાય ને ઠેલ્યો છે કર્યો નથી..‘અને છલકતી આંખે તે તેના રુમમાં જતી રહી.ઘણું રડ્યા પછી તે મનમાં અને મનમાં બોલી નિરવ જેણે જૂતા પહેર્યા હોય તેને જ ખબર પડે કે તે ક્યાં નડે છે.

એક વાત આજે સ્પષ્ટ થઇ ગઇ કે નિરવ તમે પણ પક્ષકાર છો. જજ નથી. મારે જ મારા દુઃખનો ઇલાજ શોધવાનો છે.આ બાજુ શર્મી બા બોલ્યા ‘જોને કેટલો ગર્વ ભર્યો પડ્યો છે તેં કહ્યું છતા તેણે માફી ના માંગી’. નિરવને શર્મીબાની વાત ન ગમી અને તે સ્ટડીમાં ફોન કરવા વળ્યો.  બપોરે ટીવી ઉપર ‘બંદીની‘ ચલચિત્ર ચાલતુ હતુ અને નૂતન બીજલની માનીતિ અભિનેત્રી હતી.પણ બા સાથે બેસીને તે ચિત્ર જોવાને બદલે તે રીનાને ત્યાં જતી રહી.

## बीना चीडीया का बसेरा (૧૨) कीरिटकुमार भक्त

‘બંદિની’પુરું થયુ.અને,બીજલના અંગેઅંગમાં નૂતન વ્યાપી ગઇ.એણે વિચાર્યું કે આ સમસ્યાનું કોઇક સારુ સમાધાન જરુરી છે. કારણ નુકસાન એણે જ વેઠવાનું આવે, કંઇક એ પોતાની જાતમાં નૂતનને જોઇ રહી. મનમાં અને ઘરમાં જે અદ્રશ્ય ધુમ્મસ છવાયેલું હતું. તેમાં દુર દુર કંઇક કિરણ દેખાયુ.જેમ દ્વાપરયુગની રાધા અને,કળિયુગની મીરાની કૃષ્ણની પ્રાપ્તિનું યુધ્ધ...નિરવ એનો કૃષ્ણ જ હતોને? બીજલને રુમમાં જતી રહેલી જોઇ શર્મીબાને લાગ્યુ કે પોતે બાજી મારી લીધી છે.તેમના ઘડપણના ડહાપણ અને પ્રેમનું સ્થાન ઘેલછાએ લીધું.એ મા તરીકે પોતાના અધિકારને સમજ્યા, પણ બીજલ નો પણ નિરવ ઉપર પત્ની તરીકેનો  હક્ક છે તે ભુલ્યા. વાત્સલ્યમયી મા કાયમ આપે જ તે ભુલી હવે હક્ક અને ફરજોનાં દાવ પેચ ચાલતા થયા. કદાચ આથીજ નિરવ નું વર્તન બદલાયુ તે વાત તેઓ ન સમજી શક્યા.

”નિરવ,કંઇક કરવું પડશે,જો હું કઇ ક કહીશ તો બા નહી માને...”બીજલે પ્રયત્ન શરુ કર્યો.

”હા,પણ, આમાં કરી શું શકાય? મારી હાલત જો હું કોનો પક્ષ લઉં ‘નરો વા કૂજરો વા’ પણ મારાથી થાય તેમ નથી...”નિરવ અસહાય બનતો ચાલ્યો.

”ના,એમ શસ્ત્રો મુકી દેશે તો,હાર નક્કી થઇ જશે.”બીજલ બોલી. ”તું શું માને છે બા ને ખબર નથી કે એ શું કરી રહ્યા છે ? પણ એમણે હવે કદાચ વટ છોડવો નહી હોય.એટલે એ સમજવા કે સમાધાન માટે તૈયાર નથી.”

નિરવ બોલ્યો. ”આમ તો કેટલું ચાલશે... ? આની અસર બાળકો પર કેવી પડશે તેનો તો વિચાર કર.”

”એક કામ કરીએ,બા ને એકાદ મહિનો યાત્રા પર મોકલીએ, જેથી જગ્યા અને વાતાવરણ બદલાય અને,એમના વિચાર પણ બદલાય.....,શું કહે છે બોલ..”

બીજલે ઉમેર્યું. ”હા,આઇડીયા સારો છે,એ માનશે ખરાં...”

નિરવ બોલ્યો. "મનાવીશું ને... વાત્સલ્ય, રીના આપણને મદદ કરશે જ.' ક્ષણમાં બીજો વિચાર આવતા તે બોલ્યો .એ નહી માને,હું જાણું છું ને મારી મા કેવી છે તે.."નિરવ હેઠો પડતો બોલ્યો.

"કેમ આવી વાતો કરે છે ?રમાબાને કહે, એ સાથે જાય તો.." 'મને હજી પણ શંકા છે." "અરે ! પાલીતાણા કે સમ્મેતશિખર માટે તો કોઇ ના નહી પાડે."

"પ્રયત્ન કરી જોવામાં શું જાય છે.."બીજલે વાત આટોપી.

બીજા દિવસે, "એના કરતાં મને સ્મશાને નાખી આવ...." બાળકોની હાજરીમાં,શર્મીબા બરાડ્યા.

સ્મશાનનો અર્થ સમજતી પીંકીએ બીજલને પુછ્યું.... "બા કેમ સ્મશાને નાખી આવવાની વાત કરે છે ?"

બીજલથી ખાનગીમાં ડૂસકું ભરાઇ ગયું,એણે નિરવને ફોન કર્યો. તો નિરવ ચિડાઇ ગયો. અવઢવે ચઢેલુ બીજલનું મન કહેતુ હતુ કંઇક કરવુ જ પડશે...બીજલ તું બેસી રહીશ તો તારા નુકસાન ની જવાબદારી તારી જ હશે. ના.... ના હું હવે નુકસાન નહી જ વેઠું. કોઇપણ જાતનું અને કોઇના પણ ભોગે....

બપોરે ચા પીતા પીતા શર્મીબા બોલ્યા ;'અમે તો વર અને સાસુ સસરાનુ બહુ જાળવતા.. પણ તમે નવા જમાનાનાં એવુ ક્યાં સમજો છો'

બીજલ બોલી 'બા તમારા સમયે રેડિયો હતો હવે ટી વી છે કોમ્પ્યુટર છે. આગળ વધેલો જમાનો જેમ નવા સુખ આપે તેમ નવા દુઃખો પણ લાવે.' મનમાં તો તેના રમા બા નાં શબ્દો ગુંજતા હતા કે ભાભો ભારમાં તો વહુ લાજમાં..પણ તે ન બોલી અને રુમમાં જતી રહી.

સાંજે નિરવ ઘરે આવ્યો ત્યારે શર્મી બાને રુમ માં સુતેલ જોઇ બીજલને બુમ પાડી 'બાને કંઇ થયુ છે? કેમ અત્યારે સુતા છે?' બીજલ આવી ત્યારે બાએ ઉંહકારો ભણ્યો અને નિરવની સામે જોઇને બોલ્યા મને છાતીમાં ઝીણું ઝીણું દુઃખે છે. ઉંધ પણ આવે છે'.'ડોક્ટરને બોલાવુ?'તેમણે ના પાડી પણ નિરવ તેમને ડો કાનાબારની હૉસ્પિટલમાં લઇ ગયો. ડૉકટરોએ તપાસવાની શરુઆત કરી.તેમના હાર્ટબીટ ધીમા પડતા જતા હતા.તેથી નિરવને અને સગા-સંબધીઓને તેડાવી લેવા જણાવ્યું. મરનારના મુખ પર

ગજબની શાંતિ દેખાતી હતી.આવી શાંતિ ભાગ્યે જ કોઇ મૃતકના મોઢા પર દેખાતી હોય છે.વાત્સલ્ય આવ્યો ત્યારે નિરવ છુટ્ટા મોઢે રડી પડ્યો..

'શર્મીબાને હાર્ટનો પ્રોબલેમ ન હતો ને...'. 'એમને અનિદ્રાની બિમારી હોય એવું સાંભળવામાં આવ્યું નથી...'

'' પોસ્ટમોર્ટમ કેમ ન કરાવ્યુ...' 'એનો યશ કે અપયશ રમાબા ને જાય છે...'

'મરનારના મુખ પરની શાંતિ જોઇ એની જરુર કદાચ કોઇને નહી લાગી હોય...

''જરુર ખરી કે – કોઠી ધોઇને કાદવ કાઢવાની...આ એક સ્વાભાવિક કાર્ડિઆક એરેસ્ટ લાગતુ હતુ... પણ,વધુ પડતી ઉંઘની ગોળીના ડોઝનું મોત પણ આવું હોય ને, ડોક્ટર અને રમાબા ધ્રુસ્કે ધ્રુસ્કે રડતી બીજલને જોઇ રહ્યા હતા...

દુર ક્યાંક રેકોર્ડ વાગતી હતી " બીના ચીડીયાકા બસેરા હૈ ન તેરા હૈ ન મેરા હૈ."

# સ્નેહનો ઉજાસ -



લેખકો:

1. વિજય શાહ 2. અનીલ શાહ 3. પ્રવિણા કડકિયા
4. કિરીટ ભક્ત 5. ઊર્મિસાગર 6. નીલમ દોશી

## ભાગ – 1 : ફિક્કોફસ (વિજય શાહ)

નામ એનુ ચારુલ ભટ્ટ- પણ અમે તેને 'ચાલુ' વધારે કહેતા, કારણ તેને કોઇ વિષયમાં અટકવુ પડે તેવુ કદી ન સમજાય અને જો તેને કોઇ છોકરીની સામે વટ પાડવો હોય તો ખાસ.. એની સ્વપ્ન સુંદરી હતી હીના. જ્યારે તે બાર વર્ષનો હતો ત્યારે.. એક જ પોળ અને એક જ ખડકી એટલે તેનો નિત્યક્રમ પાછલા બારણે દંતમંજન નાં બહાને કલકો સુધી હીનાનાં ઘરનું બારણું જોયા કરવાનુ.

શક્ય છે તે બાર વરસનાં ચારુલને દસ વરસની હીના કલાકે એકાદ વખત નજરે પડી જાય. જેમ જેમ દિવસો વિતતા ગયા તેમ તેના મિત્રો તેનાથી મોટા જ બનતા અને તે મિત્રોની શેરી વાતોમાં તેના મનમાં તે વાત ઘર કરી ગઇ કે તે રાજકુમાર જેવો ગોરો છે અને દુનિયામાં ધારે તે છોકરી સાથે તે વાત કરી શકે છે.. પણ કોણ જાણે હીનાની વાત આવે અને તેના પગ પાણી પાણી થઇ જતા કેમકે તે માઉંટ કાર્મેલ જેવી અંગ્રેજી સ્કુલમાં ભણતી.પેલી ચિબાવલી કામિની તો તેને ચીઢવતી પણ ખરી કે 'મજાલ હોયતો હીનાને સ્કુટર ઉપર લીફ્ટ આપી જો તો જાણું.'

ચારુલ ત્યારે રુઆબ મારવા હીનાનાં ઘર પાસેથી સ્કુટર પર નીકળે તો ખરો પણ..હીનાને ત્યાં જુએ તો તેના પગમાં પાણી ભરાઇ જાય. કામિની,મીના, મધુ અને રત્ના સાથે પોળમાં ધમાલ કરતા કરતા તેને તે પણ સમજાઇ ગયુ હતુ કે દરેક્ની સંયમ રેખા રેતીની પાળ જેવી છે. સહેજ અડપલુ કરે અને દરેક જણ ની તે પાળ ક્ષણ માત્રમાં કકડભૂસ! બધીઓને સ્કુટર પર બેસાડી ગામ આખામાં રુઆબ મારતો પણ ચારુલને હીના અકળ ભુલ ભુલામણી લાગતી.

કામિનીએ જ્યારથી ચેલેંજ મારી ત્યારથી એને થઇ ગયું હતુ કે હવે તો ઇજ્જતનો સવાલ થઇ ગયો છે ત્યારે તેણે વિચાર્યુ કે આજે તેની સ્કુલેથી તેને લીફ્ટ ના આપુ તો મારુ નામ ચારુલ નહીં. સ્કુલ છુટી ત્યારે સ્કુલનાં દરવાજા નજીક જાણે સ્કુટરનો પ્લગ સાફ કરતો હોય તેમ મશીન ખોલીને હીનાની રાહ જોતો ઉભો રહ્યો. તેનુ મન તેને સતત કહેતુ હતુ કે 'જીસકી જવાનીમેં કહાની ન હો વો જવાની કીસ કામકી?' અને મનને પગમાં પાણી આવતા રોકવા પ્લગ લગાડી કિક મારવા લાગ્યો..

ત્યાં હીના દેખાઇ અને મશીનને બંધ કરી એંની હિંમત એકઠી કરીને કહ્યું 'હીના, ચાલ હું ઘરે જ જાઉ છું.' અને મારકણા પણ નિર્દોષ સ્મિત સાથે હીના પાછળની સીટ ઉપર બેસી ગઇ. ચારુલે ગીયર બદલ્યું અને સ્કુટર 30ની ગતિએ થોડુ ચાલ્યુ હશેને પેલુ

પગમાં પાણી આવવા માંડ્યુ અને ધડામ દઇને મશીનનું ઢાંકણું ઉડ્યુ. હીનાએ ચીસ પાડી અને ચારુલનો પગ પરાવર્તી ક્રીયા વશ બ્રેક ઉપર જોરથી દબાયો. હીના ચારુલને અથડાઇ પણ તે અથડાટ ચારુલને સમજાય તે પહેલા તો સ્કુટર ઉભુ રહી ગયુ અને પાછળ આવતી કારને તે ઢાંકણું ધડામ અવાજ સાથે અથડાયુ.

હીના ગભરાતે અવાજે બોલી 'ચારુલભાઇ શું થયુ?' ચારુલને સમજાયુ કે હીના જતી ન રહે તેની ઉતાવળમાં ઢાંકણુ બંધ કરવાનુ રહી ગયુ હતુ. સ્કુટર ઉભુ કરીને તે ઢાંકણું લેવા ગયો ત્યારે કારવાળો મુંછોમાં મલકાતો બોલતો હતો 'રોડ ઉપરતો જરા ઝંપો..'

પોલીસદાદા ટિકિટ આપીને ગયા. હીના ચિંતિત હતી પણ તેને ચારુલની દયા આવતી હતી. ખૈર, જેમ તેમ નીપટાવી ફરી સ્કુટર ચાલુ કર્યું અને હીના એ ફરીથી ન ગમતો પ્રશ્ન કર્યો, 'ચારુલભાઇ, કેમ કરતા ઢાંકણુ ઉડ્યુ?' તે ચુપ રહ્યો પણ હીના 'ભાઇ'નો જે પથરો મારતી હતી તેથી ખુબ જ ઘાયલ થયો... ત્યાં સામે જોયુ તો કામિની અને મધુ મોં વકાસીને જોતા હતા. સ્કુટર હીનાનાં ઘર પાસે ઉભુ રાખ્યુ અને ફરીથી જો હીના ભાઇનો પથરો મારે તો શું જવાબ આપવો તે વિચારતો હતો ત્યાં થેંક્યુ કહી ફરી થી મીઠુ હસતી તે ઘરમાં જતી રહી.

ચારુલને કોણ જાણે કેમ પોતાનો આ વિજય પહેલી વાર ફિક્કો ફસ લાગ્યો.

(ગુજરાત ટાઇમ્સ 16 માર્ચ 2007 માં પ્રસિધ્ધ થયો)

—-

## ભાગ – 2 : (વિજય શાહ)

ચિબાવલી કામિનીનાં તો હોંશ ઉડી ગયા પણ તેની ત્રણેય સખીનો મન માનીતો કાન રાધાનો થવાને બદલે રુકમણી અને સોળ હજાર રાણીઓને જીતી આવ્યો હોય તેવુ તેમને લાગ્યુ. ચારેય જણી અકાળે જાતે પગ પર કુહાડો માર્યાનો અનુભવ કરતી હતી. ચારુલ ચુપ ચાપ ઘર તરફ વળી ગયો તે વાતે દાજ્યા પર ડામ જેવુ કામ કર્યું. અને એમને એટલી બધી ચીઢ ચઢી કે હીના અને તેની એકોતેર પેઢીમાં કામદેવ પગ ન મુકે તેવા નિ:સાસા નાંખ્યાં. ચારુલ હવે તેમને રોમાંચીત સ્વરુપે મળશે કે નહિ તેની ફીકરનો રસ્તો શોધવા ચારુલની ભત્રીજી શીતલને રમાડવાનાં બહાને તેને ઘેર જવાનો પ્લાન બનાવ્યો.

આશીત ચારુલનો મોટોભાઇ. તે બધુ સમજે કે આ ચારુલની બહેનપણીઓ ચારુલને મળવા અહી આવે છે પણ નાના જૈમિનનું નામ અને તે સૌનું ચારુલનાં જોક્સ માણવા નું કામ. આમ તો અંદરો અંદર સ્પર્ધા પણ ખરી. ચારુલ સારો સમય પાસ કરતો અને કૃષ્ણ ભગવાન નો મીની રોમાંચક ભાગ ભજવતો. પણ આજની વાત કંઇક જુદી હતી." ભાઇ" નો પથ્થર એને મુંઝવતો હતો અને સાચા મનની વાત કરવા માટે આજે તેને સમય ન મળ્યો અને તકદીર આડુ આવ્યુ.

દસ પંદર મીનીટ જૈમીન ને રમાડીને ચારેય ઘરે જવા નીકળી ત્યારે તો તેમને મનમાં વિષાદયોગનાં વમળો ઘેરી ચુક્યા હતા. જોકે ચારુલ તો તેમના કરતા પણ વધુ વ્યથીત હતો. મનમાં તે ગાતો હતો 'યે દુનિયા યે મહેફીલ મેરે કામ કી નહિ...'

સવાર પડી ત્યારે નિત્ય ક્રમ મુજબ વરંડામાં દાતણ કરવા જવાનું ટાળ્યું. ઘડીયાળમાં દસનાં ટકોરા થયા અને બસ સ્ટેંડ ઉપર જવામાં તેને કંટાળો આવ્યો. તેને ખબર હતી કે 10.10 ની બસમાં હીના જશે. તેનો મિત્ર જગન ઘરે આવ્યો અને કહે "અલ્યા ચારુલ આજે ઘડીયાળ મોડી ચાલે છે કે શું? કેમેસ્ટ્રીનાં મહેતા સરનો પીરીયડ નથી ભરવાનો કે શું?" સાડા દસે બંને મિત્રો પોળનાં નાકે આવેલી કોલેજ તરફ રવાના થયા. રોડ ઉપર બસ સ્ટેંડ ઉપર હીનાને ઉભેલી જોઇ જગન બોલ્યો " ચારુલ! હીના ઉભી છે. બસ ચુકી ગઇ લાગે છે." ચારુલનાં મોં પર વિસ્મય તો હતુ જ પણ ન જોયા જેવુ કરીને તે બોલ્યો "આપણે શું?"

જગનને નવાઇ તો લાગી સામાન્ય રીતે હીનાને જોતાની સાથે જ શરદપૂર્ણિમાનાં ચંદ્ર જેવુ તેનુ મોં ખીલી જતુ તેના ઉપર આ ગ્રહણ શાનું? ત્યાં હીનાને સામેથી આવતી

જોઇ જગન અને ચારુલ બંનેની નજર તેના ઉપર જડાઇ ગઇ. નજીક આવીને તે બોલી " આજે દાતણ કેમ ન કર્યું?" અને એ મારકણી નજર સાથે તે ઘર તરફ વળી ગઇ.

ચારુલનો ચહેરો પાછો પ્રફુલ્લીત થઇ ગયો. જગનને કંઇ સમજ પડે તે પહેલા તેના મોંમાંથી એક આનંદની સિટિ વાગી ગઇ. જંગલી ફિલ્મનાં શમ્મી કપૂરની જેમ તેના મનમાં ગુંજવા લાગ્યું... 'તુમ કો મુજ સે પ્યાર હૈ.. પ્યાર હૈ..' આજે તેને પહેલી વખત લાગ્યું કે તેનો વિજય ફિક્કો ફસ નહોંતો.

હીના તો ખાલી તેને હેરાન કરતી હતી. પડછાયાની જેમ પીછો કરતી પેલી ચારેયને મનમાં થયું કે આ હીનાડી શું કહી ગઇ હશે કે ચારુલનાં મોંમાં થી સીટી વાગી ગઇ.. કામિની ઝડપથી ચાલીને જગન સાથે ચાલતા ચારુલને આંબીને કહે "કેમ શું થયુ છે કે બે દિવસથી અમારી સાથે વાત નથી કરતા?" ચારુલ એ તરત જ મોહક રીતે હસીને કહ્યું "કામિની મારે તો તારો વિશેષ આભાર માનવાનો છે. તેં તો ઉદ્દીપકનો રોલ ભજવ્યો છે તેથી..."

"એટલે?"

"રીસેશમાં કેંટીનમાં મળીયે એટલે વાત કરીયે, હમણાંતો હું સ્વર્ગમાંથી ધરતી પર નથી આવવા માંગતો."

"ભલે હું એકલીજ આવું કે અમારી પલટન ને પણ આમંત્રણ આપુ?"

જગન કહે "દરેકની પોતાની સોલ્જરી છે કંઇ ચારુલ કોઇનુ બીલ નથી ભરવાનો."

પ્રોફેસર મહેતા, કે જેમને તે રાજેશ ખન્ના હોવાનો વહેમ હતો, જાંબલી જભ્ભો અને આછા સોનેરી રંગનાં પેંટ પહેરી ને આવ્યા અને "ઉદ્દીપક" વિષય ઉપર ભણાવવા બેઠા ત્યારે ક્લાસમાં કામિની ને વધુ તાજ્જુબી થઇ. પ્રોફેસર મહેતા એ કહ્યું. આમ તો ઓક્સીજન અને હાયડ્રોજન આકાશમાં સાથે રહેતા હોવા છતા તે બે વચ્ચે સંયોજન થઇને પાણી કેમ નથી બનતુ? સાગરને ઉકાળી વાદળ બનાવીને જ વરસાદ પડે તે કેમ? જ્યારે બે વાદળ અથડાય અને વિજળી થાય ત્યારે તે વિજળી ઉદ્દીપકનું કામ કરી ઉંચા તાપમાને જળનું નિર્માણ કરે. જો વ્યખ્યા આપવી હોયતો ઉદ્દીપક એટલે એવુ પરિબળ કે જે ક્રિયાને ઉત્તેજન આપે પરંતુ તે ક્રિયાનો ક્યાંય હિસ્સો બન્યા વિના ક્રિયા પુરી કરે. નવસારમાંથી મીઠુ બને ત્યારે તાપ કે ગરમી તે ઉત્સેચકનું કામ કરે

જેવા ઘણા દાખલા આપી સમજાવ્યું કે રસાયણીક પ્રક્રીયાઓ સમજવા ઉત્સેચક્ને સમજવા જરુરી છે.

ચારુલનું મગજ તો આ વાતોને પોતાની જિંદગી સાથે વણતો જતો હતો. સામાન્ય રીતે હીનાને જોતા એનાં પગમાં પાણી આવતા હતા. એની હિંમત જ નહોંતી થતી કે તે કદી એની સાથે વાત કરી શકશે. કામિનીએ શરત લગાવી તે ઉત્તેજનાએ કામ કર્યું અને તેને સ્કુટર પર બેસાડવાની હિંમત કરી. હવે આગળ શું કરીશ? તે તો હજી સ્કુલમાં છે અને તેને કેવી રીતે સમજાવીશ કે હું આ બધાને લઇને ફરુ છું તે તો હસી મઝાક છે. સ્વર્ગમાંથી તેનુ અવતરણ ત્યારે થયું જ્યારે રીસેશનો બેલ વાગ્યો. કામિનીને ધાસ્તી તો પડીજ ગઇ હતી અને ઉદ્દીપકની વાતો જાણ્યા પછી પલટનને સાથે લઇ જવાની મુર્ખતા ન કરાય તેવુ સમજી ગઇ હતી તેથી પલટનને બીજી ઉલઝનમાં નાંખી તે એકલી જ આવી. જગન પણ નહોંતો તેથી તેને એકલો ચારુલ મળ્યો તે ગમ્યું. ચારુલ કામિનીને આવતા જોઇને પુછ્યુ “શું લઇશ? હું બીલ આપવાનો છું.” બટાટાવડાનો ઓર્ડર આપી કામિની નો હાથ પકડીને કહ્યું-

“તુ માનીશ તેં એક સરસ મિત્રનું કામ કર્યું. તારો આભાર.”

કામિનીની આંખમાં શંકા તો હતી પણ હવે તેનું હૈયુ થડકાર ચુકતું જતું હતું.

“પણ થયુ શું? પેલી હીનાડી તને શું કહી ગઇ કે તુ સીટી મારી ગયો?”

” જો કામિની તું અને તારી પલટન મારી આગળ પાછળ કેમ ફરો છો તે ન સમજુ તેવો હું બાઘો નથી બરોબર? પણ આ વાત તને એકલીને જ કહેવાય બધાની હાજરીમાં કે બધાને ના કહેવાય.”

બટાટાવડા આવી ગયા હતા તેથી તે ખાતાખાતા તેણે શરત પછી થયેલ કમબખ્તી અને ત્યાર પછી બીજા દિવસની વાત કહી. રીસેશ પતી ગયાનો બેલ વાગતા વાત અધુરી રહી તે સાંજે મહાદેવનાં મંદીરે દર્શન કરવા એકલી નીકળજે કહી છુટા પડ્યા. ચારુલનાં મોં પરનો પ્રેમાનંદ જોઇ કામિની જલી જતી હતી પણ જાતે પેટ ચોળીને શૂળ ઉભુ કર્યું હતું ત્યાં કોઇને શું દોષ દેવો?

—-

## ભાગ - 3 : (વિજય શાહ)

સાંજનાં ચારેક વાગ્યે વરંડામાં જઇ હાથ પગ ધોતા નજર હીનાનાં ઘર તરફ કરી તો કોઇ દેખાતુ નહોંતુ. શ્રાવણનો પહેલો સોમવાર અને મોદીની પોળનાં મહાદેવનં દર્શને જવાનો વાયદો કામિનીને કર્યો હતો. પાંચ વાગે પાણી આવશે ત્યારે ફરીથી ડોલ પાણી માટે બહાર આવશે ત્યારે હીના દેખાશે તો વાત તેમ વિચારીને અંદર જતો હતો ત્યાં બારણું ખુલ્યું આછા બદામી શર્ટ અને ઘેરા કથ્થાઇ બેલ બોટમમાં હીના ઉભી હતી.ચારુલને ફરી પગમાં પાણી ભરાવાનાં ચાલુ થવા માંડ્યા અને છતા તેણી હિંમત કરીને હીના સામે હાથ હલાવ્યો..

હીના મીઠુ મધ જેવું હસીને ઉભી રહી. જાણે કહેતી ન હોય ‘બોલ મેરે રાજા.’ હવે ચારુલમાં થોડી હિંમત આવી અને તેની મમ્મીને કહેતો હોય તેમ મોટા અવાજે બોલ્યો ‘હા.. હું જવાનો છું, પાંચ વાગ્યે મોદી પોળનાં મહાદેવનાં દર્શને.’ પછી ઇશારાથી હીના ને પુછ્યુ તુ આવીશ? એણે હા પાડી અને હસતી હસતી અંદર જતી રહી.

મોદીની પોળ ચારુલ ની ખડકી થી બે પોળ આઘી હતી. ચાલતા પાંચ મીનીટ થાય. કલાકનો સમય છે તેમાં તૈયાર થતા દસ મીનીટ.. કામિની અને તેની પલટન ને મળવા માટે જે તૈયારી કરવી પડે તેના કરતા અહિં વધુ કરવી પડે તેમ વિચારીને સવારે દાઢી કરી હતી છતા અત્યારે ફરી દાઢી કરવા તે બેઠો.

કોણ જાણે કેમ તેનાં મનમાં હાસ્યનાં હિલ્લોળ ઉઠતા હતા. મનમાં વારંવાર ‘પ્યાર હુઆ.. ઇકરાર હુઆ’ ગીત ગુંજતું હતું. દાઢી કરી સરસ રીતે નહાવું હતું, પણ પાણી પાંચ વાગ્યે આવવાનુ હતુ તેથી કચવાતા મને ડોલનાં પાણી થી સાબુથી મોં ધોયુ. અરીસામાં જોયુ તો થોડુંક ઝાંખુ લાગ્યું તેથી ફરી સાબુ લીધો.. આ વખતે સુગંધી સાબુ લીધો અને બરોબર ઘસી ઘસીને ચહેરો સાફ કર્યો. આછો આછો પાવડર લગાડ્યો અને તેને ગમતા ફુલોની ભાતવાળા શર્ટને ઇસ્ત્રી કરવા બેઠો અને લીલુ બોટલગ્રીન રંગનું પેંટ તે શર્ટની ભાતને સંપૂર્ણ મેચ થતુ હતુ તે પહેર્યું. ત્યાં બાજુનાં રૂમમાંથી જૈમિનને છાનો રાખતી જયાભાભીનો અવાજ આવ્યો અને ચારુલ બહાર નીકળ્યો.

રસોડામાંથી મમ્મી એ કહ્યુ ‘ચારુલ ચા મુકું? મારી અને જયાની મુકુ છુ.’ ચારુલએ ઘડીયાળમાં જોયુ તો હજી સાડા ચાર થયા હતા એટલે હકારમાં માથુ હલાવ્યુ. અને બહાર દિવાનખંડનાં હિંચકે બેઠો. તેને મનમાં થયું, ‘આજે આ સમયને શું થયું છે?

હજી પાંચ વાગતા જ નથી...' છાપુ ફેરવ્યું. પેનથી બે ચાર કુંડાળા કર્યા અને બબડ્યો. 'આ સમયને શું કહેવું? તૈયાર થઇને બેઠો છું ત્યારે તે ચાલે છે કીડી વેગે'. મમ્મી તે વખતે ચાનો કપ લઇને આવ્યા અને આ બડબડાટ સાંભળ્યો અને પુછ્યું "ચારુલ, શું એકલો એકલો બબડે છે?"

"કંઇ નહિ, આ જગત આવ્યો નથી તેથી.. આજે શ્રાવણી સોમવાર છે તેથી મંદિરે જવાનાં છીયે."

મમ્મીએ આશ્ચર્ય ચકીત અવાજે પુછ્યું 'તે જગત વળી ક્યારથી મંદિરે આવતો થયો?"

ચા પીતા પીતા ચારુલ બોલ્યો 'મમ્મી ચા સરસ બની છે.' વાતને બીજે વાળી પાંચનાં ટકોરે તે ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે જયાની ચકોર દૃષ્ટી માપી ચુકી હતી કે 'ચારુલભાઇ આજે કોઇ અનેરી મૂડમાં છે.'

પોળમાંથી એ બહાર નીકળતો હતો અને એક બાજુથી કામિની અને મધુ આવતા દેખાયા અને સામે ની બાજુથી હીના ઘરમાંથી નીકળી. ચારુલ ને પહેલી વખત તેનો મુક્ત વહેવાર બંધન રુપ લાગ્યો... છતાં તેણે હીના તરફ હાથ હલાવ્યો અને હીનાએ પણ તેના તરફ જવા પગ ઉપાડ્યા. ગામફોઇ સવિતા આ ચાળો જોઇ ગઇ. કહે છેને દો દિલોકે મીલને સે સો દીયે જલ જાતે હૈ પણ અહિં તો જુદુ જ હતુ... દો દિલોકે મીલને સે સો દિલ જલ જાતે હૈ...જેમાં ગામફોઇ સવિતા ઉપરાંત કામિની પલટન અને કિશન પણ હતો.

—-

## ભાગ - 4 : (વિજય શાહ)

હીનાને ચારુલ તરફ આવતી જોઇને કામિની અને કિશનનાં જીવ કપાઇ ગયા. પણ હીના અને ચારુલ બંને પોતાની સફળતા પર મુસ્તાક હતા. પણ ચારુલનાં પગમાં પાણી ઉતરતું જતું હતું તેથી તે કામિનીને પણ સાથે લઇ જવા માંગતો હતો.આમેય હીરો ને એકાદ ચમચાની કે ચમચીની જરુર તો પડે જ ને? એમની ખડકી પુરી થઇ અને હીના અને કામિની સાથે થઇ ગયા. હીનાએ પણ તેજ બદામી રંગનાં શર્ટ સાથે ચોકલેટી રંગનું બેલ બોટમ પહેર્યું હતુ,

હીના તરફ જોઇને ચારુલ બોલ્યો -"હીના! હું અને કામિની સાથે જ કોલેજમાં છીએ... તને તો ખબર છે ને?" તેણે હકારમાં માથુ હલાવ્યું અને મહાદેવનાં મદિર પાસે ફુલવાળાની છાબડી પાસે ક્ષણ ભર તે રોકાઇ. ચારુલ આગળ નીકળી જતો હતો પણ તેણે જોયુંકે હીના ઉભી રહી હતી એટલે તે પણ ધીમો થયો અને હીનાની રાહ જોવા લાગ્યો. ત્યાં સુધીમાં કામિની મંદિરમાં પહોંચી ગઇ હતી અને મધ મીઠું મલકતી હીના બે ફુલનાં પડીકા લઇ આવી ગઇ. બે મીનીટની નાની મૌન સફરમાં બંને એ જાણે કેટલીયે વાતો કરી લીધી. બે વખત આંખ મળી, ટકી અને ઝુકી ગઇ. ચારુલ એ જાણે ક્ષણમાં સ્વર્ગનું સુખ મળ્યું હોય તેવી તૃપ્તિનો અહેસાસ કર્યો. મહાદેવનાં મંદિરમાં બધા સાથે ઉભા દર્શન કરતા હતા.

કિશન પણ તે વૃંદમાં જોડાયો. કિશનનો પરિચય હીનાએ આપ્યો તે તેની સ્કુલમાં સાથે ભણતો હતો. મસ્તી મઝાકમાં ચારુલ આમેય અવ્વલ હતો અને મંદિર થી પાછા વળતા ધમાલમાં તેણે 'ભાઇ' શબ્દને ખુબ ચગાવ્યો.. વીરમાંથી વીરા બની જતા દાખલાઓ દ્વારા કહી દીધુ પણ ખરું કે તેને કોઇની રાખડી પહેરવાનો શોખ નથી. પછી ભલે કિશનને તે શોખ હોય ત્યારે હીના હસી હસીને બેવડ વળી ગઇ. જોકે કામિની અને કિશન બંને ને હીનાનું આટલુ બધુ હસવુ યોગ્ય નહોંતુ લાગતુ પણ કરે શું? મીંયા બીબી જ્યાં રાજી ત્યાં...ચારુલ ધારતો હતો તેના કરતા આ વાત વધારે ઝડપથી આગળ વધી રહી હતી કારણકે આગ બંને પક્ષે એક સરખી હતી. બંને પ્રેમી પંખીડા જાણે એક સુરમાં ગાતા હતા "પ્યાર હુઆ એકરાર હુઆ હૈ પ્યાર સે અબ ક્યું ડરતા હૈ દિલ" પોતાની ખડકીમાં દાખલ થતાં બંને એકલા પડ્યા.

ચારુલે પૂછ્યું, "કાલે ફરી મળીશુને?"

હીનાએ કહ્યું ”ગુરુવારે મને યુનીફોર્મની છુટ્ટી હોય છે. તમે સ્કુલે આવશો? મને ચોથો પીરીયડ ફ્રી છે.”

“એટલે અઢી વાગે?”

“હા”

“ભલે ત્યારે ગુરુવારે મળીયે” કહી ચારુલ ઘર તરફ વળ્યો...

ઘરે જગત રાહ જોતો બેઠો હતો.

—-

## ભાગ – 5 : (વિજય શાહ)

જગતને ઘરમાં જોતાની સાથે પેટમાં ફાળ પડી.. આ જગતે કંઇ બાફ્યુ ન હોય તો સારુ. જયાભાભી સાથે વાતો કરતા કરતા જગતે તાળો મેળવી લીધો હતો કે આજે મારા નામે કંઇક કારનામુ થયેલ છે. તેથી બને તેટલા ટુંકા અને હા કે ના માં જવાબો આપી સમય કાઢતો હતો. ચારુલ ને જોઇને તે હિંચકો છોડીને બહાર આવ્યો. સફળતાનો નશો કોઇ અનેરો હોય છે. જગતે ખાલી ઇશારા થી પુછ્યુ શું થયુ? અને ચારુલનું મોં એકસો એંસી ડીગ્રીનું સદા બહાર હાસ્ય આપી ચુક્યુ અને જમણી આંખ મીચકારી. “ચાલ હવે મારે તો મંદિર એકલાજ જવાનુ થયુને?” જગતે વાત ટુંકાવતા કહ્યુ.

ચારુલ કહે “ના, તું ઉભો રહે.. હું થોડા પૈસા લઇ લઉં આપણે મિલન રેસ્ટોરંટ માં જઇ ને ચા પીશું”

પોળને નાકે કોલેજને પાસે મિલન રેસ્ટોરંટ તરફ જતા જગત બોલ્યો ”તારી હીના મને કાલે તારા વિશે પુછતી હતી.”

“મારી હીના ?...અલ્યા હજી ભેંસ ભાગોળે છે, ને તુ ધમાધમ કરવા માંડ્યો.”

“હા, મને કહે જગત ભાઇ આ ચારુલભાઇ કૃષ્ણ કનૈયાની જેમ ગોપીઓમાં જ કેમ ફરે છે?”

“સાચુ કહે છે? કે પછી ખિલ્લિ ઉડાવે છે?”

“એને તો એમ કે મધુ કે કામીની બેમાથી કોની સાથે તને ચક્કર છે?”

“પછી?”

“પછી શું? મેં કહયું કે તેને તો તું જ ગમે છે.”

“પછી?”

“પછી શું? તે તો રાજીની રેડ.”

“વાહ! જગત તે તો મારુ ઘણુ મોટું કામ કરી નાખ્યુ.”

“હમણા ઘરે મારા નામે જે ચલાવ્યું હતુ તે પકડાતુ પકડાતુ રહી ગયુ”

“ચાલ, પકડાયુ તો નથી ને? ભુલી જા અને સાંભળ... આજે મંદીરે જતા જતા બહુ સરસ વાતો થઇ. “

“એ તો તારી વાત પરથી સમજાય છે. તમે બંને એક બીજા માટે હુંફાળી લાગણી ધરાવો છો તે તો સરસ વાત છે.પણ તેને સાચવવાની પુખ્તતા બંનેમાં આવી છે ખરી?”

“એ જગત, હજી તો પાશેરા માં પહેલી પુણી છે એટલે એ ચર્ચા નથી કરતો પણ તેં મને બહુ જ આનંદ આપ્યો છે.”

“દોસ્ત સંભાળજે પહેલો પ્રેમ હવાનાં ઝોંકાની જેમ આવે છે અને તે સફળ થઇ જાય તે તો બહુ મોટુ નશીબ કહેવાય”

“તારી વાત સાચી છે દોસ્ત પણ મારુ મન તો અત્યારે ઝુમે છે અને પેલુ ગીત સંભળાયા કરે છે.. ‘ગુમ હૈ કીસીકે પ્યારમેં દિલ સુબહા શામ...પર ઉન્હે કહે નહી પાએંગે અપને દિલ કી બાત...હાયે રામ!’ “

જગત મિત્રતાની અને મિત્રની ખુશીને માણી રહ્યો...

—-

## ભાગ - 6 : (વિજય શાહ)

ગુરુવારની  સવારનો કુકડો બોલ્યો અને ચારુલ બ્રશ મોંમા લઇને બેઠો હતો. સામે ની ખડકીમાં હલચલ શરુ તો થઇ હતી પણ હીના હજી બહાર દેખાતી નહોંતી. મનમાં ગીત ગાતો જતો હતો તેરે દ્વાર ખડા એક જોગી ના માંગે યે સોના ચાંદી માંગે દર્શન તેરે...
ક્ષણો મીનીટોમાં અને મીનીટો કલાકોમાં ફેરવાઇ ગયા અને અપેક્ષા પ્રમાણે ન થવા થી થોડોક ધુંધવાઇને આંટા ફેરા મારવાની શરુઆત કરી. અને બારણાની પાછલ થી લુચ્ચુ હસતી હીનાએ આવીને ગૂડ મોર્નીંગ કહ્યું. ચારુલ હવે મૂડમાં આવ્યો ઇશારો કરીને કહી દીધુ કે બે વાગ્યે તે સ્કુલ ઉપર આવી જશે.. હેતાળવુ સ્મીત અને મનને પ્રસન્ન કરતી મુદ્રામાં હીનાએ તેનુ ઇજન સ્વિકારી લીધુ. નીલવર્ણનું બેલબોટમ અને ઉપર મોરપીંચ્છ રંગનુ ટોપ પહેરીને શાળા માંથી બહાર નીકળી. ચારુલનાં સ્કુટર ઉપર બેસીને માઉંટ કાર્મેલ સ્કુલમાંથી નવરંગપુરા તરફ સ્કુટરે ગતિ પકડી ત્યારે ચારુલએ પુછ્યુ,

“ક્યાં જઇશું?”

“કોઇક શાંત જગ્યાએ જ્યાં થોડીક વાતો થઇ શકે.”

લો- ગાર્ડન પસાર થતુ હતુ ત્યાં જગતની ‘પુખ્તતા’ અંગેની ટકોર યાદ આવી અને લો- ગાર્ડનને જવા દઇ એલીસબ્રીજની પાસે આવેલી મહેતા રેસ્ટોરંટમાં પહોંચ્યા. વાડીલાલ સારાભાઇ હોસ્પીટલ પાસે આવેલી આ હોટેલ બપોરે શાંત હોય છે અને ભેળ એ ચારુલનો ભાવતો ખોરાક છે તેથી ત્યાં એક ખુણામાં ટેબલ ઉપર બેઠા. ચારુલને હીનાની હસતી આંખો અને કપાળ ઉપરનો મેચીંગ કરેલો ચાંદલો ખુબજ ગમ્યો.. પણ ફરી પાછુ પગમાં પાણી ઉતરવા લાગ્યુ. તેણે ધ્યાનથી જોયુ તો હીના પણ અસ્વસ્થ તો લાગતી હતી પણ તે રાહ જોતી હતી કે ચારુલ કંઇક બોલે. અને ચારુલની બધી વાચા જાણે હણાઇ ગઇ હોય તેમ લાગતુ હતુ. ત્યાં વૈટર મેન્યુ આપીને ગયો .

હીના બોલી “તમે શું ખાશો?”
“ભેળ.. અમીરી ભેળ. અને તુ શું ખાઇશ?”

“હું પણ અમીરી ભેળ જ લઇશ-એક વાત કહું?”

“એક નહીં દસ કહેને.. આજે તું બોલ અને હું સાંભળુ”

ચારુલને પોતાના મોંમાંથી નીકળતા શબ્દો પર વિશ્વાસ નહોંતો બેસતો.

“તમે મને તુંકારો કર્યો તે ગમ્યું.”

ચારુલ મુગ્ધતા થી તેને જોઇ રહ્યો

“હીના હું જ્યારથી સમજણો થયો ત્યારથી તુ તો મારા મનમંદિરમાં પ્રિયપાત્ર તરીકે સ્થાપિત થયેલી છે. એ વાત જુદી છે કે તે એક તરફી પ્રેમ આજે બેઉ તરફી બની રહ્યો છે.”

”કેમ એવુ માની લીધું કે મને પણ તમે ગમો છો?”

”જગતે મને ઇશારો આપી દીધો હતો.”

“ચાલો મારી મોટી મુંઝવણ જગતભાઇએ આસાન કરી દીધી.”

“તને ખબર છે કામિનીએ મને ઉશ્કેર્યો ન હોત તો કદાચ આ એકરારની અને મિલનની ઘડી હજી સુધી ન આવી હોત.”

”હું પણ તમારી નજરની વિહ્વળતા છેલ્લા બે વરસોથી જોતી હતી પણ કાલીન્દી બેન અને મયુરીબેનનું કશુ નક્કી થતુ નથી અને હું તમને છોકરીઓનાં ટોળામાં ફરતા જોતી હતી તેથી બીક લાગતી હતી ક્યાંક મોડુ ન થઇ જાય.’

“ખેર! આજે શું થયુ હતું? સાઢા સાત થયા તો પણ બહાર નહોંતી આવી?”
“હું તમને છુપાઇને જોતી હતી.”
“હં..ગઠીયણ!”
“પિયુને છુપાઇને ધુંધવાતો જોવો એ પણ એક લહાવો છે!” ત્યાં ભેળ આવી ગઇ.

‘સાજન તમે ઓરા આવો તો કહું એક વાત કાનમાં’ ગણગણતી એ ટુંકી મુલાકાત બંને હૈયાને પ્રેમવિભોર કરી ગઇ....

—-

## ભાગ - 7 : (અનિલ શાહ)

ઘરે પગ મુક્તા જ મયુરી બોલી 'હીના મારો ઇસ્ત્રી કરેલો ડ્રેસ તું સ્કુલે પહેરી જાય તે ન ચાલે તારે તે પહેરતા મને પુછવુ જોઇએ.'હીના મયુરી ને સાંભળ્યુ ન સાંભળ્યુ કરી તેના રુમ માં જતી રહી..મનમાં તેંને થયુ ચોવીસ વરસની ટચરી થઇ, પણ હજી રખડે છે. અને મનમાં ને મનમાં પોતાને મળેલી જીતમાં રાચતી તે નહાવા ગઇ. બહાર નીકળી ત્યારે કાલીન્દી એ શુભ સમાચાર આપ્યા. આજે મયુરી બેનને જોવા પપ્પાનાં શાળામિત્ર કંચન પરીખ અને તેમના ધર્મપત્ની ઇંદુબેન આવવાનાં છે. અને મયુરીનો તે ડ્રેસ હીનાએ બગાડી નાખ્યો તેની રોકકળ હતી. મમ્મી પણ થોડા વ્યગ્ર તો હતા પણ તેમણે ખાલી એટલું જ કહ્યું મયુરી બેલ બોટમ પહેરવાને બદલે સાડી પહેરજે. હું ઇંદુને જાણુ છું ઘર તો સરસ છે જ. મૃગેશને તું ગમે એટલે ભયો ભયો. મયુરી તરત જ બોલી "મમ્મી મને પણ તે ગમવો જોઇએ..એમ કંઇ વાતો કર્યા વિના હું હા નથી કહેવાની."

રસોડામાં થતી ધમાલને જોતા લાગ્યુ સાંજે મોટો જમણવાર છે તેથી તે કાલીન્દી સાથે પુરી તળવા લાગી. મનોમન તે ચારુલની વાતો વાગોળતી મલકતી હતી. તે જોઇને કાલીન્દી એ પુછ્યુ "હીના આજે શાળામાં કંઇ બન્યું છે?"

"ના રે, આજે અમારી ટીમ વોલીબોલમાં જીતી ગઇ એટલે.." હીનાએ ગપ્પુ માર્યું.

"જુઠ્ઠુ ના બોલીશ. કિશન તો વીલે મોઢે આવ્યો હતો"

"કિશનીયાને તો રેફ્રી સાથે માથાકુટ થઇ હતી એટલે તે તો રમ્યો જ નથી"

"હું કંઇ તારો છાલ છોડવાની નથી. આજે સરસ ડ્રેસ પહેરીને સજી ધજીને બેન ગયા હતા..શું કર્યું પરાક્રમ બોલો તો..?"

હીનાની આંખોમાં શરમનાં શેરડા ઉતર્યા અને અંતરની ખુશી છલકી ગઇ. તે ધીમે રહીને બોલી "બેન, ચારુલ સાથે આજે હા થઇ ગઇ."

"અરે વાહ! અભિનંદન!" અને વહાલથી તેને માથે હાથ ફેરવ્યો..

બરોબર સાતનાં ટકોરે મયુરીબેન ને જોવા બધા આવ્યા. મૃગેશ સરસ હતો તેનો પોતાનો રંગ બજારમાં સ્ટોર હતો પૈસાને તો કમી હતીજ નહી અને મયુરીને પણ ના કહેવાનું કોઇ કારણ નહોંતુ. બધા સાથે જમવા બેઠા ત્યારે કાલીન્દીબેનની સાથે પણ

મૃગેશ વાતો કરતો હતો અને કાલીન્દી ઝુઓલોજી કરીને મેડીકલમાં જવાની વાત વિચારે છે અને તરત જ તે બોલ્યો,

“મારો નાનો ભાઇ હરનીશ પણ બી.જે. મેડીકલમાં છે તમને એડમીશનમાં મદદ કરી શકશે.”

મૃગેશનાં મમ્મીએ તરત જ વાતનો દોર હાથમાં લેતા કહ્યું “હરનીશે તો કાલીન્દી માટે પોતાના હકારત્મક વિચારો પણ બતાવ્યા છે. આજે દિવસ સારો છે અને બંને બહેનો અમારે ત્યાં આવશે તો અમારે માટે તો સોનામાં સુગંધ છે.”

મયુરીની સાથે સાથે હવે શરમાવાનો વારો કાલીન્દીનો હતો. પપ્પાએ કાલીન્દીની સામે જોયુ અને દિકરીનાં મનને ત્વરીત રીતે વાંચીને કહ્યું.. “રાધા, જો તને કહેતો હતોને કે આપણી દીકરીઓ માટે જરાય ચીંતા કરવાની જરુર નથી.. તેમનો યોગ જન્મે એટલે બધુ સરસ રીતે પતી જાય.”

કંચનભાઇ અને મહેન્દ્રભાઇએ સંમતિ આપી અને ઘરની ખુશી બેવડાઇ. સગાઇ પહેલે નોરતે નક્કી થઇ અને હરનીશને પણ ફોન કરીને શુભ સમચાર અપાયા. રાધાબેન અને ઇન્દુબેન બંને બહેનપણીમાંથી વેવણો બની અને એકબીજાનાં મોં મીઠા કરાવ્યા.

—-

## ભાગ - ૪ : રસભીનો ચારુલ (પ્રવિણા કડકિયા)

ચારુલ અને હીના પ્યારનો એકરાર કરીને ખૂબ હળવાશ અનુભવી રહ્યા હતા. હીના તો સ્વપનાની દુનિયામા વિહાર કરી રહી હતી. ચારુલ હીના તરફથી લીલી ઝંડી મળી ગયા પછી ખુશ મિજાજમાં જણાતો. પહેલો પ્યાર વસંતની ખુશ્બુ ફેલાવે. જેણે જેણે તે માણ્યો હશે તે આ વાતની સાક્ષી પૂરશે. હીના જે પાંચ મિનિટમા તૈયાર થતી હતી તેને હવે ટાપટીપ કરતા ત્રીસેક મિનિટ લાગતી. ચારુલ મહિને પણ જો તેના બા કહેતી કે બેટા વાળ કપાવી આવ તો.. તો હજાર બહાના બનાવતો. પણ હવે તો બહાના બતાવવાને બદલે પંદર દિવસે હજામ ને ત્યાં પહોંચી જતો. દિવસમાં બે વાર અસ્ત્રો ફેરવતો. જો કદાચ હીના ગાલ પર ટપલી મારે તો તેને ખરબચડું ન લાગવું જોઈએ, તેથીસ્તો.

હીનાને ભગવાને ફુરસદે ઘડી હતી. તે દેખાવડી હતી. પણ જ્યારે ચારુલ તેના વખાણ કરતો ત્યારે લજામણીના છોડની માફક શરમાતી, સંકોચાતી. જીવનનો આ ખૂબ સુહાનો કાળ છે. હીના અને ચારુલ તેનો ભરપેટ લહાવો માણતા હતા. શાળાનું છેલ્લું વર્ષ હતું. મીડટર્મ પરિક્ષા માથે હતી તેથી વાંચવુ પણ આવશ્યક હતું. મને કમને બંને ભણવામાં ચિત્ત ચોંટાડવાનો દેખાવ કરતાં હતા. હીના ચોપડી ખોલે ને તેને ચારુલનુ મુખ દેખાતું. ચારુલ વાંચવા બેસે ને તેને નટખટ હીના દેખાતી. મન મક્કમ કરીને સારા ગુણાંક મેળવી પાસ થવાનો બંનેએ નિરધાર કર્યો હતો. સમય કાઢીને તેઓ અચૂક મળતા.

રાતે મોડા સુધી ન વાંચવુ. સવારે વહેલા ઉઠી વાંચવુ તેવું નક્કી કરવામાં આવ્યું હતુ. જગતે તે દિવસે નવરંગપુરાનાં થીયેટરની મેટીની શોની ટીકીટ પરીક્ષા પત્યાનાં માનમાં લાવીને આપી. શનિવારનો મેટીની શો એટલે દસે ચિત્ર શરુ થાય અને સાઢાબારે પતી જાય. હીના ખૂબ સુંદર તૈયાર થઈ હતી. આછા જાંબલી રંગનો પંજાબી તેને અનુરૂપ દાગીનો પહેર્યો હતો. હાથમાં નવું પાકિટ ઝુલાવતી તેને આવતી જોઈને ચારુલ મંત્રમુગ્ધ બની ગયો.

“અરે ઇંન્દ્રની મેનકા કરતા પણ આજે તું સુંદર લાગે છે.”

હીના કહે “તું પણ કામદેવ થી કમ નથી.”

બંને જણા પ્રસન્નતા થી મલક્યાં. ઉષા ખીલી હતી. મનગમતો સાથ હતો,જુવાન હૈયા હતા. પાગલ ન બને તો જ નવાઈ લાગે.હાથ માં હાથ પરોવી બંને પોતાની જગ્યા

પર આવીને બેઠાં. ચારુલ ખીસામાં મોટી બે કડબરી લઈને આવ્યો હતો. ચિત્રપટ માણ્યું કેડબરી ખાધી અને યુવાન હૈયાં ધબકી રહ્યાં. જેવો અંત આવ્યો કે હીના બોલી પડી, "ચારુલ મને કકડીને ભૂખ લાગી છે. જ્યાં આપણા પ્રેમ નો એકરાર કરી બેકરાર થયા હતા તે 'મહેતા'ની ભેળ ખાવા મને લઈ જા. પછી 'હેવમોર'નો આઈસક્રીમ હું ખવડાવીશ." સ્કૂટર પર બેસીને 'મહેતા' રેસ્ટોરંટ પર પહોંચ્યા અને હજી જેવો ચારુલે હીનાનો હાથ પકડ્યો કે ઝાટકા સાથે તેણે છોડાવ્યો. ચારુલ વિસ્મય પૂર્વક જોઈ રહ્યો.

હીના ખિલખિલ કરતી હસી પડી. ચારુલને કહે "તું જ્યારે મારો હાથ તારા હાથમાં લે છે તે મને ખૂબ ગમે છે. પણ હું તને ખાનગી વાત કરું? હું નાની હતી ત્યારે જો કોઈ પ્રેમ પંખીડા આમ હાથમાં હાથ પરોવી ચાલતા હોય ત્યારે હું તેમની વચ્ચેથી નીકળતી હતી. મને તેમને છુટા પડીને મારી સામે વિચિત્ર રીતે જોતા જોવા બહુ ગમતા... પણ મારે કોઈને આવી તક નથી આપવી તેથી મેં તારો હાથ છોડાવ્યો." ચારુલ તો સાંભળીને મન હી મન મુસ્કુરાઈ રહ્યો. 'હીના તોફાની પણ છે અને મારકણી અદાઓ પણ છે અને સૌથી મોટી વાત એ છે કે તે મારી છે..' તેની મુશ્કાન હીના માણી રહી

* * *

કાલીન્દી અને હીના ચારુલને ત્યાં આવ્યા ત્યારે જયાભાભીની આંખ વિસ્મયથી પહોળી થઇ ગઇ. ભટ્ટ કુટુંબને પહેલે નોરતે તેમને ત્યાં નિમંત્રણ આપવા આવ્યા હતા. ચારુલ ઘરમાં નહોંતો તેથી આમંત્રણ પત્રિકા જયાભાભીને આપીને તે લોકો નીકળી ગયા. ચારુલ જ્યારે આવ્યો ત્યારે જયાભાભીએ પોતાનું વિસ્મય બતાવ્યું. ત્યારે ચારુલે હસતા હસતા કહ્યું ખડકીમાં તો આમંત્રણ હોય જ ને!

જયાભાભી કહે "ચારુલભાઇ, આતો વિશેષ આમંત્રણ હતુ. તમને તેમને ત્યાં અગાઉ પ્રેક્ટીસ માટે આગોતરું આમંત્રણ છે." ચારુલે તેનુ અજ્ઞાન બતાવ્યું અને કહ્યું "કદાચ અંતાક્ષરી રાખવાની હશે તેથી ખડકીનાં છોકરાઓને ભેગા કરવાના હશે તેથી...જે હોય તે પણ ભાભી તમે કેમ આટલા બધા પ્રશ્નો પુછો છો?"

"મને કોઇક્નું કલ્યાણ થતુ હોય તેમ લાગે છે તેથી..જરા ફોડ પાડીને કહો તો ખબર પડે... ચારુલભાઇ એક પાયલ ને ઘાયલ છુપ્યા છુપાય નહીં..અને હીના મારી દેરાણી થઇને આવશે તો મને ગમશે હોં! "

“ઓહો ભાભી!! તમે તો ત્રિકાળ જ્ઞાની નીકળ્યા..તમારા મોંમાં ઘી ગોળ એવુ થાય તો. જો કે પ્રયત્નો તો ભરપુર ચાલે છે..” તીરછી નજરે ઝીંણી આંખ કરીને હકારે માથુ હલાવતો તે ભાભીનાં ચક્રવ્યુહમાંથી હાર્યા વિના નીકળી ગયો. તેનુ મન ગણ ગણતુ હતુ...

હો... આજ મૌસમ... બેઇમાન હૈ બડા... બેઇમાન હૈ આજ મૌસમ...
આને વાલા કોઇ તુફાન હૈ કોઇ... તૂફાન હૈ... આજ મૌસમ...

—-

## ભાગ - 9 : અંતાક્ષરી (કિરીટકુમાર ભક્તા)

નોરતાની પહેલી રાતનો આનંદ મયુરી અને કાલીન્દી કરતા હીનાને વધુ હતો. કારણ તો તેને સમજાતુ નહોંતુ પણ તેને બધુજ સહજ અને સરળ લાગતુ હતુ.. સાંજે ચારનાં સુમારે પરીખ કુટુંબો સગાઇ માટે નજીક ભાડે રાખેલ હોલમાં ભેગા થવાનાં હતા. ભારે સાડીઓ અને મેકઅપમાં બંને દીકરીઓને તૈયાર થયેલી જોઇ મહેન્દ્રભાઇ અને રાધાબેનની આંખ ઠરી. અને રૂપીયો નાળીયેરની વીધી પતી ગયા પછી સામાન્ય રીતે છોકરાઓ પાર્ટીનાં મુડમાં આવે અને હીનાએ પ્રસંગોપાત નટરાજ પ્રણામનું નૃત્ય કર્યું. પ્રાર્થના પત્યા પછી અંતાક્ષરી શરુ થઇ. ચારુલ શાંત હતો તેથી કામીની પાસે આવીને કહે "કેમ રે હીરો! કોના પક્ષમાં?"

"પક્ષતો પોળનો જ હોયને.. પણ આ બીજા બધા જરા થાકે પછી આવુને?"

બે પક્ષ હતા, કન્યા પક્ષ અને વર પક્ષ.. બેઉ તરફ સ્પર્ધા જબર જસ્ત હતી. એક સમય આવ્યો જ્યારે 'ઠ' ઉપર કન્યા પક્ષ અટક્યો. ત્યારે ચારુલે ગીત ઉપાડ્યુ,

**"ઠુમક ઠુમક મત જઈઓ, કીસીકા દિલ તડપેગા"**

અને એક્દમ ઉત્સાહનું વાતાવરણ જામી ગયુ. ગીતો તો ગવાતા રહ્યા. સાંજનાં સાતનાં સુમારે સૌ જમવા બેઠા ત્યારે સવિતાબેનનો બડબડાટ ચાલુ થયો... "આ આજકાલનાં જુવાનીયા વડીલોની કોઇ શરમ રાખતા જ નથી...આતો વિવાહ છે કે ધતીંગ? આટલી બધી ધમાલ તે કંઇ હોતી હશે? ચુપ ચાપ જમીને છુટા પડો..." ચારુલ તે વખતે છેલ્લુ વિજયી ગીત ગાતો હતો જે પ્રસંગને પણ અનુરુપ હતું,

**"તારોમેં સજકે અપને સુરજસે... દેખો ધરતી ચલી મિલને..."**

અને તાળીઓનાં ગડગડાટ સાથે માઇક ઉપર દાંડીયા રાસનું આમંત્રણ અપાયુ. અંતાક્ષરી જીતેલ કન્યા પક્ષ અને નોરતામાં ઝુમવાની નેમ સાથે આવેલ મિત્ર વૃંદ સક્રિય બન્યું.હોલમાં જમણ વાર ચાલુ હતો અને જુવાનીયાનાં ટોળામાં હીના અને ચારુલ પણ મનથી ઘુમતા હતા અને ત્યાં ચારુલ ચક્કર ખાઇને રંગ મંચ ઉપર ગબડ્યો.

આશીત, જયાભાભી, જગત અને હીના તેને ઉઠાડવા ગયા, તો પરસેવે રેબઝેબ ચારુલ બોલ્યો "મને પેટમાં બહુ દુ:ખે છે."

હરનીશે તરત જ તેને પંખા નીચે લઇ જઇને નાડી તપાસી... ધબકારા માપ્યા અને પુછ્યુ, “ક્યારેય આવુ થયું છે ખરુ?”

નકારો આપતા ચારુલે કહ્યું “મને શું થયુ છે પેટમાં અસહ્ય દુ:ખે છે.”

હરનીશે કામિનીને કહ્યું, “મને ટાંકણી કે સેફ્ટી પીન આપતો.”

હીનાએ તેના અંબોડામાંથી પીન કાઢીને આપી. ચારુલનાં શર્ટને ઉંચુ કરી પેટનાં દુખતા ભાગ ઉપર સહેજ અડાડી ત્યાં ચારુલથી ચીસ પડાઇ ગઇ.

હરનીશે કહ્યું “હું તાબડતોબ હોસ્પીટલમાં આને લઇ જવાનુ સુચન કરુ છું. મને લાગે છે કે એને એપેંડીસાઇટીસનો દુખાવો ઉપડ્યોછે અને કદાચ ઇમર્જંસીમાં તેનુ ઓપેરેશન પણ કરવુ પડે.”

હીનાથી ચારુલ નો દુખાવો જોવાતો નહોંતો અને તે પણ ધ્રુસકે અને ધ્રુસકે રડતી હતી. રાધાબેનને નવાઇ તો લાગી પણ જ્યારે સવિતાબેને કહ્યુંકે તે બે જણા તો સાથેજ બહાર ફરતા હોય છે ત્યારે તેમને મોટો ઝાટકો લાગ્યો.. ‘હીના તો હજી ઘણી નાની છે.. ‘

—-

## ભાગ - 10 : દે એક મહાન દર્દ અને પારાવર દે! (ઊર્મિસાગર)

હરનીશ કારને બને એટલી પૂર ઝડપે દોડાવતો હતો. ચારુલની વેદનાભરી ચીસોથી એને પળભર તો લાગ્યું કે જાણે એ કારને ક્યાંક ઠોકી તો નહીં દે ને?! મનોમન એનાથી ભગવાનને પ્રાર્થના થઇ ગઇ કે હેમખેમ હોસ્પીટલ પહોંચાય તો સારું. આગળ પેસેંજર સીટમાં બેઠેલો આશિત પણ એના લાડકા નાના ભાઇને લાચારીથી કણસતાં અને તડપતા જોઇ રહ્યો હતો, બીજું એ કાંઇ કરી શકે કે ચારુલને કાંઇ કહી શકે એમ પણ નહોતો. ખોળામાં ચારુલનાં મસ્તકને પ્રેમથી સહેલાવતા મોટીબેન જાણે કે એની થોડી પીડા હરી લેવા માંગતા હતા.. પરંતુ એમની આંખોમાં પણ ગંગા જમનાએ માઝા મુકી હતી...

ચારુલની વેદનાથી વ્યથિત થયેલા મોટીબેનથી એકવાર તો બૂમ પણ પડાઇ ગઇ કે “આ હોસ્પીટલ જલ્દી કેમ નથી આવતી? હરનીશભાઇ તમે રસ્તો ભૂલી નથી ગયા ને?” એમને તો એક એક મિનીટ એક એક કલાક જેટલી ભારે લાગતી હતી. પણ હોસ્પીટલ તો થોડી જ મિનીટોમાં આવી ગઇ.

ચારુલને તરત જ ઈમરજન્સી વોર્ડમાં લઇ ગયા... બહાર મોટીબેન, હરનીશભાઇ અને આશિત ઉંચા જીવે બેઠા હતા. થોડીવાર બધા ચૂપ બેસી રહ્યા... પણ પછી મૌનનાં ભારને ભાંગતા હરનીશે એકધારા આંસુ સારી રહેલાં મોટીબેને સાંત્વન આપવાની કોશિશ કરી...

“માસી, તમે ચિંતા ન કરો... આ એપેંડીક્ષનો દુ:ખાવો જ છે એટલે એ લોકો હમણાં જ તાત્કાલીક ઓપરેશન કરી દેશે.... અને પછી જો જો ને તમારો ચારુલ થોડા જ દિવસમાંપહેલાંની જેમ મસ્તી કરતો થઇ જશે.”

“હા મમ્મી, એપેંડીક્ષનું ઓપરેશન તો હવે એકદમ સામાન્ય વાત થઇ ગઇ છે... તું ચિંતા ન કર... ચારુલને એમ પણ બીમાર પડી રહેવાનું જરાયે ગમતું નથી... ડૉક્ટરો આરામ કરવાનું કહેશે તો પણ તને તો ખબર છે કે એ તો બે-ત્રણ દિવસમાં જ ફરતો થઇ જશે...” આશિતે મોટીબેનને કહેવાને બહાને પોતાના મનને પણ સમજાવ્યું.

“ભગવાન કરે બધું હેમખેમ પાર પડી જાય બેટા... એક તો પપ્પાને પણ હમણાં જ બહારગામ જવાનું રહી ગયું હતું! આપણો ચારુલ જો જલ્દી સારો થઇ જશે તો હું 21 નકોરડા ગુરુવાર કરીશ અને એને શિરડી પગે લગડાવવા લઇ જઇશ...” ડૂસકાં ભરતા

ભરતાં મોટીબેને તો એના શિરડીવાળા સાંઇબાબા સાથે શ્રદ્ધાનો સોદો પણ નક્કી કરી લીધો.

થોડીવારમાં જગત પણ આવ્યો અને આશિત પાસે જઇને ચારુલની પૂછતાછ કરી... એટલામાં તો પોળનાં બીજા થોડાં માણસો પણ આવી ગયા... હવે કોઇ ડૉક્ટર કે નર્સ આવીને ચારુલની હાલત જણાવે એની રાહ જોતાં સૌ બેસી રહ્યા. હજી કેમ કોઇ આવ્યું નહીં એ વિચારતો હરનીશ થોડીવારે ડૉક્ટરને ચારુલ વિશે પુછવા ગયો.

આશિતે એ નોટીશ કર્યું.

હરનીશને ગયાને પણ લગભગ વીસ-પચીસ મિનીટ થઇ ગઇ હતી, પણ ન તો કોઇ ડૉક્ટર કાંઇ કહેવા આવ્યું હતું કે ન હરનીશ હજી પાછો આવ્યો હતો... આશિત મનોમન ચિંતીત થવા માંડ્યો... ત્યાં જ એણે હરનીશને આવતો દેખાયો..

હરનીશે આવીને આશિત અને સવિતાબેનને કહ્યું કે "ચારુલનો દુ:ખાવો અત્યારે બંધ થયો છે, એને ઘેનનું અને દુ:ખાવાનું ઇંજેક્ષન આપ્યું છે એટલે એ આરામ કરે છે... અને દુ:ખાવો એપેંડીક્ષનો નથી પણ એના પેટમાં પથરી છે, એનો છે... જેને કાલે ઓપરેશનથી કાઢી લેવામાં આવશે... આજે તો કોઇને પણ ચારુલને મળવાની રજા નથી."

પછી પોળના માણસો તરફ જોઇને કહ્યું કે, "તમે બધા ચિંતા ન કરો, ફંકશન પણ લગભગ પતી જ ગયું છે... એટલે તમે બધા ઘરે જઇ શકો છો..."

"ભાઇ, હું અહીં રાત રહું?" જગતે પૂછ્યું.

"ના જગત, તું મમ્મીને ઘરે લઇ જા... હું જ આજે રાતે અહીં રોકાઇશ." આશિતે જગતને કહ્યું.

"પણ મારે પહેલાં ચારુલને જોવો છે... મને મળવા નહીં દે ત્યાં સુધી હું નહીં જાઉં", મોટીબેનનું મન હજી માનતું નહોતું... આશિતને ખબર હતી કે મમ્મી ચારુલને જોયા વગર તો ઘરે નહીં જ જાય, એટલે એણે હરનીશ તરફ જોયું... હરનીશ પણ જાણે એની આંખની ભાષા સમજી ગયો હોય એમ બોલ્યો, "ચાલો માસી, હું તમને ચારુલને જોવા લઇ જાઉં, પણ તમે એને ડીસ્ટર્બ ના કરતા..."

ચારુલને નિરાંતે સૂતેલો જોઇને મોટીબેનને થોડી હાશ થઇ... ચારુલનાં માથે મમતાભર્યો હાથ ફેરવીને એના કપાળને ચૂમ્યું. એમનાં જતાં જ આશિતે જયા સાથે મોબાઇલ પર વાત કરી લીધી.

જગત મોટીબેનને લઇને એમનાં ઘરે આવ્યો. ઘરમાં થોડીવાર રોકાઇ, બધા સાથે વાત કરીને પછી ઘરે જવા માટે બહાર નીકળ્યો... ત્યાં જ એની રાહ જોઇને બેઠેલી હીના એની પાસે આવી.

“જગત, ચારુલને શું થયું છે?” એ રડવા જેવી થઇ ગઇ હતી...

જગતને જે ખબર હતી એ વાત હીનાને એણે કરી... પણ ખબર નહીં કેમ, હીનાનાં મનમાં એક ભય તોળાઇ રહ્યો હતો... કાલે ઓપરેશન થઇ જશે પછી તો થોડા જ દિવસમાં ચારુલ ઘોડા જેવો થઇ જશે, એવું મનમાં ઠસાવવાની એ નિષ્ફળ કોશીશ કરી રહી.

* * *

હોસ્પીટલમાં આશિત અને હરનીશ એકલાં પડ્યા, એટલે હરનીશનાં હાવભાવનું પરીક્ષણ કરી રહેલા આશિતે પુછ્યું, “હરનીશભાઇ, વાત શું છે? તમે પોળવાળાં માણસો અને મમ્મીને નચિંત થવાનું કહીને ઘરે મોકલી આપ્યા, પણ તમે પોતે ચિંતીત કેમ લાગો છો?!!”

“આશિતભાઇ, તમારી વાત સાચી છે... ડૉક્ટરો કહે છે કે એનાં પેટમાં મોટી ગાંઠ છે...”
“હા, તો?  એ તો તમે જ કહ્યું ને કે કાલે ઓપરેશન કરીને કાઢી લેશે ને?!” આશિતનાં અવાજમાં પણ ચિંતાએ ઘર કર્યું.

“હા, એ તો કાઢી લેશે, પણ એમણે બાયોપ્સી કરવી પડશે પછી ખબર પડશે...”

“શું ખબર પડશે? શાની બાયોપ્સી?”

“આશિતભાઇ, મોટે ભાગે તો કશું જ નહીં હોય પણ આ એક મેડીકલ પ્રોસીજર છે કે કોઇ પણ ગાંઠને ઓપરેશનથી કાઢી લીધા બાદ એની બાયોપ્સી કરવી પડે છે... એટલે ગાંઠ જો કેન્સરીયસ હોય તો એની ખબર પડે.”

“કેન્સર...??”

“એ તો બાયોપ્સીનું રીઝલ્ટ આવે પછી ખબર પડે.”

“તો એ બાયોપ્સીનું રીઝલ્ટ ક્યારે આવશે?”

“દશેક દિવસમાં આવી જવું જોઇએ... પણ તમે ચિંતા ન કરશો. આ હોસ્પીટલમાં મારું અવારનવાર આવવાનું થતું હોય છે એટલે હું તપાસ કરીને જેમ બને એમ જલ્દી જાતે લઇ આવીને તમને આપી જઇશ.”

ત્યાંજ ડૉકટરે આવીને હરનીશની સમજાવેલી વાતને આશિત આગળ દોહરાવી.

* * *

બીજા દિવસની સવારે ચારુલનું ઓપરેશન હેમખેમ પતી ગયું હતું... ચારુલને વેદનામુક્ત વાતો કરતો જોઇને ઘરના બધાને આનંદ થયો. બપોરે બધા મિત્રો ચારુલને મળવાં આવ્યા... બધાની સાથે વાત કરતા કરતાં એની નજર હીનાને શોધી રહી... વારે વારે એ બારણા તરફ જ જોયા કરતો હતો... અને ઘણીવારે જ્યારે હીનાએ રૂમમાં પગ મુક્યો ત્યારે હીનાનો લાલ લાલ રંગ જાણે એના મુખ પર રેલાઇ ગયો.... મિત્રોએ એને થોડો ચીડવીને એની ઠેકડી ઉડાડી... થોડી વાર મજાક-મસ્તી કરીને ફરી બધા પાછા કોલેજ ગયા. આખરે હીના અને ચારુલ એકલા પડ્યા...

“કેમ ચિબાવલી, તું કેમ આજે એકદમ ચૂપ છે?” ચારુલ તો આમેય હીનાનાં સંગમાં વગર વસંતે જ ખીલી જતો હતો... અને આજે તો હીના જાણે એનાં દરદની દવા બનીને આવી હતી. ચારુલએ એનો હાથ પકડ્યો. હીનાએ માંડ માંડ રોકી રાખેલાં આંસુઓ એકદમ બહાર ધસી ગયા... ચારુલનાં હાથ પર માથું મુકી એ રડવા લાગી. ચારુલએ એના માથા પર બીજો હાથ ફેરવી હસતાં હસતાં કહ્યું, “અરે ગાંડી, મને કાંઇ જ થયું નથી... તું જો જે ને, બે-ત્રણ દિવસમાં જ હું તને મારા ફટફટીયા પર ઉડાડતો થઇ જઇશ.” ચારુલએ હળવેકથી હિનાનું મોં ઊંચુ કર્યું અને એના આંસુ પોતાના હાથથી લૂછ્યાં... પછી એકીટશે એના ચહેરાને જોઇ રહ્યો... થોડી ક્ષણોમાં તો બંનેએ ખુલ્લી આંખોથી કેટલાંયે સપનાં જોઇ નાંખ્યા અને કેટલાંયે વાયદા કરી નાંખ્યા... ઓળઘોળ થઇ ગયો હતો હીના પર એ, અને પાણી પાણી થઇ ગઇ હતી, હિના પણ.

ત્યાં જ બહારથી કોઇ અંદર આવતું હોય એવો અવાજ આવ્યો... એટલે હીના સ્વસ્થ થઇ ગઇ અને દૂર જઇને ઊભી રહી... મોટીબેન અને રાધાબેન અંદર આવ્યા... મોટીબેનનાં હાથમાં ચારું માટેનાં ટીફીનમાં થોડો શિરો અને થોડી ઢીલી ખીચડી હતા..

રાધાબેન પણ એમની જોડે ચારુલની ખબર કાઢવા આવ્યા હતા... એમણે હીના તરફ કંઇક સંકેતથી જોયું, હીનાએ સતેજ થઇને ચારુલને બાય કરી કોલેજ જવાનું જણાવી ઝડપથી ત્યાંથી નીકળી ગઇ...

ચારુલને ઘરે આવ્યાંને પણ હવે 5-6 દિવસ થઇ ગયા હતા... પણ ડૉક્ટરનું હજી આરામ કરવાનું સૂચન હોઇ એને માંડ માંડ ઘરે રોકી રાખતાં હતા. ચારુલને બહાર નીકળવું હતું... એણે તો હીનાને મળવું હતું. કેટલાં દિવસ થઇ ગયા હતા એણે હીના જોડે એકાંતમાં વાત કર્યે! હા, એનાં દર્શન તો જરૂર થતા રહેતા હતા... ઘરે ખબર કાઢવા પણ ક્યારેક આવી જતી હતી, પરંતુ એમને એકાંત કદી મળતું નહીં... કોઇવાર હીનાને મળવા આવતી એની સહેલીઓનો નટખટ અવાજ એના ઘર તરફથી એને જરૂર સંભળાતો...

“સહિયર તારા... કયા છુંદણે મોહ્યો તારો છેલ.... કહે ને?!!”

(શિર્ષક પંક્તિ: ‘મરીઝ’... અંતિમ પંક્તિ: ? )

## ભાગ - 11 : હીનાનો ઘેરો રંગ (ઊર્મિસાગર)

સાંજે હરનીશભાઇ ઘરે આવ્યા. ચારુલના ખબર અંતર પૂછ્યા અને આશિતભાઇ વિશે પૂછ્યું... આશિતભાઇ હજી હમણાં જ ઓફિસેથી આવ્યા હોવાથી એમનાં રૂમમાં જરા આરામ કરતા હતા. જયાભાભી એમને બોલાવવા જ જતા હતા ત્યાં જ હરનીશે કહ્યું કે “કાંઇ વાંધો નહીં ભાભી, હું જ એમને રૂમમાં જઇને મળી આવું.” હરનીશને એકદમ રૂમમાં આવેલો જોઇને આશિત બેડમાંથી સફાળો ઊભો થઇ ગયો... થોડી ઔપચારિકતા પતાવી ને જયાને રૂમમાં ચા મોકલવા જણાવ્યું.”આશિતભાઇ, હું આજે ચારુલનો રીપોર્ટ લેવા ગયો હતો... અને એક ખરાબ સમાચાર છે.” હરનીશે હવે આડી અવળી વાત કરવા કરતાં સીધી જ વાત કરી.”"શું છે રીપોર્ટમાં હરનીશભાઇ?” આશિત એકદમ ચિંતીત થઇ ગયો.

“ચારુલને પેટનું કેન્સર છે...” હરનીશે એકીશ્વાસે બોલી નાંખ્યું.

આશિત ધબ્બ દઇને બેડ પર ફસડાઇ પડ્યો. રીપોર્ટની વાત સાંભળીને બારસાખે ઊભા રહી ગયેલા જયાભાભીનાં હાથમાંથી ચાની ડીશ પડી ગઇ... જયાભાભીની પાછળ ઊભેલાં ચારુલને આંખે અંધારા આવી ગયા અને એણે દિવાલને ટેકો લેવો પડ્યો... પરંતુ પોતાની જ બિમારી વિશેની બધી વાતો કોઇ એને ન કરે તો, એ વિચારે આગળની વાતો સાંભળવા અંદર ઊઠેલા તોફાનને અવગણી ચૂપચાપ બારણા પાછળ ઊભો રહ્યો. થોડીવારે જ્યારે બંનેને કળ વળી હોય એવું લાગ્યું ત્યારે હરનીશે આગળ વાત ચલાવી... આશિત અને જયાભાભીને સેકંડ સ્ટેજ પર પહોંચી ગયેલી ચારુલની બિમારી વિશે વિગતે વાત કરી... ગાંઠ તો સર્જરીથી નીકળી ગઇ છે પરંતુ કેન્સર સેલનો નાશ કરવા માટે કીમો થેરેપીની સારવાર લેવી પડશે એવું જણાવ્યું. એક-બે વરસ નીકળી જશે એને ફરી એકદમ નોર્મલ થતાં...

હરનીશે એ પણ કહ્યું કે કીમો થેરેપીની સાઇડ ઇફેક્ટને લીધે એ કદી પિતા નહીં બની શકે.... અને એ પણ ચેતવણી આપી કે એકવાર કીમો થેરેપીની સારવાર લીધા પછી પણ કેન્સર ગમે ત્યારે ઊથલો મારી શકે છે... પરંતુ હવે મોર્ડન સાયન્સ ઘણું આગળ નીકળી ગયું હોય, એકંદરે જીવન જીવવામાં બીજી મુશ્કેલી નહીં આવે... બસ, સમયાંતરે ચેક-અપ કરાવતા રહી, પોતાની હેલ્થ વિશે ચારુલએ હંમેશા એલર્ટ રહેવું પડશે. હરનીશને ઉતાવળ હોવાથી ખરાબ સમાચાર આપીને તરત ચાલ્યો ગયો...

એના ગયા પછી ચારુલ ભાઇના રૂમમાં આવ્યો. ભાઇ-ભાભીની આંખોમાંથી ચારુલ પ્રત્યેનો પ્યાર ટપ ટપ ટપકી રહ્યો હતો... ભાઇ-ભાભીએ ચારુલને જોઇને સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો પરંતુ ચારુલનું મોં જોઇને ખ્યાલ આવી ગયો કે એ બધું સાંભળી ચુક્યો છે... આશિત ચારુલને વળગીને રડી પડ્યો... દર્દી થઇને પણ ચારુલે ઊલટાનું ભાઇ-ભાભીને આશ્વાસન આપ્યું.

ચારુલ હવે હીનાની રાહ જોતો ન'હોતો... પણ અહર્નિશ એના વિશે જ વિચાર્યા કરતો હતો. એણે તો મનોમન કંઇક નક્કી પણ કરી લીધું હતુ... હીના સાથે લગ્ન થાય તો પણ હવે એ બાળકનું સુખ આપી શકવાનો ન'હોતો... અને ગમે ત્યારે કેન્સરનો ઉથલો મારવાનાં ભયનાં ઓથાર નીચે હીનાને એ કેવી રીતે સુખી કરી શકશે? ના ના, પોતાની સાથે દુ:ખી થાય એના કરતા કોઇ બીજા સાથે સુખી થશે તો એના હૃદયને પરમ શાંતિ મળશે... હીના મોકો જોઇને એને ઘરે ખબર પૂછવાને બહાને મળવા આવતી તો પણ જાણે એને કોઇ ખુશી નથી થઇ એવી જ રીતે વર્તતો હતો... એ જૈમિન અને શીતલ સાથે થોડી મસ્તી પણ કરતી કે એ બહાને પણ ચારુલ કંઇ બોલે, પણ...

ચારુલની કીમો થેરેપી હવે ચાલુ થઇ હતી, અને એની સાથે જ ધીમે ધીમે બધાને ચારુલની બિમારીની જાણ પણ થઇ ગઇ હતી... હીના પર તો જાણે આભ તૂટી પડ્યું હતું... એને જ્યારથી ખબર પડી ત્યારથી એ ચારુલ સાથે એકાંતમાં વાત કરવાની કોશિશ કરતી હતી... પણ એને સમજમાં ન્હોતું આવતું કે ચારુલનું વર્તન એના પ્રત્યે એકદમ રુક્ષ કેમ થઇ ગયું હતું... કેમ એ જાણે બદલાયેલો લાગતો હતો? હા, એના બધા વાળ કીમોને લીધે ધીમે ધીમે ખરી ગયા હતા... પણ બાહ્ય દેખાવની હીનાને ક્યાં પરવા હતી! પોતાને જોઇને જ હંમેશા ખીલી ઉઠતા હીનાના રંગો ધીમે ધીમે ચારુલનાં ચહેરા પરથી ઝાંખા થવા માંડ્યા હોય એમ લાગ્યું... પણ પછી એને એમ પણ થતું કે કદાચ કીમોની આડ અસરને કારણે એનો મુડ ઠીક નહીં રહેતો હોય... એટલે એનો મુડ ઠીક રહે એ માટે બને એટલા એ પ્રયત્નો કરતી હતી..

થોડા મહિનાઓ આમ જ વીતી ગયા... ચારુલની કીમો થેરેપી પણ હવે પુરી થઇ ગઇ હતી... આ થોડા મહિનાઓ તો હીનાને યુગ યુગ જેવડા લાગ્યા... ચારુલની લાગણી જાણે દિવસે દિવસે પત્થર જેવી થઇ રહી હોય એમ હીનાને લાગતું... ચારુલની એક પ્રેમભરી નજર માટે એ કેટલું તરસતી હતી, પણ કોરા વાદળની જેમ ચારુલ દૂર ચાલ્યો જતો, પણ કદી વરસતો નહીં. અને ચારુલની દર્દનાક મનોસ્થિતીની હીનાને પણ ક્યાં ખબર હતી! હીનાને ક્યાં ખબર હતી કે, એની સાથેનાં વર્તનથી એનાં કરતાં

પણ વધુ ઘાયલ ચારુલ થતો હતો... હવે તો હીના માટે પરિસ્થિતી એકદમ અસહ્ય બની ગઇ હતી...

એક દિવસ જ્યારે એ ચારુલના ઘરે ગઇ ત્યારે આશિત સાથે ચારુલ હોસ્પીટલ ચેકઅપ માટે ગયો હતો... અને ઘરમાં માત્ર જયાભાભી જ હતા. ચારુલના મમ્મી-પપ્પા બહાર ગયા હતા. જયાભાભી સાથે થોડી વાર આડી અવળી વાત કરી... પણ ક્યારનું એને તો મન થઇ રહ્યું હતું કે ચારુલ વિશે ભાભીને કંઇક પૂછું... પણ એને ખબર નહોતી પડતી કે વાત કેવી રીતે શરૂ કરવી. જયાભાભી પણ ક્યારનાં જોઇ રહ્યા હતાં કે આ હીનાનું આજે ચિત્ત નથી કોઇ વાતમાં, એના મનમાં તો કંઇક બીજું જ છે....

“હીના તારે કાંઇ પૂછવું છે ચારુલ વિશે?” જયાભાભીથી આખરે પૂછાઇ ગયું.

“હા ભાભી, પણ... “

“જે પૂછવું તે વિના સંકોચે પૂછ, તારી અને ચારુલની પ્રેમકહાની મારાથી કાંઇ છૂપી નથી...” “હીનાને જરા હિંમત આવી અને સંકોચ ત્યાગીને સીધું જ જયાભાભીને પૂછ્યું,

“ભાભી, ચારુલ કેમ ઘણા વખતથી થોડો બદલાઇ ગયો હોય એમ લાગે છે?”

“આટલી મોટી બિમારી સાથે જૂજતો માણસ થોડો બદલાયેલો તો લાગે જ ને હીના!”

“એમ નહીં ભાભી, માત્ર મારા પ્રત્યેનો એનો વ્યવહાર બદલાયો લાગે છે... એને જાણે મારા આવવાથી ખુશી નથી થતી એવું લાગે છે. મારી કોઇ વાતનો બરાબર જવાબ પણ નથી આપતો. મને એમ પણ લાગ્યું કે કીમોને લીધે એ થોડો ચીડિયો થઇ ગયો હશે... પરંતુ વાત કાંઇ બીજી જ લાગે છે. બીજા બધા સાથે એ બરાબર વાત કરે છે, માત્ર મારી સાથે જ કેમ....? ” આટલું બોલતાં બોલતાં હીનાથી ડૂસકું મૂકાઇ ગયું.

જયાભાભી હિનાને માથે હેતથી હાથ ફેરવતાં વિચારી રહ્યા... હિનાને પાણી પાઇને જરા શાંત કરી.

“ભાભી, કહોને... એવી શું વાત છે કે ચારુલ મને દૂર ધકેલી રહ્યો છે?”

કહેવું કે ન કહેવું એની ગડમથલમાં ન પડતાં જયાભાભીએ હરનીશભાઇએ કહેલી વાત હિનાને કરી... હિનાને હવે બધું સમજાઇ ગયું હતું. જાણે કોઇ મોટો સાક્ષાત્કાર થયો હોય એમ હિનાનાં ચહેરા પરના ભાવો એકદમ બદલાઇ ગયા...

“ભાભી, તમે ચારુલને લઇને કાલે પાંચ વાગ્યે મંદિરે આવશો? પણ એને કશું કહેતા નહીં, નહીંતર એ નહીં આવે...” હિનાએ એકદમ દ્રઢતાથી જયાભાભીને વિનંતી કરી.

જયાભાભી હિનાને એકીટશે જોઇ રહ્યા...

“પ્લીઝ, ભાભી!!” એણે ફરી કહ્યું...

“સારું, પણ ચાર વાગ્યે આવીશું... પાંચ વાગ્યે મમ્મી-પપ્પા ઘરે આવી જશે.”

હિના ત્યાંથી ઘરે આવી ત્યારે જાણે ‘કૌન બનેલા કરોડપતિ‘નો કરોડનો કોઇ કોયડો ઉકલી ગયો હોય એવી ખુશી એના ચહેરા પર ઝળકતી હતી...

* * *

મંદિરના પગથિયા પર આજે હીના ચારુલની રાહ જોતી બેઠી... સવા ચાર વાગી ગયા હતા. અને એ વિચારી રહી કે, ઘણીવાર આ જ પગથિયા પર બેસીને આતુરતાથી એની રાહ જોતાં ચારુલને એણે ઘણી વાર જાણી જોઇને પણ રાહ જોવડાવી હતી. એને ઘણું ઘણું યાદ આવી ગયું... ત્યાં જ સામેથી આવતા જયાભાભી અને ચારુલને જોઇને એની વિચારધારા તૂટી. હિનાને અહીં રાહ જોતી જોઇને ચારુલ જરા ચોંકી ગયો... પણ એ કાંઇ બોલે એ પહેલાં જ જયાભાભીએ એને જણાવ્યું કે એમને આગળ થોડું કામ હોઇ એ પતાવીને પછી આવશે... ચારુલ પણ સમજી ગયો કે જયાભાભી એને હીનાને મળવા માટે જ સાથે લાવ્યા હતા. ચારુલ હીનાની બાજુમાં બેસવાની જગ્યાએ થોડે દૂર જઇને બેઠો...

“કેવી ચાલે છે કોલેજ?” એણે ઔપચારિક વાત શરૂ કરી. “હવે તો તમે બધા મારાથી એક વર્ષ આગળ થઇ જશો ને?!”

હીના એને એકીટશે જોઇ રહી... એણે આજે આડી અવળી કોઇ વાત કરવી પણ નહોતી અને સાંભળવી પણ નહોતી. એની જગ્યાએથી ઊઠીને હીના ચારુલની બાજુમાં આવીને લગોલગ બેસી ગઇ... પછી એકદમ સહજતાથી બોલી...”ચારુલ, મને જો પેટનું કેન્સર થયું હોત અને ડૉક્ટર મને કહેત કે હવે હું કદી મા નહીં બની શકું, તો શું

તું સાચ્ચે સાચ મને છોડી દેતે?" એકદમ ધારદાર પણ પ્રેમાળ નજરે એણે ચારુલ તરફ જોયું... સાથે જ એની આંખમાંથી કોહીનૂરને પણ શરમાવે એવાં કિંમતી અશ્રુમોતી ખલવાઇ પડ્યાં... ચારુલને આજે હીનાનું રૂપ એકદમ અલગ જ લાગ્યું. એના ચહેરા પર નટખટતાનું તો નામોનિશાન નહોતું. એનાથી હીનાની નજરનો તાપ સહન ન થતો હોય એમ એ નીચું જોઇ ગયો. જાણે એનાથી કોઇ ભયંકર ગુનો થઇ ગયો હોય એવી દિલમાં કણસ ઊઠી... એને ખ્યાલ તો આવી જ ગયો હતો કે જયાભાભીએ જ હીનાને બધી વાત કરી લાગે છે...

"હીના, મા બનવું એ દરેક સ્ત્રીને ભગવાને આપેલું મોટામાં મોટું વરદાન છે... એ જ વરદાનથી હું તને મારા સ્વાર્થ માટે વંચિત કેવી રીતે રાખી શકું? મારી જગ્યાએ તું હોય તો તું શું કરે?" એણે હીનાને સમજાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો.

જવાબમાં હીનાએ મસ્તીથી ચારુલનો હાથ પોતાના હાથમાં લીધો અને ફરી નટખટ બની જઇ એક ડાયેલોગ ફટકાર્યો, "અરે મેરે રાજ્જા, ઈસમે ચિંતાકી કૌનસી બાત હૈ? હમારે દેશમેં તો કિતને સારે અનાથાશ્રમ હૈ... ઉસમેસે 5-10 બચ્ચે લોગ કો હમ ગોદ લે લેંગે!!! કૈસા લગા હમારા આઇડીયા??"

ચારુલ હીનાને મુગ્ધ નજરે જોઇ રહ્યો... એકદમ હળવાશ અને મસ્તીથી હીનાએ કેવડી મોટી વાતને નાની કરી દીધી હતી!! થોડી પળો માટે તો એનું મન હીનાને આશ્લેષમાં લઇ લેવા લલચાઇ ગયું... પરંતુ આટલા મહિનાનાં અભ્યાસથી પોતાની લાગણી પર અંકુશ રાખવાનું હવે એ શીખી ગયો હતો. પરંતુ હંમેશની જેમ વિચારોનાં વમળમાં ફસાતો ગયો... શું એ પોતે હીનાની એ કુરબાની સહન કરી શકશે? વગર વાંકે એની કોખને સજા આપી શકશે? શું હીનાને ખબર હશે કે એ કેવડી મોટી કુરબાની આપી રહી છે? કે પછી માત્ર જુવાનીના જોશમાં હોશ ખોઇ બેઠી છે? પ્રેમનાં પંથ પર પોતાની કોખને કુરબાન કરવા તૈયાર થયેલી હીનાને હવે કેવી રીતે અને શું સમજાવું? ચારુલનાં દિલોદિમાગમાં વિચારોનું ઘોડાપૂર આવી ગયું... અંદર મંદિરમાં ઘંટારવ ગૂંજી ઊઠ્યો... અને બહાર દૂરથી કોઇનાં રેડિયા પર એક ગઝલનો શેર સંભળાતો હતો...

હું જેને જોડવા મથતો રહ્યો, મટતો રહ્યો વર્ષો,
સંબંધોના એ તોડી તાર ઊભો છું અદબ વાળી. (અંતિમ શેર: 'ઘાયલ')

## ભાગ – 12 : ખાલીપો (નીલમ દોશી)

ભરચક ભીડ વચ્ચે,
ધ્યાનસ્થ બેઠો છે ખાલીપો
અરીસાઓ બદલ્યા કરું છું છતાં યે
બદલ્યા વિના રહી જાય છે ચહેરો.“

ચારુલ જાત સાથે સતત દ્વન્દ કરતો રહ્યો.લડતો રહ્યો, ઝગડતો રહ્યો, માનતો રહ્યો ને મનાવતો રહ્યો... સમજતો રહ્યો ને સમજાવતો રહ્યો...અને અંતે થાકી ને ફરી ફરી ને પૃથ્વી ગોળ છે ની જેમ એક જ જગ્યાએ આવી ને અટકતો રહ્યો. તે નહોતો હીનાને છોડી શકતો ને નહોતો અપનાવી શકતો. તેનો સાચો સ્નેહ તેને બે માંથી એક પણ રસ્તે જવાની જાણે ઇજાજત નહોતો આપતો. મનની સામે, જાત સામે તે કિલ્લેબંદી કરવા મથી રહ્યો હતો. પણ હીનાનો પ્રેમાળ ચહેરો, હીનાનો પ્રેમ તે કિલ્લાના કાંગરા ખેરવીને અંદર પ્રવેશી જતો હતો..પરવાનગી વિના. સ્મરણોનો ધૂપ અંતરમાં પ્રજવલિત હતો. પણ વિધાતા એ જાણે તેને પ્રકાશવાની મનાઇ ફરમાવી હતી.

હીના તો હજુ નાની છે. જીવનની વાસ્તવિકતાથી અજાણ છે. પ્રેમનો આ ક્ષણિક ઉભરો શમી જશે ત્યારે તેને પોતાની ભૂલ સમજાશે..પણ ત્યારે બહુ મોડુ થઇ ગયુ હશે. પ્રેમની વાતો ભલે તે કરતી. પણ હવે આ બદલાયેલ સંજોગોમાં તેણે લાગણીથી નહીં પણ વિવેકબુધ્ધિથી જ વિચારવું રહ્યું. હીના નાદાન છે, પણ પોતે થોડો નાદાન છે? અને હવે આ સંજોગોએ તો તેને કદાચ વધુ પડતો પુખ્ત બનાવી દીધો હતો.

કદાચ બંનેનો પ્રેમ વિજાતીય આકર્ષણમાંથી જનમ્યો હતો. પણ આજે...આજે તે એક એવી ઉંચાઇએ પહોંચ્યો હતો..જયાં પોતાનો નહીં...સામેની એ વ્યક્તિનો વિચાર કરવાનો હતો. પ્રેમનો અર્થ જ કોઇ લાંબી ચોડી વાતો સિવાય એ જ કે સામેની વ્યક્તિને સુખ આપવું.. હીનાને પોતે શું સુખ આપી શકે તેમ હવે હતો? અન્ધકારમય ભવિષ્ય? સતત ભયનો ઓથાર? કઇ ઘડીએ શું થશે તેની ચિંતા? અને દર્દ પાછો ઉથલો મારે તો પૈસાના પાણી?

અને.....

આગળ તે કલ્પના ન કરી શક્યો.

ના,ના, હીનાને દુ:ખી કરવાનો તેને કોઇ અધિકાર નથી જ. હા,લગ્ન પછી આ પરિસ્થિતિ આવી હોત તો નશીબ માની તેમણે સ્વીકારી લીધી હોત.. અને સામનો પણ કર્યો હોત. પણ જાણી જોઇને હીનાને કૂવામાં પડતી તેણે રોકવી જ રહી. અને સવાલ ફકત હીનાના મા બનવા પૂરતો સીમિત કયાં હતો? પોતાની ભાંગી તૂટી જિંદગી નો યે હવે શું ભરોસો? અને પછી અરીસામાં પ્રતિબિંબને જોઇ પોતાને જ ચાંચ મારતી ચકલીની જેમ તે પોતે જ પોતાને જવાબ પણ આપતો રહેતો કે "આમ જુઓ તો કોઇની જિંદગીનો કયાં ભરોસો હોય છે? આ પછીની ક્ષણ ની યે કયાં ખબર હોય છે કોઇ ને? આ તો જાણ્યાનું દુખ છે બધું. જે નશીબમાં હશે તે થશે.આગે આગે દેખા જાયેગા...ને મેં કયાં હીનાથી કોઇ વાત છૂપાવી છે? હું ના પાડીશ તો તેને કેટલું દુખ થશે?"

અને આમ વિચારતા પોતાના મનને પાછો પોતે જ ટપારતો હતો. વાહ.! હીનાને દુખ થશે માટે તું હા પાડે છે?! એમ કહે ને હીનાને છોડવી તને જ નથી ગમતી? સ્વાર્થી છે તું સ્વાર્થી.. તારો પ્રેમ પણ સ્વાર્થી છે. હીનાની નાદાનિયતને સાચે રસ્તે વાળવી એ તારી ફરજ નથી? પ્રેમની વાતો કરતી હીના ને લગ્ન પછી પરિસ્થિતિ સમજાશે અને પ્રેમનો રંગ ઉતરી જશે..અને ત્યારે..? જિંદગીના નિર્ણયો એમ કંઇ આવેશમાં આવી ને થોડા લેવાય છે? હીનાની જિંદગી સાથે રમવાનો મને કોઇ હક્ક નથી... એની કુરબાની અને બલિદાન મને મંજૂર નથી. આમ ચારુલનું મનોમંથન સતત ચાલતું રહેતું. ભીંત ફાડીને પીપળો ઉગે તેમ કયારેક યાદોની, સ્મરણોની..હીના સાથે ગળેલ મધુર ક્ષણોની ગલીઓમાં તે ફરી વળતો. સ્મરણોનું ગોરસ તેના મનના માળિયામાં છલકાતું રહેતું.

જીવનના પરિઘમાં ફરતા કેટલીયે એવી ક્ષણો આવે છે જયારે માનવી ને આ પાર કે પેલે પાર નો ફેંસલો કરવો પડતો હોય છે. અને એ ફેંસલો...એ નિર્ણય કંઇ આસાન થોડો હોય છે? તેની આંખ્યુમાં દરિયો ઉભરાતો ને મનઝરૂખામાં સંવાદ ચાલુ રહેતો. હવે ઘરમાં પણ બધા તેની પરિસ્થિતિ જાણતા અને સમજતા હતા. જયાભાભી કયારેક તેની સાથે વાત કરવાનો, સમજાવવાનો પ્રયત્ન કરતા. પણ ચારુલ એ વિશે કોઇ ચર્ચા કે દલીલ કરવા તૈયાર જ ક્યાં હતો? તે નિ:શબ્દ બની રહેતો. મિત્રની કે ભાઇ ભાભીની વાત તે મૂંગા મોં એ સાંભળી રહેતો. અને એ મૌન બંધ દરવાજા સામે કોઇ દલીલ કેમ કરી શકે?

ચારુલના મનમાં ચોતરફ જાણે ખાલીપાનું એક પૂર ઉમટયું હતું. જીવનની આ હૃદયભેદક ક્ષણો હતી તેને માટે. અને એવી ક્ષણો એ માનવી શબ્દવિહોણો બની

રહેતો હોય છે. જીવનના ત્રિભેટે.. ત્રિશંકુની દશામાં તે લટકી રહ્યો હતો. વિધાતાએ સંબંધોના તાણાવાણા કેવા અજબ ગૂંથ્યા હતા તેની જીવનમાં!

કાળના પથ્થરો વચ્ચેથી જળની સરવાણી થઇને કોઇને ઇજા પહોચાડયા સિવાય તેણે વહી જવું હતું. અને માર્ગમાં મળતા રાહીને કંઇક આપી જવાની તેની ભાવના હતી.. પણ...કાળદેવતા ને તે કયાં મંજૂર હતું? ભાવિના ગર્ભમાં શું છૂપાયેલ છે તે કોણ કહી શકે? ચારુલના એક મનમાં રઢિયાળી શરણાઇના સૂર સંભળાતા હતા. અને બીજા મનમાં આંસુના તોરણ બન્ધાતા હતા. અને સમયના આકાશમાંથી ક્ષણો સરતી રહેતી હતી. હીના તેને મળવાના પ્રયત્નો કરતી. તેને સમજાવવાના પ્રયત્નો કરતી. પણ ચારુલે તેને કહ્યું હતું,"પ્લીઝ, મને વિચારવાનો સમય જોઇએ છીએ." ઘરના બધા પણ નિ:સહાય બની ચારુલનો અજંપો જોઇ રહેતા. હીનાને તો પોતાના પ્રેમ પર શ્રધ્ધા હતી. વિશ્વાસ હતો. ચારુલ ભલે ગમે તે માનતો હોય..પ ણ તેનો પ્રેમ ઉપરછલ્લો, ક્ષણિક કે નાદાન નહોતો જ. તેણે યે ચારુલની જેમ થોડો સમય મૌન રહેવાનું સ્વીકાર્યું. ચારુલના મનોભાવને તે સમજી શકી હતી. ચારુલ પોતાને દુ:ખી કરવા નથી માગતો... તેની એ ભાવના તે જાણતી હતી. પણ તેને એ સ્વીકાર્ય નહોતી. તેની દૃષ્ટિએ બંને ના સુખ દુખ હવે સહિયારા હતા. ચારુલને જે સમજવુ હોય તે ભલે સમજે. પણ પોતે યુગો સુધી શબરીની જેમ પોતાના રામની પ્રતીક્ષા કરશે. પોતે 'હીના' છે. અને હીના ની જેમ જ સમય કે સંજોગોની ખરલમાં ઘૂંટાઇને..પીસાઇને પણ એમાંથી રંગ અને ખુશ્બુ જ પ્રગટશે.

"મૌન પણ કયારેક તો
પડઘાય છે અવસર મળ્યે
સાંભળી લે છે સ્વજન,
એ કોઇ ઉચ્ચારણ વગર."

આ મુજબ બંને એકબીજાના મૌન ને સમજતા હતા...સાંભળતા હતા. કાલ સુધી નાચતી, ઉછળતી, ચંચળ હરણી જેવી હીના આજે શાંત ધીરગંભીર બની ગઇ હતી. ઘણીવાર જીવનમાં બદલાવ માટે એકાદ ક્ષણ પણ પૂરતી હોય છે. અને ઘણીવાર વરસો સુધી યે કોઇમાં પરિવર્તન આવતું નથી. હીનાના હૈયામાં તો સ્નેહનો ઉજાસ પ્રગટયો હતો. તે શાંત બની ગઇ હતી..પરમ શાંત! જયાં કોઇ સામે કોઇ ફરિયાદ કે કોઇ અજંપો નહોતો. જયાં હતી પરમ શ્રધ્ધાની..આસ્થાની વિશ્વાસની અજબ શાંતિ. તેના ચારુલને તેની પાસેથી કોઇ છીનવી નહીં શકે..સમય પણ નહીં. એક દિવસ ચારુલ પણ આ વાત સમજશે અને ત્યારે....

બસ... અને તેના કાનમાં શરણાઇના લીલાછમ્મ સૂરો ગૂંજી રહેતા.

બંનેની માનસિક પરિસ્થિતિ અલગ હતી. ચારુલ અશાંત હતો ને એક ખાલીપો અનુભવતો હતો. તેના મનમાં એક ઝૂરાપો હતો.અને હીના.....હીના તો જાણે શાંત ઝરૂખે વાટ નીરખતી રૂપની રાણી...એક રાજકુમારી હતી.  અને સમય તો આ બંને પર નજર પણ નાખ્યા સિવાય સર્યે જતો હતો...સર્યે જતો હતો. પાણીમાં પગ નીચેથી રેતી સરે તેમ. અને ફરી એક સાંજ ઢળી હતી.અસ્તાચલમાં જતા જતા સૂર્યદેવે અગાશીમાં બેસેલ ચારુલ પર એક અછડતી નજર નાખી. પણ..ચારુલ નું ધ્યાન કયાં હતું?

માધવ રામાનુજ નું ગીત તેના મનને ઝંકૃત કરતુ હતુ

“સગપણ ના સાંધ્યા અણદીઠ તાંતણા,
ભીના દીધા રે અમને સંભારણા..“

—-

## ભાગ - 13 : ...અને ઉજાસ ઉઘડ્યો (નીલમ દોશી)

“વેદનાના નગારા ન વગાડીએ,
મનજી મોરા..! વેદનાને વાંસળીમાં વહાવીએ.“

ચારુલ પણ પોતાની વેદનાના નગારા વગાડવા કયાં ઇચ્છતો હતો? કોઇની દયા તેને મંજૂર નહોતી. એક ભવમાં જાણે અનેક શમણાનો ભાર ઉગી નીકળ્યો હતો તેના મનમાં. અને સમયનું ચક્ર અવિરત ફરતું રહ્યું.આનંદની ક્ષણોને રોકી નથી શકાતી અને અને વેદનાની ક્ષણોને વહાવી નથી શકાતી.

આજે....આજે તો કાળે કરવટ બદલી હતી. આઠ આઠ વરસના વહાણા વીતી ગયા હતા.. ચારુલ અને હીનાને એકબીજાથી છૂટા પડયે. ચારુલના મનનો અજંપો...ઝૂરાપો આજે યે અકબંધ છે. આઠ વરસોથી તેનું દિશાહીન ભ્રમણ ચાલુ રહ્યું છે. તે કયાંય ઠરીઠામ થઇ શકયો નથી. હીનાને ભૂલવાના પ્રયત્નોમાં મન સતત હીનામય કયારે થઇ ગયું..એની તેને યે સમજ ન પડી. તેને ભૂલવાનો દરેક પ્રયત્ન તેને હીનાની વધુ ને વધુ નજીક લઇ ગયો.

**“જગ સે ચાહે ભાગ લે કોઇ, મન સે ભાગ ન પાય....”**

માનવ જગતથી ભાગી શકે..પોતાની જાતથી કયાં ભાગે? મનથી કેમ ભાગે? આજે બાબા શિવાનંદના આશ્રમમાં બેઠા બેઠા ચારુલ નું મન ફરીથી અતીતના સ્મરણોમાં ડૂબી રહ્યું હતું. જાણે દૂરથી કોઇ તેને સાદ પાડી રહ્યુ હતું. એવો સાદ..જેની અવગણના ન થઇ શકે...રહી રહી ને તેને થતું હતું કે પોતે કોઇ ભૂલ તો નથી કરી નાખી ને?

**“કૈસે ન જાઉં મૈં...મુઝકો બોલાતા હૈ કોઇ...”**

અંતરની તડપ ઘટવાને બદલે વધી હતી. પ્રણયનો રંગ ‘ફિક્કો ફસ’ નહોતો જ...એની ખાત્રી આ લાંબા વરસોએ કરાવી આપી હતી. હવે તબિયત નો કોઇ પ્રશ્ન રહ્યો નહોતો. જો રોગે ઉથલો માર્યો હોત તો આ આઠ વરસો પૂરતા હતા. અને ડોકટર પાસે ચેક અપ કરાવતા બધું નોર્મલ નીકળતા તેણે રાહતનો શ્વાસ લીધો હતો.

બાકી તે રાત્રે...આઠ વરસ પહેલાની એ રાત્રે સિધ્ધાર્થે યશોધરાને અને રાહુલને છોડતી વખતે...એ મહાભિનિષ્ક્રમણ વખતે કેવુ મનોમંથન અનુભવેલ તેની તો તેને

ખબર નહોતી. પણ પોતે તો હીના ને, ઘરને, કુટુંબને છોડતી વખતે..કે છોડતા પહેલાં..નક્કી કરતી વખતે ઓછું મનોમંથન નહોતું કર્યું. અને અંતે એ ક્ષણે જે સૂઝયું તે તેણે સ્વીકાર્યું. દિલમાં એક ભાવના હતી...કે પોતે હીનાથી દૂર જશે...તેની નજરથી દૂર રહેશે તો હીના થોડો સમય દુ:ખી થઇ ને અંતે પોતાને ભૂલી જશે,..અને એક નવી જિંદગી વસાવી લેશે.અને સુખી થશે. **“out of sight ,out of mind”**ની થીયરી તેણે વિચારી હતી. પણ કદાચ તે ભૂલી ગયો હતો કે પૂર્વની સંસ્કૃતિ માટે તો કદાચ **“out of mind ,more in mind”** વધુ સાચુ હતું. અને એકવાર હીના પરણી જાય..પોતાને ભૂલી જાય પછી પોતે ઘેર પાછો આવી જશે... અને દૂરથી જ કયારેક હીનાનું કિલ્લોલતું ઘર..જોઇને સંતોષ પામશે. અને ત્યાં સુધીમાં કોઇ સાચા સાધુ સંત પાસે રહીને પોતાનું મન પણ શાંત થશે. આવા વિચારોના ઉભરા હેઠળ તેણે એ એક ક્ષણે જે સાચું લાગ્યુ તે નિર્ણય લીધો હતો ને મનને મક્કમ કરી નીકળી ગયો હતો.. એક વિશાળ અને અણજાણ દુનિયામાં. અલબત્ત જતા પહેલાં તેણે ઘરના પર અને હીના પર એક ટૂંકી ચિઠ્ઠી જરૂર લખી હતી. જેથી કોઇ તેની ચિંતા ન કરે..બહું ટૂંકમાં તેણે ફકત એટલું જ લખેલ કે,

“મનની શાંતિની શોધમાં જાઉ છું. તમે કોઇ દુ:ખી ન થતા કે મને શોધવાનો પ્રયત્ન ન કરતા. હું દુ:ખી થઇ ને ભાગી નથી જતો. હું આવીશ. પાછો આવીશ. જરૂર આવીશ. કયારે? તે અત્યારે કહી નથી શકતો.”

અને હીનાને પણ એટલું જ લખેલ, “મારે ખાતર થઇને પણ તું કોઇ યોગ્ય પાત્ર સાથે લગ્ન કરી લેજે.. તો જ હું સુખી થઇ શકીશ. હજુ તું ઘણી નાની છે અને જીવનપંથ બહુ લાંબો છે. મારે તારી કુરબાની નથી જોતી..મારે તો જોઇએ છે તારું સુખ.. તારો આનંદ. તું ખુશ હોઇશ તો જ હું ખુશ થઇ શકીશ. આશા છે તું મને ખુશી આપવા ઇચ્છતી હઇશ....”

બસ...અને તે નીકળી પડયો હતો. હીનાને ભૂલવા...સાચા સુખની શોધમાં.  સાત સૂરો પર જીવી રહેલ જિંદગી અચાનક બેસુરી બની ગઇ હતી. અને તે નીકળી પડયો હતો...ખોવાયેલ સૂરને શોધવા...જીવનના સત્યને સમજવા...કદાચ સત્યમ, શિવમ, સુંદરમની આંતર ખોજમાં. કેટલાયે આશ્રમો આ વરસોમાં તે ફર્યો હતો. કેટલાયે અનુભવોનું જીવન પાથેય રસ્તામાં મળ્યું હતું. સારા, નરસા બધા અનુભવોથી તે ઘડાતો જતો હતો. કોલેજમાં કે દુનિયાની કોઇ પણ યુનીવર્સિટીમાં ન શીખી શકાય તે બધું અહી અનુભવોની પાઠશાળામાંથી મળતું હતું. પણ.....પણ .. તેના હીનાને ભૂલવાના પ્રયત્નો તો સફળ ન જ થયા.

“રોજ તારા દ્વાર પર આવુ અને પાછો ફરું,
બારણું મનમાં જ ખખડાવું અને પાછો ફરું.“

યાદોનો અંબાર જીલીને તે જીવતર જીવી રહ્યો હતો. અને તેથી કયાંય કોઇ એક જગ્યાએ તેનું ચિત્ત સ્થિર નહોતું થઇ શકતું. થોડાથોડા સમયે તે જગ્યા બદલતો રહેતો.એક આશ્રમ માંથી બીજા..અને બીજા માંથી ત્રીજા. તેની જીવનનાવ ફરતી રહી. અને હવે બાબા શિવનંદજીના આશ્રમમાં તે થોડો સ્થિર થયો હતો. પણ...જ્ઞાનની મોટી મોટી વાતો માં તેનું ચિત્ત જોડાતું નહોતું. અંતરને તો ભૂખ હતી વહાલની...ઝંખના હતી સ્નેહની...એ જ્ઞાનથી કેમ રિઝે?

અને આજે? આજે તો સવારથી ન જાણે કેમ ચિત્તને એક અકળ ઉદાસી ઘેરી વળી હતી. શમણાં મા યે આજે જાણે તે હીના સાથે વાતો કરતો રહ્યો. અને સવારે જાગી ને યે તે હીનાનો સાદ જાણે સાંભળી રહ્યો. મન હીનાને મળવા..ઘેર જવા આજે અચાનક તલસી ઉઠયું... કોઇ તેને ગુલમહોર જેવું યાદ કરતું હતું કે શું? જાણે તેને દૂરથી કોઇ નો સાદ સંભળાઇ રહ્યો હતો. કોઇ સૌરભ તેના તન મન ને કયાંથી આવી ને છલકાવતી હતી આજે...?

“આંખ મીંચી ને હવે જોયું તો દેખાય છે,
કયાંક કૈક ખૂલી રહ્યું,કયાંક કૈક બિડાય છે;
ઝળકે છે જે તારકોના મૌનમાં
એ જ તો સૌરભ બની મન આંગણે વિખેરાય છે.“

તેને ખબર હતી કે આ તેના મનની ભ્રમણા છે. હીના તો કયારની કોઇ ને પરણીને તેના સંસારમાં મગ્ન બની ગઇ હશે.અને એક દુ:સ્વપ્નની જેમ પોતાને ભૂલી ગઇ હશે કે પછી કયારેક યાદ પણ કદાચ કરી લેતી હશે. આજે મમ્મી, પપ્પા, ભાઇ-ભાભી, અને નાના ભત્રીજાઓ... બધાની યાદ તેના મનમાં ફરી વળી. આજે અચાનક હીનાનો સાદ કેમ તેના ચિત્તને આટલી હદે ઝકઝોરી રહ્યો? આવી ભ્રમણામાં મન હજુ કેમ રાચે છે?

પણ..તેને કયાં ખબર હતી..જેને તે મનની ભ્રમણા સમજતો હતો, તે એક હકીકત હતી. બરાબર આ સમયે હીના તેની નાનકડી ત્રણ વરસની પુત્રીને ચારુલ નો ફોટો બતાવી ને કહી રહી હતી..પુત્રીના પ્રશ્નનો જવાબ આપી રહી હતી, “હા બેટા,આ તારા પપ્પાનો ફોટો છે.” “અને પપ્પા આવશે ને?”ના એના સવાલનાં જવાબમાં સજળ

નયને કહી રહી હતી કે “હા,આવશે...પપ્પા એક દિવસ જરૂર આવશે.. એમણે આવવું જ પડશે. આપણો પ્યાર જ એને અહીં ખેંચી લાવશે.”

હા, એ હીના જ હતી. ચારુલની હીના. જેણે ભણીને ઘરથી દૂર બીજા ગામમાં એક સ્કૂલમાં નોકરી મળતા સ્વીકારીને એકલી રહેતી હતી. અને હમણાં ત્રણ વરસથી એક નાનકડી છ મહિનાની પુત્રી દત્તક લીધી હતી..અને ‘મા’ બની હતી! હવે ચારુલ તેને કહી શકે તેમ નહોતો કે તે મા બની શકે તેમ નથી. મા તો પોતે બની ગઇ હતી. બસ..હવે તો પ્રતીક્ષા હતી ચારુલની. પરમ શ્રધ્ધાની..તેની આસ્થાની... તેના પ્રેમની કસોટી હતી આ.

વાંસળીના સૂર સાંભળી ને ભાનભૂલી ગોપીની જેમ હીના તેના પોતાના આગવા વૃંદાવનમાં રહેતી હતી.

અલબત આ બધુ કંઇ સહેલુ નહોતું. કેટલાયે સંઘર્ષોથીમાંથી તેને પસાર થવાનું આવ્યું હતું, કેટલાયે વિરોધો નો સામનો તેણે એકલા હાથે કર્યો હતો.. પણ તે તો હીના હતી ને.! ગમે તેટલી પીસાઇને પણ તે રંગ જ આપવાની..ખુશ્બુ જ ફેલાવવાની!!!

અને માર્ગમાં કેટલા તૂફાનો ભેટ્યા, તેની કયાં પરવા કરી હતી? બસ, તેને જોઇતી મંઝિલ તેણે પામી લીધી હતી. એક સવારે ‘ફિક્કો ફસ’ લાગતો તેનો પ્રેમ સમયની સરાણે ચડીને સોળે કળાએ ખીલી ઉઠયો હતો. પ્રેમના એ પુનિત પ્રકાશમાં કોઇ નિરાશા, કોઇ ગમગીની, કોઇ ફરિયાદ નહોતી.. આજે તે ખુદ પ્રેમનો પર્યાય બની ગઇ હતી. તે ચારુલની રાધા બની ને પ્રતીક્ષા કરી રહી હતી..પ્રતીક્ષા...ફકત પ્રતીક્ષા...

અને ચારુલને સંભળાતો સાદ ભ્રમણા કેમ હોઇ શકે? આજે ચારુલ તેની જાતને રોકી શકયો નહીં. હીનાના પ્રેમની..પ્રતીક્ષાની એ બુલંદી હતી કે શું? એ જે હોય તે.....

પણ...પણ ચારુલ આજે ઘેર આવવા..હીનાને મળવા બેતાબ થયો હતો. ફરી એકવાર તે ચાલી નીકળ્યો.. બસ..એકવાર હીનાને મળી લઉં..તેને જોઇ લઉં..દૂરથી તો દૂરથી ..એ એક જ એષણા તેના મનમાં હતી. તેણે ઘેર ફોન જોડયો કે જતા પહેલા હીનાના સમાચાર જાણી લઉં.. કઇ જગ્યાએ તેના લગ્ન થયા છે..એ કયાં છે.. બધી માહિતિ મેળવવા આજે તે બેતાબ બની ગયો. અને ફોનમાં ભારે હૈયે જયાભાભીએ તેને જે સમાચાર આપ્યા...તે જીરવવા આસાન થોડા હતા? મનમાં ઉછળતી ...ન સમજાતી ઊર્મિઓ ને લઇ તે હીનાના સરનામે પહોંચ્યો ત્યારે ક્ષિતિજે સંધ્યાના રંગો ખીલ્યા હતા. અને...

અને હીના...નાનકડી બાળકીને બતાવી રુંધાયેલ અવાજે તેને પૂછતી હતી, “હું.. હું તો ‘મા’ બની ગઇ છું ચારુલ... તું આનો પિતા બની શકીશ?”

શું જવાબ આપે ચારુલ? અને હીનાને હવે જવાબની પ્રતીક્ષા પણ કયાં હતી?

“સંગ જો હોય સાજનનો ને ગરમાળામાં ફૂલો રે;
વૈશાખી વહાલપની મોસમ બાકી સઘળુ ભુલો રે..“

અને દૂર મંદિરમાંથી આવતા સંધ્યા આરતીની મધુર સ્વર પણ કયાં બને ને સંભળાતા હતા? અને આજે અહીં શબ્દો તો બિચારા કેવા વામણાં બની ને સંતાઇ ગયા હતા! .સ્નેહનો ઉજાસ તેમના તન, મનમાં ઉઘડયો હતો. જીવનનું સત્યમ, શિવમ અને સુંદરમ તેને સમજાઇ ગયું હતું. સ્નેહનો આ ઉઘડતો ઉજાસ જ પરમ સત્ય, શિવમ અને સુંદરમ નહોતો? બંને ના મધુર મિલનમાં ખલેલ પહોચાડવા ન માગતી હોય તેમ સંધ્યા રાણીએ ધીમેથી પોતાની રંગલીલા સંકોરી લીધી. હવે તો પીઠીવરણા અવસરનું અજવાળુ ત્યાં ઉગ્યું હતું.

“સહજ સ્નેહનું ભાથુ બાંધી,
રહીએ નિત્ય પ્રવાસી...
પ્રેમ ની પુનિત પળો છે
જીવનનું સત્યમ્ શિવમ્ અને સુંદરમ્“

# મીઠા જળનું મીન ઉદધીમાં

પ્રસ્તુત છે અહીં... બીજી એક સહિયારી લઘુ નવલકથાનાં સર્જનનો પ્રયાસ:ગુજરાતી સાહિત્યોમાં પ્રયોગો અનેક થયા છે. અને જે પ્રયોગોમાં તેનો હેતુ સિધ્ધ થાય તે પ્રયોગોને ચાહકો અને વાચકોનો પ્રેમ સાંપડતો હોય છે. સહિયારા સર્જનમાં કવિતા અને પાદપુર્તિની સફળતા પછી એજ પ્રયોગ સાહિત્યનાં અન્ય પ્રકાર 'ગદ્ય' માટે આપ સૌની શુભેચ્છા સાથે મુકીએ છીએ. આ વાર્તા માટે અમને ૬ લેખકો તરફથી સહકાર મળેલો છે, અને બીજા બે થી ત્રણ લેખકોને પણ સમાવી શકીશુ. "મીઠા જળનું મીન ઉદધીમાં"નાં મુખ્ય લેખક પ્રવિણા કડકીયા છે. ત્રીજા કે ચોથા અંક થી અન્ય લેખક મિત્રો વાર્તા ને આગળ ચલાવશે. આપ સૌના સલાહ-સૂચનો આવકાર્ય છે.



લેખકો

૧. પ્રવિણા કડકીયા, ૨.વિજય શાહ ૩.કીરિટકુમાર ભક્ત,

૪.ડો. નીલેશ રાણા ૫. મોના નાયક, ૬.નીલમ દોશી

# મીઠા જળનું મીન ઉદધીમાં - 1 (પ્રવિણા કડકીયા)

માનવે એમ.બી.એ. ભણીને શેરબજારમાં ઝંપલાવ્યું.  તેને ચાર્ટર્ડ એકાઉન્ટંટ નો અભ્યાસ પણ કરવો હતો.  વિચાર આવ્યો લાવને થોડો વખત પૈસા કમાવી ને મઝા કરું. સહુથી ટૂંકો અને ઝડપી રસ્તો હતો 'શેરબજાર'. પછી આગળ અભ્યાસ ચાલુ રાખીશ. ખૂબજ તરવરાટ વાળો માનવ જિવનમાં કશું કરી છૂટવાની તમન્ના ધરાવતો હતો. તે માત્ર કિતાબનો કીડો ન હતો.દરરોજ સવારે મરીનડ્રાઈવ પર દોડતો જતો અને ત્યાં જઈ યોગના આસનો પણ કરતો.

દરિયા કિનારે ધરતી અને સમુદ્રના મિલનનું સુભગ દ્રશ્ય તેને અતિ પ્રિય હતું. સમુદ્રના મોજા ગાંડાની માફક ધસી આવીને કિનારાને આલિંગતા તે માણવાની માનવને ઘણી મજા પડતી. ધસમસતા આવતાં મોજા મિલનનો આહલાદ્ક રોમાંચ માણી નરમ ઘેંશ જેવા થઈ જતા. સમુદ્રના મોજાનું મિલન વાળું દ્રશ્ય તેના હૈયાને હચમચાવી મૂકતું. ઓટના સમયે થતી વિરહની વેદના તેની આંખમાં આંસુ લાવીને જ ઝંપતું. સમુદ્ર જ્યારે શાંત હોય ત્યારે તેને સમાધી લાગી જતી. તે દરિયાકિનારે જન્મીને મોટો થયો હતો. મુંબઈનો દરિયા કિનારો તેનું પ્રિય સ્થળ હતું.

ભગવાને માનવને ખૂબ ફુરસદે ઘડ્યો હતો. પિતા આનંદ અને માતા અમી માનવની પ્રગતિ જોઈ ગૌરવ અનુભવતા. કોલેજમાં ક્રિકેટ નો ઝડપી ગોલંદાજ માનવ મિત્રમંડળમા પ્રખ્યાત હતો. યુવાન છોકરીઓ તેની નજદીક સરવા તલપાપડ રહેતી. માનવ થોડો થોડો મનુષ્ય પારખુ હતો. બહુ દાદ આપતો નહી. ઉપરાંત તેના હ્રદયને સ્પર્શે તેવી હજુ કોઈ તેને જણાઈ ન હતી. તેથી સાવચેતી પૂર્વક સહુથી અળગો રહેતો. છોકરા છોકરીઓ ના ટોળામાં બને ત્યાં સુધી તે પ્રેક્ષકનું પાત્ર ભજવતો. હા, જ્યારે પણ કોઁઈ બોલે કે અભિપ્રાય રજુ કરતો ત્યારે સાંભળનાર મંત્રમુગ્ધ થઈ જતા.નિરાલી, તેમના ટોળામા હમેશા જણાતી. કોઈએ વિધિસર પરિચય કરાવ્યો ન હતો તેથી વાત કરવાનો પ્રસંગ સાંપડ્યો ન હતો. નિરાલી તિરછી નજરે તેને જોવાનો લહાવો માણતી. માનવ બને ત્યાં સુધી સમુહમા એકલો જ રહેતો.

એમ.બી.એ. થયા પછી તેનો ધ્યેય હતો થોડા પૈસા બનાવવાનો. માનવ ને મન શેરબજાર એ સહેલો અને ઝડપી માર્ગ હતો. નસીબે યારી આપી. ૨૮ વર્ષનો માનવ બે જ વર્ષમાં લાખોમા રમતો થઈ ગયો. પિતા નું માર્ગદર્શન, માનવનું ભણતર અને

શેરબજારની હવાનું અધ્યયન માનવ ખૂબ ઝળક્યો.આનદ કહેતો બેટા ‘શેરબજારને માં સટ્ટો જ્યારે ચઢે છે ત્યારે માણસ ક્યારે કરોડપતિ માંથી રસ્તા પર રઝળતો થઇ જાય તેની ખબર ન પડે, તેથી સાચવજે.’ માનવને પિતાની શિખામણ શીરાની જેમ ગળે ઉતરી ગઈ. તે હંમેશા માનતો કે અનુભવની એરણ પર ટિપાયેલા શબ્દો ખૂબ મહત્વના હોય છે.
માનવને જોઈ અમીને થતું , કોઈ યોગ્ય પાત્ર ખોળી કાઢે તો સારું. તેને ઘરમાં રુમઝુમ કરતી હાસ્યની છોળો ઉડાવતી વહુના ઓરતા હતા. માનવ શેરબજારની સાથે સાથે હોટલના ધંધામા પૈસા રોકી “”ગૌરવ” હોટલ નો માલિક બન્યો હતો. તેની લગામ પિતાને સોંપી, એક કાયમ નો મેનેજર શ્રી.રાકેશ ગોડબોલેને રાખી લીધો. અવાર નવાર તે હિસાબ કિતાબ પર નજર નાખી લેતો. ઘર પણ સુંદર મઝાનું બનાવ્યુ.ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ ની ઉક્તિ અનુસાર ક્યારે તે કરોડપતિ થઈ ગયો ખબર પણ ન પડી. તેને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવું હતું. પૈસા બનાવવામાં કુદરતે યારી આપી. ત્યાં સમાચાર મળ્યા કે શીલના લગ્ન લેવાયા છે. માનવ ઉત્સાહમાં આવી ગયો. પૂરા અઠવાડિયાની રજા લીધી. અમીએ પણ તડામાર તૈયારી ચાલુ કરી દીધી. ભાઈ કહોતો ભાઈ અને ભાઈબઁધ કહો તો ભાઈબંધ,શીલ માનવના કાકાનો દિકરો હતો. સહકુટુંબ આનંદ, અમી અને માનવ લગ્ન માણવા ઉપડ્યા...

## મીઠા જળનું મીન ઉદધીમાં - 2 (પ્રવિણા કડકીયા)

શીલના લગ્નનો લહાવો લેવા આનંદ, અમી અને માનવ આવી પહોંચ્યા. લગ્નની ધમાલ એટલે પૂછવુ જ શું? આનંદ અને અમી મોટા કાકા કાકી હતા વટ વહેવાર તેમને પૂછીને જ થતો. સવારનો પહોર હતો આનદ અને અમી ચા નાસ્તાને ન્યાય આપી રહ્યા હતા. નિરાલી, શીલના મિત્ર નિરવની બહેન લગ્નની મોઝ માણવામા સામેલ હતી.શીલ ને બહેન હતી નહી, નિરાલી તેને ન્યાય આપતી. તેને મન શીલ અને નિરવ સમાન હતા. શીલે જાણીજોઈને નિરાલીને કાકા કાકીની સરભરાનો ભાર સોંપ્યો હતો. શીલને મન માનવ કરતાં કોઈ મૂરતિયો નિરાલી માટે યોગ્ય ન લાગ્યો.

'અરે, મા તેં મારુ પાકિટ જોયું?' કરતો વરંડામા ધસી આવેલો માનવ... માને નિરાલી સાથે વાત કરતી જોઈ ખચકાયો. તેને તો માન્યમા ન આવ્યું કે નિરાલી અહીં! કોલેજમા અને મિત્ર મંડળમા જોયેલી નિરાલી આમ મળશે તેવો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહતો.ખેર,કુદરત ક્યાં,કોને, કેવી રીતે મેળવી આપે છે તે કળવું મુશ્કેલ છે. મનના ભાવ બહાર ન આવવા દેવામા તે સફળ પૂરવાર થયો. અમી બોલી અરે,' મેં બહાર પડેલુ જોયુ તેથી ઠેકાણે મૂક્યુ છે. ચાલ તને આપુ. પણ પછી એક ક્ષણ અટકી ને કહે,' બેટા આ નિરાલી છે, શીલના જીગરી ભાઈબંધ નિરવની બહેન.' બન્ને જણાએ ઓળખાણ વિધિ પતાવી.
અમીએ અજાણતા મા કેવુ સુંદર સુભગ મિલન સર્જ્યું. માનવે તે સમયે અમી પાસેથી પાકિટ લઈને ચાલતી પકડી. નિરાલી તો અમી અને આનંદ માનવના માતા પિતા છે એ જાણી ખૂબ ખૂશ થઈ. મનોમન શીલનો આભાર માનવા લાગી.શીલના લગ્નમા માનવ મળશે તેવી તો તેને કલ્પના પણ ન હતી. ઈશ્વરમા શ્રધ્ધા ધરાવતી નિરાલી પ્રભુને પ્રાર્થી રહી. હજુતો માનવ સાથે માત્ર પરિચયજ થયો હતો. આગળ શું નુ શું થશે તેનો ખ્યાલ માત્ર તેને
રોમાંચનો અનુભવ કરાવવામા સફળ થયો. અમી અને આનંદે નાસ્તો પાણી પતાવ્યા. નિરાલી એ મેજ સાફ કર્યું, પ્યાલો રકાબી નોકરને ધોવા આપી નહાવા જવાની તૈયારી કરતી હતી. સામેથી માનવ કામ પતાવી આવતો જણાયો. નહાવા જવાની ઉતાવળ ન હતી.માનવ હસ્યો, નિરાલી તો ખિલખિલાટ હસી પડી. જાણે દિલનો પડઘો ન સંભળાવતી હોય.. શીલના લગ્નનો ઉમંગ બેવડાયો. માનવ અને નિરાલી વાતોએ વળગ્યા. શેની વાતો કરતા હતા તેનું પણ તેમને ભાન ન હતું નિરાલી ના મનનો મોરલો થનગન થનગન નાચી રહ્યો હતો. માનવ પણ જાણે સ્વર્ગ હાથ વેંતમા હોય તેવુ અનુભવી રહ્યો હતો. નિરાલી અને માનવ જે પળની

અણજાણતા ઝંખના કરી રહ્યા હતા તે પામીને ખૂબ ખુશ જણાતા હતા.
શીલના લગ્નની સાથે પાંગરી રહ્યો માનવ અને નિરાલીનો પ્યાર. આવ્યા હતા લગ્ન માણવા શુ ખબર હતી કે પ્યાર પમાશે? **વિધિની આતો વિચિત્રતા છે.**

**પ્યાર, કેટલો સુહાનો શબ્દ...**

**બે જુવાન હૈયા, કરી બેઠા પ્યાર. પ્યાર ક્યારે થઈ જાય છે, તેની જાણ થતી નથી. પ્યારમા પડાય નહી.પ્યાર થઈ જાય. પ્યાર કરાય.પ્યારના રંગમા રંગાઈ જવાય.અને મનમાંથી શબ્દો નીકળે રંગાઈ જાને રંગમા——-**

પ્યારમા ઉત્થાન હોય. પ્યારમા પડે તેને વાગે. વાગે તો એવું કે ઉભાપણ ન થવાય. નિરાલી અને માનવ પ્યારમા મસ્ત સહવાસ માણી રહ્યા. પ્રસંગ પણ એવો હતો ને બધુ અનૂકુળ થઈ રહ્યું સમય મળતા બન્ને જણા અગાસી પર મળતા વાતો વાતોમા એક બીજાની નજદિક સરી રહ્યા. માનવ એકલો પડતો ત્યારે વિચારતો આ સંબધ આગળ ખૂબ સાચવીને વધારીશ.
અમી અને આનંદ તેના જિવનના અભિન્ન અંગ હતા. તેમનો માન મરતબો જળવાય તે અગત્યનુ હતુ. તે માતાપિતાને ખૂબ ચાહતો હતો. ૨૧મી સદીના માનવના વિચારો ભગવદ ગીતા ઉપર આધારિત હતા. લગ્ન,તેને મન પવિત્ર અતૂટ બંધન હતું. તેની જિંદગીના વિધવિધ પાસા નિરાલીનુ આકર્ષણ મજબૂત બનાવી રહ્યા હતા.
નિરાલી પણ માનવ ને મળવા તેની સાથે વાતો કરી કોણ જાણે કેટલા વખતથી તરસી રહી હતી. માનવની વાતો, તેની છટા તેની પ્યારની અભિવ્યક્ત કરવાની શૈલી બધું જ તેને અનેરૂ લાગતું. નિરાલી વિચારતી માનવનો જિવન પ્રત્યેનો અભિગમ, તેની વાક્પટુતા ,હ્રદયની સુંદરતા બધુ શેને આભારી છે? રહી રહી ને એક નિર્ણય પર પહોંચતી અને જશનો - ટોપલો અમી અને આનંદ ઉપર ઢોળતી. માનવ પણ નિરાલીના વ્યક્તિત્વથી પ્રભાવિત થયો હતો. દેખાવડી, નાજુક, સોહામણી નિરાલી તેને મનભાવન હતી. તેનુ નિખાલસ હાસ્ય માનવના હ્રદયને સ્પર્શી જતુ. બન્ને જણા જ્યારે પણ એકલા પડતા ત્યારે વાણી કરતા આંખોથી વધુ વાત કરતા. બન્નેને થતુ તેઓ એકબીજા માટે જ સર્જાયા છે.શીલના લગ્ન થઈ ગયા. શીલ તો તેની નવી પરણેતર સાથે મધુરજની માણવા નૈનિતાલ ઉપડી ગયો. સહુ સગાવહાલા વિખરાવા લાગ્યા. કહેવાની જરુરત નથી. સરનામાની અદલ બદલ થઈ. ટેલિફોન નંબરની નોંધ થઈ. અને—-લગ્ન માણવા આવેલા માનવ અને નિરાલી જિવનસાથી મળ્યાના મધુરા આનંદ સાથે છૂટા પડ્યા.

## મીઠા જળનું મીન ઉદધીમાં - 3 (પ્રવિણા કડકીયા)

પ્રણયના રંગે રંગાયેલા માનવ અને નિરાલી પોતપોતાના ઘરે આવ્યા. માનવ અઠવાડિયાથી ઘરની બહાર હતો. કામકાજના ભાર તળે નિરાલીને ફોન ન કરી શક્યો "ગૌરવ" પર આંટો મારીને તેની પરિસ્થિતિનો તાગ પણ મેળવવાનો હતો. માનવ બધી બાબતમા ખૂબ ચોક્કસ હતો તે તો તેની પ્રગતિનુ મુખ્ય કારણ હતું. પિતાની છત્રછાયા અને માર્ગદર્શન તેને અત્યંત સહાય રૂપ થતા. માનવ જાણતો હતો કે તેની માતા તેને ખૂબ પ્યાર
કરતી. નાનપણ માતાના પ્યાર અને પિતાની ચોકસાઈમાં વિકસ્યુ હતુ તેનો માનવ જીવતો જાગતો પૂરાવો હતો. પિતા તેને મન હવે મિત્ર સમાન બની રહ્યા હતા. માનવે પોતાની લાગણીઓનો પિતા સમક્ષ એકરાર કર્યો. પિતાએ પુત્રના દિલની વાત જાણી સંમતિની મહોર મારી. રાતે જમવાના ટેબલ ઉપર વાત ચર્ચાઈ અમી પણ અનહદ ખુશ થઈ. સફળ પરિવારનુ ઉદાહરણ, કોઈ પણ વાત હોય નિખાલસ વાતાવરણમા તેની ચર્ચા કરી સમાધાન મેળવવું એ આ ઘરનો શિરસ્તો હતો.

આ બાજુ નિરાલીના ઘરનુ દ્રશ્ય ભિન્ન હતુ. તેના પિતા આધુનિકતાના રંગે રંગાયેલા હતા. નાનપણમા નિરાલી અને તેનો ભાઈ નિરવ માતાના કહ્યામા રહેતા. કિંતુ જુવાની દિવાની, માતાની અવગણના થતી. નિખિલભાઈને તેની સામે વાધો ન હતો. નિતાબહેન જરુરિયાતથી વધારે બોલ્યા વગર પોતાની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા. નિતાબહેનની ચકોર આંખોએ નિરાલીમાં કશુંક ભાળ્યુ.

પ્રેમ છુપાવ્યો છૂપતો નથી. તેની અભિવ્યક્તિ કોઈ પણ રીતે થઈ જતી જણાય. નિતાબહેને ધીરે ધીરે નિરાલીને વિશ્વાસમા લેવાના ચક્ર ગતિમાન કર્યા. પરિણામ નિતાબહેન નિરાલી પાસેથી જાણી શક્યાકે નિરાલી માનવને પ્રેમ કરતી હતી. હવે આ વાત નિખિલભાઈને કેવી રીતે જણાવવી તેની ગુફ્તગુ ચાલવા માંડી. નિરવે થોડી ઘણી બાતમી નિરાલીની સાથે વાત કરીને મેળવી. શીલનો ઈરાદો તેને ખબર હતો. ધીરે ધીરે પાણી પહેલા પાળ બાંધી વાત નિખિલભાઈ સુધી પહોંચાડવામા સફળતા સાંપડી. માનવ મોદી, શેરબજારનો લબરમૂછીયો પોતાની દિકરીને ચાહે છે તે જાણી નિખિલભાઈ ખુશ થયા. મુંબઈ સમાચારના પાને માનવ ઘણીવાર ચમક્યો હતો. વાત આટલી સરળતાથી પતશે એવો તો નિરાલીને ખ્યાલ જ ન હતો.

નિરાલી એ જે માનવના મન અને વર્તનનો અભ્યાસ કર્યો હતો તેનાપરથી માનવ જૂદી માટીમાંથી ઘડાયો હતો એવુ તેણે તારવ્યું. તેને માનવની દરેક ચીજ અફલાતુન લાગતી. માનવનો પ્રેમાળ સ્વભાવ, આટલી નાની ઉંમરમા સાધેલી પ્રગતિ,

માતાપિતા વિશેના તેના ઉમદા વિચારો—-નિરાલી વિચારતી માનવ આટલું બધુ જ્ઞાન કેવી રીતે પામ્યો હશે? ક્યાંથી આટલો સમય ફાળવ્યો હશે? જેમ જેમ તેના વિચાર કરતી તેમ તેમ તેનુ વિસ્મય વધતા જતા. પોતાને ખૂબ ભાગ્યશાળી માનવા લાગી. ધીરે ધીરે તે માનવમય થતી ગઈ. સાચો પ્યાર મનુષ્યમા ધરમૂળથી ફેરફાર કરતો હોય છે. નિરાલી તે અનુભવી રહી.

માનવ પણ નિરાલીની પ્રેમાળતા પર વારી ગયો હતો. તેની સુંદરતા માત્ર બાહ્ય ન જણાતા તેના અંત:સ્તલને સ્પર્શી ગઈ હતી. તેનું દિલ કહેતુ હતુ કે નિરાલીની પસંદગી યોગ્ય છે. નિરાલી જ્યારે માનવને મળતી ત્યારે થતી વાતચીત ઉપરથી માનવ તેના જિંદગી વીશેના વિચાર જાણવા પામતો. નિરાલીને જ્યારે પણ તેણે મિત્ર મંડળમા જોઈ હતી ત્યારથી તેને વિષે વધુ જાણવા તે ઉત્સુક હતો. અને હવે જ્યારે શમણું સત્યતામાં ફેરવાયુ. તે હર પળ ભોગવતો. ખૂબ વ્યસ્તતાવાળા જિવનમા નિરાલીને ગોઠવવા તે શક્તિમાન બન્યો. આજે બેંક બંધ હોવાથી શેરબજાર બંધ હતુ. સવારે ગૌરવ ઉપર આંટો મારી આવ્યો. પછી નિરાલીને ફોનજોડ્યો. “હલો નિરાલી આજે સાંજના રીગલમા નવુ ચિત્રપટ લાગ્યુ છે, ટિકિટ મંગાવી રાખી છે હું તને લેવા આવીશ પાંચ વાગે તૈયાર રહેજે.—“

## મીઠા જળનું મીન ઉદધીમાં - 4 (પ્રવિણા કડકીયા)

માનવ અને નિરાલીનો નવો નવો પ્યાર પાંગરી રહ્યો હતો. બન્ને પ્રેમ પંખીડા એક બીજામા ગુલતાન હતા. ખૂબ વ્યસ્ત જિવનમા પણ માનવ સિફતતાથી નિરાલીને મળવાનો સમય ફાળવતો. આજે અભિષેક અને ઐશ્વર્યાનુ ચિત્રપટ જોવા જવાનો કાર્યક્રમ નિરાલીએ ખાસ માનવ ને રીઝવવા ઘડી કાઢ્યો હતો. નિરાલી માનવના પ્યારમા દિવાની બની હતી. પહેલા પ્યારની ખૂશ્બુ એ તો સહજીવનની ઈમારતનો પાયો છે. દસેક પળોમા તૈયાર થતી નિરાળી અડધી ઘડી વીતી ગઈ પણ નક્કી નથી કરી શકતી કે શું પહેરવુ? આખરે જાંબલી રંગના પંજાબી પર નજર ઠરી અને રેશમી દુપટ્ટો નાખી નવા ઊંચી એડીના ચંપલ પહેરી હાથમાં નવુ પાકીટ હલાવતી માનવની રાહ જોવા લાગી.માનવ જેટલો દેખાવડો હતો તેટલો જ લધરો પણ હતો. કોઈ અજાણ્યું મળે તો માની પણ ના શકે કે આ લબરમૂછીયા પાસે કરોડો રુપિયા હશે.

આજે નિરાલીને ખુશ કરવા સરસ મજાનો તૈયાર થઈ નવી ગાડીમા ઉપડ્યો. અમી ખૂબ ખુશ થઈ. તેના દિલના બધા અરમાન પૂરા કરતો આવો સુંદર દિકરો ભગવાને આપ્યો હતો. માનવ અને નિરાલી એક બીજાને જોઈને અતિ પ્રસન્ન થયા. ચિત્રપટમા સમોસા અને મેંગોલાની મજા માણી. રાતે બહાર જમવુ હતુ તેથી માત્ર નાસ્તા જેવો કર્યું. માનવ જેનુ નામ, જેને મન માતા અને પિતા ભગવાનથી પણ અધિક તેમના હિતનુ ધ્યાન સદા કાળજે ધરતો. નિરાલી તેના આ ગુણ પર મનોમન વારી જતી.

તેને થતુ માનવ ના મમ્મીએ પુત્રને ખૂબ પ્યાર અને સંસ્કાર આપ્યા છે. તેને અમી તથા આનંદ માટે ગર્વ થતો. સામાન્ય રીતે બને તેમજ આવી સુંદર ઘટનાનું લગ્ન જ હોય. આનંદ અને અમી એ એકના એક દિકરાના લગ્ન અખાત્રીજનું શુભ મૂહર્ત જોવડાવી નિરધાર્યા. ભલે દિકરાની વહુ ઘરમા આવવાની હતી. અમી જ જાણે સર્વે સર્વા ન હોય. કોઈ વાતની કમી ન રહેવી જોઈએ. બહારગામ મહેમાનો, સગાવહાલા સર્વે ને નિમંત્રણ પત્રિકા ઓ સમયસર મોકલાવી .

સહુથી પહેલુ નિમંત્રણ પ્રભુને. આ બધી તેની તો કૃપા છે એમ અમી તથા આનંદ માનતા. માનવ જરુર એવી કોઈ શક્તિમાં વિશ્વાસ ધરાવતો. તેના પ્રયત્નો, પિતાજીનુ માર્ગ દર્શન અને અગમ્ય શક્તિનો સહયોગ તેના ઉજ્જવલ ભાવિ માટેના કારણ હતા. લગ્ન માનવના અને નીલ સહુથી પહેલો પરિવાર સાથે હાજર થઇ ગયો. તેની મુરાદ બર આવી હતી તેનો ઘટોસ્ફોટ તેણે માનવ પાસે કર્યો. માનવ આ જાણી શીલને ભેટી પડ્યો. આ સુભગ મિલનની નોંધ આનંદ અને અમીએ પણ કરી. લગ્નની ધમાલ પૂર

જોશમા ચાલી રહી હતી. ધંધાના મોટા મોટા ધુરંધરોને કંકોત્રીઓ મોકલવામા આવી. રાકેશ ગોડબોલે, સુજાતા, નિખિલ, બધા ખડે પગે કામે વળગ્યા. માનવ જેનુ નામ લગ્નના ઓઠા હેઠળ કામકાજને ભૂલ્યો ન હતો. તેની નજરમા આવી ગયુ હતુ કે

રાકેશ ગોડબોલે વધારે પડતો હોશિયાર છે. સુજાતા ને તેણે સાધી હતી. નિરવ અને રાકેશની દોસ્તીમા વિકાસ ખૂબ ઝડપી થઇ રહ્યો હતો તેની નોંધ તે લઇ ચૂક્યો હતો. તે વિચારતો હતો કે લગ્ન અને મધુરજની પછી પહેલુ કાર્ય તેણે આ વિચારવાનુ છે. લગ્ન રંગેચંગે ઉકલ્યા. આનંદનો સાગર છલકાયો. નિખિલભાઇ, નિતાબહેન ભારે હૈયે દિકરીને વળાવી અને વિદાય થયા. નિરવથી માનવની થતી પ્રશંશા સહન થતી ન હતી પણ તે ચૂપ રહ્યો. આનંદ અને અમીના હર્ષનુ વર્ણન કરવા તેમને શબ્દો જડતા નહોંતા. માનવ અને નિરાલી મધુરજની માણવા સ્વિટ્ઝર્લેંડ રવાના થયા.

## મીઠા જળનું મીન ઉદધીમાં - 5 (વિજય શાહ)

માનવને અણસાર પણ ન હતો કે એ પાછો આવશે ત્યારે શેર બજાર અફવાઓનું બજાર બની ગયેલુ હશે. નિરવ નો પત્રકાર મિત્ર અનંત કાલે ઇચ્છતો હતો કે માનવ સાથે મુલાકાત થાય અને તે માર્કેટ્ની રૂખ જાણી બે પાંદડે થવાની ઇચ્છા ધરાવતો હતો.તેને પીળુ પત્રકારીત્વ આવડતુ હતુ.તેથી નિરવને હાથો બનાવી તેને માનવની અંગત વાતો જાણવા પ્રયત્ન કર્યો. તેની રોકાણ પધ્ધતિઓ અને શેર દલાલ જયેશ શાસ્ત્રી સાથે તેના સંવાદો જાણવા પ્રયત્ન કર્યો અને એટલી ખબર પડી કે બેંક સાથે સારો ઘરોબો બંન્નેને છે.અને લગ્ન નાં આલ્બમમાં નાણામંત્રી શ્રી શેલત અને જયેશ શાસ્ત્રીને વાતો કરતો ફોટો નિરવની કૃપા દ્રષ્ટીથી લઇ લીધો.અને એ પણ જાણી લીધું કે હનીમૂન પરથી માનવ કયારે પાછો આવે છેઆમ તો કાલેનું છાપુ સાવ નાનુ છાપુ હતુ પણ જે દિવસે માનવ આવવાનો હતો તે દિવસે સમાચાર ફોટા સાથે છપાયા કે માનવ અને નાણામંત્રીની શેરબજારમાં તેજી પકડાવી રાખવામાં સાંઠ ગાંઠ અને છેલ્લે પ્રશ્નાર્થ ચિન્હ...

પોલીસ, શેરબજાર નાં સત્તધીશો, સેબી અને સૌ લાગતા વળગતા નાણા મંત્રીને ત્યાં...જયેશ શાસ્ત્રી ને ત્યાં અને સ્વીટ્ઝરર્લંડથી પાછા ફરેલા માનવને ઉલટ તપાસ માટે પોલીસ સ્ટેશન પર એરપોર્ટ થી સીધો લઇ જવાયો. આનંદભાઇ અને અમિ તો હબક જ ખાઇ ગયા. નિરાલી પણ બેબાકળી બની ગઇ. આનંદભાઇ જામીન અપાવી માનવને ઘરે તો લઇ આવ્યા પણ આ તેમને માટે નવું હતુ..

કહે છે ને ગુરુત્વાકર્ષણનો નિયમ દરેક જગ્યાએ લાગે છે અને ખાસ કરીને માણસ જેમ ઉંચો ચઢતો થાય તેમ તેને તો તે ભાર વધુ લાગે. જોકે ઉંચે ચઢતા માણસની દ્રષ્ટિ નો વ્યાપ વધે તેમજ તેમને જોનારા પણ વધે. તે સૌ જોનારા મિત્રો જ હોય તેવુ નહિ. તેમા કયુ તત્વ ક્યાં અને કેવી રીતે કામ કરે તે શાંત ચીત્તે શોધવુ જરુરી હતુ.અમિએ તો દિકરાનાં માથેથી ઘાત જાય તેને માટે સિધ્ધી વિનાયક મહાદેવ ની માનતા માની અને ઉપવાસ શરુ કરી દીધા. ઘરે પત્રકારો મિત્રો કુટુંબીજનો અને સબંધીઓનો મેળો હતો. દરેક્ને માનવની વાત અને અને માનવનાં પ્રત્યાઘાતો જાણવામાં રસ હતો. જયેશ શાસ્ત્રી અને તેનો વકીલ પણ ત્યાં હાજર હતો.માનવનાં પ્રત્યાઘાતો એકદમ ઠરેલ વ્યક્તિ જેવા હતા.

" હું મારા હનીમૂન થી હમણા જ આવ્યો છુ અને આ બધી વાતોથી સંપૂર્ણ અજાણ છુ. પણ છાપુ જ્યારે પણ મને શંકાની નજરે જુએ ત્યારે તે શંકા દુર કરવાની અને આ અફવા ફેલાવનારાની સામે કાર્યવાહી કરવાની ભારતિય નાગરિક તરીકે મારી ફરજ અને હક્ક છે.સંપૂર્ણ શોધખોળ કરીને હું મારુ નિવેદન કરીશ. હું એટલુ જરુર કહીશ કે હું અને મારી સાથે જેમને સંડોવવામાં આવ્યા છે તે બધા નિર્દોષ છે."બીજે દિવસે અન્ય દરેક છાપામાં માનવનાં ફોટા સાથે વચ્ચેનાં પાનામાં બધાનો રદિયો દેખાયો. નાણામંત્રીનાં કથનમાં તેમને વિના કારણ સં ડોવવાનાં પ્રયત્નોનું નામ અપાયુ. ત્રણેક દિવસ વિત્યા હશેને નિરવનો ફોન નિરાલી ઉપર આવ્યો" નિરાલી માનવને છાપાનો માલિક મળવા માંગે છે તો માનવને પુછી જો."

માનવે તેને બીજે દિવસે તેની ઓફીસ ઉપર મળવા જણાવ્યુ.આનંદ અને માનવને અપેક્ષા તો હતીજ કે થોડોક સમય મૌન રહેવાથી જેમને તકલીફ હોય તેનો સળવળાટ દેખાય જ. થોડુક આશ્ચર્ય એ થયુ કે માનવની પ્રગતિ માનવની પોતાની આવડત થી હતી. ખૈર છાપા વાળાની સાથે વાત કરતા ખબર તો પડશે જ કે કોને ક્યાં અને કેવી રીતનું દુખે છે.અમિ તેના ધ્યાન રુમ માં પ્રભુ પ્રાર્થનામાં મગ્ન રહેતી અને માનવે તે સમાચારોમાં રહેલા પ્રશ્નાર્થચિન્હ દ્વારા એટલુ તો વિચારી લીધુ હતુ કે જો ખરેખર તેમની વાતોમાં તથ્ય હોત તો આવી છટક બારી ના મુકે. તેને તેના લગ્નનાં ફોટામાંથી આ ફોટો પ્રેસમાં કોણે આપ્યો તે જાણવાનુ પણ યોગ્ય લાગતુ હતુ.

તે રાત્રે નિરાલી ને પુછ્યુ" નિરાલી આપણુ આલ્બમ અને તેના ફોટા તારા ઘરે અને મારા ઘરે હોય શેલત સાહેબ આવ્યા ત્યારે પ્રેસને તો લગ્નમાં ફોટા પાડવાની મનાઇ હતી અને મહીને આ ફોટો આવે તે સમજાતુ નથી. પપ્પાને સહેજ ફોન કરીને પુછી લે ને તે ફોટો એમના અલ્બમમાં છે ખરો?"નિરાલીને જરા અજુગતુ તો લાગ્યુ પણ કહ્યુ "હું સવારે ફોન કરીને પુછી લઇશ"વહેલી સવારે સુજાતાનો ફોન આવ્યો " સર! રાકેશ ને સવારે પુછપરછ માટે પોલીસ આવીને લઇ ગઇ છે. તમે ઓફીસ ઉપર તરત આવો આવકવેરા ના માણસો પણ આવ્યા છે.ત્યાં ડોર બેલ વાગી આવક્વેરાનાં માણસો ઘરે પણ હતા. આનંદ અને માનવ આ તકલીફ આવશે તેમ ધારતા તો હતા પણ આટલી ઝડપે તે ધાર્યું નહોંતુ.

## મીઠા જળનુ મીન ઉદધીમાં - 6 (વિજય શાહ)

આવક વેરાની તપાસ છાપા આમતો જે લોકોના હિસાબો કાચા હોય તેમને તકલીફદેય હોય છે પણ માનવ તો કયાંય કર ચોરીમાં માનતો જ નહોંતો એટલે એ થોડો નિશ્ચીંત હતો. તેનો સ્ટાફ અને એકાઉંટંટ જાણતા હતાકે આ બધી તકલીફો કો'ક ભળતા કારણોને લીધે છે. પણ કહે છે ને કે તમે ખૂન કર્યુ તેવો સત્તધીશો આક્ષેપ કરી દે પછી તમે નિર્દોષ છો તે સાબીત કરવાનું કામ તમારુ અને ન કરી શકો તો ખૂન ન કર્યુ હોય તો પણ ખૂની જાહેર થઇ જાવ. તેથી બધા જ હિસાબો ખુલ્લા મુકી તેમને કહી દીધુ કે તમે શોધી શકો અને સાબિત કરી શકો તો કરો પણ મારું મંતવ્ય તો તેજ છે અને તે હું નિર્દોષ છું.

ઘર માં, "ગૌરવ" ઉપર અને બેંકમાં સ્થગીતતા લાવી અને સતત 3 દિવસ અને રાત ચેકીંગ ચાલ્યુ. બધા વાઉચરો, ખર્ચ નોંધો અને તેને લગતા બીલો અને આવક નોંધોમાં ક્યાંય તકલીફ નહોંતી. સંસ્કારોની ઝલક આવક વેરાનાં અધિકારીઓને પણ દેખાતી કારણ કે તેની દરેક સખાવતો દ્વારા મળતી કર રાહતો પણ તેણે લીધી નહોંતી તે જો અમલમાં મુકે તો તેણે ભરવા પાત્ર કરમાં તેને વધારાનો કર પાછો મળી શકે તેવી વાત આવી. કદાચ પહેલો કેસ હતો જ્યાં આવક વેરા અધિકારીઓ ની શોધખોળ કોઇ રંગ ના લાવી શકી. છાપા ફરીથી માનવને સત્કારવા લાગ્યા..

આ શોધખોળ દરમ્યાન માનવ ની નજરે બે વાતો સ્પષ્ટ રીતે ઉભરી આવી હતી કે છેલ્લા ચાર મહીનાથી ખર્ચા નું નવુ ખાતુ ઉમેરાયુ હતુ જેમાં મહીનાનાં અંતે બધુ સરભર થઇ જતુ. આ હવાલા ખાતુ ચાલતુ તો હતુ માનવનાં નામે પણ વ્યાજ બદલો મળતો નહોંતો.. નવા વર્ષની આ રકમો હજી ઓડીટ થયુ નહોતું તેથી પકડાઇ નહોતી. નિરાલી આ બધી તક્લીફોમાં મદદરુપ તો નહોંતી જ પણ ધીમે ધીમે તેનો તરવરાટ શમતો જતો હતો. કદાચ તેણે ધારેલુ સુખ તે ધારતી હતી તેટલુ સરળ નહોંતુ. અમીએ આ બદલાતુ વર્તન માપી લીધું. અને માનવને કહ્યું શક્ય હોય તો નિરાલીને અંધેરી તેના ઘરે અઠવાડીયુ જઇ આવવા દે. તેની આ તકલીફો કદાચ આણુ વળાવવાથી દુર થઇ જશે.

જુહુ પાર્લાથી કંઇ અંધેરી દુર નહોંતુ છતા રીત રીવાજો નું કંઇક મહત્વ હોય છે. નિરાલી ના પાડતી હતી અને અમિબેન નાં ઉપવાસ ચાલુ હતા તેથી માનવને તે યોગ્ય નહોંતુ લાગતુ છતા નિરાલી ઉપર છોડ્યુ અને નિરાલી સવારે જઇ સાંજે આવી જશે કહીને અંધેરી ગઇ. તેને ખોટુ તો લાગ્યું હતુ કારણકે માનવે નાણામંત્રીનાં ફોટો

બાબતે તેના ઘર ઉપર શંકા કરી હતી.સ્વીટ્ઝર્લંડ પરથી પાછા આવ્યા બાદ ઘરમાં શરુ થયેલુ બધુજ તેને ડરાવતુ હતુ.

આ બાજુ રાકેશ ગોંડબોલે પોલીસ ઇંસ્પેક્ટર અનવરને ઉલટતપાસ દરમ્યાન એક જ વાત કહેતો હતો સા'બ હમતો જૈસે સા'બ લોગ કહેતે હૈ વોહી કરતે હૈ.. રોજની તેની વાર્તા બદલાય અને ડ્રગ નું કામ માનવસા'બકી જાનકારી સે હોતા હૈ વાળી વાતની રઢ લગાવીને માર સહન કરતો રહ્યો.માનવ પર નાર્કોટીક્સ અને કાયદાકીય પકડ મજબુત થતી જતી હતી. શેર બજાર રોજે રોજ રુખ બદલતુ હતુ અને તેથી માનવનો પોર્ટફોલિઓ પણ ઘટતો જતો હતો. તેની આ કસોટી કાળની ધીરજ જોઇ આનંદભાઇ ક્યારેક હરખાતા અને ક્યારેક ચીંતાતુર પણ રહેતા હતા.

ઓફીસમાંથી માનવનો ફોન આવ્યો અને આનંદ્ભાઇ ઓફીસે પહોંચ્યા. માનવ સુજાતા અને રાકેશ ગોડબોલે ની પત્ની તૃપ્તી કેબીનમાં હતા. વાત સાવ સીધી હતી.સુજાતાને તૃપ્તિ મળવા આવી હતી અને રાકેશને જામીન ઉપર છોડાવોની વાત હતી તે વાત દરમ્યાન તે બોલી ગઇ હતીકે રાકેશ વ્યાજ બદલામાં ફસાયો અને નિરવે તેને કહ્યું હતુ કે માનવની હોટલમાં ડ્રગ્ઝ શરુ કરાવતો તે તેને બહાર કાઢશે.

માનવને સમજ નહોતી પડતી કે નિરવને પુછવું કે તૃપ્તિની વાત સાચી માનવી. સુજાતા અને તૃપ્તિને બહાર બેસવાનુ કહી માનવે વકીલને ફોન જોડ્યો. ત્યાં આનંદભાઇએ માનવને રોક્યો. અને કહ્યું હું સાંજે નિરાલીને લેવા જતી વખતે નિખિલભાઇ સાથે વાત કરી લઇશ.તુ રાકેશને ઉલટતપાસનાં માર માં થી બચાવ. થોડીક વાર શાંતી થી બેઠા પછી માનવે તૃપ્તિને બોલાવી અને કહ્યું "રાકેશને તેનો વકીલ આજે છોડાવી આવશે પણ તારે એટલુ તો એને કહેવુ પડશે કે તે છુટશે અને હું અંદર જઇશ. સાચો ગુનેગાર ભાગતો ફરશે અને હું અંદર ગયા પછી તેને બચાવી નહી શકુ પણ જે ગુનેગાર છે તે તેને મારી નાખશે તો તે જે કહે તેમ કરીયે."

તૃપ્તિ મૃત્યુની વાત સાંભળીને ડરી ગઇ.તે કહે " ઇસ બાર ઉસે બચાલો સાબ.." માનવ કહે " તે સાચુ કહેશે તો કાયદો તેને બચાવશે..મારા નામના કારણે તે ઝાઝુ બચી નથી શકવાનો" સુજાતા હોટેલની વીડીયો કેસેટ લઇને આવી અને તૃપ્તિને બતાવી જેમાં રાકેશ ગોરા ઘરાકને ડ્રગ્ઝ આપતા બતાવ્યો.પૈસા લેતા બતાવ્યો અને કહ્યુ કે આ કેસેટ ને લીધેજ તે પકડાયો હતો. રડમસ ચહેરે તૃપ્તિ બોલી "અચ્છા સાબ આપ જો કહેંગે વો કરેગા"

## મીઠા જળનું મીન ઉદધીમાં - 7 (કિરીટકુમાર ગો ભક્ત)

નિરાલીએ અંધેરી જઇને સૌથી પહેલા આલ્બમ જોવા માંગ્યુ. પણ આલ્બમ નિરવના રૂમમાં હતુ અને એ ઘરે હતો નહિ. નીતાબહેને દીકરીને વિવેક કર્યો, “બેટા માનવને અને તેના ઘરવાળા સૌને સાચવજે... હમણા બરોબરની તવાઇ ચાલે છે.”

“ હા અને મમ્મીનાં ઉપવાસ પણ ચિંતાનુ કારણ છે. મને ચિંતા માનવની છે... તે કારણ વિના સંડોવાઇ રહ્યો છે.”

“બધા એવું જ માને છે પણ આ ઉપરા છાપરી પડતા સરકારી છાપા અને નકારાત્મક પબ્લીસીટી તેની સારી છાપ ને ધોઇ નાખે છે.”

”મમ્મી મને લાગે છે કે ફોટાની બાબતે નિરવભાઇ થી મોટી ભુલ થઇ છે.”

” એટલે? તું શું કહેવા માંગે છે?”

“માનવને એવુ લાગે છે કે અંગત ફોટા બહાર ન જઇ શકે. અનંત કાલે નિરવભાઇ થકી માનવને મળવા માંગતો હતો. તેણે જ અમારા આવવાને દિવસે છાપામાં અર્ધ સંદીગ્ધ સમાચારો આપી આ બધી મુસીબતો પેદા કરી છે તેવુ ન સમજે તેટલો બાઘો માનવ નથી.”

“આ તો મોટી ગેરસમજ છે... નિરવ તો અનંતને માનવ સાથે મુલાકાત કરાવીને બધુ સગે વગે કરાવવા મથે છે... મને તો એવુ સમજાય છે.”

”ના મમ્મી... મને તો નિરવભાઇ એવુ કહેતા હતા કે તે કોઇ મોટા પ્રોજેક્ટમાં માનવને લેવા માંગે છે, પણ માનવે ના કહી હતી કે ‘સગામાં પૈસા આપ્યા એટલે કાં સગુ જાય કે પૈસા.. મારે તેવુ નથી કરવુ.’

”નીતાબેનને માનવનો આ જવાબ વિચિત્ર લાગ્યો અને નિરાલીને કહ્યું, “તેના એક્ષપોર્ટ અને ઇમ્પોર્ટનાં કામમાં પૈસો બહુ છે અને નિરવ બનેવીને વાત કરે તેમા અજુગતુ શું છે?”

સાંજે જ્યારે નિરાલીને ઘરે જવાનો સમય થયો ત્યારે નિરવ આવ્યો અને આલ્બમ જોવા માંગ્યુ ત્યારે બહુ ચર્ચીત ફોટો આલ્બમ માં હેમખેમ હતો તે જોઇને નિરાલી ને ટાઢક વળી. તેણે નિરવને પુછ્યુ “આ અનંત કાલે માનવને શું કામ મળવા માંગે

છે?"નિરવે કરડાઇ ભરી નજરે પહેલા નિરાલી સામે જોયુ અને બોલ્યો, "છાપાવાળા સાથે દુશ્મની કે દોસ્તી બંને નકામી. શીવાજી પાર્કનો એક નંબરનો ગુંડો છે તેને થોડુક પત્રં પુશ્પમ કરીને કે તે જે માંગે તે તેને આપી આ ઝંઝટમાંથી માનવને કાઢવા મેં સમય લીધો અને માનવ મળી ના શક્યો."

"નિરવભાઇ, મને તો તમારા બધા જ ભાઇબંધો થી બીક લાગે છે. મહેરબાની કરી તેનો છાલ છોડાવો."

ત્યાં ડોર બેલ વાગ્યો..ઇંસ્પેક્ટર અનવર નિરવને પોલિસ સ્ટેશન પુછપરછ માટે લઇ જવા આવ્યા હતા. નિરવ વોરંટ જોઇને બોલ્યો, "નિરાલી માનવે આ વોરંટ કઢાવ્યુ છે. એ શું સમજે છે તેના મનમાં" અને ગંદી ગાળો બોલતો બોલતો તે પોલીસ ઇંસ્પેક્ટર સાથે જવા તૈયાર થયો.***ઘરે જતા જતા નિરાલીની આંખમાંથી પાણી ખુટતુ નહોંતુ. તે માની શકતી નહોતી કે માનવ નિરવ વિરુધ્ધ સમંસ કાઢતા કે કઢાવતા તેને પુછવાને જરૂરત ન સમજી?

તેનો મગજનો પારો તો સાતમા આસમાને હતો કારણ કે તેને લાગતુ હતુ કે માનવ જે વિચારે છે તે ખોટું છે. ઘરે દાખલ થતા તેણે તેના મન ને શાંત થવા દીધુ અને ડુમો બેસી જવા દીધો, પછી ગાડીમાંથી બહાર નીકળી. ઘરમાં બધુ સ્મશાનવત શાંત હતુ. તેમના રુમમાં માનવ કોમ્પ્યુટર ઉપર કામ કરતો હતો.નિરાલી એકદમ ગુસ્સે થતી બોલી-"નિરવભાઇ ઉપર સમંસ કઢાવતા મને પુછવાની જરુર ન લાગી ?

હું ઘરે આલ્બમ જોઇને આવી છુ ત્યાં ફોટો હેમખેમ અને સલામત છે. નિરવભાઇએ તે ફોટો નથી આપ્યો."માનવે તેના તરફ લાગણીથી જોઇને કહ્યું." તું ધીરજ થી બે મીનીટ બેસ, હું તને બધુ સમજાવુ છું"પણ નિરાલી લઢી લેવાનાં મુડમાં હતી તેને ખરેખર બહુ લાગી આવ્યુ હતુ. તે માની નહોતી શકતી કે નિરવને પોલીસ સ્ટેશન લઇ જવામાટેનું સમંસ માનવે કઢાવ્યુ હતુ.

માનવ કહેવાની તૈયારી કરતો હતો ને નિરાલીએ પોક મુકી તેથી અમિબેન અને ઘરનાં નોકરો દોડી આવ્યા "શું થયુ?" "શું થયુ?" કરતા.. માનવે પાણી લાવવાનુ કહ્યું અને નિરાલીને શાંત પાડવા મથતો રહ્યો.ખામોશી અને ડુસકાનું સામ્રાજ્ય અર્ધો કલાકે શમ્યું ત્યારે માનવે નિરાલીને કહ્યું, "તને ખબર છે? નિરવભાઇનાં એક્ષપોર્ટ અને ઇમ્પોર્ટનાં ધંધામાં એક ધંધો ડ્રગ્ઝનો પણ છે?

"નિરાલી સાશંક માનવ સામે જોઇ રહી, તેથી માનવે હોટેલની કેસેટ વીડીયોમાં મુકી અને કહ્યું, "જો, આ પ્રવૃત્તિ આપણી હોટેલમાં રાકેશ સાથે નિરવે કરાવી છે તેથી તેના ઉપર શંકાનાં આધારે પુછપરછ માટે લઇ જવાયો છે.

મેં સર્ચ વોરંટ એટલા માટે કઢાવ્યું કે શેલત સાહેબને જાણ થઇ હતી કે આજે ભાઇ લોકોમાં તેના નામે સોપારી લેવાઇ છે.. તેનો જાન જોખમમાં છે."શોકમગ્ન દશામાં લગભગ અબોલ થઇ નિરાલી માનવને તાકી રહી. તેને કોનો વિશ્વાસ કરવો તે સમજાતુ નહોતુ...

## મીઠા જળનું મીન ઉદધીમાં - ૪ (ડો. નીલેશ રાણા)

સત્ય અસત્યનું પારખું કરવા નિરાલી ત્રાંસી આંખે માનવને જોઈ રહી. તેની અંખોમાંથી ગુસ્સો નિતરી રહ્યો હતો. પણ માનવનો ચહેરો પૂનમના ચંદ્ર જેવો સ્વચ્છ હતો.માનવ નિરાલીને સમજાવી રહ્યો હતો‘ નિરાલી હું તારા ભાઈનો દુશ્મન નથી‘. નિરાલી દ્વિધામાં પડી એક તરફ માજણ્યો ભાઈ મુસિબતમાં— બીજી તરફ એને મુસિબતમાં મૂકનાર એનો પ્રાણથી પ્રિય પતિ માનવ— મધ્યમા વહેતી પોતે– હવે કયે કિનારે જવું એની વિમાસણમાં ખામોશ ઉભી રહી. નિરવને તે જન્મથી જાણતી હતી. જેણે કદી સિગરેટનોં દમ પણ લીધો ન હતો. એ,એનો માજણ્યો ભાઈ અફીણ ચરસ અને ગાંજાનો ધંધો કરે? છી છી આ કોઇકે ઉપજાવી કાઢેલી વાત છે. કદાચ આ કોઇક્ની ચાલ હશે, નિરવને ફસાવવા માટેની. રાકેશ સાથે ભળી જઈ ‘ગૌરવ‘માં વિડિયો ઉતારી લાગે છે. સાળા ને માથે આળ ચઢાવી મને પોતાના પક્ષમા રાખવાનો તેનો ઇરાદો સફળ નહીં થાય. હું ખામોશ નહી રહું. ભિતર સળગતા અગ્નિથી માનવ જલી ન જાય માટે એણે પાંપણો બંધ કરી દીધી.

નિરાલીના ખભે હાથ મૂકી પ્રેમસભર સ્વરે માનવ બોલ્યો,‘પ્રિયે, હજુ તું મને શંકાની નજરે નિહાળે છે? હું તારા ભાઈની સલામતી ઈચ્છું છું. ચરસ ગાંજાનાં ધંધાની એકજ દિશા છે. તેમાંથી પાછું ફરવું શક્ય જ નથી. તેમાં અંદર જીવતા જવાનું, બહાર આવે તમારી લાશ. એમાંય “ભાઈ” લોકોને અપાયેલી સોપારી. તેનો અંજામ પોલિસની હાથકડી અને જેલ. એના સિવાય બીજો કોઈ રસ્તો મને દેખાતો નથી.‘

નિરાલી બેધ્યાન પણે સાંભળી રહી. માનવને તે શંકાની નજરે જોતી હોવાથી અવિશ્વાસ સળવળી ઉઠતો.એક તરફ લોહીની સગાઈ તો બીજી તરફ પ્રેમની. બે સખત પરિબળો વચ્ચે તે ભિંસાઈ રહી.શું બોલવું તે ન સુઝવાથી માનવનો હાથ ખભેથી સેરવી અસમંજસ મા મોઢું ફેરવી ગઈ.

રાત્રિના ભોજન દરમ્યાન મુખના ભાવ પ્રકટ ન થવા દીધાં. સાસુ સસરાની આમન્યા જાળવી અને જાણે કશું જ બન્યું નથી તેવો અભિનય કર્યો. રાત્રી ટાણે છેલ્લા સમાચારમાં ફરીથી નિરવની ધરપકડના સમાચાર સાંભળી નિરાલી ગમગીન થઈ ગઈ. નિરાલીને બાહોંમાં લેતા માનવ કહી રહ્યો ‘નિરાલી મારો વિશ્વાસ કર, મારી પણ નિરવને બચાવવાની કોઈ જવાબદારી ખરી કે નહી? એને સાચા માર્ગે લાવવા મારે તારી મદદ જોઈશે.‘

માનવની શાબ્દિક અભિવ્યંજના નિરાલીના મનને શાતા ન આપી શક્યા. આખી રાત બંને જણા બંધ આંખે જાગ્યા. માનવને આશા હતી નિરાલી માનવના મંતવ્યને સમજી સહકાર આપશે. તેનો ઇરાદો નાણામંત્રી શેલતની સહાય માગવાનો હતો. રાજકરણીયો શું નથી કરી શકતા?" નિરાલી હજુ માનવ પ્રત્યે શંકાશીલ હતી. એની ચાલ સમજવામાં નાકામયાબ રહી.

પતિ પત્ની વચ્ચે વહેંતનું અંતર ઊંડી ખાઈ બની ચૂક્યું હતું. મીઠા જળના બે મીન છુપા આંસુ વહાવી ઉદધીની ખારાશ વધારી રહ્યા હતા. સવારે નાહી ધોઈને તૈયાર થયેલો માનવ નિરાલીને પ્રેમથી પૂછી રહ્યો હતો. 'હું નાણામંત્રી શેલત ને મળવા જવાનો છું તું પણ મારી સાથે ચાલ.'

'કેવી લુચ્ચાઈ કરે છે મને સાથે લઈ જવાને બહાને પૂરવાર કરવા માંગે છે કે હું તેની સાથે છું' નિરાલી સ્વગત બબડી રહી. 'હું સચ્ચાઈના પક્ષમાં છું.' માનવને દાદ ન આપતા રસોડા તરફ ચાલી નિકળી. અમી ને ચા નાસ્તાની તૈયારી કરતાં જોઈ. 'મમ્મી, તમે બહાર બેસો હું ચા નાસ્તો લઈને આવું છું તમે ઉપવાસી છો.'

બહાર નીકળીને માનવ પાસે જઇ તે પ્રેમ થી બોલી. 'નાસ્તાના સમયે છાપું? માનવ પછી વાંચજો. ચા ઠંડી થઈ જશે.'ચા ઠંડી ભલે થઈ જાય પણ નિરાલીની ચાહ ઠંડી પડે એ તેને મંજૂર ન હતું. નાસ્તાને ન્યાય આપતા માનવે ફરીથી વાત છેડી. 'પાપા નિરવને બચાવવા આપણે કોઈ સારો વકીલ રોકવો પડશે. નાણાંમંત્રી શેલતને અને ઇંસ્પેક્ટર અનવર સાહેબને પણ આજે મળી લઈશ'.

માનવની વાતને સમર્થન આપતાં આનંદે કહ્યું ' તારી વાત સાચી છે. નિરવ આપણા ઘરની વ્યક્તિ છે. આપણે તેની સાથે છીએ. અમી બોલી પડી ' આપણે તેના ભલાની ખેવના કરીએ છીએ એ વાત તે માનશે ખરો?" આનંદે સૂર પુરાવ્યો, તારી મમ્મીની વાત સાચી છે. નિરાલીના સહયોગથી તે બનવું આસાન થઈ જશે. વાક્ય પૂરુ થાય તે પહેલા નિરાલી આંસુ છુપાવતી બીજા રુમમાં જતી રહી.અમી માનવ અને આનંદને નિરાલી સાચવવાનું કહી, નિરાલીના માતાપિતાને ઘરે લાવવા માટે ગાડીમાં રવાના થઈ ગઈ. તેને શ્રધ્ધા હતી કે બધો ખુલાસો કરી નિરાલી તથા તેના માતાપિતાનો વિશ્વાસ સંપાદન કરવામાં સફળતા પ્રાપ્ત કરશે. આવનાર ક્ષણમાં શું બનશે તેની વિધાતાને જ ખબર છે!

# મીઠા જળનું મીન ઉદધીમાં - 9 (પ્રવિણા કડકીયા)

ગાડી જ્યારે નિખિલભાઈને આંગણે આવીને ઉભી રહી ત્યારે અમીને સમજાયું કે વાતની શરૂઆત કેવી રીતે કરીશ. અશક્તિ જણાતી હતી પણ કોઈને કળવા દેતી નહી. ખૂબ સંયમ જાળવવામાં તે કામયાબ રહી. લગ્નના મેળાવડામાં તે નાણામંત્રી શેલતને તથા અનવર સાહેબને પણ મળી હતી. એને ગળા સુધી વિશ્વાસ હતોકે આ બધા નો ઉપયોગ કરી નિરવને કમસે કમ જેલમાંથી તો બહાર કઢાશે. ઓળખાણ એ મોટામા મોટી ખાણ છે.અમી પ્રેમાળ સ્વભાવની ઓછાબોલી સ્ત્રી હતી. નિરાલી નવી નવી પરણેતર હજુ કુટુંબમાં બધાને મળે અને પરિચય કેળવે તે પહેલા જ મુશ્કેલ સંજોગોનું આગમન. વાતાવરણ હળવું કરવું જરા મુશ્કેલ કાર્ય હતું.

અમી મનોમન પ્રભુને વંદી રહી, હે પ્રભુ બધુ સમુસુતરું પાર પડશે તો સહકુટુંબ જાત્રા કરવા જઈશું. મન મક્કમ કરીને ગાડીમાંથી બહાર આવી દરવાજે આવીને ઉભી રહી. હજુ ઘંટડી વગાડે તે પહેલાં જ બારણું ખૂલી ગયું.નીતાબહેને બારીમાંથી તમને આવતા નિરખ્યા હતા. અમીએ પ્રેમભરી વાણીથી નિખિલભાઈ અને નીતા બહેનને વિશ્વાસમાં લીધાં. જરા પણ ફિકર નહી કરવાનું વચન આપ્યું. આનંદ અને માનવનો સંપૂર્ણ સહયોગ તથા સહાનુભૂતિ દર્શાવ્યા. સારામા સારો વકીલ રોક્યો છે તે જાણી નિરાલીના માતાપિતાના મનની શંકાનુ સમાધાન કર્યું.

નીતા બહેનને અમીની ખાનદાનીના દર્શન થયા. ઘડીભર ભૂલી ગયા કે આ બધુ ઉપાસણ એમના દિકરાને કારણે જ થયું છે. છતાંય ક્યાય કડવાશ નથી. તેને બદલે માત્ર મિઠાશ વરતાય છે. મીઠા જળ ભલેને દુષિત થાય પોતાના ગુણધર્મ ત્યજતા નથી. વાતવાતમા અમીએ નિરાલીનો ઉલ્લેખ કર્યો. નીતા બહેન બોલી પડ્યા 'અમીબહેન તમે બે ફિકર રહેજો, નિરાલીને સમજાવવાની હું જવાબદારી મારે શીરે લઉં છું.' કહીને એક પળના વિલંબ વીના નિરાલી સાથે ફોન ઉપર વાતે વળગ્યા. 'નિરાલી બેટા, તું જરાયે ગભરાઈશ નહી. માનવ તથા આનંદભાઈનો સંપૂર્ણ સહકાર છે. તારા ભાઈલાનો વાળ પણ વાંકો નહી થાય. માએ આશા બંધાવી. નિરાલીને માની વાત શીરાની જેમ ગળે ઉતરી ગઈ.ખેર, અચાનક નિરાલીમા ફેરફાર થયો. જે અમી બહેન જોઈ ન શક્યા પણ નીતા બહેનની વાતથી અનુભવી જરૂર શક્યા. અમી બહેનની સહજતા અને સાલસતાની સુગંધ વાતાવરણમાં પ્રસરી રહી.

હવે અમીને અંહી ઝાઝું ઉભા  રહેવાની જરૂરિયાત ન જણાતા ઘરે જવાની રજા માંગી.  બીજા દિવસે તેમને બંગલે આવવાનું ભાવભર્યું નિમંત્રણ આપી વિદાય માંગી.  ગાડીમા બેસતા પ્રભુને વંદી રહી. સીધી ગાડી મંદિરે લઈ જવાની દોરવણી આપી હાશકારો અનુભવી રહી.  શયનના દર્શનનો સમય હતો. મંદિરે બે કિરતન કર્યા.માનવ અને નિરાલીના નામે રાજભોગ સેવામાં લખાવ્યો. ગાડી તરફ પાછી ફરી ત્યારે તેનું હૈયું હળવું ફૂલ સમાન હતુ.  મનોમન નક્કી કર્યું કાલે પારણા નિરાલીના શુભ હસ્તે મોસંબીનો રસ પીને કરીશ. તેનું મનોબળ જબરું હતું. ભગવાને તેને  કઈ માટીમાંથી ઘડી હતી. ઘીના ઠામમાં ઘી પડી રહેશે તે આશાએ તે દિવા સ્વપ્ન માણી રહી હતી.ગાડી ઘર તરફ સરકી રહી હતી.

સહુ રાત્રીના ભોજન દરમ્યાન હસીને કલ્લોલ  કરતા હોય એવુ મધુરું દ્રશ્ય તેની નજર સમક્ષ તરવરી રહ્યું હતું. નિરાલી માનવ સાથે ગોઠડી કરી રહી હોય તે ભાસ્યુ. અમી અને આનંદ એક બીજાના સાન્નિધ્યમાં  જીવનની ધન્યતાનો અનુભવ કરી રહ્યા હતા. અમી પરમાનંદમા ડૂબી ગઈ હતી.  માનવ નિરાલીના લગ્ન પછી આજે પ્રથમ વખત તેને લાગણી થઈ આવી કે તેનું  જીવન પ્રભુએ ખૂબ ભર્યું ભર્યું બનાવ્યું હતું.

તેને જીવનમાં કદીયે કશી ખોટ જણાઈ ન હતી. ઘર તરફ ગાડી પાણીના રેલા સમ સરકી રહી હતી. બસ ઘર હવે આવ્યું  કે આવશે ત્યાંતો ભયંકર ચીં અવાજ સાથે ગાડી ઉભી રહી ને અંદરથી અમી દડાની  જેમ ઉછળીને બાજુમાં જતી બસની સાથે અથડાઈ.....

# મીઠા જળનું મીન ઉદધીમાં - 10 (પ્રવિણા કડકીયા)

ગાડી ભટકાઈ અને ગોળ ફરી ગઈ. અમીને તો આમાંનું કશું જ ખબર  ન પડી. એ તો ગાડીમાંથી ઉછળીને બહાર ફેંકાઈ, બાજુવાળી ગાડીએ  બ્રેક મારવાનો પ્રયત્ન કર્યો પણ એમાં જરાક મોડું થઈ ગયું. બસ, ત્યાંને ત્યાં જ ખેલ ખતમ થઈ ગયો. મર્સીડિઝ ગાડી હતી તેથી પૈસાવાળા હતા તેવુ માનવ મેદનીને લાગ્યું.  શું થયું? કોણ છે? એ જોવા માટે ટોળુ મોટું થતું ગયું.

દસેક મિનિટ પછી પોલિસ આવી પહોંચી. બધાને ઘટના સ્થળેથી  દૂર ખસાડ્યા. વાહન વ્યવહાર બધો જ થંભી ગયો હતો. ગાડીનો ડ્રાઈવર બેભાન હાલતમાં હતો. પોલિસે કારાવાહી ચાલુ કરી. ખબર પડી કે આ ગાડી તો માનવ મોદી નામના મોટા ઉદ્યોગપતિની છે.  અનવર સાહેબને ખબર કરવામાં આવી. તેઓ પોતે માનવની 'ગૌરવ' ઉપર જઈ ચડ્યા.

આનંદભાઈ અને માનવ બંને વિમાસણમા પડી ગયા.  સાહેબ અત્યારે ક્યાંથી? તેમનું મોઢું જોઈને બંને જણા સાથે બોલી ઉઠ્યા, ' સાહેબ તમે, અત્યારે, અહીં? અનવર એક શબ્દ પણ બોલી ન શક્યા.  આંખમાંથી આંસુ નિકળી પડ્યા. ધીરે રહીને કહે ખૂબ આઘાતજનક વાત  બની ગઈ છે. ધીરે રહીને વાત બતાવી.

આનંદભાઈ અને માનવ પથ્થરના પૂતળાં બની સાંભળી રહ્યા. કેવી રીતે, ક્યાં કશું જ પૂછવાના હોશકોશ પણ ગુમાવી બેઠાં. આખરે અનવર સાહેબે મૌન તોડ્યું. બંનેને ઘટના સ્થળે લઈ આવી પહોંચ્યા. નિરાલીને ઘરે લેવા એક હવાલદારને ગાડી લઈ રવાના કર્યો.  આનંદભાઈ, માનવ અને નિરાલી કશુંજ બોલવા ચાલવાની સુધબુધ ગુમાવી બેઠા હતા. દ્રશ્ય જોઈને તેઓ ખૂબ વ્યથિત થયા. અમી આવી રીતે તેમનો સાથ ત્યજી દેશે તેમના માનવામાં આવ્યું નહી. આનંદ અને અમી એકબીજાનો સહવાસ છત્રીસ વર્ષથી માણી રહ્યા હતા.

માનવને મન સ્વર્ગ જે માનાં ચરણોમાં હતુ, એ મા હવે કદી જોવા નહી મળે.  કુદરતે આ કેવી સજા ફટકારી. કદાચ અમીના નસીબમાં આટલું જ જીવન લખાયું હતું. નિખિલભાઈ અને નિતાબહેન આવી પહોંચ્યા. હજુ કલાક પહેલા તો તેઓ સાથે હતા, અચાનક આ શું થઈ ગયું.  નીતાબહેન તો અમીબહેનની વાત કરવાની છટા ઉપર મુગ્ધ થઈ ગયા હતા. ૫૦ વર્ષની ભર જુવાનીમાં આવું કરૂણ મૃત્યુ?  ઈશ્વર આ ક્યાંનો ન્યાય!! નિખિલભાઈએ વાતનો દોર પોતાના હાથમાં સંભાળી લીધો.  પોસ્ટમોર્ટમ ન

કરવું પડે તેની તકેદારી લેવાઈ. એક શિખાઉ નવો નવો ગાડી ચલાવતો હતો. એણે સિગ્નલ લાલ થયું છતાં ગાડી ઉભી ન રાખી અને અમીબેને જાન ખોયો.

આનંદભાઈએ પોતાની જાત ઉપર સંયમ દર્શાવ્યો. ક્રિયાપાણી સર્વે કર્યાં. કોઈ વાતની કશી કમી ન રાખી. ગરીબોને ભોજન કપડાંથી માંડી તેમના બાળકોનાં શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. ગામમાં શાળા બંધાવવાનું નક્કી કર્યું. જરૂરિયાતવાળાને સસ્તા ભાવની દવાઓ, વિ. વિ. વિ.—ખરી પરીક્ષાતો નિરાલીની હતી.

પિતા આનંદ અને પતિ માનવ બંનેને ફૂલની જેમ સાચવતી. માનવ તો જાણે નિરાધાર થઈ ગયો. ભલું થજો અમીબહેનનું કે જતા પહેલા વાતાવરણ ખુશનુમા થઈ ગયું હતું. આનંદભાઈ હંમેશા વિચાર વમળમાં ફસાયેલા રહેતા. નિરાલી બંનેનું ધ્યાન રાખવામા કુશળ નીવડી.

કાળજી અને વહાલભરી માવજતથી આનંદભાઈએ હોશ સંભાળ્યો. જો બંને જણા ભાંગી પડશે તો આખું તંત્ર ખોરવાઈ જશે. માનવને મન કશું જ ગમતું નહીં. નિરાલીએ તેના પ્યારની હુંફ આપી, તેને દુઃખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રભુને પ્રાર્થના કરી. થોડો વખત અમીબહેનનું સાંનિધ્ય માણ્યું હતું તેની હરપળ યાદ કરી કરીને પગલાં ભરતી. પિતા આનંદભાઈ ના હૈયાને ઠેસ ન પહોંચે તેનું ખૂબ ધ્યાન રાખતી. માનવને ધીરે ધીરે પોતાની લાગણી અને પ્રેમથી વશમાં કરી વિશ્વાસ જગાવ્યો.સમયને જતાં ક્યાં વાર લાગે છે. એતો હંમેશા સરતો રહેવાનો.  કાળ કદી બંધાતો નથી. ફરી વકીલસાહેબ અને ઈન્સપેક્ટર અનવર સાથે આવ્યા અને તેમનું પ્રયોજન માનવ તરત સમજી ગયો.

# મીઠા જળનું મીન ઉદધીમાં - 11 (ઊર્મિસાગર)

નિરવને તો માનવ કે'દાડનો છોડાવી શક્યો હોત, પરંતુ 'ભાઇ' લોકોથી એને બચાવવા એના જાનની સલામતી માટે જેલથી ઉત્તમ બીજી કોઇ જગા ન હતી એમ એ માનતો હતો. જેલમાં પણ માનવે એની સલામતીનાં કડક પગલાં લેવડાવ્યા હતા. અને ઉચ્ચ-ઓફિસરો સાથે ચર્ચા-વિચારણા પર કરી લીધી હતી કે નિરવ જો 'ભાઇ' લોકો વિશે એમનો બાતમીગાર બની જશે તો એની સજા નહિવત્ થઇ શકે એમ છે. આ બધી વાત એણે નિરાલીને આગળ પણ સમજાવવાનો પ્રયત્ન કર્યો જ હતો, પણ ત્યારે એ માનવની નજરે આ બધું જોઇ શકી ન'હોતી. પરંતુ હવે, વાત કાંઇ જુદી જ હતી.અમીબેનની મમતા અને એમની ઉદારતાના જે દર્શન નિરાલીને છેલ્લે છેલ્લે થયા હતા... એને લીધે હજુ પણ ક્યારેક એ પોતાને ગૂનેગાર મહેસૂસ કરતી રહેતી હતી... કાશ, જો પોતે આટલી કઠોર ન બની હોત અને માનવમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી એને સાથે આપ્યો હોત, તો ન તો મમ્મીને એનાં માતા-પિતા સાથે વાત કરવા ત્યાં જવું પડત, ને ન તો એક્સિડંટ થાત, ને ન તો...

પણ, એની આંખનાં એ આંસુ ક્યાંક પખ્પા કે માનવ જોઇ ન જાય એમ એ ફરી સ્વસ્થ થઇ જતી. અને એ બંનેને કોઇ વાતનું ઓછું ન આવે કે એનાં વર્તનથી ક્યાંક એમને કોઇ દુ:ખ ન થાય એનું ખાસ ધ્યાન રાખતી. પરંતુ અમીબેનની ખોટ ક્યારેક બધાનાં મૌનમાં પણ વર્તાઇ આવતી હતી.જેલમાં નિરવને પોતાના દુષ્કૃત્ય વિશે વિચારવાનો ઘણો સમય મળ્યો હતો. જેલમાં પણ શરૂ શરૂમાં માનવ ઉપર ધૂંવાપૂવા થતો રહેતો નિરવ ધીમે ધીમે સ્વસ્થતાથી વિચારતો થયો હતો. આ બધું કોના લીધે થયું હતું? અને એ પણ શા માટે? આખરે એને શું મળ્યું હતું? અને જો એ ન પકડાતે, તો પણ એને શું મળવાનું હતું? કોઇ તો ભલે ગમે તેટલાં ખોટા માર્ગે દોરવવાનો પ્રયત્ન કરે, પરંતુ પોતે કેવો કે કોઇનો દોરેલો પણ દોરવાઇ જાય? નિરાલી તો એની સૌથી વ્હાલી હતી... નાનપણમાં શેરીનાં કોઇ છોકરાની હિંમત ન'હોતી કે નિરાલીની છેડતી કરે... એવી ધાક હતી. શીલ અને એ- બંને કેવા એની ઢાલ જેવા રહેતા હતા! કોઇની મજાલ હતી કે નિરાલી તરફ આંખ પણ ઊંચી કરે? અને આજે? આજે માનવને નુકશાન પહોંચાડીને એ જ નિરાલીનાં જીવનમાં એણે તોફાન મચાવ્યું?

ક્યાં ચાલી ગઇ એ બધી લાગણીઓ? બહેનની બાંધેલી અગણિત રક્ષાઓની લાજ પણ ન આવી એને? શીલ પણ જેલમાં મળવા આવ્યો'તો ત્યારે એણે એવું જ સમજાવવાનો પ્રયત્ન કરેલો. પણ પોતે ક્યાં એને સાંભળવાની પણ પરવા કરી

હતી?!! પરંતુ હવે જે થઇ ગયું એ થઇ ગયું હતું... એને ક્યાં કાંઇ બદલી શકાય એમ હતું!! કાશ, જિંદગીનું પણ કોઇ રીવાઇંડ બટન હોત...

નિરવનાં હૈયામાં વહેતું થયેલું પસ્તાવાનું નાનું ઝરણું હવે આટલા સમયમાં ધીમે ધીમે નદી બની ચૂક્યું હતું...ઘરમાં નાનપણથી એને મળેલી આટલી બધી છૂટો આખરે એને જ ભારે પડી હતી, એ એને સમજાઇ ગયું હતું. વળી, સૌથી દુ:ખની વાત એ હતી કે સમાજમાં ઊંચા મસ્તકે ફરતા પોતાના જ મા-બાપનાં મસ્તકોને એણે નીચા કરી દીધા હતા... આ ઉંમરે મારે એમની ફિકર કરવી જોઇએ, એની જગ્યાએ આજે પણ એ મારી ફિફર કરે છે.

પોતાની વહાલસોયી બહેનનાં ઘરમાં જે મુશ્કેલીઓ એણે ઊભી કરી, એણે જ માનવની મમ્મીનો ભોગ લીધો હતો. પણ હવે શું થઇ શકે એમ હતું?? 'અબ પછતાવે હોત ક્યા, જબ ચિડીયા ચુગ ગઇ ખેત?!'

પરંતુ થોડા દિવસો પહેલાં જ એના મનનાં આ બધા સવાલોનો જવાબ ઇંસ્પેક્ટર અનવરે એને આપી દીધો હતો.... જ્યારે એ નિરવને કહેવા આવ્યા હતા કે જો એ 'ભાઇ'લોકોનો બાતમીગાર બની જશે અને એમનાં વિશે જાણકારી આપશે તો એની સજા નહિવત થઇ જશે.... ઉપરાંત, પોલીસ એને રક્ષણ પણ આપશે અને એને પૂરી મદદ પણ કરશે. નિરવને વિચાર્યું કે ખતરો તો બંને બાજુ છે જ, પરંતુ આ વખતે એ સચ્ચાઇને જ સાથ આપશે.. અને કાંઇ ખોટું નહીં કરે તેમ જ માનવનાં નામ અને એના વિશ્વાસને એ આ વખતે બિલકુલ આંચ નહીં આવવા દે.એ જ શુભ સમાચાર લઇને ઇંસ્પેક્ટર અનવર આજે માનવનાં ઘરે આવ્યા હતા...

એમણે કહ્યું કે નિરવને એ સાથે લઇને જ આવ્યા છે અને બહાર જીપમાં જ છે. નિરાલી તો ખુશીથી ઉછળી પડી... અને ભાઇને મળવા બેબાકળી થઇને બહાર દોટ મુકી... ખુબ પ્રેમથી મળેલાં ભાઇ-બહેન ઘણા વખતે જાણે ફરી બાઅળકો બની ગયા હોય એવું લાગ્યું. નિરવે નિરાલીની માફી માંગી... નિરાલી એને હાથ પકડીને ઘરમાં લઇ આવી. નિરવે આનંદભાઇને પગે લાગી પછી માનવને પણ પગે લાગવા નીચે નમવા ગયો કે તરત જ માનવે એને પકડી લીધો... નિરવથી કંઇ બોલાયું નહીં પરંતુ એની આંખનાં અશ્રુઓ બધું જ કહી રહ્યા હતા..."હા, પસ્તાવો! વિપુલ ઝરણું સ્વર્ગેથી ઊતર્યું છે... " કલાપીની પંક્તિઓને નિરવે આજે સાર્થક કરી હતી.

# મીઠા જળનું મીન ઉદધીમાં - 12 (નીલમ દોશી)

‘ઓહો.!! શું જુઓ છો?હજુ આ ભજિયા તો એમ જ પડયા છે..!! હજુ ખાધા નથી?”ક્ષણોને ભીની કરી જતો,અંતરને અજવાળી જતો આ ટહુકો ફરી એકવાર કયાંથી છલકયો?
અમી....આ તો અમી નો જ અવાજ...એના જ શબ્દો...! પણ કયાંથી?કેમ? બગીચામાં ખુરશી પર બેસી બંધ આંખે વહી ગયેલ અતીતની મીઠી યાદોમાં ખોવાયેલ આનંદભાઇના કાનમાં ..કે પછી મનમાં ટહુકો ગૂંજયો. વરસાદી સાંજે પોતે બગીચામાં બેઠા હોય..સામે ગરમાગરમ ભજિયાની પ્લેટ પડી હોય અને પોતે ખાવાનું ભૂલીને અમીની આંખમાંથી છલકતા સ્નેહઅમી ને માણી રહ્યા હોય...ત્યારે અમી કૃત્રિમ ગુસ્સાથી હમેશા આ શબ્દો બોલી ઉઠતી.”હજુ ભજિયા તો એમ જ પડયા છે...”આજે પાંચ વરસ બાદ ફરી એ જ અવાજ..એ જ શબ્દો..એજ લહેકા સાથે કયાંથી સંભળાયા?

મીઠા જળની માછલી ખારા દરિયામાં આવી જતાં તરફડી રહે એમ આનંદભાઇ અમી ની યાદે તરફડી રહ્યા. એ ચોંકી ઉઠયા.કેમકે ફરી એકવાર એ શબ્દો તેના કાને અથડાયા..ના,કાને જ અથડાતા હતા..મનમાં નહીં. પળ,દિવસ,વરસની વણથંભી વણઝાર ..સ્મૃતિઓથી છલોછલ હતી.“**જિંદગીનો એ જ સાચો પડઘો છે,**
**હોય ના વ્યક્તિ,ને એનું નામ બોલાયા કરે**”

હા,અમી નું નામ પણ મનઝરૂખામાં સ્મરણોની મેના બની સતત ગૂંજી રહ્યું હતું.કાળનો પ્રવાહ એ યાદને ઝાંખી નહોતો કરી શકયો.મોતી જેમ છીપમાં બંધ રહે તેમ અમી આનંદની હ્રદયછીપમાં સ્મૃતિરૂપે અકબંધ સચવાયેલ હતી.ઘરમાં માનવ,નિરાલી..કોઇ ને દુ:ખ ન થાય..માટે અંતરની સંવેદનાઓને પોતે અંદર જ સંગોપી રાખતા.અને એકાંતની ક્ષણોમાં છીપની એ સ્મરણદાબડી ખોલી અમી સાથે ગોષ્ઠિ કરી રહેતા.જયાં બીજા કોઇને પ્રવેશવાનો અધિકાર નહોતો.એ ચંદ ક્ષણોમાં તે અમીને મહેસૂસ કરી રહેતા.પણ....આજે..આજે અચાનક અમીનો અવાજ કેમ,કયાંથી સંભળાયો? આનંદભાઇ આંખો ચોળી રહ્યા.આ સત્ય છે કે સ્વપ્ન?આવો ભ્રમ કેમ થાય છે?હજુ

પોતે નક્કી કરી શકે તે પહેલાં જ ફરી એક્વાર એ અવાજ ગૂંજયો, ” ઓહો...! દાદાજી,હજુ આટલા ભજિયા પૂરા નથી કર્યા?” અરે...!! આ તો વહાલી અમોલી...લાડલી પૌત્રી..!! અમી ની જ પ્રતિકૃતિ.! પણ હજુ આગળ વિચારે તે પહેલાં જ ચાર વરસની અમોલી આનંદભાઇને સ્નેહથી વળગી રહી અને,”ચાલો,દાદાજી.મોં

ખોલો તો.."કહેતી દાદાના મોં માં ભજિયુ ખોસી રહી."અને આ બધા પૂરા કરવાના છે હોં.! નહીંતર મમ્મીને કહી દઇશ.પછી મમ્મી તમને કેવી ખીજાશે?તે દિવસે દૂધ ન'તા પીતા તો મમ્મી ખીજાણી'તી ને?પછી કેવું પીવું પડયું હતું..!! "નાની અમોલી તાળી પાડતી, ખડખડ હસતી ...દાદાને કહી રહી હતી.અને દાદા એ સ્નેહવારિથી છલકાઇ રહ્યા હતા.

કાલાઘેલા આ શબ્દોમાં જીવતરનો ઉજાસ હતો,મંદિરની ઘંટડીનો મજુલ ગુંજારવ હતો.અંતરની નિર્દોષતા હતી.પરમ પ્રસન્નતાની મીઠી પળો હતી.આનંદભાઇ પૌત્રીના હાસ્યના એ કુવારા માં નહાઇ રહ્યા.સમગ્ર અસ્તિત્વમાં જાણે ચંદનની શીતળતા..અને પરમની પ્રસન્નતા વ્યાપી રહી.

"ચલો..દાદાજી જલ્દી ફીનીશ કરો..હજુ તો આપણે કેટલું રમવાનું બાકી છે.!!" એ હાસ્યગંગામાં નહાતા નહાતા આનંદભાઇ અને અમોલી ફટાફટ ભજિયા પૂરા કરી રહ્યા.જોકે માનવ અને નિરાલીના હ્રદયમાં પણ એ પુનિત સ્મરણોની કલકલ ગંગા કયાં નહોતી વહેતી? બધા એકબીજાને ખુશ રાખવા પોતપોતાની રીતે પ્રયત્ન કરતા.નિરાલી પોતાના મનમાં રહેલ અપરાધભાવ ધોવા આનંદભાઇને જરાયે ઓછું ન આવે માટે સતત જાગૃત રહેતી.દિલની પૂરી સચ્ચાઇથી પપ્પાજીનું ધ્યાન રાખતી.માનવના દિલમાં પણ મમ્મીની યાદનો પ્રકાશ ફેલાયેલ હતો.નિરાલીએ અમીબેન જેટલા જ સ્નેહથી,કુશળતાથી ઘરનો વહીવટ સંભાળી લીધો હતો.અમીબેનનું વ્યક્તિત્વ ઘરમાં ગેરહાજર છતાં હાજર રહેતું.જોકે ત્રણે મેચ્યોર હતા.

અતીતની યાદે દુ:ખી થઇ ને બીજા ને દુ:ખી કરવાને બદલે વર્તમાનમાં જીવી ને જીવનને સાર્થક બનાવતા શીખ્યા હતા. અને એમાં યે અમોલીના આગમને..ઘરને સ્વાભાવિક રીતે જ એક નવો રણકાર આપ્યો.આમેય એક નાનકડું શિશુ ગમે તેવી ઉદાસીને પ્રસન્નતામાં ફેરવી શકે છે.અમોલી હતી પણ એવી જ મીઠી.અમીબેનનો જ અણસાર લઇ ને જાણે અવતરી હતી.અમીની અમોલી ખરેખર આ ઘર માટે અણમોલ વરદાન સમ બની હતી.

ઘરમાં ડોકાતા ઉદાસીના પડછાયાને તેણે દૂર કર્યો હતો.વરસો બાદ શિશુની કિલકારીથી ઘર ગૂંજી ઉઠયું હતું.અમીબેન આ સુખ જોવા હાજર નહોતા.પણ એ જયાં હશે ત્યં એનો આત્મા અમોલી ને આશીર્વાદ આપી જરૂર હરખાતો હશે.એની ખાત્રી દરેક ને હતી.હવે બધાના ધ્યાનનું..સ્નેહનું કેન્દ્ર સ્વાભાવિક રીતે જ અમોલી બની હતી.દાદા,પૌત્રી તો જાણે એકબીજાનો પડછાયો..! આનંદભાઇ અમોલીના સ્નેહવારિમાં

તરબોળ થઇ જીવનની કમી ભૂલાવી શકતા હતા.અને નીરવ..? પસ્તાવાનાં પુનિત ઝરણામાં નહાઇ ને નીરવ જણે ધરમૂળથી બદલાઇ ગયો હતો.”**મનુષ્યના કર્મની કાલિમા ને ધોવા સમર્થ લઘુ અશ્રુ બિંદુ**..”એ ન્યાયે તે જાણે પહેલાનો નીરવ જ નહોતો રહ્યો.તેનો જીવનરાહ બદલાઇ ગયો હતો.પોતાની જાતને તે માફ નહોતો કરી શકતો.પોતાનો પસ્તાવો અમીબેનને પાછો થોડો લાવી શકવાનો છે?

એ અપરાધભાવ તેને ડંખ્યા કરતો.કદાચ પોતાને કોઇ સજા મળી હોત તો..તો વધુ સારું થાત..એમ તે વિચારતો રહેતો.નિરાલી,માનવ કે આનંદભાઇના સારાપણાએ તેને વધુ અસર પહોચાડી.પોતે કેવો તુચ્છ છે..એ અહેસાસ તેના મનમાં સતત છવાયેલ રહેતો.એ અહેસાસ કાઢવા જેમ જેમ માનવ,નિરાલી પ્રયત્નો કરતા તેમ તે પોતાને વધુ અપરાધી સમજતો.તેને લગ્ન કરવા માટે ...બધાએ ખૂબ સમજાવ્યો.પણ તેના મનનો વિષાદ કદાચ સો ટચના સોના જેવો હતો. પણ પોતાને લીધે કોઇ દુ:ખી થાય એ પણ તે નહોતો ઇચ્છતો.

ખૂબ મનોમંથન બાદ તેણે “માનવ પરિવાર”જેવી સંસ્થામાં જોડાઇ જીવન અનાથ,ગરીબ,લાચાર લોકોની સેવામાં સમર્પિત કરી દીધું.શરૂઆતમાં ઘરમાં બધા એ તેને સમજાવી જોયો.પણ પછી જોયું કે નીરવ આમાં ખરેખર દિલથી ખુશ છે.તેથી બધાએ નીરવનો બદલાયેલ જીવનરાહ પ્રેમથી સ્વીકારી લીધો.અને તેણે કંઇ ઘર કયાં છોડયું હતું?આખો દિવસ” માનવ પરિવાર”માં ઉત્સાહથી તે કામ કર્યા કરતો.અને રાત્રે ઘેર આવી બધા સાથે આનંદથી રહેતો.સાત્વિક આનંદનો લહાવો લેવાથી..તે અંતરનો ડંખ પણ દૂર કરી શકયો.અને હવે તો આમાં જ તેને જીવનનું પરમ સુખ લાધ્યું હતું.એક નવી દિશાનો તે યાત્રિક બન્યો હતો.સમાજને એક સાચો માનવ મળ્યો હતો. સાચકલા સુખોની ક્ષણોથી તે જીવતર ઉજાળી રહ્યો હતો.

પોતાનું ને અન્યનું પણ...અને આનંદભાઇને પૌત્રી સાથે હસતા,છલકતા જોઇ માનવ અને નિરાલી પણ ખુશ હતા. આનંદભાઇની નજર સમક્ષ આખોયે અતીત ચલચિત્રના દ્રશ્યની જેમ પસાર થઇ રહ્યો.કદાચ હજુ તે એ યાદોમાં ખોવાઇને થોડીવાર બેસી રહેત.પણ...ત્યાં ”દાદાજી,ચાલો.. હું સંતાઇ જાઉ છું...તમારે મને શોધવાની છે..આંખ બંધ કરો...જો જરાયે જોવાનું નથી હોં...!! નો ચીટીંગ....”કહેતી અમોલી ના ટહુકા દાદાજીને ઝંકૃત કર્યા વિના થોડા રહે?અને દાદાજી એ પૌત્રીની સૂચના મુજબ આંખ બંધ કરી.....અને.....અને દાદાજી ને શું દેખાયું?મીઠા જળનું મીન ઉદધિમાંથી બહાર નીકળી શકવા સમર્થ બન્યું હતું..અને દાદા દીકરીની રમતને નિરાલી અને

માનવ પાછળથી ચૂપચાપ જોઇ રહ્યા.તેમની આંખોમાં....કોઇ નું પ્રતિબિંબ ચમકતું હતું.!!!અમોલીની નાનકડી,ચમકતી હીરાકણી જેવી પાણીદાર, વિશાળ આંખોમાં અમીની યાદનો ભીનો ઉજાસ બધાના હૈયે પ્રગટતો હતો.અને અવસરના ટુકડા જોડાઇ સુખનો ચંદરવો ધીમે ધીમે બંધાઇ રહ્યો હતો

# લીમડે..મોહાયું રે મારુ મન



લેખકો

૧.વિજય શાહ, ૨.અનિલ શાહ,

૩. પ્રભુલાલ ટાટારીઆ"ધુફારી", ૪. સપના મર્ચંટ

જુનુ ઘર ખાલી કરતા હાથમા મારી કોલેજ કાળની ડાયરી હાથમા આવી.. અને સાથે લાવી નવસારીનાં તે લીમડાની રોમાંચક કહાણી..સુનીલ અને નીલમ,સૌમ્ય અને વીણા, સોલ્જર બંધુ શૈલેશ અને સુશીલ અને નાટ્ય હીરો પ્રબોધ અને તેનો પ્રણય ત્રિકોણ...

પોતાની જાતને પ્રેમનો ગુરુ માનતો અને જરુર હોય કે ના હોય એના અનુભવો છુટ્ટા હાથે વહેંચતો...જીવન પ્રકાશ કોલોનીનાં એ ઉદ્યાનમાં લીમડાની નીચે જીમ માટેનો એ ગોળ બાંકડો અમારા કોલેજ કાળની અમારી મુગ્ધતા ( કે બાઘાઈ)નું ગાન સાંભળતો મુક અમારો સાથીદાર.. વાત તો જાણે તેનું રુપ પકડતી હતી સુનીલ અને નીલમ વચ્ચે નજર મૈત્રી હવે હાસ્ય અને કેમ છો થી આગળ વધી ગઈ હતી. આંખ મળતી હોઠ હસતા અને હ્રદય ધબકારા ચુકી જવાની ઘટના હવે લગભગ નિયમીત થઈ ગઈ હતી. અમારા પાંચ વચ્ચે જ્યારે સુનીલની વાત ચર્ચાય ત્યારે સોલ્જર બંધુઓ મહદ અંશે શાંત શ્રોતા હોય..સૌમ્ય અને પ્રબોધ ક્યારેક સુનીલને ચણા નાં ઝાડ ઉપર ચઢાવતા હોય તો ક્યારેક હવે આગળ વધને.. કહી હિંમત અપાવતા. જોકે ગમે તેટલા કલાકો વીતે વાતો બે જ થાય સુનીલમ અને પ્રબોધપ્રિયા..પણ આજની વાત જરા જુદી હતી સોલ્જર બંધુઓ સમાચાર લાવ્યા હતા કે નીલમ તેનુ ઘર બદલે છે અને તેથી સન્નાટો છવાયો હતો.

ખેતીવાડી કોલેજમાં નીલમના બાપુજી ને પ્રમોશન મળ્યુ હતુ ને ક્વાર્ટર પણ.. તેથી જીવનપ્રકાશ કોલોનીનાં રો હાઉસમાં થી તેઓ યુનીવર્સીટીમાં આવેલ સ્ટાફ ક્વાર્ટર્સ માં જવાની વાતમાં હતા.

સુનીલ કહે “યાર! હજી હમણા તો વાત પાટે ચઢી છે ને આ શું નવું બખડ જંતર આવ્યું.”

સૌમ્ય કહે ” હું માનું છું તારે તારા મનની વાત હવે કહી દેવી જોઈએ.”

પ્રબોધ  કહે “મેં જે પ્રિયાને કહ્યું તે પધ્ધતિ અજમાવવી છે?”

સુનીલ કહે ” યાર કેટલી મહેનત ને અંતે તો આ સંવેદના સભર પ્રેમનો મારગ મળ્યો છે  જો ભુલે ચુકે કંઈ ખોટુ થઈ જાય તો ..આ તો પહેલો પ્રેમ છે...

પ્રબોધ કહે “જો મારી પધ્ધતિ એવી છેકે કાંતો આ પાર કે પેલી પાર“

સૌમ્ય કહે " પ્રબોધ હવે તે તબક્કોનથી જ્યાં ના પડે તેથી ખોટા પ્રયત્નો કરવાની જરૂર નથી"

સોલ્જર શૈલેશ કહે..અરે યાર! આટલો ગભરાય છે શું? તુ કહે તો તુ આવ્યો હોય ત્યારે હુ તેને મારા ઘરે બોલાવું અને તુ પેટ છુટી વાત કરી લે..

સુનીલને હજી આ રસ્તો ઉતાવળીયો લાગતો હતો

સૌમ્ય કહે "કાલે એક કામ કરજે..એકાદ  લેક્ચરમાં ગુલ્લો મારજે અને નોટ્સ માંગજે"

સુનીલ કહે-"પછી?"

સૌમ્ય કહે "પછી શું જે હૈયે છે તે બધુ ઠાલવજે પત્રમાં અને પુછી લેજે તુ મને ચાહે તો છેને?"

સુનીલ કહે  " યાર બે વાક્ય તો છે..હું પુછી લઈશ્.."

પ્રબોધ કહે "હું આ જ તો કહેતો હતો..."

સોલ્જર સુશીલ કહે " જબરા બીકણ છો તમે યાર્..ાઅટલુ બધુ ડરવાનું કારણ ખરું કંઈ? ના પાડશે તો કયુ ગામ અને ગરાસ લુંટાઈ જવાનું છે."સૌમ્ય અને સુનીલ બંને ને ગમ્યું નહીં પણ પ્રબોધે હસતા હસતા કહ્યું.. જે પ્રેમમાં ના પડ્યા હોય તેમને ખબર ના પડે..

સોલ્જર શૈલેશ બોલ્યો.. "યાર્. પ્રેમ બ્રેમ તો ઠીક જેને મગજ હોય તે તો એવું કશું જ ના વિચારે.. એક ટ્રૈન છુટી ગઈ તો એની પાછળ બીજી આવશેજ્...."

સૌમ્ય ને ટકોર મારવાની ઈચ્છ્હ થઈ ગઈ ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ શું જાને.. પણ સુનીલની વ્યગ્રતા જોતા તે ગળી ગયો..અને  વાતને જરા વણાંક આપ્યો.."સુનીલ તારી અમેરિકાની અરજીઓ કેટલે પહોંચી?"

" પરિમલ ભાઈ એ આઈ ૨૦ મોકલી દીધી છે ફક્ત પરિક્ષાનું પરિણામ આપુ તેટલી જ વાર છે.

હવે સોલ્જર બંધુઓને ચમકવાનો વારો હતો..યાર ક્યારે અરજી કરી અને ક્યારે આ બધુ થઈ ગયું?

" તુ તો ભણવામાં હોશિયાર છે તને વાંધો નહીં આવે " સૌમ્યે વાતનો દોર આગલ ચલાવતા કહ્યું " તુ હવે તેને કહી જ દે.. ના પાડશે તો અમેરીકા ભેગો અને હા પાડશે તો જેટલા સમય છે તેટલા સમય જિંદગી માણવા જેવી બનાવી દે..."

મનને ગમે તેવુ નિરાકરણ મળ્યુ તેથી સ્વસ્થ થઈને નીલમ નાં ઘર તરફ નજર નાખી તો તે કપડા સુકવતી હતી.

તેને જોઈને સૌમ્ય અને સુનીલ મુછમાં મલક્યાં અને વાતનો દોર પ્રબોધની પ્રિયા તરફ વળ્યો.

પાંચેય મિત્રો નવસારીની ગાર્ડા કોલેજમાં હતા દરેકને દરેકની વાત ખબર હતી તેથી બદલાયેલા વિષયની કોઈને નવાઈ ના લાગી. પ્રિયા કોલેજમાં અને સુપ્રિયા સોસાયટીમાં એમ પ્રબોધ પોતાની મોહક આગવી છટાથી જિંદગી જીવતો હતો જ્યારે સોલ્જર બંધુઓને તે અયોગ્ય લાગતુ..અને ક્યારેક ગણ ગણતા કે બે ઘોડાની સવારી ક્યારે ગબડાવશે ખબર પણ નહીં પડે..

પ્રબોધ તો ફીલ્મી અદા થી કહેતો..**जो हा कहे उसे छोडना नहीं और जो ना कहे उसे छुना नहीं...कया..**

ખૈર સાંજ પડી અને આખુ ટોળુ ઉપડ્યુ મહાદેવ મંદિરે..વીણા અને સુપ્રિયાને મળવા નો સમય હતો ભાઇ...અને સોલ્જર બંધુઓની કહાણી શરુ કરાવવા ભગવાનજીને મસ્કો મારવાનો હતોને?

જે સમયે ટોળી ત્યાં પહોંચી ત્યારે લગભગ આરતી સમય થઈ ગયો હતો શંખ ઘંટ અને નગારાનાં તાલબધ્ધ લયમાં આરતી થતી હતી. શ્રધ્ધાળુઓનાં ટોળામાં પોતના પ્રિય પાત્રોને શોધવામાં ત્રણે મિત્રો મગ્ન હતા અને સોલ્જર બંધુઓ શીવલીંગ ઉપર થતા અર્ચનોને જોઇ રહ્યાં હતા.. સુનીલ..નીલમને શોધી રહ્યો હતો..પ્રબોધ અને સુપ્રિયા બંને તેમના નિર્ધારીત સ્થાને જ હતા તેથી તે નયન મૈત્રી ચાલુ થઇ ગઈ હતી. સોલ્જર બંધુ સ્વસ્થતાથી આરતીનાં શબ્દો શીવલીંગ પર થતા અર્ચનો અને ઘંટનાદ માણી રહ્યા હતા..એકલો સૌમ્ય વ્યથીત હતો...તેને ગમતી વીણા આજે બહુજ ભાવથી આંખ મીંચી આરતીમાં રત હતી.

દસ મીનીટની આરતી પુરી થઈ. બધા પાછા વળવાની તૈયારી કરતા હતા ત્યાં સૌમ્યે પ્રસાદ હાથમાં લેતા ટીખળ કરી.."આજે તો બહુ ભાવથી ભક્તિ કરી છે..ભગવાન જરુર

સ્વપ્નમાં આવી મનવાંચ્છીત ફળ દેનાર છે.” લોકોને ટકોર ના સમજાઈ પણ જેના ઉપર ટકોર હતી તે મલકી..અને સોલ્જર બંધુને ગણીત સમજાયુ. હવે લીમડે જવાની જરૂર નહોંતી છતા સુનીલનો ઉતરેલો મૂડ સુધારવા બધા લીમડે પાછા પહોંચ્યા..

પ્રબોધ કહે મને તો મંદીર દર્શન ફળ્યુ..મારા તો સોમાંથી સો માર્ક. સુપ્રિયા શીવજીનાં દર્શન કરવાને બદલે મને દર્શન વધારે આપતી હતી.સૌમ્ય કહે..યાર મારેતો માંડ પાંત્રીસ માર્ક જેવું થયુ..સુનીલ કહે યાર મારે તો સોમાંથી શુન્ય છે.. નીલમને આજે જ રજા પાડવાની થઈ..દુરથી તેણે નીલમનાં ઘરને જોયુ..ઘરની લાઈટ ચાલુ હતી પણ નીલમ ક્યાંય દેખાતી નહોંતી.

## લીમડે..મોહાયું રે મારુ મન્..(2)

બીજે દિવસે કોલેજ જતી બસમાં સૌમ્ય અને સુનીલ નહોંતા..નીલમ અને વીણા થોડાક વ્યથીત જરુર હતા..પણ બસ આવી અને ઉપડી ત્યાં સુધી રાહ જોયા પછી મનને વાળી લીધુ. પ્રોફેસર માંકડ તેમની અદામાં ભણાવતા રહ્યા. કશુંક વાગે.. લોહી નીકળે પછી શરીરમાં થતી પ્રતિરોધક ક્રીયાની વાતો થતી હતી અને વીનાને તે પરુ અને તેવી વાતોથી ઉબકો આવતો હતો.. જો કે ખરું કારણ તો સૌમ્ય આવ્યો નહોંતો તે જ હતુ..અને નીલમ પણ મૂડમાં નહોંતી.

માંકડ સાહેબનો તાસ પત્યો અને દવે સાહેબ આવે તે પહેલા સૌમ્ય અને સુનીલ વર્ગમાં આવી ગયા હતા.. કદાચ બીજી બસમાં આવ્યા હશે..બંને સખીઓએ એકમેકની સામે હસી લીધુ...

પ્રેમની આ કેવી નજાકત!..કશું જ નથી છતા મનનો માનેલો મીત નજરો થી દુર રહે તો દર્દ થાય અને જેવો નજરે પડેને જાણે મન પરથી મણની શીલા હટી જાય...નીલમે આંખનાં ઇશારે પુછ્યુ પણ ખરું કે શું થયુ..મીઠુ મધ હસીને સુનીલ મૌન રીતે સુ પ્રભાત કહી ગયો...

સૌમ્ય અને સુનીલ ચીઠ્ઠીમાં શું લખવુની જફા કેન્ટીનમાં બેસીને કરતા હતા..સુનીલનું મન કોઈ પણ જોખમ લેવા તૈયાર નહોંતુ તેથી મનની વાત લખતો અને પાછો ક્યાંક વિચાર બદલાય્ કાગળ ફાડી નાખતો..અને બહુ વિચારોનાં અંતે તેણે સૌમ્યને કહ્યું એવું કંઇક લખ્વું છે કે જે વાક્યનાં બે અર્થ નીકળે જો મૈત્રી હોય તો એક અને પ્રેમ હોયતો બીજો અર્થ નીકળે.સૌમ્ય કહે જો તેવી ચતુરી અંગ્રેજીમાં થઈ શકશે..I like you કહીશ તો મૈત્રી જે પ્રેમ માં બદલાઈ શકે અને જો I love you કહીશ તો હકાર કે નકારમા જવાબ મળશે..

સુનીલ કહે સમયનું આકર્ષણ તો છે છતા ધીરી બાપુડીયા.. મને દેવદાસ બહુ જલ્દી નથી બનવં તેણે ગુલાબી કાગળ ઉપર નં ઝાંખા રાતા ગુલાબની નીચે લખ્યુ

युंही तुम मुझसे बात करती हो

या प्यारका इरादा है...

સૌમ્ય સુનીલનાં આ પત્ર થી આફરીન થઈ ગયો...જે તે વિચારતો હતો તે તેણે સરસ રીતે પુછી લીધુ

હવે તે પત્ર ક્યારે આપવો કેવી રીતે આપવો તેની ગોષ્ઠી ચાલી. સુનીલ કહે આજે બસમાંથી ઉતરી તેના ઘરે પહોંચે તે પહેલા તેને આપીશ અને છુટા પડતા કહીશ કે એક પ્રશ્ન તને લખ્યો છે કાલે જવાબ આપજે.

દવે સર પછી દેસાઇ સર અને છેલ્લે પટેલ સરનાં તાસ પત્યા અને બધા કોલેજ્થી બહાર નીકળ્યા. બસ સાવ ખાલી હતી વીણા નીલમ સુપ્રીયાનું ટોળુ નિર્ધારીત જગ્યા એ પાછળ બેઠું અને પ્રમોદ ,સૌમ્ય્ સોલ્જર બંધુઓ અને સુનીલ આગળની સીટમાં બેઠા..

શૈલેશે ટીખળ શરુ કરી..”સૌમ્ય..પછી શું થયુ સ્વપ્નામાં ભગવાન આવ્યા?”સૌમ્યે વીણા તરફ જોયુ અને બોલ્યો ભાઈ એતો જેણે પ્રાર્થના કરી હોય તેને ખબર્..

સુપ્રિયા એ બોલને ઝીલતા બોલી મને કહેતા શરમ આવે છે પણ મને આવી ને તથાસ્તુ કહ્યું હોય તો સૌમ્ય તેનો અર્થ શું થાય્? પ્રબોધ અને સુપ્રિયા વીણાને અને સૌમ્યને જોતા રહ્યા..

સૌમ્ય બોલ્યો..તો તો ભાઈ

પ્યાર હુઆ એકરાર હુઆ ફીર પ્યારસે ક્યું ડરતા હૈ દિલ

એ ગીત ગાવું જોઈએ...

ધમાલ ચાલુ હતી ત્યાં સુશીલ બોલ્યો..અરે ભાઈ લોગ.. આપણો સુનીલ હવે દોઢ બે મહીનાનો મહેમાન છે..પરિક્ષાઓ પછી અમેરિકા જવાનું નક્કી થઈ ગયુ છે

નીલમ સહિત સૌના મોં પર આનંદની સુરખી વહી રહી. જીવનપ્રકાશ રો હાઉસ આવી ગયા સૌમ્ય સુનીલ વીણા અને નીલમ ચાલતા ચાલતા ધીમે આવતા હતા..ત્યારે સૌમ્ય બોલ્યો “વીણા સુપ્રિયા શું કહેતી હતી?”

શરમથી બેવડ વળી જતા જતા તે બોલી ” તારી વાત સાચી છે કાલે સપનામાં હું તારી સાથે ગીત ગાતી હતી..છાનુ તે છપનું કંઇ થાય નહીં!’

સૌમ્ય કહે હા એજ વાત તો હું વારંવાર કહેતો હતો કે પ્રેમ ને છુપાવો નહી.તેને જેટલો છુપાવશો તેટલો તે ઉંચે આકાશે ચઢીને પોકારશે..

વીણા કહે " હું છોકરી છું મારાથી કેવી રીતે કહેવાય..હું કંઈ અલ્લડ નથી કે નથી ઉધ્ધત.." સૌમ્ય કહે " પણ આટલુ કહેવામાં તને છ મહીના લાગ્યા..તો લગ્ન ની વાતો પર ચઢતા તો વરસો લાગશેને?"

વીણા કહે " ગાંડો છે તુ તો...મૌનને તોડવા ધક્કા મારવા પડે પણ એક વખત સ્વિકાર થયા પછી પ્રેમ વારી તો બંને ને સરખા જ ભીજવેને..."

સૌમ્ય..મુગ્ધતા થી વીણાને જોઇ રહ્યો..વીણા ગણગણતી હતી..પ્યાર હુઆ એકરાર હુઆ ફિર ક્યુ ડરતા હૈ દિલ...સૌમ્ય પણ મનમાં એજ ગાતો હતો

બે પ્રેમી પંખીડાને થોડુંક એકાંત આપવા સુનીલ અને નીલમ થોડુક ઝડપથી ચાલ્યા..

સુનીલે વાત શરુ કરતા કહ્યું " મેં સાંભળ્યુ છે તમે લોકો ખેતીવાડી કોલેજમાં રહેવા જવાનાં છો?"

નીલમ્ 'હા સાચી વાત છે મને તો જવું નથી ગમતુ..પણ...'

સુનીલ ' હા નવો પાડોશ અને જુના મિત્રોનો અભાવ બંને તકલીફ દાયક્..'

નીલમ 'તારે અમેરિકા જવાનું થવાનું છે.. ?'

સુનીલે નિઃસાસો નાખતા અને નીલમની નોટ કાઢતા કહ્યું તને શહેરનાં બીજા વિસ્તારમાં જવું નથી ગમતુ જ્યારે મારે તો સાત સમુદ્ર પાર જવાનું છે.. ખૈર્. નોટમાં એક પત્ર મુક્યો છે કાલે વાંચીને જવાબ આપજે...'

લીમડા ઉપર દિવાકર અને વસંત વાતો કરતા હતા..આ કૃષ્ણ કનૈયો અમેરિકાનાં નામે સોસાયટીની સુંદર છોકરીને પડાવી જશે.જમીને આખી ટોળકી ભેગી થઈ ત્યારે વાતોમાં અજબ ઉલ્લાસ હતો..પ્રબોધપ્રીયા અને સુનીલમ પછીનું એક બીજુ જોડુ ઉમેરાતુ હતુ સૌમ્ય અને વીણા

છાનુ ને છપનુ કંઈ થાય નહીં થાય નહીં નાં સુરો ગુંજતા હતા

## લીમડે..મોહાયું રે મારુ મન.. ૩-

લીમડે સૌમ્ય આનંદમાં હતો પણ સુનીલને પેટમાં ઉંડે ઉંડે વળ ઊઠતા હતા..જવાબની રાહ માટે કાઢવાની આ રાત કઠીન બનતી જતી હતી.બાકીની ટોળી ધમાલ કરતી હતી અને ઉદાસ સુનીલને જોઇને પ્રબોધે ગીત ગાવાનું શરૂ કર્યું..

तेरी राहों मे खडे है दिल थामके

हाए हमतो दिवाने तेरे प्यारके...

સુનીલ તો રડુ રડુ થતો રહી ગયો.. સૌમ્યે બાજી સંભાળીને કહ્યું

हम होंगे कामियाब हम होंगे कामियाब एकदिन...

मन्मे है उत्साह्..पुराहै विश्वास हम होंगे काम्याब एक दिन...

તેને થતુ હતું કે તેણે ચીઠ્ઠી આપવા જેવી નહોંતી..તેણે ખ્યાલ રાખવો જોઇતો હતો કે લખેલુ વંચાય્..બોલેલુ ભુલી જવાય્..સૌમ્ય કહેતઓ હતો તેમ જ like you  કહ્યું હોત તો છૂટી જવાત્. હવે શું?

આ બાજુ .. નીલમને એવું એકાંત મળતું જ નહોંતુ જ્યાં તે સુનીલની ચીઠ્ઠી વાંચે.. સાંજ પડી ગઈ લીમડે બેઠા બેઠા મહમદ રફીની છઠ્ઠી પેઢી રાગડા કાઢતા હતા તે સંભળાતા હતાં.. અને તેને હસવુ આવતુ હતુ..જોકે આ બધુ તો રોજનું હતુ...

ક્યારેક તેને આ સૌની સાથે લીમડે બેસીને ધમાલ કરવી અને મસ્તી કરવી ગમતી..પણ મમ્મી નો ગુસ્સો તેને રોકતો...નહાતી ધોતી છોકરી એ આવા ચેન ચાળા ના કરાય્..ને તે સહેમી જતી...

આખરે રાત્રે સમય મળ્યો. ભણવા બેઠી ત્યારે નોટ બુક ખોલી.. સરસ ગુલાબી પેપરમાં રાતું ગુલાબ જોઈ થોડીક રાજી થઈ..હીંદીમાં લખેલું ગીત.. જે ઇજન આપતુ હતુ ત્તે સમજાયુ. પછી થયુ શું જવાબ આપવો? તેનુ મન હરખમાં રમ્માણ થતુ હતુ ત્યાં આશા મમ્મી કશુંક લેવા આવી અને દીકરીને હરખાતા જોઇ પુછ્યુ-' કેમ બેટા શું હરખ નાં  સમાચાર છે?

નીલમ અને આશા બેન એક જ સરખા સ્વભાવના એટલે.. તરત જ નીલમે કહ્યું મમ્મી આ પત્રનો અર્થ શું કરવો?

આશાબેને પત્ર જોઇને કહ્યું સુનીલ છોકરો તો રમુજી અને સરસ છે પણ મને તો ડરપોક લાગે છે.

નીલમ કહે “મને તો સુનીલનો વિનય આમા વધુ લાગે છે.. કંઇક આડુ અવળૂ લખે અને સંપૂર્ણ મને ન ગુમાવી દે તે બધા જ વિચારો છે. ન વહાલી કે પ્રિય જેવુ કોઇ સંબોધન કે નહી નીચે તેનુ નામ્..”

આશા બેન બોલ્યા “એટલે તો હું તેને ડરપોક કહું છું.”

“મમ્મી મારે તો સુનીલને શું જવાબ આપવાનો....”

” જરા ખમી જા આ ઘર બદલાઈ જાય પછી વાત્...”

” મને તો રાહ નથી જોવી..સુનીલ કેવો સરસ છોકરો છે અને એ સામેથી મને પુછાવે છે..તો શું કામ રાહ જોવાની? અને મમ્મી તને ખબર છે તે તો અમેરિકા જતો રહેશે..”

” શું કહે છે?”

“ હા તેના ભાઈએ તેના પેપર કર્યા છે.. આ પરિક્ષા પતી અને તેતો...અમેરિકા જતો રહેશે...”

“સારુ મને તારા પપ્પા સાથે વાત કરવા દે..તુ હમણા શાંત રહેજે...”

“મમ્મી મને તેને જવાબ તો આપવો છે”

“હમણાં બે દિવસ રજા છે. તને સોમવારે કોલેજમાં મળશેને...ત્યાં સુધી બહુ ઉતાવળ સારી નહીં આ તો જિંદગી નો સવાલ છે..’

” મમ્મી...”

” સારુ સારુ હું અને તારા પપ્પા તેના પપ્પા મમ્મી ને મળવા જઈશું..પણ થોડો વિવેક અને સંયમ રાખજે...”

નીલમે બહાર જોયું તો લીમડો ખાલીખમ હતો...રાતનાં અગીયાર થયા હતા..

બીજા દિવસની સવાર ક્યારે પડે અને ક્યારે સુનીલને વધામણા આપુ કે મમ્મી ની હા છે તે ખયાલમાં ઝુમતા ઝુમતા ક્યારે તેની આંખ લાગી ગઈ તેની તેને ખબર ના પડી...

સૌમ્ય અને વીણા જેમ આખી રાત સુઈ ના શક્યા તેમ જ સુનીલ પણ આખી રાત પાસા ઘસતો રહ્યો વહેલી સવારે થોડીક આંખ મળી ત્યાં મમ્મીએ નીચેથી બૂમ પાડી સુનીલ નીચે આવ!

માર્ચ મહીનાની સવાર આમ તો હુંફાળી હોય..પણ સવારનાં પોણા નવ થઇ ગયા હતા.  તેને મો અને બોચી પર પરસેવાની ભીનાશ લાગી. નીચે ઉતર્યો ત્યારે શરીર થાકેલું લાગતુ હતુ..મમ્મીએ ચા હાથમાં આપીને કહ્યું આ તારી  નોટ નીલમ અને વીણા આવીને આપી ગયા છે.

ઠંડકથી ચા પીવાનો ડોળ કર્યો અને મમ્મી જેવી આઘી પાછી થઈને તેણે નોટ ફંફોસવા માંડી..છેલ્લે પાને પેન્સીલથી લખ્યુ હતુ..સુનીલ મને તારા દરેક કાર્યો ગમે છે તેમજ આ પ્રશ્ન પણ ગમ્યો છે. મે આ રીતે કદી વિચાર્યુ નથી...I like you but...

ઊફ! માથુ પકડીને સુનીલ બેસી પડ્યો..

તરત નહાઇ ધોઇને તે લીમડે પહોંચ્યો...હજી સાડા દસ થયા હતા એટલે કોઇ આવ્યુ નહોંતુ.. નીલમનાં ઘર ઉપર મોટુ ખંભાતી તાળુ લટકતુ હતુ...તેને  ખુબ જ ગુસ્સો અવતો હતો અને બીજી બાજુ થતુ હતું કે... આ તો ત્રિશંકુ દશા...હા પણ નહી અને ના પણ નહીં...

થોડીક મને સ્થિરતા પકડી અને તેને થયુ..આટલુ લખતા તેણે કેટલુ વિચાર્યુ હશે..જે દશા ગઇ કાલે સવારે મારી હતી તેજ દશા ગઇ રાત્રે તેની હશે...જેમ હું ધ્યાન રાખતો હતો કે તેનુ માન ના ઘવાય તેજ રીતે તેણે પહેલા વાક્યમાં જ કહી દીધુ..મને તારા દરેક કાર્યો ગમે છે..એટલે મારા મજાકીયા વલણો તેને ગમે છે..

ચાલો એક વાત તો નક્કી થઈ તેને મારી ધમાચકડી ગમે તો છે...દુધમાં મોળવણ પડી ગયુ છે..દહીં થતા થોડોક સમય તો લાગે ને?

લીમડા ઉપર કોઇ હતું નહીં તે વાત તેને માટે અત્યારે રાહત દાયક હતી...તેની વિચારધારા આગળ ચાલી..હવે શું?

“ચિત્તચોર” ચલચિત્રમાં નાયિકાનો પ્રેમ સાચો છે તે માપવા નાયક્ને સલાહ મલે છે કે થોડોક સમય દુર થઈ જા..વિજ્ઞાન કહે છે ને કે લોહચુંબકની પરિક્ષા આકર્ષણથી નહીં..અપાકર્ષણથી થાય છે અને સાંત્વના અનુભવતો તે લીમડો છોડે છે...

## લીમડે..મોહાયું રે મારુ મન્..(4)

શૈલેશ અને સુશીલનું ઘર લીમડાથી ચોખ્ખુ દેખાય જેમ ઉગમણી બાજુ નીલમ અને વીણાનું ઘર દેખાય રેલ ગાડીનાં ડબ્બા જેમ લાઈનસર ગોઠવ્યા હોય તેમ

જીવનપ્રકાશ રો હાઉસીંગ સોસાયટી દુધીયા તળાવની પશ્ચીમે ગોઠવાયેલી હતી. પ્રબોધ થોડેક દુર રોડ તરફે રહેતો હતો અને સુનીલ રો હાઉસીંગનાં સહેજ મોટા વિભાગમાં રહેતો હતો. સુપ્રિયા પ્રબોધને લીધે આવતી જતી પણ તે ગામમાં પટેલ વગામાં રહેતી.

શૈલેશે સુનીલને લીમડે આવતો જોયો હતો પણ તે જ્યારે આવ્યો ત્યારે સુનીલ જતો રહ્યો હતો.સવાર ઢળી રહી હતી અને બપોર નો તાપ  ગરમીને કારણે અનુભવવા માંડ્યો હતો. કોયલ ક્યારેક ક્યારેક ટહુકતી હતી.સૌમ્યને આવતો જોઇ સુશીલ પણ આવ્યો..પ્રભાકર અને તેનો ક્રીકેટ જોડીદાર કલ્પેશ ક્રીકેટની ખપાવતા હતા ત્યારે સૌમ્યે શૈલેશને પ્રશ્ન પુછ્યો..

“સુનીલ આવ્યો?”

“એને આવતા તો જોયો હતો પણ ક્યારે જતો રહ્યો તે મને ખબર ના પડી.”

સુશીલ કહે” સૌમ્ય તને કંઈ ખબર પડી?”

સૌમ્યે પ્રતિ પ્રશ્ન કર્યો.” સહાની ખબર્? કોની ખબર્?”

સુશીલ કહે ” નીલમ અને વીણા સવારે ગુસપુસ કરતા હતા..મેં જોયુ તો વીણા ના પાડતી હતી પણ નીલમ તેને સુનીલને ત્યાં લઈ જવા કહેતી હતી.”

સૌમ્ય ” વીણા તો મને સાંજે મળશે..”

સુનીલ પ્રકરણ કામચલાઉ રીતે શાંત પડ્યુ અને પ્રભાકર અને કલ્પેશ ઘરે ગયા તે સમયે પ્રબોધ આવ્યો...સુપ્રિયા સાથે તેનું પ્રણય પ્રકરણ પૂર બહારમાં હતુ અને નાટ્ય હીરો સ્ટેજ ઉપરની પ્રિયાની વાત લઇને આવ્યો...” યાર્! આપણ ને તો કામ દેવતા રીઝ્યા છે..”

સૌમ્ય શાંત હતો સોલ્જર બંધુ વાત જાણવા ઉત્સુક હતા પણ સુનીલની જેમ કોઇ ચોંક્યું નહી..તેથી પ્રબોધ બોલ્યો...સુનીલ નથીને એટલે વાત કહેવાની મઝા જ નથી આવતી તમે બધા ઓરંગઝેબનાં વંશજો છો...”

સૌમ્ય કહે ” ના સાવ તો એવું નથી પણ અત્યારે ઔરંગઝેબનાં દાદા સલીમની કહાણી ભયજનક ગતિ એ આગળ વધી રહી છે તેથી તે ચિંતામાં બધાં છે.”

" પણ તે આવશે એટલે આપણને ખબર પડશેને? તે નથી તે સમયમાં મારી બીજી પતંગની વાતો જાણો તો ખરા.."

" તે આવીને જતો રહ્યો છે  અને સુશીલ વાત લાવ્યો કે નીલમ તેના ઘરે જવાની હતી..તેથી તો દાદા સલીમની ચિંતા થાય છે"

" પણ તેથી કયો ગામ અને ગરાસ લુંટાઈ જવાનો હતો..."

" ગઇ કાલનાં પ્રકરણ ની તમને ખબર છે?" સૌમ્યે પ્રબોધને પુછ્યુ

'શું થયુ હતુ કાલે? કાલે તો તારી વાતો જોરમાં હતી સૌમ્ય..સુનીલ ક્યાંથી ચિત્રમાં આવી ગયો?"

" ખૈર!" નિઃસાસો નાખતા સૌમ્યે કહ્યું "તે ખુબ જ ડરતો હતો પણ તેને એ જાણવું હતુ કે युंही तुम मुझसे बात करती हो..या कोइ प्यारका इरादा है?"

"એટલે?"

" હા..કાલે આટલુ ચીઠ્ઠીમાં લખી તેણે નીલમને નોટમાં ચિઠ્ઠી આપી હતી."

" યાર! ગજબ રોમાંચીક વળાંક છે આતો....પછી?"

" પછી શું? તે તો ખબર નથી પણ નીલમ આજે તેને ઘેર જવાની હતી તેવા સમાચાર સુશીલ લાવ્યો..છે."

વાત બરોબર જાણ્યાં વિના હવામાં તીર છોડવાનો મતલબ નથી.

" તો એ હીરો..વીણાને જ જઈને પુછી જોને...આ આવે છે."

વીણા એકલી આવતી હતી અને તે પણ લીમડા તરફ એ જોઇને સૌમ્ય થોડોક ગુંચવાયો...

સૌમ્યને જોઇને વીણા કહે "નીલમે એક ચીઠ્ઠી સુનીલને આપી છે તે તેને મળી?"

સૌમ્ય કહે "સુનીલ આવ્યો ત્યારે કોઇ નહોંતુ અને અમે એજ ફીકરમાં છિયે..કે વાત શું છે?"

વીણા કહે " નીલમની મમ્મીએ કહ્યું તેના પપ્પા મમ્મી સુનીલને ત્યાં જવાનાં છે ત્યાં સુધી રાહ જોવા તેણે ચીઠ્ઠીમાં કહ્યું છે."

પ્રબોધ કહે " વીણા તે ચીઠ્ઠી વાંચી હતી? શું લખ્યુ હતુ તે અમને કહેતો જરા અમને પણ સમજ પડે કે હસવું કે રડવું."

વીણા કહે " ના મેં ચીઠ્ઠી તો નથી વાંચી પણ તે ખુબ ખુશ હતી. તેને સુરત જવુ નહોંતુ પણ આશામાસીની મમ્મીનો ફોન આવ્યો તેથી તે ગઈ છે અને સોમવારે પાછી આવી જશે તેમ કહેતી હતી..."

પ્રબોધ કહે " ચાલો હવે સોગીયા મોઢા હળવા કરો અને સુનો મેરી દાસ્તાં..."

શૈલેશ અને સુશીલ વિચારતા હતા આ લોકો કેવા નસીબદાર છે..ભગવાન તેમને સફળ બનાવે...

વીણા અને સૌમ્ય નટરાજ થીયેટરમાં  તાજુ લાગેલું ચલ્ચિત્ર "મેરા નામ જોકર" જોવા ગયા.

સાંજ પડી ગઈ હતી.. સુરજ દાદા તેમનાં રાતા કિરણો વેરી રહ્યાં હતા ત્યારે મુંબઈ જતી ટ્રેનમાં સુનીલ મુંબઈ જતો હતો.....

## લીમડે..મોહ્યું રે મારુ મન્..(5)-સપના મરચંટ

વીણા અને સૌમ્ય પિક્ચર જોઈને બહાર આવ્યા.વીણા ધીરે ધીરે ગણ ગણી રહી હતી,અંગ લગજા બાલમા...સૌમ્ય મલકાયો.ધીમેથી વીણાનો હાથ લઈને દબાવ્યો. વીણાએ સૌમ્યને કહ્યુ -"લાગે છે હવે સુનીલ અને નીલમની વાતનો ફેંસલો આવી જશે.પ્રેમની જીત..થઈ.." વીણાએ ત્રાસી આંખે સૌમ્ય સામે જોયુ. સૌમ્ય ફરી મલકાયો.

રાત્રીના દસ વાગવા આવ્યા હતા. રસ્તો એકદમ સુમસાન હતો.રડ્યા ખડ્યા પિક્ચરમાંથી છૂટનારા જોડાઓ પોતની મસ્તીમાં હતા.આજે વીણા પ્રણયોન્માદમાં હતી. સૌમ્ય થોડો અચકાતો હતો.વીણાનું ઘર આવી ગયું.

મ્યુનીસીપાલટીની ઝાંખી લાઈટમાં બન્ને ક્યાંય સુધી ચુપચાપ ઊભાં રહ્યા.અડધો તુટેલો ચન્દ્ર વાદળની સાથે રમત રમી રહ્યો હતો. વીણાની લટ ઊડીને આંખ ઉપર આવી રહી હતી.સૌમ્ય ધીમેથી લટને હટાવી.પછી જરા નમીને વીણા ના કપાળને ચૂમી લીધુ.વીણા શરમથી ગુલાબી બની ગઈ,અને ગણ ગણી “હું તને ચાહુ છું.”સૌમ્યે આવેશમાં આવી વીણાને ગળે લગાવી દીધી.”હુ પણ તને ચાહુ છું.”

આજે બધાં બંધન તૂટી ગયાં.

હૈયાની વાત હોઠે આવી ગઈ..

મિલનની પળ ક્ષણ ક્ષણ થઈ વહેતી રહી..

વીણાને થયુ મોડું થયુ છે. એ એકદમ સૌમ્યથી અલગ થઈ ગઈને કહ્યુ” કાલે મળીશુ.”

સૌમ્યે એનો હાથ પકડી રાખ્યો.

વીણાએ શરારતથી કહ્યુ”કેમ હવે શું થયુ?”

સૌમ્ય તોફાની અવાજમાં બોલ્યો “અભી ના જાઓ છોડકે..કે દિલ અભી ભરા નહી.”

વીણા હસતી હસતી ઘર તરફ વળી. સૌમ્ય ચાલવા માંડ્યો એના લીમડા તરફ.

બન્ને વિચારતા હતા,

“जो बात बरसो दिलमे दबाके रखी थी,
तेरे छुनेसे फिसल गई दिलसे एसे,
जैसे झिलकी मछली फिसल जाती है हाथोसे.

સુશીલ, શૈલેશ અને પ્રબોધ લીમડે હતા. સૌમ્યને આવતો જોઇ પ્રબોધ બોલ્યો...

કહે ” સૌમ્ય.. થઈ ગયોને હીરો..કે પછી હજી છે ઝીરો?”

“હું તો યાર ક્યારે ઝીરો હતો?...હું તો હરદમ નો હીરો જ છુંને... યાર મઝા આવી ગઈ.. હવે તો કાલની સાંજ ક્યારે પડે તેજ ઇંતજાર છે..”

“એટલે શું થયું તે તો કહે..” સુશીલને બધુ જાણવાની ખુબ ઉતાવળ હતી..ત્યાં પ્રબોધ બોલ્યો જરા શાંતી રાખ એ બધુ કહેવા તો અહિં આવ્યો છે..પહેલે પહેલે પ્યારમાં એકરારની મઝા અને પછી સહેવી પડશે જુદાઈ ની વ્યથા”.

સૌમ્ય પ્રબોધને બહુ આદર થી જોઈ રહ્યો..”યાર સાચે જ તુ મનની વાત કહ્યા પહેલા જાણી લે છે”,

પ્રબોધ કહે – જ્યારે આગ બંને તરફથી સરખી લાગી હોય ..લક્ષ્મી ચાંદલો કરવા આવી હોય ત્યારે ત્યારે મો ધોવા ના જવાય.. હા આ પ્રેમની ઉન્માદી ક્ષણો જિંદગીભરની મૂડી ત્યારે બને જ્યારે તે પ્રેમ લગ્નજીવનમાં પરિણમે...”

” હા પ્રબોધ્. હવે નાની મુલાકાતો આખી જિંદગી ની યાદો બને તેટલુ જ પુરતુ નથી..વીણાની સાથે આખી જિંદગી તેનો બનીને રહેવું મને ગમશે..”

‘અરે વાહ્! હીરો તુ તો સાચે જ પ્રેમરોગ લઈને બેસી ગયો..”

સુશીલ કહે-” પણ થીયેટરનાં એકાંતોમાં તમે કર્યું શું?

સુશીલની ઇંતજારી જોઇને પ્રબોધ બોલ્યો....”ભાઈ આપણે તો ટ્રેલર જોવાનું..પીક્ચર તો માહીં પડ્યા હોયે તે માણે...તે કહે તેટલુ સાંભળવાનુ અને પછી..કલ્પનાનાં ઝુલે ઝુલતા રહેવાનું ”

સૌમ્યે પહેલી મુલાકાતની થોડીક વાતો કરી અને બધા ખુબ જ હસ્યા જ્યારે..અભી ના જાઓ છોડકે ની વાત કહી..સૌ આનંદમાં હતા અને ત્યાં સૌમ્યે પુછ્યું-

’સુનીલનાં શું સમાચાર છે?”

શૈલેશ કહે “તે તો મુંબઈ ગયો છે..અને અરવિંદભાઇ અને આશાબેન કાલે તેન ઘરે જવાના છે.”

“સોલ્જર  સમાચાર પાકા છે?”

“હા અરવિંદભાઇએ મને સુનીલનાં ઘરનો નંબર પુછ્યો હતો ત્યારે મે તે આપીને કહ્યું હતું કે સુનીલ તો મુંબઈ ગયો છે ત્યારે હસતા હસતા આશાબેન બોલ્યા ચાલો તે એક રીતે સારુ છે વડીલોને સંદર્ભો ઉકેલવા સરળ પડશે..”

સૌમ્ય કહે ” આ સારુ નથી થતુ દોસ્ત્..નીલમ સુરત છે સુનીલ મુંબઈ અને તેના પપ્પા મમ્મીને કંઇ ખબર નથી”

સુશીલ કહે મારી પાસે સુનીલનો મુંબઈનો ફોન નંબર છે અને નીલમનો સુરતનો...

ચાલો તો કાલે સવારે બંને ઠેકાણે વાત કરીને પરિસ્થિતિનો તાગ કાઢી લઈશુ..

પ્રબોધ કહે સંદર્ભો ઉકેલવામાં જોખમ તો બહુ છે અત્યારે વાત કરીયે તો?

“સુનીલ હજી ટ્રેનમાં હશે...તે તો મળસ્કે ૪ વાગે પહોંચશે..”શૈલેશે ચિંતા યુક્ત અવાજમાં કહ્યું

## લીમડે..મોહ્યું રે મારુ મન્.. (6)-અનીલ શાહ

બીજે દિવસે અરવિદભાઇ અને આશાબેન સુનીલને ત્યાં પહોંચ્યા ત્યારે સુનીલના પપ્પા અને મમ્મીને નવાઈ લાગી. આમ કોલોનીના વસવાટ દરમ્યાન જોયા તો હોય પણ કોઈ પ્રસંગ  વિના અચાનક આવ્યા તેથી ખચકાટ અનુભવ્યો. નીલમ ગઈ કાલે આવી ત્યારે પણ આવો જ અનુભવ થયો હતો. સુનીલની મમ્મીને થોડીક શંકા  થઈ કે સુનીલને વિષે કોઇ ફરિયાદ તો નહિ હોયને...
ઘરમાં આવીને બેઠા થોડી અલક મલકની વાતો કરી ચા પીતાં પીતાં અરવિન્દભાઈ

બોલ્યા “નીલમ અને સુનીલ સાથે ભણે છે તેથી સુનીલ આગળ હવે શું કરવાનો છે તે જાણવામાં મને રસ હતો.”

સુનીલના મમ્મી કહે “પરિમલ તેને માટે પેપર તો કરે છે પણ મને એમ હતું કે બંને છોકરા ત્યાં રહેવા જાય તો અમને ઘડપણમા કોણ પાલવે?”
” ભણવામાં હોશિયાર છે તેથી મેં તો સુનીલ પર છોડ્યું છે ” સુનીલના પપ્પાએ બીજો સુર પુરાવ્યો.
આશાબહેન કહે “સુનીલ છે કયાં?”
સુનીલના મમ્મી કહે -”કાલે ફોન કરી મુંબઈ ગયો છે કોઈ ઇટરવ્યુ આપવા ગયો છે..મેં કહ્યું પણ ખરું કે હજી પરિક્ષા પતી નથી અને આ સામી પરિક્ષાએ આ શું નવું તૂત કાઢ્યું તો મને કહે મમ્મી આ કંપની સારી છે અને મને  તક મળી છે તો જઇ આવું..”
“સુનીલ સાથે વાત કરવી હોય તો ત્યાંનો કોઈ નંબર છે?” આશા બહેનનાં  પ્રશ્નથી હવે ચોંકવાનો  વારો સુનીલના મમ્મી પપ્પાનો હતો...
” સહેજ ફોડ પાડીને વાત કરો તો સમજ પડે.કાલે સવારે નીલમ અને વીણા આવ્યા હતા અને આજે તમે..  સુનીલે કંઈ કર્યું છે કે શું? “
“નારે ના આતો અમે ખેતીવાડી કોલેજમાં રહેવા જઈએ છે અને નીલમને તે ખબર નથી અને કંઈ કામ પડે તો...”

આખી દુનિયાની બીજી ત્રીજી વાતો કરીને છુટા પડ્યા ત્યારે બે વાતો નક્કી થઇ ગઈ હતી સુનીલનુ ઘર સારું અને અમેરિકા જવાની શક્યતા છે.
અરવીંદભાઈ એ જતા જતા સુનીલના પપ્પાને કહ્યું નીલમને પણ તેઓ અમેરિકા મોકલવા માંગે છે તેથી સુનીલનું જે યુનીવર્સીટી માં નક્કી થાય તેના વિષે જાણ કરજો અને આવતા જતા રહેજો.

સુનીલની મમ્મી માની નહોંતી શકતી કે નીલમના પપ્પા મમ્મી  કોઈ વાર નહિ તહેવાર નહિ અને ખાલી જાણવા આવ્યા હોય કે સુનીલ શું કરવાનો છે તે વાતનો કોઈ તાળો બેસતો નહોંતો.પણ મનો મન રાજી જરૂર થઇ કે નીલમની વાત કરવા આવ્યા હોય તોતો સુનીલના ભાગ્ય ઉઘડી ગયા...દેખાવે તો નીલમ બહુજ સુંદર છે પણ કયાં તે બ્રાહ્મણ  અને આપણે પટેલ..

આશાબેન ઘરે જતા જતા બોલ્યા મારી દીકરીને પણ આ જબરું સુઝ્યું... અમેરિકા જવાનો અને સુખી જીવન જીવવાનો આ કેવો ટૂંકો રસ્તો સુઝ્યો. અરવીંદભાઈને આશાની વાતોથી ઉચાટ થતો હતો..પરિમલ તેમના મિત્ર નરેશની પુત્રી શિલ્પાને લગ્ન કરવાની વાત કરીને અમેરિકા ગયો હતો અને તેને જે રીતે ખબર છે તે પ્રમાણે તે તો ભણીને પાછો આવવાનો છે તે સુનીલને કેવી રીતે બોલાવે છે અને આટલે દુર દીકરીને નજરથી દુર કરવાનું તેમને ગમતું નહોતુ..

લીમડે અગિયારને ટકોરે સૌમ્ય બે સમાચાર લઈને આવ્યો નીલમના પપ્પા મમ્મી સુનીલને ત્યાં જઇ આવ્યા છે અને કોઈ ગરબડ થઈ નથી વીણા નીલમને સંપર્ક સાધવા માંથી રહી છે ... સોલ્જર બંધુ આમતો જોડિયા ભાઈઓ જેમાં શૈલેશ દસ મિનીટ નાનો પણ સુશીલ કરતા વધુ વહેવારીયો .
થોડીક વાતો થઇ અને બોલ્યો
“આ સુનીલ પાચ મિનીટ રોકાયો હોત તો તેને બધુજ સમજાવી દીધું હોત..”
શૈલેશ કહે “બધું એટલે?”
“લોઢું જ્યારે ગરમ હોય ત્યારે ગામ બહાર ના જવાય.”
શૈલેશ કહે ” ચીઠ્ઠીમા શું લખ્યું છે એટલું વીણા ને કહ્યું હોત તો પણ આ દ્વિધા ના રહેત.”
પ્રબોધ બંને ભાઈઓની વાત અને ચિંતા સમજે છે અને કહે છે
“રહસ્ય મારા દોસ્ત રહસ્ય.. સોનું જેટલું તપશે તેટલું વધારે નીખરશે...”

આ બાજુ તપતું સોનું એટલે કે સુનીલ મહાલક્ષ્મીના દરિયા કિનારા ઉપર પછડાતા દરિયાની મોજાંને જોતો અને પ્રભુને એક જ પ્રશ્ન પુછતો હતો.. આ જવાબ હા નથી અને ના પણ નથી તો જવાબ શું છે.એક વખત તો તેને દરિયામાં કુદી પડું તેવું થઇ ગયુ...કદાચ જો ના હોય તો કેમ જીવાશે આટલી લાંબી જિંદગી..પણ ફરીથી એજ વાતો મનમાં પડઘાતી..સુનીલ મને તારા દરેક કાર્યો ગમે છે તેમજ આ પ્રશ્ન પણ ગમ્યો છે. મે આ રીતે કદી વિચાર્યું નથી...I like you but.....

આ બટ મને પાગલ કરે છે...બટ કેમ્. તેને કટ કર ઓ નીલમ તેને કટ કર્...તીવ્રતાથી બુમો પાડી પાડીને ગગન ગુંજાવી દેવાની તીવ્ર ઇચ્છાને તે દબાવવા ગયો પણ આંખો આંસુઓ થી ભરાઈ ગઈ. તેની પીડાઓને વાચા આપતો હોય તેમ રેડીઓ ગુંજતો હતો..

तडप तडप के इस दीलसे आह नीकलती रही...

## લીમડે..મોહાયું રે મારુ મન્.. (7) પ્રભુલાલ ટાટારીઆ "ધુફારી"

લીમડેથી આવ્યા બાદ પોતાને પ્રેમગુરૂ માનતા પ્રબોધનું મન ચગડોળે ચડી ગયું હતું. સૌમ્ય અને વીણાનું તો હવે પાકું જ છે અને આ નીલમ અને સુનીલનું પણ કદાચ પાકું જ થઇ જાય તો મારે શું કરવું?લગ્ન નક્કી થાય તો હનિમુન માટે બધા મિત્રો સાથે જ જાય તો આનંદ બેવડાઇ જાય. પ્રબોધ વિચારે ચડી ગયો કે,પ્રિયા કે સુપ્રિયા એ ગડમથલમાં તેની આંખ સહેજ મળી ગઇ.એકાએક તેને તરસનો અનુભવ થયો અને પાણી પીવા કિચન તરફ જતો હતો ત્યારે મમ્મીનો અવાજ સંભળાયો

"કહું છું સાંભળો છો?"

“હા..બોલ!!”

“આજે પ્રબોધનો રૂમ સાફ કરતાં એના રૂમમાં ચોપડા વચ્ચે એક ડાયરી મળી.બધુ બરોબર ગોઠવતાં મારા હાથમાંથી પડી ગઇ”

“હાં...તો???”

“એમાંથી મને બે છોકરીના ફોટા મળ્યા”

“ફોટા????..કોના???”

“એકતો પેલી સુપ્રિયાનો હતો અને બીજો કોનો છે ખબર નથી”

“હં.....”

“સુપ્રિયા તો દેખાવડી છે અને બીજી પણ ઓછી નથી”

“મતલબ કે કંઇ છાનગપતિયા કરે છે”

“તો????”

“મને આવા વેવલા વેડા પસંદ નથી”

“પણ આપણે એને પુછી લઇએ તો?”

“કંઇ જરૂર નથી.આ બધા ક્ષણભરના આવેગ છે,સાચા રંગ તો પનારો પડે ત્યારે ખબર પડે”

“પણ આ સુપ્રિયા તો આપણી સોસાયટીમાં જ રહે છે”

“હા...તો?”

“કહો તો આજુબાજુ તપાસ કરાવું?”

“કહ્યુંને કંઇ જરૂર મને દિનકરભાઇની દિકરી અદિતી માટે માંગુ આવ્યુ છે તો બીલીમોરા જઈને પ્રબોધને અદિતી બતાવી દઉ-

“અદિતી.....”

“હા...રાત બહુ થઇ ગઇ છે સુઇ જા”

મિત્રો પર પ્રેમગુરૂના પ્રભાવ પાથરવાનો અભિનય કરનાર આ નાટકિયા પ્રબોધનું ઘરમાં કાંઇ ઉપજ્તું નહોતું.એ વાત સૌ મિત્રોને અજાણ રાખવામાં સફળ થયેલ આ અભિનેતા પર તો માવિત્રોના શબ્દો સાંભળીને વિજળી પડી હતી.તારામૈત્રક જ હતું પ્રિયા અને સુપ્રિયા સાથે એનાથી વિશેષ કંઇ નહી.આ બન્ને સાથે પ્રણયફાગ તો ખેલાયા ન્હોતા કંઇક કર પ્રબોધ કંઇક કર નહીતર પ્રેમગુરૂના પદને લાંછન જ લાગશે અને પેલા સૌલજરબંધુઓ.....ઉફ હવે પોતે પ્રચલિત કરેલ जो हां कहे उसे छोडना नही और जो ना कहे उसे छुना नही क्या..ઉક્તિને આખરી ઓપ આપવાનો, સાર્થક કરવાનો સમય પાકી ગયો છે.

બીજા દિવસે નાટકના રિહર્સલ દરમ્યાન એક સંવાદ “હું આખી જિન્દગી તમારી સખી થઇને રહી શકું?” નાટકના એક સંવાદ તરીકે સાહજીક બોલાયેલા પ્રિયાના આ શબ્દોમાં પ્રબોધને પ્રિયાનું ઇજન દેખાયું.સંવાદ બોલતી પ્રિયાને “તથાસ્તુ” કહીને પ્રબોધે ખભેથી પકડીને જકડીને પોતાના અંગ સરસી ચાંપી અને પ્રિયા કે ડાયરેક્ટર પાઠક કંઇ સમજે તે પહેલાં તો પ્રબોધના હાથ અડપલુ કરી ગયા.

“કટ કટ કટ....”ડાયરેક્ટર પાઠક ના શબ્દો સાથે જ

“છટ...પ્રબોધ આ શું કરે છે.....?”કહી પ્રિયાએ પોતાને છોડાવવાની કોશીશ કરી પણ મદહોશ થયેલ પ્રબોધ તેણીને જકડવા મથ્યો અને અને પ્રિયાએ પોતાને છોડાવીને પ્રબોધને ગાલે એક લાફો મારી દીધો અને પગ પછાડીને

“હું હવે આ પછી નાટકમાં કામ નહી કરૂં”પાઠકને કહી આંસુ ભરેલી આંખે જતી રહી. સહકલાકરો આ બધું જોઇ સ્તબ્ધ થઇ ગયા.પ્રબોધને પોતાની ભૂલનું ભાન થયું ત્યારે ઘણું મોડું થઇ ગયું હતું.પાઠક માથું પકડીને બોલ્યા

“સત્યાનાશ.....”

“સોરી પાઠક સાહેબ....”કહી પ્રબોધ પાઠકના પાસે બેસીને તેમના ગોઠણ પકડી લીધા.

“શું સોરી નવસારી અને સુરતમાં આ નાટકના પ્રયોગો થવાના હતા,ખબર છે તારા લીધે કેટલી બદનામી અને નુકશાની થશે તેનો અંદાઝ છે? પાઠકના પેક-અપ શબ્દો પડતા પાઠક અને સહ્કલાકારો બહાર નીકળી ગયા.

પ્રબોધ કેટલીવાર સુધી શુન્યમનસ્ક બેઠો રહ્યો થોડીવારે એ પરાજીત પ્રેમીએ ઢીલા પગે ઘરની વાટ પકડી.રસ્તામાં પડ્તી સોફ્ટડ્રીંક્ની આડમાં બિયર વેંચતા મહમ્મદની દુકાનેથી બે ડબ્બા બીયરના લઇ લીધા. ઘેર આવ્યો ત્યારે ઘેર કોઇ ન્હોતું એટલે તેને થોડી ધરપત થઇ.ફ્રીઝમાંથી આઇસટ્રે કાઢીને એક મોટા મગમાં આઇસક્યુબ નાખીને બીયર રેડ્યું.અર્ધો મગ પિવાયો હશે ત્યાં બારણાંમાં સુપ્રિયા દેખાઇ.

“આવ સુપ્રિયા.....” કહી પ્રબોધે સુપ્રિયાનો હાથ પકડી લીધો અને પાસે ખેંચી.

સુપ્રિયા સોફાના હેન્ડલ પર બેઠી ને પુછ્યું

“આ શું તું બીયર પીએ છે?” પારસદર્શક મગમાંનું પ્રવાહી પારખીને કહ્યું

“અરે નહી....આ તો જવનું પાણી છે બે ઘુંટ તું પણ ભરીલે”પ્રબોધે તેના હોઠે મગ અડાડયો

“છ્ટ મારે નથી પીવું”કહી  તે જવા લાગી તો પ્રબોધે તેણીનો હાથ પકડી પોતા તરફ ખેંચતાં કહ્યું

“अभि ना जाओ छोडकर अभि तो दिल भरा नही.....”સુપ્રિયાએ તેની આંખમાં રમતા વાસના ના સાપોલિયા જોયા અને તેણી હાથ છોડાવવા મથી ત્યારે પ્રબોધને સુપ્રિયામાં પ્રિયા દેખાઇ એટલે તેણે તેણીને વધુ પાસે ખેંચી.

“છ્ટ મુક મને તું ભાનમાં નથી.....”પણ પ્રબોધની પકડ ઢીલી ન થતાં એક ઝાટકો મારી પ્રબોધને ધક્કો મારીને જતી રહી.પ્રબોધને હવે ભાન થયું કે આ શું થઇ ગયું.

“જાવ જન્હમમાં તમે બંને...”કહી બાકીનો બિયર એક જ શ્વાસે ગળામાં ઠાલવ્યું

“મારી સગલીઓ પહેલાં પ્રેમના ઇજન આપે છે અને પછી સતી સાવીત્રીના ઢોંગ કરે છે”કહી પ્રબોધે બીજું કેન ખોલ્યું અને ખાલી મગમાં આઇસક્યુબ નાખીને ફરી ભર્યું. ક્યારે બે ડબ્બા પિવાઇ ગયાને ક્યારે એ સોફાપર ઢળી પડ્યો તેનું તેને ભાન ન રહ્યું

બહારથી આવેલા અશોકભાઇ અને અલકાબેન બારણાં ખુલ્લા જોઇ બુમ પાડી

“પ્રબોધ....!!!!!!”

કંઇ જવાબ ન મળ્યો એકએક અશોકભાઇની નજર સોફાપર પડી.બેહોશ પ્રબોધ અને ટીપોય પર પડેલા બે બિયરના ખાલી ડબલા આઇસક્યુબની ટ્રે અને ખાલી મગને ઘડીભર જોઇ રહ્યા

“આ...આ...જો અલકા તારા નંગના પરાક્રમ નાટકિયો તો હતો જ બસ આ જ વાતની ઓછ હતી.....”ટીપોય તરફ આંગળી ચીંધતા આશોકભાઇએ ગુસ્સા ભરેલા અવાઝે બોલ્યા.

“હાય રામ આ તેને શું સુઝ્યું....!!!!!”અલકા બેન બધું ભેગું કરતાં બોલ્યા

“હવે ઝાઝો ટાઇમ ગુમાવવાની જરૂર નથી,બીજું કંઇ અજુગતું કરે અને વાત વાયરે વહેતી થાય એ પહેલા જ હું કાલે દિનકરભાઇ સાથે વાત કરીને આ નંગને સમયસર થાળે પાડવાની વ્યવસ્થા કરૂં છું .....નાલાયક ક્યાંનો! કહી અશોકભાઇ જતાં રહ્યાં.

પથારીમાં પડયા બાદ બન્નેમાંથી કોઇ કંઇ બોલ્યું નહી પણ આખી રાત પાસા ઘસતાં ખુલ્લી આંખે વિતાવી.

## લીમડે મોહ્યુ રે મારું મન(૮)-સપના મર્ચંટ

સૌમ્ય અને વીણા રોજ ના રુટીન પ્રમાણે  સાંજ ના સમયે મળ્યા.

સૌમ્ય હાથમાં નાનુ કેકટસનું કુંડુ લાવ્યો હતો..કેકટસ ઉપર રાતુ કેકટસ્નું એક ફુલ હતુ. અને તે બોલ્યો

“વીણા આ મારું રાતુ ગુલાબ તને આજ સાંજ ની ભેટ”

વીણાએ સૌમ્યને કહ્યુ” સૌમ્ય! ક્યારે ગંભીર થઈશ”

સૌમ્યએ હસીને કહ્યુ"હુ ગંભીર જ છું."
'આ કેકટસ છે ગુલાબ નથી."વીણા બોલી.
"મને ખબર છે તેથી તો તને આપ્યું છે."

"સૌમ્ય્ મને તો આ તારી વાત કોયડા જેવી લાગે છે.."

"થોડો વિચાર કર્..ગુલાબ લાલ હોય છે "

'હા'

તેને કાંટા હોય છે? "

"હા"

"ગુલાબ આપવાનો રિવાજ કેમ પડ્યો અને કેક્ટસ આપવાનો રિવાજ કેમ ન પડ્યો જરા કારણ કહે."

"પુરુષ કાંટા જેવો હોય તો પણ તેના કાંટા નહી જોવાના પણ તેનું રાતુ ધબકતુ હ્રદય જોવાનુ..."

" અરે વાહ રે રાજ્જા તુ તો સરસ કવિતા બનાવી ગયોને.."

પ્રેમ માં પહેલ કવિ બને અને પછી પાગલ એતો ખબર છે ને?"

" હા તો?"

હવે બીજું પગથીયુ...લગ્ન..

"એના માટે આપણે આપણા માબાપને જણાવવું પડશે."
"હું મારાં મમ્મી પપ્પાને તારે ત્યાં મોકલીશ તારો હાથ માંગવા."સૌમ્ય હસ્યોને અને ફરી બોલ્યો"તને આખે આખી માંગવા."
વીણા શરમાઈ ગઈ."જો સોમુ,લાડથી બોલી,"જો હું તારા મમ્મીપપ્પાને પસંદ ના પડી તો? અથવા મારા મમ્મી પપ્પાએ ના પાડી તો?"

"તો હું તને પૃથ્વી રાજની જેમ ભગાડીને લઈ જઈશ."સૌમ્ય ખડ્ખડાટ હસ્યો.

સપનામાં ખોવાઈને બેસી રહેવું એક પ્રેમનો લહાવો છે.શબ્દો જે વાત કરી નથી શકતા,એ વાત મૌન કરી દે છે.

સાંજ હવે લીમડે જવાને બદલે ગાંધી પાર્કમાં વહેતી હતી અહીં પણ લીમડો હતો.. પન બહુ ચહલ પહલ નહોંતી લીમડા ઉપર પક્ષીઓ મધુર ગીતો ગાય રહ્યા હતા.ઠંડી હવાની લહેરખી વીણાનો દુપટો લહેરાવતો હતો.સાંજ ના લાલ પ્રકાશમાં વીણા ખૂબ જ સુંદર લાગી રહી હતી.સૌમ્યનાં હાથમાં વીણાનો હાથ હતો.દૂર રેડિયો ઉપર ગીત વાગી રહ્યુ હતું"हाथोमें पीया तेरा हाथ रहे..जीवनमे पीया तेरा साथ रहे..."
"હા, હવે મારાથી પણ તારાથી દૂર રહેવું મુશ્કેલ છે."વીણા લાગણીવશ થઈને બોલી. સૌમ્ય બોલ્યો"મેડમ, અભી તો ઈશ્કકે ઈમ્તેહા ઔર ભી હૈ."

"એટલે?"

તુ બહુ શરમાયા ના કર્. હું સ્વજન થી પણ આગળ સાજન થવા મથુ છું અને આ શું પપ્પા મમ્મી ની વાતો લઈને તુ બેઠી છે.

"આ મારા પ્રશ્ન નો જવાબ નથી"

'પ્રેમ સફળ થવો એકરાર થવો અને સાથે સાથે રહેવાની સોગંદ ખાધી તેથી વાત પુરી નથી થતી..હા એક રસપ્રદ તબક્કો શરુ થયો..મારે ભણી ને નોકરી શોધવાની પગભર થવાનું અને તને ગમતુ સુંદર ઘર આપવાનું. તુ તેને સજાવ અને ગા મહેલોકી રાની હું મૈ..વગેરે વગેરે ઘણી ઇમ્તેહા બાકી છે.."

થોડી વાર રહી ને વીણા ફરી બોલી "મારા પપ્પા અને તુ લગભગ એક સરખી વાતો કરો છો"

અરે યાર રાજેશ ખન્ના કે રાજેન્દ્ર કુમાર સાથે સરખાવને ક્યાં તારા પપ્પા સાથે સરખાવે છે?

'એ મારી મમ્મીને કેવી રીતે કેટલા દુનિયાનાં સુખો અપાવુ તે જ વિચારત હોય છે..અને તુ પણ મને એમની જેમ જ કહે છે કે મહેલોકી રાની હું મૈ..ગા.."

જો વીણા પ્રેમનું નામ જ છે આપવું..જે પ્રેમ હક્ક કરે ફરજો બતાવે તે પ્રેમ નહી વહેવાર્.."

સૌમ્યની વાતો વીણાને મંત્રમુગ્ધ કરતી રહી...સાંજ ઢળતી રહી...

માથે આવતી પરિક્ષાઓ માટેની તૈયારી કરવાનાં નિર્ણય સાથે તેઓ મહાદેવ તરફ જવા નીકળ્યા...

## લીમડે..મોહાયું રે મારુ મન્.. (9) -પ્રભુલાલ ટાટારીઆ"ધુફારી"

બીજા દિવસે તૈયાર થતા અશોકભાઇએ બુમ પાડી

"અલકા ઓલા કપાતરને ઉઠાડ અને કહે જલ્દી તૈયાર થઇ જાય એટલે પહેલી ગાડીમાં બિલ્લીમોરા જઇને દિનકરભાઇ સાથે જઇને આજેજ વાત પાકી કરી આવું બન્ને એક બીજાને જોઇ લે એટલે આ અઠવાડિએ ચાર ફેરા ફેરવી લઇએ **शुभ्रस्य शिघ्रम्**

પ્રબોધ તૈયાર થઇને નીચે આવ્યો એટલે બાપ દીકરો બસસ્ટેશનના રસ્તે પડયા.

રોજના સમયે બસ આવી રોજના નિયમ પ્રમાણે એક સીટમાં સુશીલ અને સૌમ્ય ગોઠવાયા બીજીમાં સૌલજર બંધુઓ ,વીણા,અને સુપ્રિયા પાછલી સીટમાં ગોઠવાઇ એક પ્રબોધ દેખાયો નહી.સૌલજર બંધુમાંથી વાચાળ સુશીલે સુપ્રિયા તરફ જોતાં કહ્યું

“કેમ આ જે આપણાં પ્રેમગુરૂ દેખાયા નહી?” સુપ્રિયાએ કોઇ પ્રતિભાવ ન આપ્યો એટલે એણે સૌમ્ય તરફ જોયું સૌમ્યે પણ જવાબમાં ખભા ઉલાડયા.

“સુપ્રિયા તારો હીરો ક્યાં છે....???”તેણીએ પણ જવાબ ન આપ્યો.એટલે સૌલજર બંધુ એક બીજા સામે પ્રશ્નાર્થે જોયું

“કમાલ છે કોઇને ખબર નથી...”સૌમ્ય બધા તરફ જોતાં કહ્યું

“હવે મુકને પંચાત...”સદા શાંત રહેતા શૈલેષે કહ્યું

ક્લાસમાં વીણા ખુશ જણાતી હતી.પ્રિયા અને સુપ્રિયા એક બીજા સામે જોયું પ્રિયાએ સુપ્રિયાને તાસ પુરો થતાં બારણાં તરફ ઇશારો કર્યો અને બન્ને કેન્ટીનમાં ગયા. સદા કેન્ટીનરૂમમાં વચ્ચો વચ્ચ બેસનારી બન્ને સખીઓ એક ખુણાની ટેબલ પાસે ગોઠવાઇ.બન્ને માંથી કોણ વાત કરે તેની ગડમથલમાં એક બીજા સામે તાકી રહી.પ્રિયા અને સુપ્રિયાને બહાર જતી જોઇ વીણા ને વ્હેમ ગયો કે,કશુંક તો છે એટલે બન્ને કેન્ટીનમાં પાછળ પાછળ જ આવી.ખુરશી ખેંચી બન્ને તેણીઓ સાથે જોડાઇ ત્યારે વીણાએ વાત ઉપાડી

“સદા હાસ્ય વેરતી સખીઓ વાત શું છે???”

“.....” પ્રિયા અને સુપ્રિયા એક બીજા સામે જોવા લાગી જાણે કહેતી હોય તું શરૂઆત કર્.

“પ્રિયા તું કહે પ્રબોધથી કંઇ બોલાચાલી થઇ????”કહી વીણાએ પ્રિયાનો હાથ પકડી લીધો. પ્રિયાના ગળે બાઝેલો ડુમો આંખો માં ઉભરાયો.નીલમે પાણીનો ગ્લાસ આપતાં પ્રિયાની પીઠ પસવારી.

“કાલે રિહર્સ્લમાં પ્રબોધે જે કર્યું બધા વચ્ચે એ કહેતા પણ શરમ આવે છે....”

પ્રિયાએ જ્યારે અથ થી ઇતિ સુધી બધી વાત કરી ત્યારે વીણાની આંખો પહોળી થઇ ગઇ પણ સુપ્રિયાની આંખ ભીની થઇ ગઇ.

“બાપરે.....!!!!!આટલી બધી નફ્ફટાઇ??? ” વીણાએ કહ્યું

“તેણે ક્યાં ક્યાં હાથ ફેરવ્યો એ કહેતા પણ શરમ આવે છે”આંખ લુછતા પ્રિયાએ કહ્યું

એકાએક વીણાનું ધ્યાન સુપ્રિયા તરફ ગયું એટલે સુપ્રિયાનો હાથ પકડી પુછ્યું

“તને શું થયું તું કેમ ઉદાસ છે?”

“કાલે હું પ્રબોધને ઘેર ગઇ હતી .....”અને સુપ્રિયાએ અતઃ થી ઇતી સુધીની બધી વાત કરી.

“અરે..આ તો હદ થઇ ગઇ....”કહી વીણાએ સુપ્રિયાને પાણી પાયું.

“આમાં કંઇ થઇ જાત તો હું તો માવિત્રોને મોઢું બતાવવા લાયક ન રહેત”

વીણા ઉઠીને કોફીનો ઓર્ડર આપી આવી.

કોફી પિવાઇ ગઇ ત્યાં સુધીમાં પ્રિયા અને સુપ્રિયા સ્વસ્થ થઇ ગઇ હતી એટલે ત્રણે સખીઓ હળવીફૂલ ક્લાસમાં પ્રવેશી.

બિલ્લીમોરામાં બન્ને માવિત્રોએ વાત પાકી કરી નાખી અને અશોકભાઇને આ અઠવાડિયામાં જ સારૂ મૂહુર્ત જોવડાવી ને જાણ કરવા કહ્યૂ.નક્કી થયું કે સવારના વેવિશાળની વિધી કરવી અને સાંજે મંગળફેરા અને બાપ દીકરો પાછા નવસારી આવતા રહ્યા.આમતો અદિતી દેખાવડી હતી અને ન હોય તો પણ અશોક્ભાઇ પાસે પ્રબોધનું કંઇ ઉપજે તેમ ન્હોતું.

કોલેજ છુટ્યા બાદ વિણાએ સૌમ્યને પ્રિયા અને સુપ્રિયા સાથે શું થયું તેની વાત કરી.સાજે બધા લીમડે ભેગા થયા. સૌમ્યે સૌલજર બંધુઓને બધી વાત કરી ત્યારે બન્નેના મ્હોં ખુલ્લા રહી ગયા

“બાપ..રે...આવું બધું..પ્રબોધે અને તે પણ પ્રિયા અને સુપ્રિયા સાથે?”શૈલેષે કહ્યું

“હું તો જાણતો જ હતો અને કહ્યું પણ હતું કે બે ઘોડાની અસ્વારી એક દિવસે તેને હેઠે પાડશે.. પડ્યોને ઉઘેકાંધ...મોટા પ્રેમગુરૂનો ફાંકો ફૂટી ગયોને...?”

બધા ચૂપ રહેજો.. જોઇએ એ કેવી બડાઇ મારે છે” સૌમ્યે દૂરથી પ્રબોધને લીમડા તરફ આવતો જોઇને બધા તરફ નજર કરી અને સૌએ માથું હલાવી સંમતી આપી.પ્રબોધે આવીને બેઠો.

“કેમ પ્રેમગુરૂ આજે બસમાં ન દેખાયા?”સૌમ્યે પુછ્યું

“ભાઇ બાપુજી સાથે બિલ્લીમોરા ગયો હતો”

“કેમ એકાએક બિલ્લીમોરા સૌમ્યે પુછ્યું

“ભાઇ આપણા લગ્ન પાકા થઇ ગયા”પ્રબોધે ખુશખુશાલ સ્વરમાં કહ્યું

“શું વાત કરે છે...યાર કોના સાથે? પ્રિયા કે સુપ્રિયા કોણ વરમાળા પહેરાવશે?”સૌમ્યે પુછ્યું

“અદિતી.....”

“અદિતી?..કોણ અદિતી?”

બિલ્લીમોરાવાળા દિનકરભાઇની દીકરી”

“તો પછી આ પ્રિયા અને સુપ્રિયાનું શું થશે? સૌમ્યે  પુછ્યું

“અરે..એ..બોથ આર જસ્ટ એ ફ્રેન્ડ્સ યુ સી...?”

“અરે...હા તારા નાટકનું શું થયું? સૌમ્યે પુછ્યું

“એ તો લગભગ પુરૂ થવામાં છે.આજે એક જ ટેકમાં સીન પતી ગયો એટલે પાઠ્ક સાહેબ તો ખુશ  થઇ ગયા મને કહે વેલડ્ન પ્રબોધ કીપ ઇટ અપ.પેક-અપ. પછી પ્રિયાએ કહ્યું આ નાટકની આડમા પ્રેમ બહુ થઇ ગયો હવે આપણે પરણી જવું જોઇએ.મેં કહ્યું માવિત્રોની મરજી જાણ્યા વગર એ શક્ય નથી તો પ્રિયા એ શું કહ્યું ખબર છે?”

“તું કહે નહી ત્યાં સુધી કેમ ખબર પડે સૌમ્યે ઉત્સુક્તા દર્શાવતા કહ્યું

“તેણી કહે આપણા નાટકનો શો સુરતમાં થાય ત્યારે આપણે કોર્ટમેરેજ કરી લઇએ બોલ”

“પછી????”સૌમ્યે પુછ્યું

“મેં કહ્યું જોઇશું...”

“હં....”

“કાલની પળ એન્જોય કરવા માટે મેં મહમ્મદ પાસેથી બિયરના બે ડબ્બા લીધા”

“તું બિયર પીએ છે?અને મહમ્મદ બિયર વેંચે છે?????” સૌમ્યે આશ્ચર્ય દર્શાવતા કહ્યું

“હા ક્યારેક એન્જોય કરવા પણ મહમ્મદ બધાને નથી આપતો” પ્રબોધે પોરશાઇને કહ્યું

“આ અશોકભાઇ જાણે છે???”

“ના એ તો એકાંતમાં જ માણી શકાય અને કાલે એકાંત મળી ગયું ઘેર કોઇ પણ ન્હોતું”

“વાહ્!આ તો વણમાગ્યું મળ્યુ કેમ્?”શૈલેશે કહ્યું

“આરામથી મગમાં આઇસક્યુબ નાખ્યા બિયર રેડ્યું અને હોઠે અડે તે પહેલાં સુપ્રિયા આવી....”

“સુપ્રિયા તારે ઘેર આવી શું કરવા...?”

“ખબર નથી પણ મગ માં બિયર જોઇને એ તો ગેલમાં આવી ગઇ આવ બિયર અને હું કંઇ કહું તે પહેલા વીલ યુ બીલીવ ચાર સીપમાં તો મગ ખાલી શું ડેરીન્ગ છે યાર હું તો જોતો રહી ગયો અને એ તો તરત જતી રહી.મેં પુછ્યું પણ એતો હસીને જતી રહી”

“યુ રાસ્કલ સાલા જુઠ્ઠા હજુ કેટલું જૂઠ ચલાવીશ સાલા લંપટ???”સદા શાંત રહેતો શૈલેષ જ્વાળામૂખી ફાટ્યો હોય તેમ બરાડી ને તેણે પ્રબોધનું કોલર પકડીને ઊભો કર્યો.

“જૂઠ્ઠ...શું જુઠ્ઠ...તું શે..શે..ની વા..ત ક..ફ..રે છે હું સ...સ..મજ્યો નહી”પ્રબોધે થોથવાતા બોલ્યો.પ્રબોધ શૈલેષનો આ રૂપ જોઇ ડગાઇ ગયો અને કોલર છોડાવીને અજાણી શેરીમાં આવેલો કુતરો જેમ સરકે તેમ હળવે હળવે સરકવા લાગ્યો

“ઊભો રહે હરામ્ખોર જાય છે ક્યાં તારા લંપટપણાની અને પલાયનપણાની અમને ખબર છે...”શૈલેષ ગજ્યોં

અમે સૌ શૈલેષનું રૂદ્ર રૂપ અને પગમાં પુછડી નાખી ભાગતા પ્રબોધને જોઇ રહ્યા અને જરાવારમાં અટહાસ્યથી લીમડાનું વાતાવરણ ગુંજી રહ્યું.

**લીમડે..મોહાયું રે મારુ મન્.. (10)- અનીલ શાહ**

મુંબઈનાં રેડીયો સ્ટેશન ઉપર કવિયત્રી સપના મરચંટ તેમની કવિતા **તું નહીં સમજે** રજુ કરી રહ્યાં હતા

**વ્યાકુળતા મારાં દિલની તું નહીં સમજે,**

**વિહ્વળતા મારાં દિલની તું નહીં સમજે.**

**સાગર સુધી પહોંચ્યા નહીં ,સુકાયા વચ્ચે,**

**વ્યથા સરીતાના જળની તું નહીં સમજે.**

સુનીલને સપના મર્ચંટનુ આ રેડિયો કાવ્ય ગમ્યું .ખરેખર તેના મનને “બટ” નો ભાર લાગતો હતો...તેના રમતીયાળ મનમાં હવે એકલી વેદનાઓનાં તોફાનો ઉઠતા હતા..તેનુ મન તેને વરંવાર કહેતુ હતુ કે જો આને ગમ ગણતો હોય તો તેને ભણતરમાં ડુબાડી દે..પરિક્ષાનું છેલ્લુ વર્ષ છે તારું જીવન તારુ એકલાનું નથી તુ માબાપનું સ્વપ્ન છે તારી જિંદગીમાં નીલમ આવશે તો ઘર મહેલ થશે પણ નહી આવે તો અત્યારે જે છે તે પણ જશે તે કલ્પના પાગલપન છે. સંવેદનાઓનાં આઘાત્ને જીરવવા આમ “રણ”થી દુર જતું રહેવું તે બેવકુફી છે. ભણતર બગાડી નીલમના જવાબની રાહ જોતા બેસી રહેવું તેને યોગ્ય ન લાગ્યુ.

ઘરે ફોન કર્યો અને મમ્મી બોલી અરવિંદભાઇ અને આશાબેન આવ્યા હતા અને પુછતા હતા તુ કઈ યુનીવર્સીટીમા ભણવા જવાનો છુ? ત્યારે સુકાતો આશાનો છોડ ફરીથી નવ પલ્લવિત થતો લાગ્યો...

બે દિવસની વ્યથા ભગવાને સાંભળી હોય તેમ લાગ્યું.. અને ફરીથી નીલમ મળશે તે આશામાં તેનો મનમયુર થનગનવા માંડ્યો. બે દિવસ લીમડે મચેલી હલચલ જાણવા તે આતુર થઈ ગયો.બહુ શાંતિ થી વિચારતા તેને લાગ્યુ કે જો નીલમ અત્યારે કોઇ જવાબ આપવા ન ઇચ્છતી હોય તો જવાબની ઉતાવળ ન કરવી તેમાં જ ડહાપણ છે. આ માથે પરિક્ષાનાં દિવસો છે. સાંજની વળતી ગાડીએ સુનીલ નવસારી જવા કટીબધ્ધ થઈ ગયો...

આ બાજુ સુરતમાં નીલમની નાનીને સારુ લાગતુ હતુ તેથી નીલમ સોમવારે સાંજની ગાડીમાં પરત રવાના થઈ. તેને મમ્મીને મળવાની તાલાવેલી હતી.

નવસારી સ્ટેશને મોડી સાંજે જ્યારે ગાડી આવી ત્યારે નીલમની નજર ગણેશ ઉપર પડી.. એ રોડ રોમીયો મોમાં તમાકુનું પાન અને વીખરાયેલ વાળ સાથે તેની રાહ જોતો હતો. નીલમે ઝડપથી રસ્તો બદલ્યો અને તે પાછી ટ્રેનમાં બેસી ગઈ.તેનુ હૈયું ધબક ધબક કરતું હતું. તેની પાછળ પાછળ તે પણ આવ્યો.નીલમ ભયભીત દશામાં ફરી બીજી બાજુ ઉતરી ગઈ.. ટ્રેન ચાલુ થઈ ગઈ હતી અને ગણેશ પણ્ તેની નજીક ફરી ઉતર્યો..મુંબઈથી આવેલી બીજી ટ્રેનમાં નીલમ ચઢી ગઇ.અને ઝડપથી બીજી બાજુનાં પ્લેટફોર્મ ઉપર ઉતરી ગઈ. ગણેશ પાછળ પાછળ આવતો હતો..અને તે એકદમ અચકાઇ ગયો નીલમને તો ગભરામણમાં સુનીલ દેખાયો નહીં પણ ગણેશે સુનીલને જોઈ લીધો

એક પારસી કપલની સાથે સાથે પ્લેટફોર્મ ઉપરથી ઓવરબ્રીજ ઉપર નીલમ ચઢી ગઈ. સુનીલ બીજી બાજુ પગથીયા ઉતરતો હતો ત્યારે નીલમે તેને જોયો અને બુમ પાડી સુનીલ્....સુનીલને તો કલ્પના પણ નહીં કે આટલી મોડી રાત્રે નીલમ આવી ભયભીત દશામાં મળશે. તે થોડોક ચોંક્યો અને નીલમ તુ અહિં અત્યારે?નીલમે દોડીને સુનીલનો હાથ પકડી લીધો..તેના હાથની કંપારી સુનીલને પણ કંપ આપતી હતી. સુનીલે પુછ્યુ “શું વાત છે નીલમ? તુ ગભરાયેલી કેમ છે?”

“પેલો લબાડ ગણેશ અત્યારે મારી પાછળ પડ્યો છે”

સુનીલે તેના કંપતા હાથને મજબુત રીતે પકડીને કહ્યું “હવે તારે ગભરાવાની જરુર નથી. હું તારી સાથે છું” બહાર નીકળી રીક્ષા લીધી અને ખેતીવાડી કોલેજ તરફ બન્ને રવાના થયા...દુર ગાળો બોલઓ અને પગ પછાડતા ગણેશ્ને જોઇ સુનીલને પણ ક્ષણ માટે તો ભયનું લખલખું પસાર થઈ ગયુ...

શ્વાસોની ગતી સહજ થતા નીલમે કહ્યું “સુનીલ મને માફ કરજે હું સમજી રહી છું તારી વ્યથાઓને..પણ ક્યારેય તને મે પ્રિયતમના સ્વરુપે જોયો નથી...હા જોયો છે એક મજાકીયા દોસ્ત તરીકે અને કોલોનીનાં ટોળામાં સાથે ભણતા સહપાઠીની નજરે...મને મારી લાગણીઓને સમજવા અને મઠારવા થોડોક સમય જોઈએ છે..દોસ્તને પ્રિયતમ કહેવો તે  અને પ્રિયતમને દોસ્ત કહેવો તે એક પ્રકારની બે ઇમાની છે.પણ તારી હિંમતને દાદ દેવી પડે..સરસ રીતે તુ તારા દિલની વાત કહી ગયો...

ખેતીવાડી કોલેજનાં વળાંકમાં વળતા સુનીલ એટલુંજ બોલ્યો ” હું તો યુગો યુગો સુધી તારી પ્રતિક્ષા કરીશ તેવો ફિલ્મી ડાયલોગ નહી બોલું પણ તુ મારી પહેલી પ્રીત છે. સાથે હોઇશું તો જિંદગી સહજ સ્વર્ગ બનશે અને ન હોઇએ તો પ્રભુને પ્રાર્થના તને તારું ધારેલું સ્વર્ગ મળે.”

“સુનીલ...” એક અહોભાવની નજર્. જે મિત્રની મિત્રતા પ્રદર્શનમાં દેખાય તે અહોભાવ સાથે નીલમ ઘરે ગઈ...

સુનીલે રીક્ષા જીવન પ્રકાશ સોસાયટી તરફ વળાવી ત્યારે પેલો ગણેશ તેની મોટર સાયકલ ઉપર ખેતીવાડી કોલેજ ની કોલોની તરફ જતો હતો....

સુનીલ પેલી રેડીયો કવિતાનાં શબ્દો વાગોળતો હતો...

જેટલો સ્નેહ દિલમાં છે,ન વરસી શક્યો,

તૃષ્ણા તે વાદળની તું નહીં સમજે.

છૂટ્યા’તા હાથમાંથી હાથ આપણાં,

વેદના  એ પળની  તું નહીં સમજે.

## લીમડે મોહાયુ રે મારું મન..(૧૧) સપના મર્ચંટ

પરીક્ષા જોરદાર ચાલી રહી હતી.આના ઉપર જિંદગીની સફળતાનો આધાર હતો.સૌએ ઘણી મહેનત કરેલી હતી. પ્રેમી-પંખીડા એક મેકને મળતા ન હતા.લાંબી લાંબી રાતો અને પુસ્તકમાં દટાયેલા ચહેરા.પુસ્તક ક્યારેક હાથમાં રહી જાય અને મન દૂર દૂર પ્રિયતમ પાસે પહોંચી જાય.તો ક્યારેક પુસ્તકમાં પ્રિયતમનો ફોટો મૂકી જોયા કરે..

આ હાલત વીણાની હતી.

આજે છેલ્લું પેપર હતું.વીણા દોડીને બહાર આવી.સૌમ્ય એની રાહ જોતો ઓટલા ઉપર ઊભો હતો.બન્નેની આંખો મળી.સ્નેહ નીતર્યા. વીણા બોલી" હાશ્..માથાં પર થી

બોજ ઓછો થયો."
સૌમ્ય પણ હસ્યો.બન્ને લીમડા તરફ ચાલવા લાગ્યા. ગાંધી પાર્કનો લીમડો પણ જાણે પ્રેમીઓ વગર ઉદાસ થઈ ગયો હતો.બન્ને લીમડા નીચે બેઠા.
સૌમ્યએ વાત ચાલુ કરી" વીણા, હું મારા પપ્પામમ્મીને તારે ત્યાં ક્યારે મોકલું?"
વીણા તોફાની અવાજમાં બોલી" હવે તને ઉતાવળ આવી?"
"મનમાં તો તારા પણ લાડવા ફૂટી રહેયા છે.." થોડા મૌન પછી સૌમ્ય કહે"સારુ જવા દે તે વાત પડતી મુકીયે."
"ના..ના..ના, હવે વાત પડતી મૂકવી નથી.મારે તો શરણાઈ સાંભળવી છે."વીણા મલકાઈ.
"મેં તો તને કહ્યુ હતુને કે મારે તો તને દરેક સુખ આપવા છે.મહેલની રાણી બનાવવી છે.હૂં તારી નાનામાં નાની ઇચ્છા પૂરી કરવા માટે સઘળાં પ્રયત્ન કરીશ."
વીણા સ્નેહથી સૌમ્ય સામે તાકી રહી."તું મને આટલો બધો પ્રેમ કર છે?"
"તારી કલ્પનાથી ઘણો વધારે."સૌમ્ય લાગણીવશ થઈને બોલ્યો.
"સારુ,કહે તાર મમ્મીને ક્યારે આવશે..હું મારી મમ્મીને જણાવી દઉ.
"આજે હું પપ્પા સાથે વાત કરી લઈશ્.પછી તને જણાવું."
સાંજ ઢળવાની તૈયારીમાં હતી. આજે બન્નેને છૂટા પડવાનું ગમતું ન હતુ. ઘણાં દિવસો પછી આવું એકાંત મળ્યું હતુ.
"મને એક ગઝલની પંકતિ યાદ આવે છે"સૌમ્ય બોલ્યો.
આંખોસે સમઝ લેના,જો બાત જુબાપે ન આઈ.
દિલકી હર બાત આંખોસે બયાન હોતી હૈ.
વીણા સૌમ્યને તાકી રહી.
સૌમ્યએ એની આંખો પર હાથ રાખી દીધો.
"કેમ હાથ રાખ્યો?"
"તું મારા દિલની વાત જાણી જાય એટલે.."
"તારા દિલમાં અત્યારે શૂ છે?'
મેરે દિલમે આજ ક્યા હૈ તુ કહે તો મેં બતા દુ.
તેરી માંગ મે સજા દુ..
વીણા શરમાઈ ગઈ.
રાત પડવા આવી.વીણા ઊભી થઈ ગઈ."તુ મને જણાવ જે ક્યારે તમે આવવાના છો."
સૌમ્યએ વીણા ના ગાલ પર હલવી ટપલી મારતા કહ્યું "ખૂબ જ જલ્દી."
બન્ને છુટા પડ્યા.સૌમ્ય ઘરે આવ્યો.પિતા જી હજી ઓફીસેથી આવ્યા ન હતા. મા ખરે

હતી.
“બેટા, કે વા પેપર ગયાં?’
“સારા મમ્મી.”થોડા મૌન પછી સૌમ્ય બોલ્યો “મમ્મી મારે તને એક વાત કરવી છે.”
“હા,બોલ્.”મમ્મી પાણી લાવી.
“મમ્મી હું વીણાને પ્રેમ કરૂ છું “

“મને ખબર છે.. સુમતીબેને વાત કરી છે..તારી પરિક્ષાઓ પતે તેની જ રાહ જોતા હતા.”

સૌમ્યે નિરાંતનો શ્વાસ લીધો.

પછીતો બધુ બહુ ઝડપથી પતી ગયું. કંકોત્રીઓ છપાઈ અને તે આપવા બન્ને લીમડે આવ્યા ત્યારે સુનીલ સહીત સૌ સ્તબ્ધ હતા..

નીલમ ગણેશ સાથે કોઇને કહ્યા વિના ભાગી જઈ લગ્ન કરી ચુકી હતી-તેવા સમાચાર અરવીંદભાઈએ સુનીલને આપ્યા હતા

સૌમ્ય અને વીણા પણ ધબકારો ચુકી ગયા..

## લીમડે..મોહયું રે મારુ મન્.. (12) પ્રભુલાલ ટાટારીઆ”ધુફારી”

લીમડાના ઓટલેથી અપમાનિત થઇ વીલા મ્હોંથી આવેલો પ્રબોધ સીધો પોતાની રૂમમાં ચાલ્યો ગયો.રોજ મમ્મી મમ્મી કરનાર પ્રબોધ સીધો આમ ચાલ્યો ગયો એટલે અલ્કાબેનને ચિંતા થઇ આને શું થઇ ગયું એટલે પ્રબોધની રૂમમાં આવ્યા તો પલંગ પર ખોળામાં ઓશિકું મુકી ને બેઠેલા દીકરાને પુછ્યું

“શું થયું???”

“કંઇ નહી જરા થાકી ગયો છું અને માથું ભારે થઇ ગયું છે”

“બેસ તારા માટે ચ્હા બનાવી લાવું તને સારૂં લાગશે...”દીકરાના માથા પર હાથ ફેરવતાં કહ્યું

થોડીવારમાં એક ટ્રેમાં ચ્હાનો કપ પાણીનો ગ્લાસ અને એક ટીકડી લઇને અલકાબેન આવ્યા “લે પાણી સાથે આ ટીકડી લઇ લે અને ઉપરથી ચ્હા પીલે તો માથાનો દુખાવો મટી જશે”

“હા લઇ લઇશ.”

“સારૂં...”કહી અલ્કાબેન બહાર ચાલ્યા ગયા.

થોડીવાર પ્રબોધ શુન્ય મનસ્ક ટ્રે ને જોતો રહ્યો પછી ટીકડી ગળીને ચ્હા પીધી.

વારંવાર લીમડાના ઓટલે થયેલ પોતાનું અપમાન અને અન્ય દ્રશ્યો નજર સામે આવવા લાગ્યા. આદિતિ સુંદર હતી પણ પ્રિયા કે સુપ્રિયાની સરખામણીમાં ઊણી ઉતરતી લાગી.પ્રિયા અને સુપ્રિયાને તો એ જાણતો હતો તેમના સ્વભાવથી પરીચિત હતો જ્યારે આ અદિતિ સાથે ૮-૧૦ દિવસમાં જિન્દગીભરનો પનારો પડનાર હ્તો. એનો સ્વભાવ કેવો હશે.લગ્ન પછી શું કરશે....????એ વિચારોમાં જ એની આંખ મળી ગઇ.

તેણે જોયું થીયેટરના સ્ટેઝ પર પોતે એકલવાયો બેઠો હતો.ચારે બાજુ અંધકાર હતો. એકાએક તેણે નેપથ્યમાંથી તેના ક્લાસ ફેલોને આવતો જોયો.એક,બીજો,ત્રીજો,ચોથો,પાંચમો બધા તેના તરફ આવી ને હાથ જોડી ઊભા રહ્યા.

“કોણ...કોણ...છો તમે???શા માટે...શા માટે.. આવ્યા છો???”થોથવાતા પોતે પુછ્યું

“અમે તો આપના દર્શનાભિલાષી છીએ પ્રેમગુરૂ.અમારી પ્રેમ સમસ્યાઓ સાંભળી અમારૂં યોગ્ય માર્ગદર્શન કરો.અમને ઉપદેશ આપી કૃતાર્થ કરો હે પ્રેમગુરૂ.

“હું કોઇ પ્રેમગુરૂ નથી...નથી..નથી...”

“રોજ બધાને વણમાંગી સલાહ આપનાર અને પોતાને પ્રેમગુરૂ કહેવડાવતા આપશ્રી આજે પોતે કબુલ કરો છો કે તમે પ્રેમગુરૂ નથી ઓહો!!!!આશ્ચર્યમ્ .....”કહી બધા એકબીં જાને તાળી આપી હસ્યા

“ચાલ્યા...જાવ...અહીથી...ચાલ્યા જાવ...મેં કહ્યુંને હું કોઇ પ્રેમગુરૂ નથી....”કહી પોતે ગોઠણમાં માથું નાખી બરાડી ઉઠ્યો.

થોડીવારે તેણે તાળીઓ પડવાનો અવાઝ ફરી સાંભળ્યો.એક પ્રબોધ નેપથ્યમાંથી આવ્યો. પ્રબોધ ગભરાઇને પાછળ હટવા લાગ્યો અને થોથવાતા પુછ્યું

“કોણ..કોણ..કોણ છો તું????”

“વાહ!સરસ સવાલ છે તું તને પોતાને નથી ઓળખતો??? હું તારી અંદર વસ્તો પ્રબોધ છું.તારો પોતાનો અંતરઆત્મા.....”

“અંતરઆત્મા!!!!!!”

“હા અંતરઆત્મા...જેને પુછ્યા વગર તે જે પગલા ભર્યા તે ન ભર્યા હોત અને થોડી ધીરજ ધરી હોત અને લીમડે જે ગલ્લા તલ્લા કર્યા તેના બદલે સુરતમાં નાટકના શો થયા ત્યારે સાચા દિલથી જો

પ્રિયા સામે પ્રેમનો એકરાર કરત તો એ તને પરણવા જરૂર રાજી થઇ જાત અને અશોકભાઇના કોઇ ધમપછાડાનું કશું ઉપજત નહીં પણ તેં...કહેવાય છે કે,માણસ પોતાના પગ ઉપર કુહાડો મારે છે પણ તેં...તેં તો કુહાડા પર પગ માર્યો હવે પેટ ભરીને પસ્તાયા કરજે.....”

“પણ હવે આનો રસ્તો.....પોતે આગળ પુછે તે પહેલા એ અદશ્ય થઇ ગયો.

પ્રબોધનું મન ફરી ચકરાવે ચડી ગયું.અદિતિ દેખાવડી હતી પણ પ્રિયા કે સુપ્રિયાની તુલના કરતા તે વિચારવા લાગ્યો.પેલી બન્નેના સ્વભાવ તો એ જાણતો હતો.બન્નેને તેના પ્રત્યે કુણી લાગણી હતી.જ્યારે આ અદિતિ....જેને પોતે જાણતો નથી..એનો સ્વભાવ કેવો હશે અને મારા બધા ભોપાળાની તેણીને જાણ થશે ત્યારે તે મારા સાથે કેવી વર્તણુક કરશે?તેણી મને માફ કરશે કે મારા ઉપર દાઝ કાઢશે....ઓ ઇશ્વર.....આ મારાથી શું થઇ ગયું? કહી ફરી ગોઠણમાં મ્હોં સંતાડી બેસી પડયો.

થોડીવારે તેણે ઉપર જોયું તો શાહી લેબાશમાં સૌમ્ય હાથમાં છડી લઇને કોલેજની લોબીમાં ઊભો હતો,તે બોલ્યો બા-અદબ બા-મુલાઇઝા હોશિયાર... શહેનશાહો કે શહેનશાહ.. ફકિરો કે ફકિર સુલતાને ઇશ્કિયા જનાબેવાલા પ્રબોધખાન બહાદુર તસરીફ લા રહે હૈ.....અને પ્રબોધે પોતાને ચીંથરેહાલ દશામાં આવતો જોયો

હાથમાં એક કટોરો હતો તેમાં કોઇ ચાર આના કોઇ દશપૈસા નાખતું હતું અને પોતે બધા તરફ આર્દ નજરે જોતો હતો.એકાએક બસ...કરો... બસ... કરો... બરાડા પાડતો જમીન પર બેસી પડયો.અચાનક તેની આંખ ઉઘડી ગઇ અને પથારીમાં બેઠો થઇ ગયો.

“શં થયું પ્રબોધ???”કરતાં અલકાબેન તેની રૂમમાં આવ્યા.

“કંઇ નહી કોઇ ખરાબ સ્વપ્ન હતું....” કહી પ્રબોધ પાછો સુઇ ગયો.

“શું થયું???”અશોકભાઇએ પડખું ફરીને અલકાબેનને પુછ્યું

“કંઇ નહી કહેતો હ્તો કોઇ ખરાબ સપનું આવ્યું હતું”કહી અલકાબેને લંબાવ્યું

“કપાતરને રાત્રે પણ હખ નથી...”કહી અશોકભાઇ પડખું ફેરવી સુઇ ગયા.

બીજા દિવસે હંમેશ સૌથી પહેલાં બસમાં બેસનાર પ્રબોધ રોજની બસમાં ન ગયો.થોડીવાર રહીને તેણે કોલેજ જવા રીક્ષા પક્ડી.ક્લાસમાં આગલી પાટલીમાં બેસનાર પ્રબોધ નીચું માથું કરીને છેલ્લી પાટલીએ બેઠો હતો.છેલ્લા પેપરની સપ્લીમેન્ટરી સુપર્વાઇઝર આપી ગયા.કોઇ સાથે નજર મેળવવાની તેની હિંમત ન્હોતી ચાલી,એટલે ઉધું ધાલી  મગજ્ના વિચારો ખંખેરીને પેપર લખવા લાગ્યો.આ બાજુ થોડીવારમાં એકબીજાને આંખના ઇશારે પુછવા લાગ્યા શું થયું?જવાબમાં ખબર નથી જણાવવા સૌ ખભા ઉલાડતા હતા.સમય પુરો થતાં સુધીમાં તો આપસમાં ગુસપુસ થવા લાગી અને ક્યાંકથી ખડખડાટ હસવાનો અવાઝ પણ આવ્યો અને પ્રબોધ પેપર આપી સડસડાટ કલાસમાંથી નીકળીને કોલેજ બહાર આવ્યો.બહાર આવતાં જ સામે ઉભેલી રીક્ષા પકડીને ઘર ભેગો થઇ ગયો અને સીધો પોતાની રૂમમાં જતો રહ્યો.

બપોરે અશોકભાઇ આવ્યા અને બંડી અને ટોપી ખીંટીએ ભેરવી સાથેની થેલીમાંથી પાંચ કંકોતરીના નમુના કાઢી અલકાબેનના હાથમાં આપતાં કહ્યું

“આમાંથી એક પસંદ કરી રાખ.  દિનકરભાઇનો ફોન આવે ને તારીખ પાકી થ્ઇ જાય એટલે મેટરમાં મુકીને છપાવવા આપી દઇએ.”

“પણ એટલી જલ્દી છપાઇ જશે???”કંકોતરીઓ જોતા અલકાબેને કહ્યું

“મેં પ્રેસના માલિક સાથે વાત કરી રાખી છે.સવારના મેટર આપશું તો સાંજે આપી દેશે”

“એતો ઠીક પણ સમયસર પહોંચશે સમય ઓછો છે.....”અલકાબેને પોતાની ચિંતા વ્યક્ત કરી.

“જો ખાસ જરૂરી છે તેમને કુરીઅરથી મોકલી ફોન કરી કહી દેશું મોક્લાવેલ કંકોતરી વહેલી મોડી થાય પણ તમે સમયસર આવી જજો.બાકીની સ્પીડ પોસ્ટથી રવાના કરીશું”

“હા એ બરાબર છે.આમં મને આ સારી લાગે છે.અલકાબેને આનંદ વ્યક્ત કરતાં એક કંકોતરી આપી

“ભલે તો આ જ છપાવીશું અને હા ઘરના કામમાંથી નવરી પડે ત્યારે કોને કોને મોકલવાની તેનું લિસ્ટ બનાવી લેજે અને હા ઓલા તારા નંગને પુછી લેજે એને કેટલી જોશે તેથી ચોક્કસ આંકડો ખબર પડે.ચાલ થાળી પીરસ અને શું શું લગ્ન પસંગની ખરીદી કરવાની છે તેનું લિસ્ટ બનાવ્યું કે નહી?”

“હા ભાઇ હા એતો તમે બિલ્લીમોરા ગયા તે દિવસે જ બનાવી લીધું છે.તે દિવસે મને બીજું કામ પણ શું હતું?”થાળીઓ પીરસતા કહી બુમ પાડી

“પ્રબોધ જમવા ચાલ”

પ્રબોધે ચુપચાપ જમીને પાછો પોતાની રૂમમાં જતો રહ્યો.અશોકભાઇ જમીને આરામખુરશીમાં બેઠા અને બિલ્લીમોરાથી દિનકરભાઇનો ફોન આવ્યો.

“હલ્લો.....!!!!”

“દિનકર બોલું છું જયશ્રી કૃષ્ણ.....”

“જયશ્રી કૃષ્ણ વેવાઇ બોલો શું નક્કી કર્યું???”

“મહારાજે આ મહિનાની ૨૪ તારીખને બુધવાર નક્કી કર્યું છે”

“ઓહો....સરસ બુધ સર્વે શુધ્ધ...તો હવ કંકોતરી છપાવવા આપી દઉને???”

“હા..હા..શુભસ્ય સિઘ્રમ્ ....ભલે જયશ્રી કૃષ્ણ”

“જયશ્રી કૃષ્ણ...”કહી અશોકભાઇએ ફોન મુક્યો.

“શું થયું???હું જરા બાથરૂમમાં હતી”હાથ લુછતા અલકાબેને પુછ્યું

“૨૪ તારીખ નક્કી થઇ છે બુધવારની”

“આજે થયો ગુરૂવાર એટલે અઠવાડિયા પછી.સારો ટાઇમ હાથમાં છે”

“હા મારી બંડીને ટોપી અને ઓલી કંકોતરી પણ લાવ એટલે પ્રેસવાળાના માથે મારી આવું” કહી અશોકભાઇ ઊભા થયા.

બીજા દિવસથી લગ્નની તડામાર તૈયારી શરૂ થઇ ગઇ.અશોકભાઇ કંકોતરી ઉપર સરનામા કરવામાં વ્યસ્ત થઇ ગયા.પ્રબોધ આ બધું નિર્લેપ ભાવથી જોતો હતો.સાંજે કંકોતરીઓ લઇને ભારે પગે લીમડે પહોચ્યો.શૈલેષે પ્રબોધને આવતો જોયો.

“આ માણસને લાજ શરમ જેવું કંઇ છે કે નહી????”

બધાએ પ્રબોધને આવતો જોયો.પ્રબોધના લગ્નની વાયરે વાત તો બધા પાસે પહોંચી ગાઇ હતી સૌને અંદાઝ તો હતો કે,કંકોતરી આપવા માટે જ આ તરફ આવે છે.લીમડે બેઠેલા બધાને એક નજર જોઇ તેણે કંકોતરી આપવા માટે હાથ લંબાવ્યો પણ કોઈ લેવા તૈયાર ન થયું.

“શું મ્હો લઇને અમને કંકોતરી આપવા આવ્યો છે.બેશરમીની પણ કોઇ હદ હોય છે.તું તો હદબાર છો મારાથી તારું વધુ અપમાન થાય તે પહેલા જેવો આવ્યો એવો જતો રહે”

“યાર જે મેં કર્યું એ બધું ખોટું થયું પાપ થયું પણ લગ્નમં મારા સસરાપક્ષના પૂછશે કે તમારા કોઇ મિત્રો નથી આવ્યા તો શું જવાબ આપીશ????”રડતી આંખે પ્રબોધે કહ્યું

“આ મગરનાઆંસુથી કોઇ પીગળનાર નથી અને આ બધુ પ્રિયા અને સુપ્રિયા સાથે કરતાં પહેલાં વિચારવું હતું હવે તારૂં કંઇ ઉપજે એમ નથી...એમ કહેતા બાંયો ચડાવતાં શૈલેષ નીચે ઉતર્યો

હવે આ તલમાં તેલ નથી એમ સમજીને પ્રબોધ પાછો વળી ગયો.ઘેર આવીને બધી કંકોતરી કપડાના કબાટમાં તળીયે પડેલ જુના કપડાની થપ્પી નીચે સંતાડી દીધી.

નક્કી કરેલા દિવસે બધા બિલ્લીમોરા જવા રવાના થઇ ગયા.સમયસર બધું સમુસુતરું પાર પડ્યું.જમણવારમં એકાએક પ્રબોધની સાસુએ પ્રબોધને પુછ્યું

“જમાઇરાજ કેમ તમારા કોઇ મિત્ર દેખાતા નથી???”

“એ..તો..મમ્મી જાણે વાત એમ છે કે,પરિક્ષા પતે અને બધા પીકનીક ઉપર જવાના હતા..અને લગ્નની તારીખ એજ તારીખે નક્કી થઈ તેથી મે કોઇને કહ્યું જ નથી...તે બધા ડુમસ ગયા છે.”

તમે કંકોત્રી આપી હોત તો પ્રોગ્રામ બદલાતને...અને અહી પણ કેવી ચહલ પહલ હોત્...

પ્રબોધની નજર નીચી થઇ ગઈ.તે  અદિતિને અને તેની મમ્મીને ના ગમ્યુ. જો કે પ્રબોધ્ દેખાવડો હતો અને બેંક ઓફ બરોડામાં કેશીયર થવાનો છે તે બે બાબતો ઉપર બંને સંતુશ્ઠ હતા.દીકરી તેનુ પણ ભાગ્ય લઈને જવાની હતી વળી અશોક્ભાઇ ને તો આખુ ગામ...આખી નાત ઓળખે.. તેથી ભવિષ્યની કોઇ ચિંતા તેમને નહોંતી.

નવદંપતિને લઇ જાન નવસારી આવી.ઘરમં વવી વહુના વધામણા થયા ત્યાર બાદની બધી વિધિ પૂરી થતાં રાત ઢળવા લાગી.પ્રબોધ પોતાની રૂમમાં કાકા મામાના દિકરાઓ સાથે વાતો કરી રહ્યો હતો.ત્યાં તેની માશીની દીકરી સરલા અદિતિને લઇ રૂમમાં દાખલ થઇ.

“બધા બહાર ચાલો ભાડાની જગા ખાલી કરો.....”કહી હસી

“હા ભાઇ રાત બહુ થઇ છે.વરઘોડિયાને એકલા મુકો”કહી બધા બહાર જવા લાગ્યા.

“ભાભી આ તમારૂ ઘર અને વર બન્નેને સંભાળજો..શુભ રાત્રી”કહી સરલા રૂમના બારણા વાસ્યા.

પ્રબોધ વાતની શરૂઆત કેમ કરવી એની અવઢવમાં હતો.અદિતિએ દુધનો ગ્લાસ અને કાજુકતરીની ટ્રે માંથી દુધનો ગ્લાસ પ્રબોધને આપ્યો.

“પહેલા તું પી...”પ્રબોધે અદિતિને નજીક ખેંચતા કહ્ય

“ના પહેલા તમે પીયો હું તો...”કહી પ્રબોધના હાથમાંથી ગ્લાસ લઇ પ્રબોધના હોઠે ધર્યો.પ્રબોધે અર્ધો ગ્લાસ પીને અદિતિના હોઠે ધર્યો.

“આટલું તો તારે પીવું પડશે”અદિતિ એ ગ્લાસ ખાલી કર્યો.એક બીજા કાજુકતરી ખવડાવી અને હળવે

બન્ને એક બીજામાં સમાઇ ગયા.

સવારે અલકાબેન જાગ્યા ત્યારે અદિતિ દેવઘરમાં દીવો પ્રક્ટાવતી હતી.અલકાબેનને જોઇને કહ્યું

“જયશ્રી કૃષ્ણ બા”

“જયશ્રી કૃષ્ણ દીકરી”અલકાબેને કહ્યું એટલે સાડીનો પાલવ સરખો કરતાં અલકાબેનને અદિતિ પગેલાગણા કર્યા.

“સદા સુહાગણ રહે દિકરી”અલકાબેને આશિર્વાદ આપતાં ભગવાનનો પાડ માન્યો.વાહ!મારા વ્હાલા તેં તો મારા મનની મુરાદ પુરી કરી સંસ્કારી વહુ આપી.

“બા તમે પરવારી લો એટલે તમારા માટે ચ્હા બનાવું...અદિતિ વાક્ય પુરૂઉ કરે તે પહેલાં અશોક્ભાઇ દેખાયા અને ઉમેર્યું”મારા માટે પણ....”

“જયશ્રી કૃષ્ણ બાપુજી”કહી અદિતિ ચ્હાનો કપ આપતા કહી અશોક્ભાઇને પગેલાગણા કર્યા.

“અખંડ સૌભાગ્યવતિ રહે દિકરી”ત્યાંતો પરવારીને હાથ લુછતાં અલકાબેન આવ્યા અને અશોકભાઇની સામેની ખુરશીમાં બેઠા એટલે અદિતિ તેમના માટે ચ્હાનો કપ લાવી.”બા તમારી ચ્હા...”

“હા લાવ આજે તો ઘણા દિવસ પછી સાથે ચ્હા પીવાનો મોકો મળશે”

“હા અને તે પણ વહુના હાથની....વાહ મજા પડી ગઇ.

ત્યાર બાદ સૌ રોજના રૂટીનમાં જોડાઇ ગયા.બપોરની ટપાલમાં પ્રબોધને બેન્ક ઓફ બરોડામાંથી

કેશીયર તરિકેની નોકરીનો એપોઇન્ટમેન્ટ લેટર મળી ગયો.અશોકભાઇ ખુશ થઇ ગયા કે વહુ તરિકે તેમના ઘરમાં લક્ષ્મીજી પધાર્યા છે.

## લીમડે..મોહાયું રે મારુ મન.. (13)-અનીલ શાહ

ઈનોવા કારમાંથી વીણા બહાર તાકી રહી.આંખો સામે ચિત્રપટની જેમ ભૂતકાળ પસાર થઈ ગયો.કેવી મોંઘેરી ક્ષણો આ ગામમાં ગાળી છે. સૌમ્યએ એને દુનિયાભરની ખુશી આપી.
આજે બધાં સાથે મુલાકાત થશે.સુનીલ કેમ હશે? નીલમનોને ગણેશનો સંસાર કેવો ચાલતો હશે?પ્રબોધ અને અદી હજુ એવાજ રમતિયાળ હશે? કે જીવને એ મને ગંભીર બનાવી દીધા હશે?
ગાડીએ બ્રેક મારી,વીણા સપનાંમાંથી જાગી પડી.ગાડી લીમડા પાસે આવીને ઊભી રહી.વીણા અને સૌમ્ય ગાડીમાંથી ઊતર્યા.બન્ને પ્રૌઢાવસ્થા ઓળંગી ગયાં હતા.પણ સુંદરતામાં જરાય ઓછપ દેખાતી ન હતી.બન્નેનું જાજરમાન વ્યકતિત્વ બન્નેની

સુંદરતાની ચાડી ખાતી હતી.વીણા અને સૌમ્ય લીમડા નીચે આવી ગયાં.જાણે કોઈ સ્વજનને વરસો પછી મળ્યા હોય એવું લાગ્યું.લીમડાની એક લટકતી ડાળીને હાથથી પકડી.જાણે કોઈ પ્રિયજનને ગળે લગાવતી હોય.પોતાનાં પ્રેમનો સાક્ષી આ લીમડો એક મિત્ર કરતા પણ વધારે વહાલો લાગી રહેયો હતો.સૌમ્યે વીણાનો હાથ પકડીને એક પથ્થર પર બેસાડી.
બન્ને પાછાં સપનાંમાં ખોવાઈ ગયાં.કેવી રીતે લગ્ન થયાં.કે વા બન્ને મળી બધી મુશ્કેલીનો સામનો કર્યો,અને એક મેકનો સાથ ક્યારેય ન છોડ્યો.પ્રમોશન પણ મળ્યું,વતન છોડવું પડ્યું.લીમડાની છાવ છોડવી પડી.પછી તો બાળકોમાં એવી પરોવાઈ ગઈ કે બધું ભૂલીને બાળકોમય બની ગઈ.બાળકો મોટાં થઈ રહેયા હતા. જવાની ઢળવા મંડી .બાળકો જુવાન થઈ ગયાં.ભણતરમાં એવા પડી ગયાં કે વીણા એકલી પડી ગઈ.થોડી ઉદાસ રહેવા લાગી.સૌમ્ય કોમપ્યુટર પર બેસી શેર મારકેટમાં સોદા કરતો.પૈસાની કોઈ કમી ન હતી.
વીણા અને સૌમ્ય દોસ્તોની રાહ જોવા લાગ્યા.સામે થી પ્રબોધ અને અદીતિ આવતા દેખા્યા.એમ ના હસતા ચહેરા જોઈ સૌમ્ય અને વીણાના ચહેરા પુલકિત થઈ ગયાં. રોજના નિયમ મુજબ મહાદેવના દર્શન કરીને લીમડે આવ્યા ત્યારે વીણા અને સૌમ્ય લીમડે બેઠા હ્તાં.થોડીવારમાં સુશીલ અને શૈલેષ દેખાયા તો બીજી તરફથી સુનીલ અને સુનયના પણ આવ્યા.સૌએ એક બીજાના ખબર અંતર પુછ્યા અને ઘણી જુની વાતો તાજી થતાં શૈલેષે પ્રબોધને પ્રેમગુરૂ કહ્યો તો પ્રબોધે કહ્યું-"ના અબ મુજે પ્રેમગુરૂ મત કહો વો ભુત તો અદિતિજીને કબકા ઉતાર દીયા હૈ જી....." પ્રબોધે રાજકપુરની સ્ટાઇલમાં કહ્યું.
"શું તમે પણ શરમાતા નથી..."અદિતિએ પ્રબોધને ખભે ધબ્બો મારતા કહ્યું અને સૌ હસી પડ્યા

શૈલેશ અને સુશીલ પોતાનું કન્સ્ટ્રકશન્નું કામ કરતા હતા. તેમને પણ જોડીયા બહેનો મળી હતી રાની અને રીના એકંદરે સુખી હતા બધા મિત્રો ૪૦ વર્ષે મળતા હતા તેથી ઉષ્મા અને ઉર્જા તો ઘણી જ હતી..અને ત્યાં નીલમ દેખાઈ...સાદુ સફેદ વસ્ત્ર અને સાથે બીલકુલ તેની જ પ્રતિકૃતિ જેવી તેની દીકરી કલકી હતી જે નીલમને ઉતારી બધાને હાઇ કહી જતી રહી.

સુનીલ તો તેને એક નજર જોઇ પણ ના શક્યો. થોડીક ક્ષણો ની ચુપકીદી પછી નીલમે વાતની શરુઆત કરી. ગણેશ સાથે હું ભાગી ગઈ હતી તે ગુંચ જાણી જોઈને મે ક્યારેય ઉકેલી નહોંતી. તે ઉંમર બાધાઇની હોય છે બસ આ એવી જ બાધાઈ કહો તો બાધાઇ અથવા સુનયનાનું નસીબ કે આજે સુનીલ તેની સાથે છે.

લગભગ બધા આજે તો છોકરા અને છૈયાથી પરવારીને બેઠા છે ત્યારે હજી મારો જિંદગી સાથેનો સંઘર્ષ ચાલુ છે. ગણેશ જેલમાં છે. કલકી મારી જેમજ તરંગી છે.

સુનયના બોલી “પણ નીલમબેન તમે તો સુનીલને ૪૦ વર્ષ થી દ્વીધામાં રાખ્યો છે કે આ હા કહેવા આવેલી છોકરી અચાનક સર્વ રીતે ઉતરતા મુરતીયા સાથે ભાગી શું કામ ગઈ હશે?”

નીલમ કહે “સાચી વાત કહું તો હું મારી બૉટાયેલી અને અભડાયેલી કાયા સુનીલને કેવી રીતે સોંપુ..જે રાતે મને સુનીલ ગણેશથી બચાવીને ઘરે મુકી ગયો તે રાત્રે મારા ઉપર બહુ વીતી..જાત જાતની ધમકીઓ અને તણાવોમાં હું લુંટાઈ ગઈ. પરિક્ષાઓ પતી ત્યારે પાપનું બીજ ઉદરે આકાર લેવા માંડ્યું હતુ તેથી..આ એક પ્રકારની આત્મહત્યા હતી..કહે છે ને કે મન બીજા પાસે અને તન પતિ પાસે તે દ્વિધાત્મક જીવન જીવી જીવી જ્યારે હું થાકી ત્યારે થયું કે મારે થોડુક બહાદુર બનવાની જરૂર હતી..પણ પ્રભુનો ઉપકાર કે સુનીલ તો અમેરિકા જતો રહ્યો હતો...મે બટ કહીને જે અસત્ય આચર્યું હતુ કદાચ આ તેની સજા હતી.

સુનયના સહિત સૌ ગંભીર હતા અને સુનીલ બોલ્યો..ચાલ જવાદે જે વાત વીતી ગઈ તેનુ માતમ નહીં.. આજથી આજ લીમડાની સોગંદ હવે તારે રડવાનું નહી અને પહેલા પાંચ ધમાલી હતા હવે અગીયાર છે..તેથી આજના દિવસે શુભ શુભ બોલો અને શુભ શુભ કામ કરીયે...ભલે આપણે ન મલ્યા. કલકીને હું મારી પુત્રવધૂ બનાવીને અમેરિકા લઈ જઉં તો તને વાંધો નથીને...નીલમે સુનયના સામે જોયું અને તેના હકારથી નીલમ બોલી.

“કોઇક પૂણ્યબળ હજી તપે છે કે મિત્રો આવા ઉદાર મળ્યા ભટકેલી સરિતાને કીનારાનાં સહારા મળ્યા”

સુનીલ કહે વાળ ધોળા થયા અને જિંદગીના વળ ઉતરતા ગયા...

સુશીલ અને શૈલેશ વર્ષોથી ઇચ્છતા હતા કે આ કહાણી કોઇ પણ રીતે સંપુર્ણ બને..એક પેઢી જતી રહી...પણ આખરે તે પુરી થૈ ખરી...

સુનયનાને તો અંદરથી આનંદનાં ઉભરા છલકાતા હતા...સુનીલનો પ્રસન્ન ચહેરો જોઈ તે પોરસાતી...

હવે ડાયરી સાચવવાની જરૂર નહોંતી કલકી અને નીલનાં લગ્ન પછી નીલમ પણ જવાબ્દારીથી મુક્ત થઇ હતી.

# એશા-ખુલ્લી કિતાબ-



**(એક વધુ સંવેદનશીલ સહિયારી કથા જ્યાં પાત્રો પહેલેથી વહેંચ્યા છે. આ કથા છે એશા અને રોહીતની. આ કથા છે પ્રેમ અને વહેવારની. જેમા સામાન્ય લાગતી જિંદગી કેવી રીતે ઝઝુમે છે મત્યુની સામે તેની સત્યકથા ઉપરથી સર્જાતી લધુ નવલ "એશા- ખુલ્લી કિતાબ". એશાનુ પાત્રાંકન અમદાવાદ થી રાજુલબેન શાહ કરે છે અને ડો રોહીતનું પાત્રાંકન વિજયભાઇ શાહ હ્યુસ્ટન થી કરે છે. . ચાલો માણીયે પ્રકરણ-૧)**

એક સરસરી નજર એશાએ મુંબઈ સેન્ટ્રલના એક છેડાથી બીજા છેડા તરફ વહેતા માનવ મહેરામણ પર નાખી .હ્રદયમાં બાઝેલો ડૂમો જાણે અધવચ્ચે જ અટકી ગયો. નજર કોને શોધતી હતી ?મન કોને ઝંખતુ હતું? એશાને કઈ સમજાતુ નહોતુ.

મુંબઈથી અમદાવાદ જતી ગુજરાત મેલને ઉપડવાને હજુ થોડી વાર હતી. પણ એ સમય વધુ ને વધુ લંબાતો જાય એવું એશા શા માટે ઝંખતી હતી? એવું પણ નહોતુ કે આપ્તજનને છોડીને પરાઇ જગ્યાએ જવાનું. હતું.

અમદાવાદમાં પણ પોતાનું જ ઘર હતું. મોટીબેન હતા, મોટાઇ હતા રક્ષાબેન, ઇલેશભાઇ અને અલ્પેશ પણ તો હતા જ ને? સમજણ આવી ને બોલતા શીખ્યા ત્યારથી જ મમ્મી-પપ્પા ના બદલે મોટીબેન -મોટાઇ જ જીભે ચઢી ગયુ હતુ. મોટીબેન -મોટાઇ એટલે ત્રણે પરિવારની સાંકળતી એક કડી. કેટલો મોટો પરિવાર ? મોટાઇથી નાના બાબુકાકા અને એમનાથી નાના પંકજકાકા.બાબુકાકા મુંબઈમાં .પંકજકાકા બેંગ્લોરમાં-પણ પરિવારનું મૂળ તો અમદાવાદમાં મોટીબેન -મોટાઇના અનિકેત બંગલામાં બંગલાનું નામ પણ સમજીને રાખ્યુ હતું.

ત્રણે ભાઇઓના સંતાનોના નામમાંથી બનેલુ એક નામ એટલે " અનિકેત".સમગ્ર પરિવારની ધરોહર હતા મોટીબેન અને મોટાઇ. આટ્લે સુધીની તો વાત તો સૌ કોઇ સમજી શકતા હતા કારણકે બાબુકાકા અને પંકજકાકાને સાવ નાનપણથી પાંખમાં લીધા હતા મોટીબેન -મોટાઇએ.પણ હવેની જે વાત હતી તે જરા સમજવી લોકો માટે મુશ્કેલ હતી.વાત જાણે એમ હતી કે એશા મુંબઈમાં બાબુકાકા-કાકી પાસે રહી તેમ બાબુકાકાનો કેતન અને પકંજકાકાની નિરા મોટીબેન -મોટાઇ પાસે મોટા થયા.તો વળી એશાથી નાની ટીયાઅને ઇલેશભાઇ બેંગ્લોર પકંજકાકા-કાકી પાસે .લોકો માટે જે કોયડો હતો તે જ તો આ પરિવારની એક સુત્રતાનું રહસ્ય હતું.

વડાલાના એ ફ્લેટમાં બાળપણ ક્યારે વિતીને ક્યારે મુગ્ધાવસ્થામાં પ્રવેશ થયો એ તો અત્યારે એશાને બરાબર યાદ આવતું નહોતું. પણ હા એટલું તો ચોક્કસ યાદ હતું કે બાળપણના એ દિવસો સાવ જ નફિકરાઇથી -સાવ સરળતાથી તો પસાર થઈ ગયા હતા. ક્યારેય કોઇ અભાવ નહી ક્યારે કોઇ અધુરપ નહી.નિજાનંદમાં મોજ મસ્તીમાં વહી ગયેલુ બાળપણ મન પર કોઇ ખાસ યાદો પણ કંડારી ને ગયું નહોતું ધરતી અને આસમાન મળે એને ક્ષિતિજ કહેવાય પણ એ ક્ષિતિજની કોઇ જુદી ઓળખ રેખા પામવી મુશ્કેલ હોય તેવી અણપ્રિછી ક્ષિતિજને ઓળંગીને એશાનું બાળપણ ટીન એજ પણ વટાવીને એક એવા સમયમાં પ્રવેશી ગયૂં હતું જ્યાથી એક નવી એશા આકાર લઈ રહી હતી.

સરળતાથી વહી ચુકેલા એ દિવસોએ એશાને પણ બધે જ સરળતાથી ગોઠવાઇ જવા જેવી આદતતો પાડી દીધી હતી . આમ પણ બધું આપોઆપ ગોઠવાતું જતું હતું, ક્યારે કોઇ આયાસ કે પ્રાયસ પણ ક્યાં કરવા પડ્ય હતા? વડાલાનીએ અગણિત સાંજ જ્યાં ફ્લેટમાં મળી રહેતી સહીયરોની કંપનીમાં ક્યાં પસાર થઈ જતી ! એશાને આ બધુ અત્યારે સગમટે યાદ અવતું હતું. ખબર તો હતી કે ક્યારેક તો આ માયા સમેટી લેવી જ પડશે.પણ સાવ આમ જ! અચાનક ? એવું તો ક્યારે વિચાર્યું નહોતુ.

સ્કુલનું વેકેશન પતવા આવવાની તૈયારીમાં હતું. એક દિવસ મોટાઇ અમદાવાદ્થી બેંગલોર જતા એક દિવસ માટે મુંબઈ રોકાયા હતા.અને બસ સવારમાં ઉઠીને એશાને અમદાવાદ આવવા કહી દીધું. કોલેજનું એડમીશન અમદાવાદમાં થઈ જશે એવી એશાએ પુછ્યા વગર ખાતરી પણ આપી દીધી.અને એશાએ મુંબઈની માયા સમેટી લીધી–કહો કે સમેટી લેવી પડી.પણ આ માયા સમેટવાનું એટલું સહેલુ પણ ના લાગ્યુ.પરિવાર સાથે લોહીનું સગપણ હોય છે પણ લાગણીના સગપણ પણ ક્યાંક તો જોડાયેલા હોયને? આ સગપણ બસ આમ જ તોડીને ચાલવા માંડવાનું ? મોટાઇના એક આદેશ સમાન વાક્ય માત્રથી? કેમ? મોટીબેન-મોટાઇ બધાનું સારું જ ઇચ્છતા હશે. ભવિષ્યની કોઇ રૂપરેખા પણ મનમાં દોરી હશે.પણ એથી શું? એશાને પુછવાનું પણ નહીં? બસ કહી દીધું- અમદાવાદ આવવાનું- વાત પતી ગઈ? ના! વાત પતી નહોતી ગઈ પતાવી દેવાની હતી. આજ સુધી ક્યાં ઘરમાં કોઇએ સવાલો કર્યા હતા કે હવે એશા કરી શકે?

સ્કુલ અને કોલેજ વચ્ચેનો સંધિકાળ સમો સોનેરી સમય બસ આમ જ સમેટી લેવાનો? ક્યાંક કદાચ કંઇ કુણું-કુણું ઉગતું હોય એને મદારીના કરંડીયામાં સાપને ગુંચળું વાળીને ગોઠવી દે તેમ ગોઠવી દેવાનું હતું. મસ્તીથી ઉડવા શીખેલા પંખીને માળો બદલવાનું કહેવામાં આવ્યું હતું. ઉઘડ્તું આકાશ જોવા શીખેલી આંખોએ આકાશ બદલવાનું હતું. અને આમાં કોઇ વિકલ્પ તો બાકી રહેતો જ નહોતો. એશાએ પણ પોતાની પાંખો અને આંખોં બંધ કરીબીજા એક માળખામાં જવાની તૈયારી કરી લીધી.

" એશા , આમ જો આપણા આગળના બન્ને બંગલામાં લગભગ તારી ઉંમરની જ કંપની છે. તને ફાવી જશે " મોટીબેન આસપાસના ઘરના લોકોની ધીમે ધીમે એશાને ઓળખાણ આપતા જતા હતા. આમતો એશા ક્યારેક અમદાવાદ આવી છે. રક્ષાબેનના લગ્નમાં તો અઠવાડિયુ રોકાઇ હતી પણ એનાથી તો કઈ એ

અમદાવાદથી ટેવાઈ નહોતી. અને ઘરમાં પણ કંપની પુરતી હતી .ઇલેશભાઇ પણ પોતાની કોલેજ પતાવીને બેંગ્લોરથી અમદાવાદ મોટાઇના બિઝનેસમાં જોડાવા પાછા આવી ગયા હતા. અલ્લડ અલ્પેશ પણ હતો. અને કેતન અને નિરા પણ ક્યાં નહોતા? વળી પાછો બધે સરળતાથી ગોઠવાઈ જવાનો એશાનો સ્વભાવ પણ અહીં કામ કરી ગયો. દિવસો પસાર થતા એશા આપોઆપ ગોઠ્વાવા લાગી.

જ્યાં જગ્યા મળે ત્યાં રેલાઇ જવાના પાણીના ગુણધર્મની એશાનો જગ્યા શોધી લેવાનો ,જગ્યા કરી લેવાનો  સ્વભાવ પણ સહાયભૂત બન્યો. અહીં વળી ગુણધર્મ શબ્દ ક્યાં આવ્યો? એશા મનથી વિચારતી , જવાબ પણ એને એની સાયન્સની જનરલમાંથી જ સૂજતો. એશાએ અમદાવાદ આવીને સૌથી પહેલું  કામ તો એડમીશન લેવાનું કર્યું. મુંબઈનું વાતાવરણ અને એજ્યુકેશન જો ક્યાંયથી મળી શકે તો તે ઝેવિયર્સમાં જ મળશે એવી એને ચોક્કસ ખાતરી હતી .એટલે સેન્ટ ઝેવિયર્સની સાયન્સ સ્ટ્રીમમાં વહેલામાં વહેલી તકે એડમિશન લેવાનું કામ કર્યું.

એશા !!!!! ભઈસાબ આ છોકરી થી તો તોબા .ઘરમાં તો ટાંટિયો ટકતો જ નથી ને. કોઇ દિવસ એવું બન્યુ છે કે એ કોલેજથી સીધી ઘર ભેગી થઈ હોય?” મોટીબેન સાંજ પડે એશાના નામની ફરિયાદ લઈને નિકળ્યા ના હોય એવું ભાગ્યે જ બનતું ..સાથે એમને પાકી ખાતરી પણ હોતી કે એશા ક્યાં હશે. અને  એમની ખાતરી ભાગ્યેજ ખોટી પડતી ..એશાનો ચંચળ સ્વભાવ ,એની મસ્તી એની વાતો ,એની બડબડ સાંભળનાર એને ન મળે તો જ નવાઇ. કોલેજથી ઘેર આવતા એશાનું સૌથી પહેલું સ્ટોપ એટલે સોસાયટી નો પહેલો બંગલો..”.ભૂતનું ઘર આબલી ” રિવા એને કહેતી...પણ રિવાને હંમેશ એ ભૂતની રાહ જોવાની હવે ટેવ પડી હતી. સાંજના પાંચ વાગે રિવા પણ કોઇ ને કોઇ બહાને ઘરના ઓટલા પર અથવા ઘરના બગીચામાં પાણી છાંટવાના બહાને બહાર આવીને રહેતી રખેને મોટીબેન શાક લેવા નિકળ્યા હોય ને એશાને ઘરે મોકલી દે તો?  અજબનો મનમેળ થઈ ગયો હતો બંન્ને વચ્ચે. આમ જોવા જઇએ તો ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેટલું અંતર હતુ બેઉ ના સ્વભાવમાં ,એશા તો વાયરા જોડે વાતો કરતી જાય અને રિવા થોડી  અંતર્મુખી  પણ એક વાર જેની સાથે ભળે એટલે અંતરથી સ્વીકારી લે.અને એશા તો અમસ્તી ય સાવ પારદર્શક. ખુલ્લી કિતાબ જેવો એનો સ્વભાવ..

## એશા- ખુલ્લી કિતાબ(2)-રાજુલ શાહ

ઉડતા પતંગિયા જેવી એશાને પણ બેસવા એક નાની ડાળની જ  તો જરુર હતી! બસ રિવા આ ડાળ બની ગઇ. એશા માટે ધીરે ધીરે  એશાની વાતો સાંભળી તો રિવા એની કોલેજના સહાધ્યાયીઓ-પ્રોફેસરો અને પ્યુન સુધ્ધાને નામ અને ગુણધર્મ સાથે ઓળખતી થઇ ગઇ. ફરી એકવાર આ ગુણધર્મ ક્યાં યાદ આવ્યો? પણ એશાની આદત જ હતી દરેક વ્યકિત સાથે એના ફીઝીક્સ કેમેસ્ટ્રીના મૂળભૂત પાયાના ગુણધર્મોને જોડી દેવાની.

એ સમયે સાયન્સના પ્રથમ વર્ષને પ્રિ-મેડીકલ કહેવાતું.આગળ જતા મેડીકલ અને  મેડીકલ માં એડમીશન ન મળે તો પછી કોલેજના બીજા વર્ષથી જુદા જુદા ક્ષેત્રમાં ફાંટા ફંટાઇ જતા.એશાએ પણ મેડીકલ ન મળે તો પેરા મેડીકલ એવા માઇક્રોબાયોલોજીમાં આગળ વધવાનું નક્કી કર્યું. મિજાજ થોડો સ્વતંત્રતો ખરો જ એટલે કેટલાક નિર્ણયો જાતે જ લેવાની પ્રકૃતિ. બીજી એક ખાસ પ્રકૃતિ એશાની એ પણ ખરી એને સૌ પોતાના જ લાગતા જ્યારે જેને મળે એ પણ પોતાના પરિવારની વ્યકિત હોય એટલી સરળતાથી એને સ્વીકારી જ લેતી.કદાચ નાનપણ થી સંયુક્ત કુટુંબમાં રહેલા સ્વભાવ બીજા જોડે સરળતાથી સંયોજન ઊભો કરવામાં કામ લાગતો. દિવસ ઓછો પડે તેમ રાત્રે રિવા સાથે વાંચતા પહેલાં આખા દિવસની સવિસ્તાર વાતો પૂરા રસ થી કરવાનો તો હવે એક અનુક્રમ થઇ ગયો હતો.રિવા આર્ટ્સમાં અને પોતે સાયન્સમાં ,પ્રકૃતિ ભિન્ન એમ ભણતર પણ ભિન્ન.પણ બંને વચ્ચેના તાદ્મ્યના ચણતરમાં તો એ પણ ક્યાંય નડયું નહીં.

એશાના 'અનિકેત'ના ઘરમાં હવે ધીમે ધીમે એક પછી એક નવા સદ્દશ્યના ઉમેરા થતા હતા. મોટા ઇલેશભાઇ નું લગ્ન પતી જતા હવે ઘરમાં એશાના લગ્ન માટેની થોડી હળવી હલ ચલ ચાલુ થઇ જ ગઇ હતી.સામાજીક રીત-રસમ કે બંધનોથી અકળાતી એશા માટે વળી પાછી એક નવી સમસ્યા હતી.માઇક્રોબાયોલોજી પુરુ કર્યા પછી પોતે પેથોલોજી માં જવા માંગે એવુ એને સ્પષ્ટ જણાવી દીધું હતું. ઘરના જ બિઝનેસમાં રચ્યા પચ્યા રહેતા તમામ વડિલો કે ભાઇઓને ડીગ્રી સાથે કોઇ લેવાદેવા ન હતી.પણ એશાના આ નિર્ણયે માટાભાઇને હવે પોતાની શોધનું સુકાન બદલવાની ફરજ પાડી.

ચાલો! આ એક વાત તો સારી થઇ.એશા મનમાં વિચારતી કે હાલ પૂરતું તો હવે કોઇ પોતાને છંછેડશે નહી એવું લાગતા પેથોલોજીમાં આગળ વધવાની મોકળાશ મળતા,મનથી થોડી હાંશ થતા વળી પાછા પોતાના અસલ સ્વભાવની મસ્તીમાં આવતી-જતી હતી.નવી દિશા,નવી કોલેજ,નવી ઓળખાણ અને વળી બીજા નવા

સંબધો.એમાં એશાને ક્યાં વાર લાગવાની હતી? 'વસુધૈવ કુટુંબકમ' ની માફક એનું પોતાનું મિત્ર જગત વિસ્તરતું જતું હતું પણ આ વસુધાની ધરી કહો કે કેન્દ્ર બિંદુ કહો હજુ તો રિવા જ હતી.આટ આટલા મિત્ર વર્તુળ સાથે પણ એશા પોતાની જાતને એકલી પાડી શકતી હતી.

સાંજ પડતા બંગલાના ઝાંપે બૂમ પડી રિવાની નામની "આજે તો કોલેજમાં મુડ નહતો એટલે હું પિકચર જોઇ આવી" આમ તો સામાન્ય રીતે રિવા-એશા સાથે જ પિકચરમાં જતા એટલે આ વળી નવી વાત સાંભળીને રિવા ને નવાઇ તો લાગી જ.એશા અને પિકચર? અને તે પણ સાવ એકલી? ગજબ છોકરી છે ને આ! થિયેટરમાં તો વળી કોઇ એકલું પિકચર જોવા જતું હશે? અને તે પણ એકલી છોકરી? થોડું હસવુ પણ આવી ગયું અને થોડી ખીજ પણ ચઢી રિવાને.

એમાં શું થઇ ગયું? મને ખબર હતી કે તારે કોલેજના એન્યુઅલ ડે ના ફંકશનની પ્રેકટીસ હશે એટલે તારાથી તો અવાશે જ નહીં.અને મારે વળી ક્યાં ત્યાં કોઇની સાથે વાત કરવાની હતી? બોલનાર તો બોલતા હોય મારે તો સાંભળવાનું ને જોવાનું જ હતું ને? એશા આવ અલ્લડતાથી જવાબ આપતી. અને પણ હવે ઘરમાં પણ બોલનારા બોલવા માંડ્યા હતા ,એશાને ફકત સાંભવવાનું જ હતું.મોટાઇએ છોકરો પસંદ કરી લીધો હતો.વીરસદનો ડો. રોહીત. માઇક્રોબાયોલોજી કરતી એશા માટે હવે જો ડૉકટર છોકરો મળતો હોય તો લાંબુ વિચારવાની ક્યાં જરુર હતી? સ્વિકારી લીધો એશાએ મોટાઇનો આ નિર્ણય પણ.ક્યારેક તો ખીલે બંધાવાનું જ હતું ને? તો પછી આનાકાની ને ક્યાં સ્થાન આપવું? ખાલી એક વાત કઠતી-ક્યાં મુંબઇ,કયાં અમદાવાદ, અને ક્યાં હવે લગ્ન પછી વીરસદ? તો શું થઇ ગયું? છોકરો ડૉકટર છે એટલે ગમે ત્યારે પોતાની પ્રેકટીસ કરશે અને ચાલશે એટલે વીરસદ થી બહાર જ આવશેને? છોકરી માટે ઘર જોવાય,વર જોવાય, કોઇ ગામ જોવા બેસવાનું તો ના હોય ને? તારા મોટાઇ ક્યા ગામના હતા તેની આજે કોઇને ખબરે છે ?

મોટાઇના આ એક આદેશ સમાન વાક્ય થી વાત પતી ગઇ? એશાની મરજી પૂછવાની પણ નહીં ? ના વાત પતી જતી નહોતી, વાત પતાવી દેવાની હતી. વળી પાછું એશા મનથી વિચારતી મોટાઇ-મોટીબેન બધાનું સારું જ ઇચ્છતા હશે,વ્યવસ્થિત વિચારતા હશે ને? અને વાત ક્યાં ખોટી છે? ડૉકટર છે,જનરલ સર્જન છે એટલે કંઇ વીરસદમાં તો નહીં જ રહે ને? બંડખોર એશાએ પોતાના બંડ મનમાં જ સમાવી લીધું મોટાઇ જે સૂચવ્યું તે સ્વિકારી લીધું પણ આગળ-પાછળ નાની નાની વાતમાં તો ઉભરો ઠલવાઇ જતો હતો.

એશા-ખુલ્લી કિતાબ.(૩) વિજય શાહ

વી. એસ. હોસ્પીટલમાં રોહીત આમતો સીધી નાકની દાંડીએ ચાલતો વિદ્યાર્થી ગણાતો પણ પેથોલોજીમાં આવેલી માઇક્રોબાયોલોજીની નવી છોકરી એશા પર તેનુ મન આવી ગયુ હતુ. તે જે સહજતાથી અને સરળતાથી જુદા જુદા મિત્રવૃંદમાં ઘુમતી તે જોઇ ખુબ જ પ્રભાવીતે થતો. એક દિવસ પેથોલોજી ડીપાર્મેંટ્માંથી એશા બ્લડ સેમ્પલ લેવા આવી અને તેજ વખતે આ રેસીડંટ ડોક્ટરોનું રાઉંડમાં નીકળવું.

શર્મીથી તે જાડા બાનુની નસ પકડાતી નહોંતી તેથી એશાએ નીડલ હાથમાં લઈ શર્મીને કહ્યું “તુ જરા તેમનો હાથ હલે નહી તેનુ ધ્યાન રાખ અને હું બાટલો ભરી લઉ છું.”અને ડોક્ટરો અને જાડા બેન બંને ચોંક્યા..પણ એશા તો પહેલી prick માં લોહી લઇ ચુકી.. પછી હસત હસતા બોલી “બસ બાનુ આટલું જ બસ છે હવે કાલ સવારે આવીશ જો ડોક્ટરસાહેબ કહેશે તો...”

પેલા બેન કહે “તમે તો બાટ્લો લોહી લેવાના હતાને?”

એશા હસતા હસતા કહે એતો ખાલી તમારુ ધ્યાન આ સોય ઉપરથી હટેને એટલા માટે બોલી બાકી હુંતો ગમ્મત કરતી હતી.

રોહીત એશાની ગમ્મત જોતો હતો અને પેલા જાડા બાનુનાં મોં પરનો ભય આવત અને એશાની મજાક પત્યા પછી જોતો તે જોઇ રહ્યો. પ્રસંગ ઘટી ગયા પછી તેના જોડીદાર ડોક્ટરમાંથી આશિકે ટીપ્પણી કરી..”પેલા પેશન્ટને તો લોહીનો બાટલો સાંભળીને ચક્કર આવી ગયા નહીં?”

રોહીત કહે “પણ! જો તેમ ન કર્યું હત તો હજી પણ સોયો ખાતા રહેત કારણ કે તેમની નસ પકડાય તે પહેલા તો હલી જતા હતા. બહ પ્રેક્ટીકલ અને ગમ્મતિયાળ હતી તે લેબ ટેકનીશીયન.”

આશિક કહે ” એશા છે એનુ નામ..તમારા છ ગામની છે.”

રોહીત કહે ” હશે.”

આશિક કહે ” મારી પાડોશમા જ રહે છે અને મારી નાનીબેન રીવાની જીગરજાન દોસ્ત છે.”

રોહીત કહે ” યાર હમણા ભાદરણની કોઇ વાત આવી છે.કહે છે તે લોકો અહીં અ્દાવાદમાં જ છે. પરમ દિવસે મને જોવા આવવાના છે.”

આશિક કહે " એશા પણ ભાદરણની જ છે."

"હશે" કહી આશિકની સાથે રાઉંડ પુરુ કરી રોહિત રુમ પર પહોંચ્યો.

ઘરેથી ટપાલ હતી અને સાથે ફોટો હતો..એજ લેબ ટેકનીશીયન એશાનો..

રોહીત તો ખીલી ઉઠ્યો વહેલી સવારે ખીલી ઉઠેલ કમળની જેમ...

રોહીતથી તેના મનની ખુશી સહન થતી નહોંતી. લેક્ચરમાં મન લાગતુ નહોંતુ અને મનનો આ હર્ષ વ્યક્ત કરવા તેણ્વ ઘણા વખતથી છોડી દીધેલ દિલરુબા હાથમાં લીધી અને તેને ગમતી મધુર ધુન भंवरेकी गुजन है मेरा दिल, कबसे तडप रहा हुं ए मैरे दिल વગાડવી શરુ કરી. તેણે કયારેય કલ્પ્યું નહોંતુકે તે જે ઇચ્છશે તે આટલી સહજ રીતે મળી જશે.

## એશા-ખુલ્લી કિતાબ.(૪) વિજય શાહ

બીજે દિવસે આશિક અને રિવા રોહીતની રુમ ઉપર આવ્યા. બેચલર રૂમ રીવાએ ધાર્યો હતો તેના કરતા સાવ જુદો હતો.એક ખુણામાં ચાર પુસ્તકો વ્યવશ્થિત રીતે

ગોઠવી ને મુક્યા હતા. એક સોફા અને બે ખુરશી હતી. એક બાજુ દિલરુબા અને હાર્મોનીયમ હતુ. ભીંત ઉપર એક સરસ અજંટાનું ચિત્ર કાળી જાડી ટેપ થી ભીંત ઉપર ચીટકાડેલું હતું. કોઇક સંસ્કારી છોકરાનો રૂમ લાગતો હતો. બીજા ખુણે સ્વામીનારાયણ બાપાનું ચિત્ર હતુ અને ત્યાં ધૂપ હતી.

રોહીત રીવાને જોઇ ને સહેજ ચોંક્યો પછી પહેલોજ પ્રશ્ન આશિકને પુછ્યો...”તો તને વાતની ખબર પડી ગઇ છે નહીં?”

હા કાલે સાંજે બે બેનપણીઓ તારું ચિત્ર જોતા હતા અને મારી તેની ઉપર નજર પડી ગઇ એટલે મેં પુછ્યું “કોનો રોહીતનો ફોટો છે?” અને જો મારુ આવી બન્યુ.. રિવાએ પ્રશ્નો પુછી પુછીને મારું માથુ ફેરવી નાખ્યું.

“અરે પણ તમે આવો તો ખરા? મને તો એમ કે હજી આવતી કાલે મને મળવા આવવાના છે એશા અને તેના મોટીબેન અને મોટાઇ.”

રિવાએ પ્રતિપ્રશ્ન કર્યો કે “મારી બેનાને તમે પસંદ કે નાપસંદ કરો તે પહેલા હું તમને મળી લઉં અને તેથી આશિક સાથે તમને જાણ કર્યા વિના આવી ગઇ.”

રોહીતે સહેજ પણ સંકોચાયા વિના કહ્યું કે “મેં અને આશિકે તો એશાને કાલે રાઉંડમાં જોઇ અને સાંજે મેલ માં તેનો ફોટો જોયો અને..”

“અને?” રિવાએ અધ્ધર શ્વાસે પ્રશ્ન કર્યો

“અને શું? હુંતો માનીજ ના શક્યો પ્રભુની મહેરબાનીને...મન મારુ હજી પણ ગાય છે **कबसे संभाले रख्खा है दिल तेरे लीये तेरे लीये..**”

રિવાની અને આશીકની પણ નજરો ખુશી થી તરબતર હતી...

રોહીત કહે ” તો રિવા તારુ શું માનવુ છે હું એશાને ગમીશ ખરો?

” અરે જુગતે જોડી છે. નાતો શું કહે એશાડી. પણ તમારી કોઇ પૂર્વ શરતો છે ખરી?”

” જો ભાઇ અહીં મારે તો ફક્ત હા કે ના જ કહેવાની છે. જે મેં પેપર ફોડીને તમને કહી દીધુ હવે કાલે તો ખાલી નાટક જ કરવાનુ છે.. જો કે હું તો તેની પણ વિરુધ્ધ છું પણ વડીલોનો એ અધિકાર છે તેથી તેને માન આપીશુ.”

રિવાને આ સીધી વાત ગમી જો કે તેને ખબર હતી કે એશા પણ આવી જ છે જે હોય તે સ્પષ્ટ કહેવું અને પછી જે થાય તે હસવું કે રડવું.

આશિક પછી તેમના પેશન્ટોની  વાતે ચઢ્યો પણ બે ડબ્બા ખોલી મગસની બે લાડુડી અને સેવગાંઠીયા પ્લેટમાં કાઢી ને મુક્યા. આશિકને આ જોઇને ખુબ હસવુ આવ્યુ..કહે" જોને કેવો ગઠીયો છે બે લાડુડીમાં તને પટાવે છે."

અરે ના રે આતો તારી બેન પહેલી વખત રૂમ પર જણાવ્યા વિના આવી એટલે જરા આદર સત્કાર...

આશિક હજી મજાકનાં મુડમાં જ હતો તેથી બોલ્યો "એમ કહે ને જો હા પડી પછી તારા ઘરનાં પણ ચક્કર વધશેને? એટલે .."

રિવા જોકે રોહીત સાથે હજી વાતો કરવા માંગતી હતી તેથી એ મજાકને અવગણતા બોલી," રોહીત પ્રેક્ટીસ તમે વીરસદ કરશો કે બહાર જવાનો વિચાર છે?"

"  શરુઆત તો વીરસદ થી જ કરવાનો છું. પણ આ ટર્મ પતી જાય પછી વધુ ખબર પડે."

"મને એક જ વાત નથી સમજાતી કે જે વડીલોને સમજણ પડી ગઇ છે અને તે એશા તો મુંબઈ અને અમદાવાદમાં ઉછરી છે તે વીરસદમાં કેવી રીતે ટકશે?"

રોહીતે બહુ ઠાવકાઇ થી કહ્યું " જો થડીયુ મજબુત હોય તો ડાળા પાંદડાની ચિંતા નહીં કરવાનુ એશા અભુ જ સહજ રીતે સમજશે."

રિવા વિચારમાં પડી ગઈ અને આશિક ફરીથી તેની વહારે આવ્યો કે "એશા રોહીતને ગમે છે ને  તેથી કશું નહી થાય ચિંતા નહીં કર."

રોહીતે સીધો જ પ્રશ્ન કર્યો " રિવા બોલ હવે તારે એશાની બેન થવું છે કે નણંદ?" લગ્ન પહેલા નક્કી કરી લેજે.

રિવા એ તરત જ કહ્યું એશા અને તે પણ ભાભી? નો વે...

બીજે દિવસે રોહીત અને એશા મલ્યા વડીલોની હાજરીમાં.. એશાને તો જે પ્રશ્નો હતા તેની જવાબો રિવા લઇ આવી હતી તેથી તે ખુશ પણ હતી અને નાખુશ પણ. એને

હજી ભણવુ હતું પણ મોટીબેન જે કરતા હશે તે મારા માટે સારું જ હશેને... વિચારી ને તેણે બહુ વિરોધ ન કર્યો. જોકે તેને કલ્પના પણ નહોંતી કે મુંબઈ છોડીને તે અમદાવાદ આવી અને હવે વીરસદ...લોકો ગામડુ છોડી શહેરમાં આવે અને તે શહેર છોડીને...હશે જેવી પ્રભુની મરજી.છ મહિનામાં લગ્ન લેવાયા

રોહીત જોઇ તો ચુક્યો હતો કે એશા શાંત થઈ ગઈ હતી.એમ એસ ની છેલ્લી સેમેસ્ટર હતી તેથી અલપ ઝલપ મળીને છુટા પડી જતા હતા.

લગ્નના બે અઠવાડીય પહેલા રોહીતને તેણે પુરુષપ્રધાન સ્વભાવ જોઇ લીધો. તેનું મગજ થોડુ સુન્ન તો થઇ ગયુ...પણ હવે જે તખ્તો ગોઠવાઇ ગયો હતો ત્યાં જે નાટક ભજવવાનું હતું તે ભજવી લેવાનું નક્કી કરી લીધુ. એશા જે ઉછળતુ ગંગોત્રી થી નીકળતુ ઝરણું હતી તે હવે કાંઠા પહોળા થતા નદીમાં ફેરવાવા લાગી. નવાઇ ની વાત એ હતી કે મોટી બહેન ને કે મોટાભાઇને તેમા જરાય અજુગતુ લાગતુ નહોંતુ..તેઓ માનતા કે પુરુષોએ કમાવાનું અને સ્ત્રીઓએ ઘર સંભાળવાનું.

## એશા- ખુલ્લી કિતાબ(૫)-રાજુલ શાહ

"હું મહેંદી નહી મૂકાવું -કોણે કીધું કે લગ્ન હોય એટલે મહેંદી મૂકવી જ પડે"

"હું વિદાય વખતે રડીશ નહીં અને કોઇએ પણ રડવાની જરુર નથી.જવાનુ જ છે અને મોકલવાનીજ  છે એ વાત નક્કી કર્યા પછી રડવાનું શેના માટે?"

અને ખરેખર અલિપ્ત રહી ને જ એશાએ આ વિવાહ થી વિદાય સુધીનો સમય પસાર કર્યો. ના કોઇ ખરીદીમાં રસ લીધો કે ના કોઇ ગમા-અણગમા વ્યક્ત કર્યા! મોટીબેનને જે ગમ્યું ,જે પસંદ પડયું તે નિર્લેપતાથી લેતી ગઇ .

અને એક દિવસ એટલીજ સાહજિકતાથી રોહીતનો હાથ થામી વીરસદની વાટ પકડી ,જેટલી સરળતાથી મુંબઇ થી અમદાવાદ આવી ગઇ હતી.

"હે ભગવાન? કઇ જાત ની છોકરી છે આ" ? રિવાને આ સમગ્ર સમય દરમ્યાન મનમાં ઉત્પાતો થયા કરતા હતા.એશા જેટલી ઠંડક થી જલકમલવત રહેતી એટલો વધુ ને વધુ ઉદ્વેગ, ઉચાટ રિવાને થયા કરતો.

"કેવી રીતે પોતાની જાત ને ગોઠવી શકતી હશે, એશા"? એકલી પડેલી રિવાને સતત મનમાં ધૂંધવાટ રહેતો.સો સવાલો રહેતા અને હવે "અનિકેત" જવાની પણ ઇચ્છા રહેતી ન હતી.

પણ ના! આમ જલકમલવત દેખાતી એશાએ ક્યારેય મનથી પોતાને એ વીરસદની બંધિયાર હવામાં બાંધી ન હતી.સામાજીક રિત-રસમ તો પહેલેથી એશાને ક્યાં  મંજુર હતા? માત્ર દેખાડો કરવા થતા વ્યહવારોને એણે
વીરસદમાં રહીને પણ સ્વીકાર્યા ન હતા.
 મનને મંજુર ના હોય એવા કોઇ પણ સંબધો ને પરાણે પકડી રાખવા એની તૈયારી નહોતી. વીરસદમાં રહીને પણ એ તમામ વ્યહવારોથી વિરક્ત જ રહી.

સ્વાભાવિક છે બા-બાપુજી ને આ બધું જ આકરું લાગતું  .રોહીત પણ એશાની સાચી લાગતી વાતમાં  બા-બાપુજીની મરજી આડે સાથ આપતો નહીં અથવા આપવાની મરજી પણ બતાવતો નહીં.

પણ જો વગર બોલે ચાલ્યે એક નિર્ણય જો રોહીતે લીધો હોય તો તે વીરસદ છોડી બહાર નિકળવાનો જેથી તમામ દ્વિધા-ઝંઝટોનો અંત આવે.

હજુ પોતાની હોસ્પીટલ કરવા્ની તો વાર હતી એટલે  અમદાવાદની હોસ્પીટલમાં સર્જન તરીકે મળેલી તકને સ્વિકૃતિ આપી દીધી.

"ચાલો ! એક અણગમતા પ્રકરણનો અંત  તો આવ્યો ..નવેસરથી પોતાની જાતને એશા રોહીતના માળખામાં ગોઠવવા પ્રયત્ન કરતી.પણ મનમાં એક ખટકો તો હંમેશા રહેતો કે કદાચ રોહીતનો અંદરથી અને અંતરથી એને સાથ નથી જ?

સમય અને સંજોગો સાથે સમાધાન કરતા શીખેલી એશા માટે સાંત્વનની એક વાત હતી કે જે હોસ્પીટલ માં રોહીતને સર્જન પોસ્ટ મળી હતી ત્યાં જ એને પણ પેથોલોજીસ્ટની જોબ મળી ગઇ હતી. એ હોસ્પીટલના નાના અમસ્તા રુમમાં એશા અને રોહીતનો  નવેસરથી  વહેવાર-વ્યવસ્થા શરૂ થઈ .. હાસ્તો એ વ્યવસ્થા જ તો કહેવાય ને!

ઉડતા પવનના ઝોકા જેવી - રિવા કહેતી એમ વાવાઝોડા જેવી એશા અને શાંત-સ્વસ્થ, ખાસ કોઇ ચઢાવ ઉતાર,આરોહ-અવરોહ વગર નો રોહીતનો સ્વસ્થ સ્વભાવ તાલમેલ મળતા થોડો સમય તો લાગ્વાનો હતો પણ કહેવાય છે કે બે વિરૂધ્ધ છેડા  વચ્ચે આકર્ષણ વધુ થાય  એમ હળવેકથી ઉત્તર ધ્રુવ દક્ષિણ ધ્રુવના છેડા એકબીજા તરફ આકર્ષાવા તો લાગ્યાજ હતા.

ક્યારેક ખડખડાટ હસી પડતી રિવા.... "તારો આ સાયન્સના ગુણધર્મને દરેક વાતે જીંદગી સાથે વ્યકિત સાથે જોડાવાનો સ્વભાવ ક્યાં સુધી રહશે"?

"સારુ છે ને સાયન્સ ભણી છું એટલે જ કદાચ ડૉકટરો જેટલી તટસ્થતાથી દેહ-શરીરને જાણી શકે છે એઅટલી તટસ્થતાથી હું સંબંધોને માણી શકું છું."એશા કહેતી.

અને આમ જોઇએ તો એની વાત સાચી પણ ઠરી.ધીરે ધીરે રોહીત અને એશા વચ્ચે એક સમજણ પૂર્વકનો સંબંધ વિકસતો ગયો.જેમાં લાગણીની કૂણી કૂંપળો પણ ઉગી હતી.

"ભમરો છે તારા પગે તો! એક જગ્યાએ ટકીને બેસવાની પ્રકૃતિ નથી તારી એટલે ભગવાન પણ તને ભમતી રાખે છે". એક સવારે જ્યારે એશાએ હોસ્પીટલની જોબ છોડી નવેસરથી પોતાની હોસ્પીટલ ઉભી કરવા અમદાવાદ છોડી આણંદ જવાનો એનો અને રોહીતનો નિર્ણય રિવાને જણાવ્યો એ માટે રિવા થી સ્વાભાવિક જ પ્રત્યાઘાત અપાઇ ગયો.

રિવાને એશાની જીંદગીની આ નવી સફરથી આનંદ નહોતો એવું નહોતું.એશા અને રોહીત સાયુજયથી એ ખુશ પણ હતી પણ વળી પાછી એશા દૂર થઇ જશે? એ

વિચારથી અકળામણ હતી.આમ જોવા જઇએ તો બંને કંઇ રોજ મળતા હતા અને થોકબંધ સમય સાથે પ્રસાર કરતા હતા! એવું પણ નહોતું અને છતાં પણ જ્યારે મળતા ત્યારે કયારેય એવું યાદ આવતું નહોતું કે  વચ્ચે મળ્યા વગર કેટલો સમય પસાર થઇ ગયો? હજુ તો કાલે જ મળી ને છુટા પડયા હોય એટલી તાજગી રહેતી બંને વચ્ચે ,અને અમદાવાદમાં અંતરો પણ ક્યાં દૂર દૂર ના હતા એટલે મન થાય ત્યારે એકબીજા પાસે પંહોચતાય ક્યાં વાર લાગતી?

“અતિથિ “–રિવા હંમેશા એશા માટે વિચારતી,ખરા અર્થમાં એશા અતિથિ હતી.એનુ આગમન હંમેશા અણધાર્યું જ રહેતું ક્યારેય કોઇ તિથિ કે સમયની ક્યાં એણે પાબંદી રાખી હતી? અને એશાને પણ એટલી ખાતરી રહેતી કે એ જ્યારે રિવા પાસે પહોંચશે ત્યારે રિવા એને મળવાનીજ છે અને રિવા એના એ અણધાર્યા આગમનને પણ આવકારવાની જ છે.

પણ હવે! અમદાવાદમાં હતા તો આ જેટલું શક્ય બાનતું એ અટલું આણંદથી થોડું શક્ય બનશે? બસ આટલો નાનો અમસ્તો વિચાર રિવાને અકળાવા માટે પુરતો હતો.

જો કે આણંદ હોય કે અમદાવાદ આજે પંણ એશાની એ જ પ્રકૃતિ છે કેટલા સમયના વહાણા વિતી ગયા પણ આજે આટલા વર્ષે પણ એશા એની એ જ છે.ઓચિંતા અણધાર્યા આગમનનો અનુક્રમ પણ એનો એ જ છે. વચ્ચે જો કંઇ બદલાઇ હોય તો તે એશાની પરિસ્થિતિ સમય અને સંજોગો.

## એશા-ખુલ્લી કિતાબ (6)- વિજય શાહ

રોહિત અને એશાનું જીવન આમ તો ખુલ્લી કિતાબ જેવુ કે જ્યાં સામાન્ય ચણભણ થાય પણ છેલ્લો શબ્દ તો હંમેશા રોહીતનો જ ચાલે. એષા મુંબઇ અને અમદાવાદમાં રહેલી અંગ્રેજી માધ્યમમાં ભણેલી અને લેબોરેટરી ચલાવે જ્યારે રોહીતનો ઉછેર વીરસદ જેવા નાના ગામમાં અને તેણે બચપણ થી જોયેલું કે બા દાદી કે બહેન

કોઇનું ક્યાંય ચાલે નહીં. બધા પપ્પાને જ પુછતા તેથી પુરુષને જ ઘરનાં નિર્ણયો લેવાના અધિકાર એવો જડબેસલાક વિચાર મનમાં સ્થિર થઇ ગયેલો.

એશા સાથે લગ્ન પછી એશા દવારા ઘરમાં વધેલી આવક તો તેને ગમતી હતી પણ તેના નાણાકીય બાબતોમાં થતા સુચનો કે કૌટુંબીક બાબતે થતા વિવાદોથી પરેશાન હતો. તેને મોટે ભાગે દરેક નિર્ણયો એશાને પુછ્યા વિના લેવાની આદત્. અને માને કે એણે તો છોકરા ઉછેરવાના અને ઘરમાં બધુ વ્યવસ્થિત રાખવાનુ..પણ એશા તો તે બધામાં ચપળ અને કાર્યદક્ષ તેથી તે પતી ગયા પછી હોસ્પીટલ પહોંચી જતી..રોહીતને ટેકો કરવા.. જિંદગીએ જે આપ્યુ તે બધુ સ્વિકારી ચાલવામાં ક્યારેક રોહીતની નામરજી છતા ઘરમાં દસ પંદર મિત્રોની પાર્ટી હોય કે વેકેશન પ્લાનીંગ થયેલું હોય કે સગા વહાલાને ત્યાં લગ્ન પ્રસંગ હોય ત્યારે ભેટ સોગાદ કે ચાંદલો કરતી હોય.. અરે ત્યાં સુધીકે કુટુંબીજનોની વર્ષગાંઠ અને દિવાળીકાર્ડ વગેરેમાં કાબેલ સેક્રેટરી સાબિત થતી..આથી લોકો ને એશાભાભી ગમે અને રોહીતભાઇતો રાષ્ટ્રપ્રમુખની જેમ ફક્ત રબર સ્ટેમ્પ..તેથી તેનું માન ઘણી વખત ઘવાતુ પણ તે સમજતો અને એશા પણ ત્રાહિતો સામે માન બહુજ અપાવે. એતો રોહીત કામમાં હોય અને ભુલી જાય તેથી ખરાબ તો અમારું જ દેખાયને કહી સાચવી લેતી.

રોહીત તો નવી પ્રેક્ટીસ જમાવવામાં લાગ્યો હતો ત્યારે એશા પણ કુટુંબ ને સ્થિરતા અપાવવામાં સફળ થતી હતી.રીચા અને રાહુલની શાળા ચાલતી હતી અને સીવીલ હોસ્પીટલનો પ્રોજેક્ટ મળ્યો.. રોજ રોજ ના દસ ઓપેરેશન અને બેંકમાં  ઓપેરેશન દીઠ વળતર જમા થયા કરતુ હતુ. હવે એષાનાં પૈસા બહું મહત્વ રાખતા નહોંતા છતાં તે નાણાકિય વ્યવહારો કરે તે રોહીતને ડંખતુ..એશાને તે ડંખ અર્થહીન લાગતો કારણ કે તેના મનમાં તો મારુ તારુ એવું કશુંય નહોંતુ. સમય સહજ રીતે પસાર થતો હતો...

બેડરૂમની અંદર રોહીત અને એષા વચ્ચે કોઇજ નહોંતુ આવતુ. ન રોહીતની હોસ્પીટલ કે ન રોહીતનાં કુટુંબીજનો અને એષા માટે તે પુરતુ હતુ કારણ કે બેડરૂમ બહારની દુનિયા માટે તેની પાસે પુરતી કાબેલીયત હતી. રોહીતે ન આપેલી ઘણી બાબતોને તે વહેવાર કૂશળ રીતે મેળવી લેતી. જો કે રોહીત માનતો કે એષાને કારણે બાળકોની જવાબદારીમાંથી તેને રાહત હતી..ક્યારેક ચણ ભણ થાય પણ એશા એવી સરસ રીતે વળી જતી કે રોહીતને ફરિયાદનું કારણ ન રહેતું. ધ્રુમિલ અને રીચાનું કોલેજ ગમન એક રીતે રોહિત માટે રાહત રૂપ હતુ કારણ કે રીચા અને ધ્રુમિલનાં નામે થતું માનસિક સ્તરનું એશાનું દબાણ ઘટી ગયું હતું

જીવન એકધારા પ્રવાહમાં વહ્યાં કરે ત્યાં સુધી તો બધુ બરોબર હતું. પણ તે દિવસે રીચા માટે ડો કાર્તિક પટેલનું માંગુ આવ્યું ત્યારે ઘર ખુશી અને આનંદ થી ભરાઇ ગયું. સારું ઘર સારો મુરતિયો અને કોઇ રોકડ દોકડ કે લેવડ દેવડનીની વાત નહીં. એશા અને રોહિત કાર્તિક અને તેના કુટુંબને સરસ રીતે જાણતા.રીચાનાં મનની વાત જાણવા રોહીતે ધ્રુમિલને પુછ્યું તો ધ્રુમિલ કહે કાર્તિક અને રીચા એક મેકને પસંદ કરે છે તે પછીજ વાત આ સ્તરે આવી છે. ઉતરાણ ગયા પછી બંને કુટુંબોનાં વડીલોની હાજરીમાં વિવાહ નક્કી થયા.

રોહીત પ્રસન્ન હતો અને એશા અને રીચા પણ આનંદથી ચહેકતા હતા. એશાને આનંદ હતો કે જે તેને મળ્યુ નહોંતુ તે સ્વાતંત્ર્ય તે રીચાને આપી શકી હતી. તેને તેની મરજીનો મુરતિયો પામવાનો અધિકાર મળ્યો હતો. જો કે રોહીતને પામ્યા પછી કો અફસોસ તો નહોતો પણ કદીક તેનું મન ઉદ્દંડ તો થતું જ ખાસ તો જ્યારે જરુર વિનાની દખલગીરી જ્યારે રોહીત કરતો ત્યારે તેનાથી ઉછેર તફાવતનો નિઃસાસો નંખાઇ જતો. મને કમને રિવા અને કરણ સાથે સરખામણી થઇ જતી.

રોહીત તેને કહેતો એશા " મને હું જેવો છું તેવો સ્વિકાર. તારી અપેક્ષાઓનાં વાદળોની સ્નેહધારા ધ્રુમિલ અને રિચા ઉપર ઉતાર. મને ક્યારેય એવી પરિસ્થિતિમાં ના મુકીશ કે જ્યાં મારે મારા નિર્ણયો તારા પર થોપવા પડે. ઘર અને કુટૂંબ વહેવાર બધો તુ સાચવ બાકી મારે મારા ધંધામાં કે મારા ઘરાકોમાં શું કરવું તે તુ મને કરવા દે. આપણે આપણા નીજી સુખ માટે દોરેલી રેખાઓને તુ પણ ના ઓળંગ અને મને પણ તે માટે ન ઉશ્કેર.

એશા કહે " રોહીત તું અને હું ક્યાં જુદા છીયે?"

" તો પછી આ નિર્ણયોનાં અધિકારો માટે શું કામ વ્યથીત થાય છે?"

" ભોળા રાજ્જા! તને કેટલીક વાતો સમજતા વાર લાગે અને મને તે તરત સમજાય તો મારી તે ટકોરથી ચેતવાને બદલે તુ માથુ ના માર કહી જે મોં ફુલાવે છે તે મને નથી ગમતુ. કેટલાક સંસ્કારો સમય સાથે બદલાય છે. અભણ ગામડાની છોકરી અને ભણેલી શહેરની છોકરી વચ્ચેનો તફાવત તો સમજવો જોઈએને? આ ચર્ચા કદીય તેમના બેડરુમની દિવાલોને ઓળંગતી નહીં

કારણ પણ આમ જોઇએ તો વ્યાજબી હતું અને તે રોહીત કહેતો પણ ખરો..”એશા પાકા ઘડે કાંઠલા ના ચઢે.” અને આમેય તે પાંચ વર્ષ ઉંમરમાં મોટો હતોને..તે વય અભિમાન પણ રોહીતને નડતુ....

## એશા- ખુલ્લી કિતાબ(7) -રાજુલ શાહ

આજે પણ રિવાને એ સાંજ યાદ છે. અણધાર્યા અતિથિ જેવી એશા ઢળતી સાંજે આવી ને ઉભી રહી.પણ નવાઇની વાત એ હતી કે સાથે રોહીત પણ હતો.આણંદ

પોતાની હોસ્પીટલ કર્યા પછી રોહીતને ભાગ્યે જ બહાર નિકળવાનું થતું.પોતાની હોસ્પીટલ અને પોતે જનરલ સર્જન એટલે પ્રસંગ વગર તો રોહીતને ભાગ્યેજ અમદાવાદ આવવાનું થતું. ક્યારેક એશાથી નાની ટિયા કે અલ્પેશ ના લગ્ન સમય અલપ-ઝલપ આવવાનું થયું હશે અથવા તો જ્યારે ધ્રુમિલ અને રુચાનો જન્મ થયો ત્યારે રોહીતને મળવાનું થયું હશે.
હજુ આજે પણ એ દિવસ યાદ છે મોટાઇ-મોટીબેનના વાત્સલ્ય વચ્ચે જેમ એશા અને એના કાકાઓનો પરિવાર વિકસતો ગયો,એકબીજા સાથેનું બંધન વધુ મજબૂત થતું ગયું એમ એ વડ ની ડાળીઓ પણ વધુ વિસ્તરી ગઇ. પરિવારની એકસૂત્રતા એ તો વળી ત્રીજી પેઢીને પણ પોતાની પાંખમાં સમાવી લીધી.

આણંદના એ અતિ વ્યસ્તતા ભર્યા દિવસોમાં એશા ધ્રુમિલ અને રુચાની પાછળ કેટલો સમય આપી શકશે ને વળી એ નાનકડા આણંદમાં ધ્રુમિલ અને રુચાને ઉડવા કેટલી મોકળાશ મળશે એ વિચારીને બાબુકાકા-સરોજકાકી ધ્રુમિલને પોતાની સાથે બેંગ્લોર લઇ ગયા તો રક્ષાબેન અને અશોકભાઇ રુચાને પોતાની પાસે અમદાવાદ લઇ આવ્યા.
વડીલોની વ્હાલભરી કાળજી માં ધુમિલ અને રુચાનો વિકાસ વધતો જતો હતો તેવીજ રીતે એશા અને રોહીતના  સંનિષ્ટ પ્રયાસોથી હોસ્પીટલનું પણ નામ થતું જતું હતું,એશા એ રોહીતને ખાલી સપ્તપદીના સાત ફેરામાં જ સાથ આપ્યો હતો એવું નહોતું પણ રોહીતની તમામ પ્રગતિમાં પણ પૂરો સાથ આપ્યો હતો. એશા એ જ તો બાકી ની જવાબદારી સંભાળી લીધી હતી.પેથોલોજી લેવાનો એ નિર્ણય આજે કેટલો સાર્થક થયો એ એશાથી વિશેષ કોને ખબર પડવાની? હોસ્પીટલ માં જ પેથોલોજી ડીપાર્ટમેન્ટ હોવાથી પેશન્ટોને પણ બહાર ક્યાંય જવાની જરુર રહેતી નહીં. ભરપૂર જીવન જીવી હતી આ દિવસોમાં એશા. મનગમતી પ્રવૃતિ વચ્ચે દિવસો એના સાર્થક થતા જતા.સમયની પાંખે ઉડીને ધ્રુમિલ બેંગ્લોરથી વધુ અભ્યાસાર્થે લંડન પહોંચી ગયો.રુચા ગ્રેજયુએટ થઇ પાછી એશા પાસે આવી ગઇ.

પાછું વાળીને એશા જ્યારે જોતી ત્યારે એ સડસડાટ પસાર થઇ ગયેલા સમયનો સંતોષ-સાર્થકતા એના રાજીપામાં ડોકાતી.ધ્રુમિલ કે રુચા નિર્ણયોમાં ક્યારેય એણે પોતાના મંતવ્યનો ભાર ઠાલવ્યો નહોતો.ધ્રુમિલને ક્યારેય એણે મેડિકલમાં જઇ પોતાની આ "સાર્થક હોસ્પીટલ" નો ભાર ઉપાડી લેવા કહ્યુ સુધ્ધાં નહોતું. ધ્રુમિલને જે પસંદ આવ્યું તેમાં જ આગળ વધવાની અનુમતિ આપી હતી . તો રુચાને એના મનપસંદ જીવનસાથી જોડે જીવન જોડવાની પણ સંમતિ ખરા દિલથી આપી હતી. જે રીતે લગ્ન અંગે પોતાની ઉપર  નિર્ણયો ઠલાવાયા હતા એ રીતે ફરી ક્યારેય

છોકરાઓને એમાંથી પસાર થવું પડે નહીં એનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો હતો.અને આમ પણ રુચાની પસંદગીમાં ક્યાં કોઇ વિચારવા જેવું હતું? જાણીતો સુખી, well educated,very well thought – પરિવાર.હેમાંગ પણ સૌમ્ય અને સમજુ.. રુચા એકલી જ નહી પણ એશા અને રોહીતને સાવ સરળતાથી આ આખાય પરિવારે પોતાના માની લીધા હતા.

" જીવન એક સામાન્ય-સરળ પ્રવાહમામ વહી રહ્યું હતું.રોજનું કામ personal commitments અને બાકીનો સમય મનગમતી પ્રવૃતિઓમાં દિવસો પસાર થઇ રહ્યા હતા.પણ જ્યારે એકધારા પ્રવાહમાં અચાનક વળાંક આવે ત્યારે ફંટાઇ તો જવાય પરંતું તેના ફાંટા કેવા કારમા હોય તેનો એહસાસ થાય તે પહેલા જ પરિસ્થિતિ હાથ બહાર જતી રહે એવા કંઇક અનુભવમાથી મારે પસાર થવું પડયું '.

એ દિવસે સાંજે અણધારી એશાને રોહીત સાથે જોઇને પળવાર જ રિવા ખુશ થઇ હતી પણ રોહીતને જોઇને પેટમાં ફાળ પડી હતી.એશા કરતાં ઘણો ઉધડતો વાન,સરસ મજાની હાઇટ અને સપ્રમાણ એકવડીયો ટટ્ટાર બાંધો,સદાયના શાંત સૌમ્ય ચહેરા પર જરાક અમસ્તુ નાનું અકળ સ્મિત.,સ્વામિનારાયણ સંપ્રદાયના કોઇ સંત જેવી પર્સનાલિટી હતી રોહીતની. પણ આજનો રોહીત? છળી ઉઠી રિવા આજના રોહીતને જોઇને. સહેજ નિસ્તેજ ચહેરો.માથા પરના પેલા આછા પણ કાળા વાળનું પણ નામ-નિશાન નહીં.અને સાવ નંખાઇ ગયેલા રોહીતનું આ ભિન્ન સ્વરુપ તદ્દન કલ્પનાની બહારનુ હતું અને એની સાથે એશાનું પણ ચિંતાતુર મોં , એની નફિકરાઇ તો ક્યાંય ગાયબ હતી.

એશા અને રિવાને મળ્યાનો વચ્ચેનો ઘણો લાંબો સમય સાવ થોડી જ મિનિટોમાં કહેવાઇ ગયો.પળવારમાં પરિસ્થિતિની ગંભીરતા સમજાઇ ગઇ. અને બાકીના અડધા કલાકમાં તો રિવા અને કરણ એશા-રોહિત સાથે હીમેટોલોજીસ્ટ ડૉકટર સંદિપ શાહની કલીનીક પર હતા.સદ્દનસીબે ડૉ સંદિપ સાથે રિવા-કરણને પારિવારિક સંબંધો હતા તેનો પણ લાભ મળી ગયો.

રોહીતની વધુ લાંબો સમય બેસાય તેવી ફીઝીકલ કંડીશન નહોતી એટલે ચેમ્બરમાં હાજર પેશન્ટની મુલાકાત પતાવવા સુધી ડૉ સંદિપે ખાલી રુમમાં રોહીતને સુવડાવવાની વ્યવસ્થા ગોઠવી આપી. કરણે રોહીત પાસે રહેવાનું મુનાસિબ માન્યું. બહાર વેઇટીંગ રુમમાં હવે રિવા અને એશા એકલા પડયા.અને કદાચ એમ જરુરી

પણ હતું, કેટલીક ન કહેવાયેલી વાતો રોહીતની હાજરીમાં કહી શકાય તેવી પણ નહોતી.

એક હાથે રિવાનો હાથ સજ્જડ રીતે પકડીને એશા થોડીક વાર તો એમ જ બેસી રહી. રિવાએ પણ કશુંક પુછયા વગર એને એમજ બેસી રહેવા દીધી..જાણતી હતી રિવા એશાને,ઓળખતી હતી એના સ્વભાવને,ખબર હતી  રિવાને કે લાંબો સમય એશા બોલ્યા વગર ચૂપચાપ રહી શકે તેમ નહોતી જ. અને એની ધારણાં સાચી જ હતી.અંદરથી એક ધક્કાની એશા રાહ જોતી હતી.હ્રદયમાં બાઝેલો ડૂમો ઓગળે તેટલી ક્ષણો પસાર કરવાની હતી. મોટાભાગે સ્વસ્થ રહેતી એશાને ભાગ્યેજ કોઇએ રડતા કે ઢીલી પડતા જોઇ હશે.મોટાઇની અંતિમ ક્ષણો અને અંતિમ સંસ્કાર સુધી મક્કમ રહેલી એશા જરા મોકળાશ મળતા રિવા પાસે રડી પડી હતી.આજે પણ આ સહેજ  મોકળાશ મળવાની જ રાહ જોવાની હતી. ના! માણસો વચ્ચેની મોકળાશ નહીં પણ આટલા સમય સુધી સતત અટવાયેલા રહેલા મનની મોકળશની.

સાથે લાવેલી પાણીની બોટલ માંથી બે ઘૂંટડા પાણીના ગળાની નીચે  ઉતાર્યા એશાએ ..જાણે હ્રદયની વેદનાના ડૂમાને હોઠે ઉતાર્યો. ભાર ઝલ્લી એ ક્ષણો પણ હવે તો રિવાને લાંબી લાગતી હતી.અંદરની અધિરાઇને એ દિવાની વાટ સંકોરે તેમ સંકોરીને બેઠી હતી. હળવેકથી એશાનો હાથ પસવાર્યો ,પંપાળ્યો  જાણે હિંમત બંધાવતી હોય તેમ,અને એશાએ પણ એ મૂક સધિયારાની ભાષા સમજી લીધી. મન મક્કમ કર્યું અને જાણે મન સાથે જ વાત કરતી હોય તેમ બોલતી રહી. એશા હીમેટોલોજીસ્ટ ડૉકટરના કલીનીકની બહાર વેઇટીંગ રુમમાં બેઠા બેઠા રિવા પાસે મન ઠાલવતી હતી.

## એશા-ખુલ્લી કિતાબ(૪)-રાજુલ શાહ

રિવા જાણતી હતી રૂચાનાં વિવાહનું નક્કી કર્યું તે.રૂચાના વિવાહ સાથે સંકળાયેલા આનંદના સમાચાર હજુ તો લોકો સુધી પહોંચે તે સાથે જ ચિંતાજનક સમાચારે પણ

એશાના જીવનમાં દ્વંદ મચાવી દીધું.અનુભૂતિના બે છેડા જેવા આનંદ અને આઘાતના સમાચારનું એક સાથે આગમન થયું.રુચાના લગ્ન માટે વાતચીત ચાલુ હતી તે લગભગ નક્કી થઇ જવાની હતી.સામી ઉતરાણે સારા સમાચારની વાત ટાળી અને ઉતરાણ પછી એટલેકે ૧૫મી જાન્યુઆરી પછી બંને કુટુંબો વચ્ચે વાતચીત પાકી કરવાનો નિર્ણય લેવાયો.પ્રથમ પ્રસંગ હતો એટલે ખુબ ઉત્સાહ હતો.સગામાં તેમજ મિત્ર વર્તુળમાં વાત વહેતી મુકતા જતા હતા.

૧૭મી જાન્યુઆરીએ તો સગાના એક સગપણના પ્રસંગમાં પણ સાથે ગયા હતા. ત્યાં સાધારણ નાક સાફ કરતા તેમાંથી જરા લોહી આવેલું સફેદ રુમાલ પર રોહીતે જોયું શરદી છે અને જોરથી નાક સાફ કરતાં આવું બન્યું હશે તેમ તે વખતે વિચારી લીધું. બીજી કોઇ જાત ની તકલીફ કોઇ ન હતી. પરંતુ પોતે ડોકટર હોવાથી કશુંજ અવગણવું નહી તેમ માની એક દર્દી તરીકે E N T સર્જન પાસે જઇ આવ્યા. સાયનસની તકલીફ કરવી નથી તેમ જણાવી X-RAY કરાવી લેવાનો E N T સર્જને અભિપ્રાય આપ્યો.

રેડીઓલોજીસ્ટ ડોકટર રોહીતના ખાસ મિત્ર.
બંને મિત્રો જેવા એકબીજાની અંતરની વાત સમજતા હતા તેવી જ રીતે જાણે બિમારી ની વાત પણ સમજી લીધી.X-RAY રિપોર્ટ જોઇ શંકા થઇ અને ત્યાર પછી જુદા જુદા blood test ના રિપોર્ટ ચિંતાજનક આવ્યા. આ બે-ત્રણ દિવસ દરમ્યાન રોહીત પણ થોડા ચિંતામાં-વિચારમાં હોય તેવું લાગતા એશાએ પુછયું પણ કંઇ સંતોષ કારક જવાબ ના મળ્યો.

"હું પણ હોસ્પીટલમાં જ કામ કરતી હતી. કલીનીક લેબોરેટરી ઉપરાંત સર્જરીમાં પણ આસીસ્ટ કરતી હતી છતાંય મને બિલકુલ ખ્યાલ ના આવ્યો કે આવી કોઇ ગંભીર બાબત અમારા જીવનમાં આવી ગઇ છે.

એશા રિવાને કહેતી ગઇ. રિવા સાંભળતી ગઇ વચ્ચે એક પણ સવાલ કર્યા વગર. બસ એક ધારી એશા બોલતી ગઇ અને એકી ટસે રિવા એને જોઇ રહી, જાણે કાન માત્ર નહીં,આંખની સમસ્ત ચેતનાથી એશાને ઓગળતી જોઇ રહી.

પછી ધીમે રહીને એક દિવર કલીનીકમાં બેસાડીને રોહીતે મને કહ્યું "જે કંઇ કહું તે સ્વસ્થ મનથી સાંભળજે અને સ્વીકારજે. રોહિતે તેના હાથમાં મુક્યા blood test ના રીપોર્ટ અને તેના પરથી ફલિત થતા રોગની ગંભીરતાના પરિણામે મને હચમચાવી મૂકી".

સમય થોભી ગયો હતો એ વખતે એશા માટે આ વજ્ર સમાન પળ પણ આગળ વધતી નહોતી.મન બધીરતા ના આરે આવી ઉભું .કોઇ વિચારો આગળ વધતા નહોતા અને છતાંય મનમાં વિચારોનું દ્વંદ્વ ઉઠયું હતું.

નિયમિત ખોરાક,વ્યસન રહિત જીવન છતાં મલ્ટીપલ માયલોમા? પેથોલોજીસ્ટ તરીકે એશા જાણતી હતી મલ્ટીપલ માયલોમા એટલે એક જાતનું હાડકાનું કેન્સર .મન માનવા તૈયાર નહોતું. આઘાત ઓસરતો નહોતો છતાં સ્વભાવવશ પૂછાઇ ગયું-રીપોર્ટ તો બરાબર છે ને?

મન અને હ્રદય જાણે તુમુલ યુધ્ધે ચઢયા હતા.નજરે દેખ્યા એહવાલને નજરઅંદાજ કરતા મન માનતું નહોતું તો જે વંચાય છે જે આંખે સામે આવનારો કટોકટીનો સમય સ્વીકારવા હ્રદય તૈયાર નહોતું.

પરંતુ અમદાવાદ કેન્સર હોસ્પીટલના બાયોપ્સી રીપોર્ટ રહી સહી શંકાને પણ હકીકતમાં પલટી નાખી. ડૉકટર બની દર્દી માટે નિદાન કરવામાં જેટલું તાટસ્થય જળવાતું હતું એટલી તટસ્થતા અહીં કેમ જળવાતી નહોતી? દર્દી નો રિપોર્ટ આપતા પહેલાંય મન તો કાઠુ કરવું પડતું હતું પણ અહીં તો પોતાના જ ઘર પર  પડેલી વીજળીએ બધું વેરણ છેરણ કરી નાખ્યું હતું તેને  કેમ કરીને સમેટવું ? મન -હ્રદય પર જે ભાર વધતો જતો હતો તેને કેમ કરી ને જીરવવો ? સુન્ન થઈ ગઈ હતી બધી ચેતનાઓ , વિચારોની ધાર પણ કુંઠીત થઈ ગઈ હતી, બધિર થઈ ગયુ હતુ મન.

એશાને થતુ ભગવાન એને કેમ સ્થિરતા આપતો નહી હોય? શા માટે ?  શા માટે એક જગ્યાએ, એક પરિસ્થિતિમાં ,એક સંજોગમાં એ સ્થિર થાય તે પહેલા જ એને મૂળસોતી ઉખાડી નાખે છે?

બધું જ બરોબર ગોઠવાઈ ગયુ હતુ . બધુ જ બરોબર ચાલતુ હતુ ,એશા અને રોહિત પણ ખુશ હતા આ જીવનથી. આવનારા પ્રસંગની અત્યંત પ્રસન્નતાથી ઉકેલવાની તમામ તૈયારીઓમાં લાગવાનુ હતુ, અને આમ બસ આમ અચાનક કોઇ સંકેત વગર આફત આવીને ઉભી.

ખેર ! હવે તો બેવડી શક્તિથી સામનો કરવાનો હતો. ઓન્કોલોજીસ્ટને બતાવ્યુ . બને તેટલો ઝડપી ટ્રીટમેન્ટનો દોર શરૂ થઈ ગયો. જાણે થોડા સમયમાં દુનિયા બદલાઇ ગઈ. રૂચાના જીવનનો યાદગાર પ્રસંગ  જાણે- અજાણે બાજુ માં જ રહી ગયો. એક આંખમાં આનંદ હતો તો બીજી આંખમાં સતત ડોકાતી ચિંતા.

" પરંતુ હું, રોહિત અને રૂચા અમે ત્રણે કોઇ દિવ્ય શક્તિથી જોડાયા હોય એમ દરેક સુખ-દુઃખની ક્ષણ સાચવી લેતા હતા. અમે ત્રણે એક બીજાને રાજી રાખવા અને પોતે પણ રાજી રહેવા પ્રયત્ન કરતા હતા અને મહદ અંશે સફળ પણ રહેતા હતા ." એશા એકધારુ બોલે જતી હતી .આંખ અને ચહેરા પર જાણે સ્થિરતાના -જડતાના ભાવ આવી ગયા હતા. રિવા એનો હાથ પસવારતા મૂક સધિયારો આપતી હતી .એ જાણતી હતી કે અત્યારે એશા ઠલવાઇ જાય એ જરૂરી હતુ. જે ભાર મન- હ્રદય પર હતો એ હલકો થઈ જવો જરૂરી હતો તો જ એશા નવેસરથી આવતી કટોકટીનો સામનો કરવા કટીબધ્ધ થઈ શકશે. ડૉક્ટરો કહેતા કે હવે તો કેન્સર પણ મટી જાય છે અને રોહિત કે એશા પણ ક્યાં નહોતા જાણતા આ વાત? પણ એ કયા સ્ટેજ પરનુ કેન્સર હોય અથવા તો કયા અંગ પર જાળાની જેમ બાઝેલી કેન્સરની ગાંઠ હોય તો જ મટવાની શક્યતા હોય એ વાત થી પણ ક્યાં અજાણ હતા એ બંન્ને ? અને માટે જ તો આજે અહીં અમદાવાદ સુધી ખેંચાયા હતા. આશાનો તંતુ છોડવો નહોતો.

## એશા-ખુલ્લી કિતાબ(9)-વિજય શાહ

આ બાજુ રોહિત ખુબ જ નબળાઇ અનુભવતો બેડ પર સુતો હતો. કરણ સાથે ક્યારેક અલપ ઝલપ વાતો કરી હતી પણ આ પ્રસંગે હાથ પકડીને રડી શકાય તેવા તો જાણે કોઇ સબંધ હતા જ ક્યાં? પણ કરણની આંખોમાં થી નીતરતી ચિંતાજન્ય લાગણીઓ

તેને રડાવતી હતી. રોહિત બધી રીતે તૈયાર હતો પણ આમ મૃત્યુ તેને પેલી સમડી જેમ પોતાના શિકારને ઓચિંતી જકડી લે તેમ મોતનો ભય તેને જકડી રહયો હતો. પોતે ડોક્ટર હતો અને તેથી જાણતો જ હતો કે કેન્સર એટલે કેન્સલ... પણ તે વિચારતો કે મારે તો હજી ઘણું જીવવાનું બાકી છે.

આશિકને રિવાએ ફોન કરીને બોલાવ્યો હતો જે અત્યારે ડો સંદિપ સાથે તેમના હીમેટોલોજીકલ પરિણામો જોતો હતો.. બંનેની નજરો ફરી એક વખત મળી અને ઉંડા નિઃસાસા સાથે ડો. હિમાંશુ એ ડો આશિકને કહ્યુ એડવાન્સ સ્ટેજ છે. રોહીતને તો બધી ખબર પડી જશે એશાભાભી અને રિવાને તુ જણાવજે. આશિક ક્ષણભર માટે તો સ્તબ્ધ થઇ ગયો..મૃત્યુ પોતાનાને જ્યારે ડસવા આવે ત્યારે જે ભય લાગે તે ભયનું લખલખુ તેને પસાર થઇ ગયુ. રીપોર્ટ હાથમાં લઈને તે રોહીતને જ્યાં રાખ્યો હતો ત્યાં આવ્યો. કપરી કટોકટી ભરેલી ક્ષણ તો હતી જ. એશા રીપોર્ટની ભાષા સમજી શકતી હતી તેથી આશિકે રિવાને કહ્યું “હું રોહિત પાસે જઉ છું જરા સ્વસ્થ થઇને તેના રુમમાં આવો.”

એશા ફક્ત એકજ વાત કહેતી હતી રોહિતને આ રોગ કેમ? રિવા તેની વેદના સમજતી હતી પણ કહેતી હતી કે વિજ્ઞાન રોજે રોજ આગળ વધે છે. આશિક અને ડો. સંદિપ શું તારણો લાવ્યા તે સમજીએ અને પછી તુ આગળ શું કરીશું તે વિચારીશુ. કરણ પણ ચિંતાતુર હતો.ડો સંદીપે રીપોર્ટ ડો. રોહિતને આપ્યો અને આશિક સાથે જઈને બેઠાં. જિંદગીનું યુધ્ધ હવે શરુ થવાનું છે આ રોગ તેને કેટલો સમય આપશે તેજ આ રીપોર્ટ થકી નક્કી થવાનું હતુ. તેણે રીપોર્ટ ખોલીને જોયુ તો રોગ ખુબ જ એડવાન્સ સ્ટેજ ઉપર છે. રિવા અને એશા આવી ગયા હતા. એશાએ રીપોર્ટ વાંચ્યો અને આશિક સામે જોયુ. રિવાને મનમાં ઘણા જ પ્રશ્નો હતા. આશિક તે પ્રશ્નોનાં ઉત્તરો આપવા કરણ ને લઇ બહાર આવ્યો.

એશા અને રોહીતની નજર મળી. બંને ચુપ હતા..ડો સંદિપ કહે આ રોગ ગમે તે કક્ષાએ હોય આપણે હમણાજ કીમોથેરાપી શરુ કરી દઇએ.

રિવા અને કરણ આશિકની ફીયાટ પાસે પહોંચ્યા.

આશિકે તેમને ગાડીમાં બેસવા કહ્યું

ગાડી ચલાવતી વખતે આશિક રિવા અને કરણ, ત્રણેય ની આંખો ભીની હતી. નજીકની એક રેસ્ટોરાંમાં જઇ ત્રણે બેઠા. આશિકે પાણી પીધુ અને રિવાને કહ્યું ”

મલ્ટીપલ માયલોમા એટલેકે બોન્મેરોનું કેન્સર છે. એશા આ વસ્તુ જાણે છે એટલે તે જ્ઞાન તેને માટે કેટલુ ઘાતક છે તે મને ખબર છે.દવા અને કીમોથેરાપી થી બહુ બહુ તો ૬ મહિના એશા પાસે રોહિત છે."

રિવાથી રડાતું નહોંતુ તે એશાને વિના ચાંદલે જોવાની કલ્પના પણ કરી શકતી નહોંતી. તેને ડુમો ચઢ્યો..કરણે તેને પાણી આપ્યુ અને રિવાએ આશિકને પુછ્યું કે હવે આગળ શું?

આશિક પણ છુટ્ટે મોઢે રડી પડ્યો.. રોહિત તેનો દોસ્ત હતો અને તેને પડનારું દુઃખની કલ્પના તેને રડાવતી હતી.

થોડાક સમય પછી રિવાએ તેને પુછ્યુ " પણ આ રોગ શું છે?"

આશિક કહે " શરીરની પ્રતિકાર શક્તિ કરતા સફેદ કણો અને શરીરને જરુરી પોષણ આપતા રક્ત કણોને શરીરમાં પેદા થતા કેન્સરનાં કણો ખાઈ જાય તેને કારણે રોગ સામે લઢવાની પ્રતિકાર શક્તિ ઘટતી જાય. નવા કણો બનવાની ગતિ કરતા આ ખવાવાની ગતિ વધી જાય એટલે ધીમું પણ મોત નક્કી અને નક્કીજ.

રિવા એશાની પીડા હવે સંપૂર્ણ રીતે સમજી શકી. મૃત્યુ ઝેરી નાગની જેમ ફુંફાડા મારે છે અને બચાવવાનાં રસ્તા અપુરતા છે.

આશિકે થોડોક સમય પછી રોહિતને પડનારા શક્ય દુઃખની આછી પાતળી રેખા આપતા રિવાને કહ્યું બેન આવો રોગ લાખ દર્દીમાં ભાગ્યેજ બે કે ચાર જણાને થાય છે અને તે પણ આફ્રિકાનાં જંગલોમાં અહીં એશિયામાં તો આ જોવા પણ નથી મળતો. મને નવાઇ લાગે છે કે રોહિતને તે ક્યાંથી થયો. તેના હાડકા બરડ થઇને બટકી જવાનાં કારણ કે કેલ્સીયમ હાડકા દ્વારા શોષાવાને બદલે પેલા કેન્સરનાં કોશોમાં શોષાય અને હાડકા પોલા કે ગળતા જવાની દર્દ પ્રક્રિયામાં ફક્ત દુઃખ અને દુઃખ જ રહેવાનં. જો કે આ દુઃખને હોર્મોનથી દબાવી શકાય પણ તે હોર્મોન પણ અમુક સમય પછી પેલા કેન્સરનાં કોશોને વશ થઇ જતા અસરહીન થવાના.

રિવાની આંખો અશ્રુધાર વરસાવતી હતી પણ ત્યાં બેસી રહેવાથી અને રોવાથી રોહિત કે એશાને માટે કશુ થવાનું નહોંતુ તેમ વિચારીને આશિકે રિવાને કહ્યું" બેના એશા-રોહિત સાથે રહીને શક્ય હકારાત્મક ટેકો કરવો હોય તો મજબુત બન..તુ રડીશ તો એશાતો ભાંગી જશે.

આશિકની ફીયાટ ડો સંદીપની ક્લીનીક તરફ પાછી વળી.

## એશા- ખુલ્લી કિતાબ(10)-રાજુલ શાહ

ડૉ સંદીપ સાથેની મુલાકાત પછી તો રોહિતની પરોસ્થિતિ વધુ સ્પષ્ટ બની. વળી પાછો ટ્રીટમેન્ટનો દોર ચાલુ થયો. બીજા જ દિવસે કીમોથેરેપીની શરૂઆત કરવી એમ નક્કી થયુ. જેણે આજ સુધી અસંખ્ય સર્જરી કરીને કેટલાય પેશન્ટોને સાજા-નરવા ઘરે પહોંચતા કર્યા એવા જનરલ સર્જન રોહિત માટે સર્જરીનો તો કોઇ અવકાશ જ નહોતો. કીમો થેરેપી સિવાય કોઇ આરો નહોતો. કીમોથેરેપીની યાતના અને આડ અસરો થી રોહિત અને એશા બંને  ચિંતિત હતા પણ છુટકો ક્યાં હતો?

બીજા દિવસે કીમોથેરેપીની શરૂઆત થઈ .એક દિવસ આરામ કરી પાછા આણંદ ગયા. હવે આણંદ  અમદાવાદ વચ્ચે ની આવ-જા નિશ્ચિત થઈ ચુકી હતી. સમયાંતરે કીમોથેરેપી ચાલુ રહેવાની હતી . પરંતુ ફરી પાછો એક ઉથલો , વળી પાછો એક હુમલો , નવી કટોકટી.

પહેલી કીમો પતી અને ચાર દિવસ પછી રીએક્શન આવ્યુ. રોહિત બેભાન અવસ્થામાં સરી પડ્યા. થયુ કે હવે બાજી હાથમાંથી જ ગઈ . જ્યારે પરિસ્થિતિ સામે લડવા હાથ હેઠા પડે ત્યારે આપોઆપ પ્રાર્થના માટે હાથ જોડાઇ જતા હશે?  વિજ્ઞાનની વાસ્તવિકતા અને ઇશ્વર પરની શ્રધ્ધા એ બે નદીના સામસામા કીનારા છે. પણ ક્યારેક  આ વાસ્તવિકતા અને શ્રધ્ધાના  બે  છેડાને જોડતો ભગવાન પરના ભરોસાનો સેતુ  જાણે-અજાણે મનમાં બંધાઇ રહ્યો હતો. આ ભરોસાના તાંતણે તો જીવાદોરીની જાળ ગુંથવા માંડી હતી. જ્ઞાન-વિજ્ઞાનના છેડા ટુંકા પડે ત્યાં આસ્થાનું ઓકસીજન કામ આવ્યું.ભગવાન પરના ભરોસાનો જવાબ મળ્યો.એશા અને રુચાની મૂક પ્રાર્થના પ્રભુએ  સાંભળી.રોહીત કટોકટીમાંથી બહાર આવ્યા. સામાન્ય વ્યકિતને પણ ચમત્કાર લાગે તેવી ઘટના હતી.

આવી પરિસ્થિતિમાં હવે વડિલોનો આગ્રહ હતો કે દીકરીના ઘડીયા લગ્ન લઇ લો.કોઇ પ્રકારની રાહ જોવી નથી.એશા મનમાં વિચારોના વંટોળમાં અટવાયેલી હતી. મનથી કોઇ તૈયારી કરી શકતી નહોતી.ફક્ત એશા અને રુચા એ જ મક્કમ થવાનું હતું. બાકી તો પછી સૌ સાથ આપવા તૈયાર હતા.

ધ્રુમિલને હજુ આવી આકરી  પરિસ્થિતિની એટલી જાણ કરી નહોતી. લંડનથી એને પણ તાત્કાલિક પાછો બોલાવી લેવો એવો નિર્ણય એશાએ લઈ લીધો.જે પિતાને હંમેશા કામ જ કરતા જોયા હતા તેમની આ પરિસ્થિતિથી તો આવતા વેંત ધ્રુમિલ સ્તબ્ધ થઈ ગયો. પરંતુ તે પણ સચવાઇ ગયો. ઝાઝી આળ -પંપાળ કે ઠાલા અશ્વાસનોનો અવકાશ જ નહોતો. ત્રણે જણ એક વિચારથી બંધાઇ  રહ્યા હતા. તબિયતની કાળજી પહેલા ,પછી બીજુ બધુ.

ફરી એશાનો વિશ્વાસ જીત્યો.રોહિતની  તબિયત સારી થતી ગઈ .દવાઓ  તો ચાલુ હતી. અશક્તિ ઘણી લાગે છતાં જીવન સામાન્ય થતું  જતુ હતુ. ઘણીવાર તો પરિસ્થિતિને પણ સૌ હળવાશથી લેવા પ્રયત્ન કરતા હતા. અને એમાં સૌથી વધુ સફળતા રોહિતને મળતી . કોઇક ડોઝમાં એક સાથે ૮૦ ગોળીઓ લેવાનુ બનતુ. અડધા ગ્લાસ પાણીમાં ઓગાળી એશા આપે ત્યારે તે રૂચા અને  ધ્રુમિલને બતાવીને

કહેતા " ડેક્ઝોનાનો થીક શેક પીવુ છુ. " એશા જ નહી સૌ જાણતા હતા કે શબ્દો બોલાતા હતા પણ અંતર કાંપતુ હતુ.

હવેનો સમય તો વળી એથી વધુ કઠીન હતો. આણંદ અમદાવાદ વચ્ચે કેમોથેરેપીની સારવાર માટે આ તબિયતે આવ -જા થોડી મુશ્કેલ તો હતી. એટલે રોહિતની જ હોસ્પિટલમાં એશાએ જ બાકીની કીમોથેરેપીની ટ્રીટમેન્ટ આપવી એવુ ડૉક્ટરોનુ સુચન હતુ અને સલાહ પણ. ૮૦ ગોળીઓ ઓગાળી ડેક્ઝોનાના ડૉઝ આપવા જેટલી સરળ વાત નહોતી.

સગા-સંબંધીઓ સ્તબ્ધ હતા, સંતાનો સેહમી ગયા હતા. એક માત્ર જો સ્વસ્થ હોય તો તે હતી એશા. અને રોહિતે પણ સાથ આપવાનુ નક્કી કર્યું હતુ. મનથી અને તનથી .અંદરથી અને અંતરથી એશા પર અતુટ વિશ્વાસ હતો. મૂક સંમતિ હતી આ નિર્ણય માટે રોહિતની .આમે ક્યાં એણે ક્યારે વાણી કે વર્તનમાં પોતાની લાગણીઓ પ્રદર્શિત કરવામાં અગ્રેસરતા રાખી હતી કે આ નખાઇ ગયેલા તન અને નબળા મનથી દર્શાવવાની હતી?

“એશા એક બાજુ રૂચાના લગ્ન લીધા છે અને બીજી બાજુ આ ટેન્શન, તુ કેમ કરીને પહોંચી વળીશ? અને બીજી બાજુ આ ટેન્શન, તું કેમ કરીને પહોંચી વળીશ? ક્યારેક એશા અને રોહીત એકલા પડતા ત્યારે રોહીત મનની વાત એશા પાસે ઠલવતો. મનના ઉડાંણથી હંમેશા એને લાગતું કે એ ક્યારેય એશાની સાથે ઉભો રહી શકયો જ નથી.જ્યારે એનો હાથ થામીને વિરસદ આવી ત્યારે પણ અને આજે પણ.

કોણ જાણે એશા કઇ માટીની બનેલી હતી? દુરથી દેખાતા ભયના ભણકારા માત્ર કાન નહી હ્રદય પર પણ સંભળાતા હતા.જાણે એક મોટા પડઘમમાં પુરીને ઉપરથી દાંડી ટીપાય અને અંદર કાન,મન,હ્રદય બધુંજ ફાટી જાય એવી સ્થિતિ હતી અને છતાંય એશા પરિસ્થિતિને સંભાળી લેવાની પૂરેપૂરી કોશિશ કરતી હતી .

”હું આજે જ વિક્રમભાઇ અને દક્ષાબેનને મળી આવી છું. હેમાંગ પણ ત્યાં જ હતો. લગ્ન જેટલી ઝડપથી લેવાય એમાં એમને કોઇ વાધો નથી” એશા હળવેકથી રોહીતનો હાથ પસવારતા કહેતી જતી હતી.

વિક્રમભાઇએ કહ્યું છે કોઇ ચિંતા આપણા માથે રાખવની નથી.પાર્ટી પ્લોટ, ડેકોરેટર સુધ્ધા એ લોકો નક્કી કરી લેશે. હેમાંગ અને રુચા કંકોતરીના નમૂના ઘરે લઇ આવી આપણને બતાવી દેશે.તમને ગમે એ કંકોતરી ફાઇનલ કરી લઇએ એટલે એ

છપાવવા પણ આપી દેશે.” આ કોઇ કામ માટે ધ્રુમિલને પણ જવાની જરુર નથી એવું કહેવડાવી દીધું છે.એ અહીં જ રહેશે તમારી પાસે”.

એશા ઉત્સાહથી બધું રોહીતને કહે જતી હતી પરંતુ એ પોતે જાણતી હતી કે ઘણી વાર બહારના- અંદરના વર્તનમાં આભ-જમીનનો ફેર હતો.

ધ્રુમિલે પણ લંડન જવાનું માંડી વાળ્યું હતું. અહીં જ ડેડી પાસે રહેવાનું નક્કી હતું. ડેડી સારા થાય રુચાના લગ્ન પતી જાય પછી અહીં જ સેટ થવું છે એવો નિર્ણય જોતાની સાથે એણે લઇ લીધો હતો.

એશા અને રોહિતની અમદાવાદની  આવન-જાવન ના બદલે હવે અમદાવાદથી બધાની આણંદ  આવન- જાવન ચાલુ થઈ ગઈ હતી. લગ્ન અંગે હોય કે રોહિતની તબિયત  અંગે , સૌ એશાની  જવાબદારી  ક્યાંથી ઉપાડી લઈ શકે તે વિચારીને સાથ આપતા હતા.

બીજી કીમોથેરેપીનો સમય નજીક આવતો હતો તેમ તેમ સૌ ના મન પર ભાર - ઉચાટ વધતો હતો.એક તો પ્રથમ થેરેપી  વખતે રોહિતને રિએક્શન આવ્યુ અને બેહોશીમાં સરી ગયા હતા એ અને હવે અહીં એશાએ જ બધુ સંભાળવાનુ હતુ તે. રખેને ફરી કોઇ પ્રોબ્લેમ ઉભો થયો તો?  જો કે હોસ્પીટલ રોહિત્તની હતી અને સાથે બીજા એના ડૉક્ટર મિત્રો પણ રહેવાના હતા.એટલે થોડુ સાંત્વન પણ રહેતુ સાથે એશાની સ્વસ્થતા જોઇ આશ્ચર્ય પણ થતુ.

એક જો નવાઇ ના લાગતી હોય તો તે રિવાને .બરાબર ઓળખતી હતી  એ એશાને.

એ દિવસે રિવાને એશાની હોસ્પીટલ જવાનું હતુ. જ્યારે એશા એ પેથોલોજી જોઇન કર્યુ હતુ . ત્યાંથી  પછી બસ દર વખતની જેમ મુવી જોવા જવાનું હતું. સસ્પેન્સ ફિલ્મ “ઇત્તફાક “  રિલિઝ થઈ હતી અને રાજેશ ખન્ના એશાનો ફેવરિટ એટ્લે જોવા માટે તો આજ ની કાલ પણ ના થાય.રિવા જ્યારે હોસ્પીટલ પહોંચી ત્યારે એશા chiladren ward માં હતી.બાર-ચૌદ વર્ષના છોકરાના પગમાંથી બોનમેરો લઈ ટેસ્ટ કરવાનો હતો. ભય હોય કે દર્દ  ગમે તે કારણે એ છોકરો કારમી ચીસો પાડીને ગામ હોસ્પિટલ ગજવતો હતો. બે જણાએ એના હાથ અને પગ પકડી રાખ્યા હતા

છતાંય સખત રીતે ધમપછાડા કરતો હતો. ઝાલ્યો ઝલાય એમ નહોતો.એવામાં સેમ્પલ કેવી રીતે લેવું એ સમસ્યા હતી . એશાએ બીજા બે વૉર્ડ બોયને એ છોકરાને

પકડી રાખવા બોલાવ્યા . સતત રડારોળ અને છોકરાની માં ના આંખમાં આંસુ જોઇને રિવા તો ડઘાઇ ગઈ અને ભાગી આવી ત્યાંથી ઘેર પાછી . જહન્નમાં ગયુ મુવી અને વહેતી મુકી એશાને .

આ આખી વાતથી અજાણ એશા સારો એવો સમય રિવાની રાહ જોઇને સમય થતા એ પણ ઘેર પાછી આવી. આવતાં વેંત પહેલા તો રિવાના ઘેર પહોંચી એનો ઉધડો લેવા."સમજે છે શું એના મનમાં ? નક્કી કરીને મને રાહ જોવડાવીને બેસાડી રાખી અને બેન પધાર્યા જ નહી? આજે તો વાત છે રિવાની "

પણ જ્યારે રિવાનું મ્હોં ચઢેલુ જોયુ અને આખી ઘટના વખતે એની ઉપસ્થિતિની જાણ થઈ ત્યારે એશા ખડખડાટ હસી પડી.રિવાને ઓર ગુસ્સો આવ્યો." હસે છે શું ? એક તો પેલા છોકરાનો જીવ નીકળી જાય એટલુ રડતો હતો અને અહીં તુ હસે છે?"

"તો શું થઈ ગયું ?" એશા ને વળી વધુ હસુ આવતુ હતુ. " જે કઈ કરતી હતી તે એના સારા માટે ને?"

કોઇના ય સારા માટે જો એશા કઈ પણ કરી શકતી હોય તો રોહિત માટે કેમ નહીં?

રોહિતની જે પરિસ્થિતિ હતી એમાં સુધારો થવાની શક્યતા તો હતી જ નહી પણ વધુ બગડે નહી અથવા ઝડપથી વધે નહી તે માટેના પ્રયત્નો કરવાના હતા.અને આપ્રયત્નોમાં રોહિતને જેટલી તકલીફ ઓછી પડે એ જ હવે જોવાનુ હતુ.એશાએ પોતાની જાતને એ માટે સજ્જ કરી લીધી હતી.

## એશા- ખુલ્લી કિતાબ(11)- રાજુલ શાહ

એક પછી એક કેલેન્ડરના પાના ફરતા જતા હતા.કીમોથેરેપીની એક પછી એક ટ્રીટમેન્ટ સમયાંતરે ચાલતી હતી.જો કે હવે રોહીત પ્રમાણમાં પહેલા કરતા વધુ સ્વસ્થ દેખાતા હતા. લગ્નના દિવસો પણ નજીક આવતા હતા તેમ બધુ જ ભુલીને પ્રસંગ ઉકેલવાના નિર્ણયમાં ઇશ્વર કૃપાએ સ્વાસ્થ પણ સારો સાથ આપ્યો.

લગ્ન મંડપની "ચોરીમાં વિધી માટે બેઠેલા એશા અને રોહીત માટે ખરેખર ધન્ય ક્ષણ હતી.ઢોલી ના ઢોલના તાલે મામાઓ રુચાને માયરામાં લઇને આવ્યા અને જે પળે

રુચાનો હાથ હેમાંગના હાથમાં મૂક્યો, છેડા છેડી ગઠબંધન થયા.રુચા હેમાંગને પરણીને ઉભી ત્યારે એશાના હ્રદયના બંધ છૂટી દયા.આટ આટલા સમયથી સ્વસ્થ દેખાતી એશા આજે કેમ કરીને પોતાની જાતને જાળવી શકતી નહોતી.સૌ સમજતા હતા કે રુચાની વિદાય એ એક માત્ર કારણ નહોતું.આજ સુધીની મનને રોકી રાખતી મનને બાંધી રાખતી આ દિવસોની વ્યસ્તતા પુરી થતા હવે શું?

રુચાના લગ્નન બહાને તો એશા અને રોહીત બંને એકબીજાને ટકાવી રાખવાનો પ્રયાસ કરતા હતા. હવે ખરો સમય હતો રોહિતને સાચવવાનો.રુચાની વિદાય પછી ખાલી પડેલું ઘર જાણે સાવ શાંત પડી ગયું હતું.લગ્નના લીધે થોડી ઘણી પણ કામની વ્યસ્તતા પરિવારજનો આવન-જાવન ના લીધે જે ચહલ-પહલ હતી તે સાવ સમી ગઇ હતી. શ્વાસ લેવામાં પણ મૂઝારો થાય એટલી હદે ઘરમાં ભાર વર્તાતો હતો.

એશાએ વળી પાછું મન મક્કમ કર્યું.જાણે કશુંજ બન્યું નથી અથવા કશું બનવાનું પણ નથી એવી સહાજીકતા વર્તનમાં લાવવાનો પ્રયાસ કરવા માંડયો.મહ્દ અંશે સરળતા પણ મળી.ધીમે ધીમે થોડો થોડો સમય હોસ્પીટલ જવાનું શરુ કર્યું.આ પણ એક જવાબદારી તો હતી જ અને વળી એની આડ હેઠળ થોડું રોજીદુ જીવન સામાન્ય બનશે એવી આશા પણ હતી.રોહીત સમજી શકતો હતો એશાની આ મથામણ અને એમાંથી ભાર આવવાના વલખા .

થોડી સ્વસ્થતા પ્રાપ્ત થતાં એણે પણ હોસ્પીટલ જવું એવો મનોમન નિર્ણય કર્યો પણ એના શરીર જોઇએ એટલે સાથ  આપતુ નહીં ધ્રુમિલે
લંડન જવાનું માંડી જ વાળ્યું એવું એટલો સધિયારો તો હતો.
ધ્રુમિલને સેટ થવા માટે એકડો ઘૂંટવાનો હતો.આટલા વર્ષ ભારત થી દૂર રહ્યા પછી અહીં એક ઓળખ ઉભી કરવાની હતી.જો કે ભારતથી દૂર રહ્યાના વર્ષોએ જ એના માટે નવી દુનિયા ખોલી નાખી.ફોરેન રીટ્ર્ન એ જ એક મોટી અને મહત્વની ઓળખ સાબિત થઇ. પરદેશનું ભણતર અને થોડો વર્ક એકપીરીયન્સ ઘણો બધો કામ લાગ્યો. આણંદ તો નહીં પણ બરોડામાં જોબ મળી ગઇ.સાવ સાથે રહેવાના બદલે ભલે જરાક જ દૂર પણ હાથ લંબાવતા પકડી શકે એટલો તો નજીક હતો ને?

એનો પણ વિકાસ રુંધાય એવું એશા અને રોહીત ઇચ્છતા નહોતા એટલે આણંદ રહેવાનો આગ્રહ તો કયારેય હતો જ નહી અને રુચા પણ તો અહીં હતી જ ને?

અશા એ ધ્રુમિલના જવાની તૈયારીઓ કરવા માંડી.

"સરસ મઝાનું ઘર મળી ગયુ. નાનુ પણ બધીજ સગવડોવાળું અને સોસાયટી પણ અલકાપૂરી એટલે મારા માસીની મીરાના ઘરની પણ સાવ નજીક છે. મીરા ધ્રુમિલનું ધ્યાન રાખશે". એશા અને ધ્રુમિલ બરોડા જઇ આવ્યા અને ઘરનું નક્કી કરી આવ્યા. એનો અહેવાલ આપતા એશા રોહીતને એની આ આવ-જા માં પરોક્ષ રીતે સામેલ કરે જતી હતી.

"Yes, ડેડી તમે આવશો ને તો તમને પણ ગમશે જ" ધ્રુમિલે એશાની વાત પર મત્તુ માર્યું.

"ડેડી ક્યારેક રવિવારે હું આવું એના બદલે તમે અને મમ્મી ત્યાં આવશે તો તમને પણ ચેઇન્જ રહેશે.મીરા માસી અને માસા  પણ કેટલા ખુશ થઇ જશે ખબર છે તમને?
.

રોહીત પણ આનંદથી આ બધી વાતોમાં સાથ આપતો થોડો સંતોષ અને શાંતિ પણ હતી ધ્રુમિલના નિર્ણય અને નિમણુકથી.

સારો દિવસ જોઇને એશા અને ધ્રુમિલે જરુરી સામાન પણ બરોડાના ઘરમાં ગોઠવી દીધો.પહેલી તારિખથી ધ્રુમિલને નવી જોબમાં જોઇન થવાનું હતું. એશા અને ધ્રુમિલ બરોડા જતા ત્યારે રુચા આવીને રોહીત પાસે રહેતી એટલે એની તો એશાને એટલી ચિંતા રહેતી નહી.

વળી પાછો ધ્રુમિલના બરોડા ગયા પછી ઘરમાં ખાલીપો વર્તાવા લાગ્યો.વાતોડિયા ધ્રુમિલની હાજરીથી ઘરમાં એશા અને રોહિતને વાતારણ જીવંત લાગતુ.લંડનની વાતો પણ ક્યારેય એની ખૂટતી નહી.

હવે વળી પાછા એશા અને રોહિત એકલતા અનુભવવા લાગ્યા. રોહિતે હોસ્પીટલનું કામ સંભાળવા એક આસીસ્ટન્ટ ડૉક્ટરની નિમણૂક તો કરી જ હતી અને હેમાંગ પણ સમય મળે ધ્યાન આપતો હતો.એશા બને ત્યાં સુધી હોસ્પીટલ જતી અને  ક્યારેક રોહિત પણ સાથે જતા.

પરંતુ  કીમોથેરેપી પછી અને અંદર પ્રસરતા જતા રોગે રોહિતેને થોડો ઢીલો તો પાડી દીધો હતો. એટલે એશા એ પણ ધીમે ધીમે હોસ્પીટલ જવાનુ ઓછુ કરવા માંડ્યુ.

## એશા- ખુલ્લી કિતાબ (12)-વિજય શાહ

તે દિવસે રોહિતે આજવા નિમેટા જવાની ઇચ્છા વ્યક્ત કરી. તેને સારુ લાગતુ હતુ એશા થોડીક ખચકાઇ પણ પછી ધ્રુમિલને જણાવી દીધું કે તેઓ એમ્બ્યુલન્સ લઇને સાંજે આવશે અને મીરા માસીને ત્યાં જમશે. રોહિત તેના વિચારોમાં બહુ જ સ્વસ્થ અને સચોટ હતો અને તે માનતો થયો હતો કે એશાની માનવસેવાની વાતોને યોગ્ય રૂપ આપવા બધી પળોજણો થી દુર લૈને ખુલ્લા મને વાત કરવી જરુરી હતી. આણંદથી નીકળી એમ્બ્યુલન્સ વડોદરા પહોંચી અને આજવા નીમેટાનાં રસ્તે આગળ વધતી હતી ત્યારે એશાને કહ્યુ.

“એશા! મેં તને ખુબ દુભવી છે નહીં?”

“રોહિત! આ શું કહો છો?”

” એશા જો આજે હું બોલીશ અને તુ સાંભળીશ. મને કોઇ પણ વાતે રોકીશ ના કે ટોકીશ ના.”

” રોહિત! તમારો બોલવાનો તબક્કો ક્યારેય આવ્યો હતો ખરો?”

“હા. અને તે આજે છે. આપણે આજવાનાં કિનારે ઢળતી સાંજે બે જણે એકલા એકાદ કલાક્ની તારા મૌન ની અને મારા બોલવાની સજા કે મજા કરવાના છે .”

રોહિતે આ પ્રકારની લાગણી ક્યારેક જ બતાવી હશે. એશા આશંકતો થઇ ગઇ પણ રોહિતની ઇચ્છા મુજબ તેમની પ્રિય જગ્યાએ ઝાડનાં ટેકે ડ્રાઇવર પાસે પથારી પથરાવી અને ડ્રાઇવરને કહ્યુ નજીકમાં રહેજે સુર્યાસ્ત પછી નીકળીશુ.

ડ્રાઇવરના ગયા પછી રોહિત બોલ્યો. ” હવે તારા મૌન ની અને મારે બોલવાની સજાનો આરંભ થાય છે. તને હસવાની છુટ અને મને રડવાની.”

એશા કહે ” એ સજા એક તરફી ના હોય! રડવાની છુટ કોઇને નહી અને હસવાની છુટ બંનેને..”

રોહિત કહે ” એ છુટ મારી ઉપરવાળાએ લઇ લીધી. ખૈર...મેં એક કવિતા હમણા વાંચી તે તને પહેલા કહુ અને પછી મારી વિચારધારને વહેતી કરું” એશા તો રોહિતનાં શબ્દોને સાંભળી ને વિચારમાં પડી ગઇ

તેણે કાગળની ચબરખી કાઢી અને વાંચ્યુ

જુઓ,મૃત્યુ આવ્યું, લઇ ગયું દુઃખ સર્વ તનના

અને આ આત્માને લઇ ગયું શ્રી હરિના શરણમાં.

જીવન નદી જયારે,ભળે પુનિત બ્રહ્મ જળમાં.

તો સ્વજન શાને સારે અશ્રુ આવી પૂણ્ય પળમાં.!

ગિરીશ દેસાઈ ના મુક્તકે મને બહુજ શક્તિ આપી છે. મને જે દિવસે પહેલો રીપોર્ટ મળ્યો ત્યારથી ખબર હતીકે હવે મારી પાસે ગણ્યાં ગાંઠ્યા દિવસો છે. મારે માથે જેમનુ જેમનુ દેવુ છે તે પાછુ વાળવા માટે પુરતા દિવસો નથી. છતા શક્ય હોય તેટલા પ્રયત્નો હું કરુ છું.એશા સૌથી મોટું મારા ઉપર તારુ દેવુ છે. તેં મારા સંસારને આપણો ગણ્યો. મેં એ આપણાપણાને મારા અહંને કારણે તારુ અને મારુ એમ વાડા કર્યા. મારા એ અહંને કારણે મેં તને ખુબ જ દુઃખ આપ્યુ છે પણ હવે જ્યારે મત્યુની ઘડી નજદીક આવી છે ત્યારે પણ એ મારા અહંને નહીં ગાળુ તો આટલો મોટો ભાર લઈને હું સુખથી કેવી રીતે મરીશ?”

એશા નિઃશબ્દ થઇને જોતી રહી . તેને સમજાતુ નહોંતુ કે રોહિતને આજે શું થઇ ગયુ છે? ઢળતા સુરજને જોઇ તેણે ફરીથી બોલવાનું શરુ કર્યું..”હવે જેટલા સુર્યાસ્ત મારે જોવાનાં છે તેના કરતા ઘણા વધુ સુર્યોદયો તને પ્રભુએ આપેલા છે તેથી મારી પાછળ શોક ન કરીશ અને લોકલાજે શોક કોઇને કરવા દઇશ નહીં કારણ કે મને ભગવાને તેમને ત્યાં બોલાવતા પહેલા આ દેહનાં દંડ અહીં દઇ શુધ્ધતા બક્ષે છે. જે સ્વરૂપ જન્મ સમયે હતુ તે સ્વરૂપે મને બોલાવે છે.આમ વિચારવાથી મારા દેહનાં દંડો હળવા થાય છે. પણ લાખો કેન્સર કોશો ધીમે ધીમે મને ખાય છે અને તમે સૌ મને તે રીતે ખવાતો જોવા નથી માંગતા તેથી મારા જીવન માટેનો અદભુત જંગ ખેલો છો. હા  કદાચ તેનાથી મને થોડુંક આયુષ્ય મળશે પણ હવે તેની મને બહુ ખેવના નથી. કારણ કે મત્યુનાં હાથમાં થી જિંદગી એ છીનવીને જેટલા શ્વાસો મને આપ્યા હતા તે ઘટવા માંડ્યા છે.

જેમ જન્મ સમયે મારી માવડી મારી  સાથે હતી તેમ મૃત્યુ સમયે મારી પ્રિય સખી એશા હશે.

રોહિતની આંખો આંસુઓ સારતી હતી એશા પણ ભીંજાતી હતી..રોહિતે આજે તે  જે બહુ ઝંખતી હતી તે વાત કરીને ગદ ગદ કરી નાખી..

રોહિત થોડો શાંત થઇને બોલ્યો " એશા તારે તો રડવાનું જ નથી. કારણ કે તેં તો મને તારું સર્વે સર્વા આપ્યુ છે અને હજી આપે છે. મુરખતો હું એકલો હતો કે જે ખાલી લેવાનું જ સમજ્યો હતો.. આપવાનું તો જાણે જાણતો જ નહોંતો અને તેની તો આટલી ભયાનક સજા પ્રભુએ કરી છે. એશા અત્યારે રોહિતને રડવા દેવાનાં મતમાં નહોંતી પણ તેની વાતોમાં જે ઉંડુ દુઃખ હતુ તે નીકળી જાય તે માટે તે મૌન રહી."

રોહિત આગળ બોલ્યો "રુચા અને ધ્રુમિલ તેમની જિંદગીમાં પડી જશે અને તારે હજી એકલુ જીવવાનું છે. તેમના સહારાને તારો આધાર બનાવવા કરતા તારી રીતે તને યોગ્ય લાગે તે રીતે  રહેજે."

એશા હવે બોલી "રોહિત!  પોચકા ના મુકો અને એમ કેમ માનોછો કે તમને હું કેન્સર સામેની આ લડતમાં હારવા દઇશ."

રોહિત ને પાણી આપતા તે ફરી બોલી." કેન્સર ઉપર વિજ્ઞાન સતત એક ય બીજા પ્રકારે વિજયી બન્યું છે બસ તેમ જ હું પણ તેને ખાળીશ."

રોહિતને એશાની નીડરતા ગમી. " એશા! હું માનું છું કે મારુ આયુષ્ય ખુટ્યુ હશે તો આપણો સાથ ખંડીત થશે. પરંતુ તારી માફી માંગી મને બહુ સારુ લાગ્યુ."

એશા બોલી " ના તેમ કરી મનથી તમે યમરાજાને કહી દીધું કે હું તૈયાર છું તુ મને ગમે ત્યારે લઇ જઇ શકે છે"

રોહિત મનથી તે વાતને સ્વિકારતો અને  ડુબતા સુરજને જોઇ રહ્યો...એશા મનોમન રડતી રહી. આજે માફી માંગી ને રોહિતે તેના ઉપર ગુસ્સે થવાનો હક્ક છીનવી લીધો....

એ દિવસ નજીક આવી રહ્યો છે તે વાતનો અણસાર પણ તેને રોહિત પાસેથી જોઇતો નહોંતો. તે ધમ પછાડા કરીને સતિ સાવિત્રીની જેમ તેને મત્યુનાં મુખમાંથી પાછી લાવવા કટીબધ્ધ હતી. તેથી તેણે કહ્યું રોહિત તમને કશુ થશે કે નહીં તેની વાતો જવાદો ટાઇફોઇડનો દર્દી જેમ ઉભો થઇ જાય તેમ તમે ઉભા થઇ જશો અને પછી મારી સાથે માનવ મંદીરનાં યજ્ઞમાં તમારે મને સાથ આપવાનો છે તે તમને ખબર છેને?

રોહિતે એક નિઃસાસો નાખતા કહ્યું મલ્ટીપલ માયલોમા એ ટાઇફોઇડ નથી એશા.

એશાએ એજ રીતે જવાબ આપ્યો આ એવો રોગ છે જેની દવા હજી શોધાઈ નથી તેથી એવું લાગે પણ મેં હમણાં જ રશીયન રીસર્ચ જોઇ છે તેમને પાસે આ રોગની રસી શોધાઇ છે. અને તે માટે મેં પત્રવ્યવહાર શરુ કર્યો છે. અને હા મારાથી એમ પીછો છોડવવો સહેલો નથી હં કે!

એના લહેકા ઉપર રોહિત મલક્યો અને એશા તે હાસ્ય ઉપર ફરી મુગ્ધતાથી પોરસાઇ ગઈ. રોહિતને બાટલો ભરીને લોહી લઉ કહેતી એશા ફરીથી દેખાઇ.

ઢળતી સાંજે મીરાને ત્યાં પહોંચી ગયા ત્યારે ધ્રુમિલ તેમની ચિંતિત ચહેરે રાહ જોતો હતો. રોહિતને પ્રસન્ન ચહેરે ઉતરતા જોઇ સૌએ નિરાંત અનુભવી.

## એશા ખુલ્લી કિતાબ (13) રાજુલ શાહ

બીજે દિવસે સવારે ચા નાસ્તાનાં ટેબલ ઉપર મીરાએ વાત કરી " ધ્રુમિલ માટે એક સારી વાત આવી છે.છોકરી અને ફેમિલી મારા જાણીતા છે.એશા તારી જો મરજી હોય તો હું ધ્રુમિલ ને વાત કરી જોઉ અને એની તૈયારી હોય તો બંનેની મુલાકાત પણ ગોઠવી શકાય એટલો મારો હક એ છોકરી પર પણ છે."

"ધરમના કામ માં વળી ઢીલ શી"? અને તું વચ્ચે છું એટલે મારે કોઇ લાંબી તપાસ કરવાની પણ  ક્યાં જરુર છે? જો ધ્રુમિલને પસંદ પડે તો અમને કોઇ વાંધો નથી. અને મીરાં એ મિડીયેટરનું કામ બરાબર સંભાળી લીધુ. ધ્રુમિલ અને જાનકીને મેળવી આપ્યા. એશા-રોહીત સાથે મુલાકાત પણ કરાવી દીધી.આમતો દુનીયા ખુબ જ નાની છે અને શોધવા બેસીએ તો ઓળખાણના છેડા ક્યાંક તો જોડાતા જ હોય.એવી રીતે ક્યાંક ને ક્યાંક તો આ બંને પરિવારોને જોશતી કડી મળી જતી.લાંબી તપાસ કે વધુ રાહ જોવાની જરુર નહોતી.બધુંજ ખૂબ સરળતાથી ગોઠવાઇ ગયું.
વળી ફરી એક વાર એશા અને રોહીતના દિવસો થોડા બીઝી જવા લાગ્યા.રુચાના લગ્ન પતે ઝાંઝો સમય થયો નહતો એટલે ખાસ નવેસરથી કશું કરવાનું હતું જ નહીં. કંકોતરી માટે નુ લીસ્ટ તો તૈયાર જ હતુ.બસ થોડી ઘણી ખરીદી અને જાન જોડીને વડોદરા જવાનું હતુ એટલે મન પણ કોઇ ભાર નહોતો.
સરસ રીતે પ્રસંગ ઉકલી ગયો.હવે એશાને ધ્રુમિલની રહી સહી ચિંતા પણ રહી નહિ.જાનકી સૌમ્ય અને છતાંય મળતાવડી હતી.બેન્નેના વિવાહનું નક્કી કર્યું ત્યારથી લગભગ દર રવિવારે ધ્રુમિલ સાથે આણંદ પણ આવતી હતી.અને એશાને તો વળી સૌ પોતાના લાગતા ત્યાં જાનકીને સ્વીકારવામાં ક્યાંવાર લાગવાની હતી.
લગ્ન પછી પણ એ બંનેનો દર રવીવાર આણંદ આવવાનો અનુક્રમ ચાલુ જ રહ્યો. વાતાવરણ ખુબ ભરેલુ લાગતુ જ્યારે એ એશા અને રોહિત પાસે આવીને રહેતા ત્યારે.. આટલા લાંબા સમય પછી એશાને સમજાતી હતી મોટાઇ અને મોટીબેન ની સંયુક્ત પરિવારની ભાવના. ઘર મંગલ લાગતુ હતુ.

બે એક અઠવાડીયા પછી રિવા સાથે ફોન ઉપર વાત કરતા એશા બોલી "ઇશ્વર એક હાથે આપે છે તો સામે બીજા હાથે પાછું કેમ માંગી લે છે?" રુચા- ધ્રુમિલનું વિચાર્યું હતું એના કરતા પણ સરસ રીતે ગોઠવાઇ ગયું હવે એ બંનેની મને કોઇ ચિંતા નથી.તો હવે રોહીત માટેની ચિંતા કોરી ખાય છે".
ધ્રુમિલના લગ્ન પછી વળી પાછી રોહીતની તબિયત નરમ-ગરમ રહેવા લાગી હતી એટલે સ્વાભાવિક એશાના મનમાં ચાલતી ચિંતા હવે ઉપર આવવા લાગી હતી.ધ્રુમિલ અને જાનકી સાથે પણ ફોન પર વાત કરતાં સ્વસ્થ રહેવા પ્રયત્ન કરતી એશા રિવા પાસે સ્વસ્થ રહી શકતી નહતી.
"બહારથી સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરુ છું પણ કોઇક વાર તો એમાં પણ નિષ્ફળ જતી હોઉ  એમ મને લાગે છે.જાણે ધ્રુમિલ અને રુચાની લગ્નની જવાબદારી પુરી કરવાનું નક્કી કર્યું હોય એમ ત્યાં સુધી તો તબિયતે સાથ આપ્યો પણ હવે તો શરીર લથડતું જાય છે."
રિવા સમજી શકતી હતી એશાની વેદના નજર સામેજ આપણે આપણી વ્યક્તિને

જીવનમાંથી વિદાય લેતી જોવી એ કેટલું કપરું છે એ વિચારી શકતી હતી.એ ઠાલુ આશ્વાસન પણ એશાને આપી શકે તેમ નહોતી.નોન મેડિકલ પરસન હોય તો બરાબર છે પણ અહીં તો રોજ-બરોજના રિપોર્ટ એશાની હાજરીમાં જ થતા.કોઇ  વસ્તુ એશાની નજર થી બહાર નહોતી.
ઉધઇએ કોતરી કાઢેલા લાકડાની ફ્રેમ અંદર થી કેટલી પોલી થવા માંડી છે એની એશાને બરાબર જાણ હતી. બ્લડ ટેસ્ટ ,ફરી એકવાર બાયોપ્સી નું રિઝલ્ટ એશાના જ હાથમાં આવ તૂં હતું મેડિકલ ફીલ્ડમાં કામ કરતા હતા એટલે બંને જણ પરિસ્થિતિની ગંભીરતા સમજી શકતા હતા. ચિંતા વધતી જતી હતી.વાસ્તવિકતાની દુનિયામાં ડહાપણ કે સમજદારીની વાતો કેટલી પોકળ છે એ રિવા પણ જાણતી હતી.એટલે બીજું તો કશુંજ એને કહેવાનું -બોલવાનુ હતુ નહી અને છતાંય એક મૂક સધિયારો આપતી હોય એમ એ એશાની સામે જોઇને એની બધી વાતો સાંભળે જતી હતી.
“તને યાદ છે એશા? કાયમ તું કહેતી હોય છે કે દરિયા કિનારે ઉભા હોઇએ ત્યારે એક મોજું આવે એ તમારા પગ ભીના કરીને પાછું વળી જાય છે. એનું એ મોજુ ફરી પાછુ આવતું નથી.તારે પણ તારા પગ મજબૂત રાખીને ઉભા રહેવાનું છે.મોજું આવીને તારા પગ ભીના કરી જાય તેનો વાંધો નહીં પણ એ મોજું તને ખેંચી ના જાય એટલી મક્કમતા તો તારે જ કેળવવી પડશે ને? અને મને વિશ્વાસ એ શું આવતા મોજાઓ વચ્ચે પણ તું તારી જાતને સ્થિર રાખી જ શકીશ “.-રિવા એશાને સધિયારો આપવા બોલી અને વાતને આગળ લંબાવતા પુછ્યુ “તારી પેલી રશીયન રસી આવી કે નહીં?.”

## એશા-ખુલ્લી કિતાબ(14)-વિજય શાહ

રિવાના પ્રશ્નનો જવાબ આપતા એશા બોલી. “હા રશીયન રસી આવી તો ગઇ છે અને હેમાંગ આશિક અને રોહિત તેને સમજ્વા મથે છે. રોહિત તો સ્થિતપ્રજ્ઞતા વર્તે છે. આશિક કહે છે આ રસી હજી ટ્રાયલ લેવલ પર છે અને તેમને જોઇએ તેટલી સફળતા મળી નથી. તુ કહે છે ને કે દરિયા નીચેની રેતી દરેક મોજા સાથે ખસે છે અને હું મક્કમતાથી મારા પગ જડાવીને બેઠી છું.”

" બરોબર અને તેમજ તારી શ્રધ્ધાને મજબુત બનાવતી રહેજે"

" રિવા વિજ્ઞાન ભણી છું ને તેથી એક વાત બહુ સ્પષ્ટતાથી માનુ છું કે જ્યાં સુધી મૃત્યુ આવ્યુ નથી ત્યાં સુધી મને ઝઝુમવાની તક છે. અને બીજી વાત પેલા તુટેલી તલવારથી જંગ જીતેલા રાજકુમારની વાર્તા મને યાદ છે ."

રિવા એશાનાં દ્રઢ મનોબળને સંકોરતા કહ્યું "એશા તારી વાત સાચી છે વાર્તાઓ જિંદગીની નિશાળમાંથીજ જન્મી હોય છે. અને દરેક યુધ્ધો પહેલાતો મનમાં જ લઢાતા હોય છે અને જીતાતા પણ હોય છે."

એશા કહે "સાંભળ હું જે વિચારી રહી છું તેવો એક સુંદર દાખલો આજે ઓન્કોલોજીની જરનલમાં હેમાંગે વાંચ્યો અને મારા માટે તેણે  મોકલ્યો. અમેરિકાની પ્રસિધ્ધ કેન્સર હોસ્પીટલનાં નિયામકે અને આખી હોસ્પીટલનાં સ્ટાફે કેરન ને એક વીરને છાજે તેવુ બહુમાન કર્યું અને તેના કેન્સર વિજયને ધામધુમથી વધાવ્યો. તેઓ કહેતા કે અમે મહદ અંશે નિષ્ફળ એટલા માટે પણ જતા હતા કે જે દર્દી જ્યારે હોસ્પીટ્લમાં આવે ત્યારે બહુ ઓછી હકારાત્મક ઉર્જા લઇને આવતા.પરંતુ કેરન અને સીસીલીયા (કેરન ની મમ્મી ) એ બંને એ કદી અમારા ઉપરનો તેમનો વિશ્વાસ છોડ્યો જ નહોંતો . તેઓ પુરા શ્રધ્ધેય હતા હતા અને પુરી નિયમીતતાથી માવજત કરાવતા હતા. તેની નર્સ તો માની જ શકી નહોંતી કે કેરન ને દવા અને દુઆ બંનેથી વિજય મળ્યો છે."

રિવાએ સરસ સમાચાર છે કહીને ફોન મુક્યો અને નિત્યકર્મમાં લાગી.

આચાર્ય શિવાનંદજી હોસ્પીટલ ઉપર આશિર્વચન માટે આવવાના છે તે સમાચાર રૂચાએ આપ્યા અને તેથી એશા હોસ્પીટલ ઉપર પહોંચી. આશિક અને હેમાંગે રોહિત સાથે ચર્ચા કરી લીધી હતી. આશિક રોહિતને રસી આપ્યા પછી થનાર શક્ય તકલીફોને સમજાવી ચુક્યો હતો અને તેને ધ્યાનમાં લઈ તે ચિંતીત પણ હતો.સફળતાની કોઇ જ ગેરંટી નહોતી અને જે સ્ટેજમા તેનું દર્દ પહોંચી ગયુ હતુ તે સ્ટેજ ઉપર આ રશીયન રસીનાં પરિણામો વિવાદાસ્પદ હતા.

 હેમાંગ કહેતો મમ્મી! તમે સમજી શકો છો કે આ પ્રયોગ એક ખતરો છે ન કરીયે અને ચુપ ચાપ બેસી રહીયે તેનાથી થનાર નુકશાન પણ એટલુંજ તકલીફ દેય છે.

આ વાતો ચાલતી હતીને શિવાનંદજી પધાર્યા. રોહિતે વંદન કર્યા અને તેમણે રોહિતનાં કપાળ ઉપર હાથ ફેરવ્યો. બધા વંદન કરીને શિવાનંદજીનાં આશિર્વચનો

સાંભળવા બેઠા. એમણે પણ એ રાજકુમારની વાત કહી.  એશા તે સાંભળી ને મલકી. શિવાનંદજી શાંત અને ધીર અવાજે કહી રહ્યા હતા “એક યુધ્ધમાં એક સૈનિક પોતાને ભાંગલી તલવારથી યુધ્ધ કેમ જીતાય ઈવો વિચાર કરી તલવાર યુધ્ધભૂમીઉપર નાખીને જતો રહ્યો. હવે તે રાજ્યનો રાજકુમાર લઢતો લઢતો પાછળ પડતો હતો અને દુશ્મનનાં વાર થી તેની તલવાર તેના હાથમાં થી છુટી ગઇ. સહેજ પોતાની જાતને સંભાળીને તેણે આજુ બાજુ નજર કરી અને પેલા હતપ્રભ સિપાઇએ ફેંકી દીધેલી તુટેલી તલવાર તેને મળી ગઇ અને ફરીથી વેગે તે લઢ્યો અને તે યુધ્ધ જીત્યો. બીજે દિવસે તેણે ભાંગેલી એ તલવારનાં સિપાઇને બોલાવી બહુમાન કર્યું. સિપાઇને તો એમ કે તેને ઠપકો મળશે પણ શિરપાવ મળ્યો.

તેમણે મૃદુ અવાજે રોહિત તરફ ફરીને  કહ્યું તમે બહુ જ નસીબદાર છો. ઘણા રોગીઓનાં રોગ તમે દુર કર્યા છે તમને કશુંજ થવાનુ નથી. હજી માનવ સેવાનાં ઘણા યજ્ઞો તમારે કરવાના બાકી છે. મારું સામુદ્રીક જ્યોતિષ કહે છે તમારું હજી આયુષ્ય લાંબુ છે. મનમાંથી અજંપો કાઢી નાખો. એશાબેન સાથે હજી ત્રીજી પેઢી તમે જોવાનાં છો.તેમણે એક ચબરખી લીધી અને તેમા લખ્યુ

બુધ્ધી કેરા સીમાડા જ્યાં અટકી ગયા,

તેને પારનાં સીમાડાને શ્રધ્ધા સંતો કહી ગયા.

આશિક અને હેમાંગ તો છક્ક જ થઇ ગયા. હકારાત્મક ઉર્જાનો જાણે સુરજ ઝળહળી ગયો એશાને આશિર્વાદ આપતા તેઓ બોલ્યા બેન! મનથી મજબુત રહેજે. તારો ચુડી ચાંદલો સલામત છે.

એશાને હવે કશુંજ કરવાનુ નહોંતુ.. રશીયન રસી એડમીનીસ્ટર થઇ ગઈ.

## એશા-ખુલ્લી કિતાબ (15) વિજય શાહ

રસીની અસર દર ૮ કલાકે જોવાની હતી લોહીનાં કેન્સર કણોની સામે આ રસી એન્ટીબોડી પેદા કરવાના હતા. રોહિતને થતા દર્દને નિવારવા અપાતી દવાઓમાં રસીને સક્રિય કરવા નોધ પાત્ર ઘટાડો કર્યો હતો અને તેથી થતી પીડાને રોહિત વેઠતો હતો.તેની નબળાઇ તો ઘટવાનુ નામ જ લેતી નહોંતી. આખા આણંદમાં શિવાનંદજીની ભવિષ્ય વાણીએ અજબ શ્રધ્ધાનું વાતાવરણ ઉભુ કર્યું હતુ, લોકો અખંડ

જાપ અને ભજન કરતા હતા. ડો રોહિત એક આણંદનું ગૌરવ અને આગવુ વ્યક્તિત્વતો હતું જ.

લોકોનાં વિશ્વાસ અને માનને જોતા ધ્રુમિલ અને રૂચા પણ ગદ ગદ થઇ જતા. અઠવાડીયા સુધી અસરો દેખાતી નહોંતી તેથી રશીયન સંસ્થા પણ ચિંતીત હતી. એશા માટે તો જાણે આ એક જંગ જ હતી.લેબોરેટરીની દરેક સ્લાઇડોમાંથી તે કેન્સર કણો ક્યારે ઘટે તેની ચિંતા હતી.

આજે દસમા દિવસે રોહિતે કમ્મરમાં સખત દુખાવાની ફરિયાદ કરી. દવાના જોરે દર્દ દબાવવાને બદલે એશાએ તેને માલિસ અને મસાજથી રાહત આપવાની ઝુંબેશ ઉપાડી. છેક મોડી સાંજે તેણે ભાન ગુમાવ્યુ ત્યારે હેમાંગે રૂચાને કહ્યું રસીની અસર જણાતી નથી એકાદ અઠવાડીયા પુરતા બધા ભેગા થઇ જાવ. એશા કહે તમે લોકો નકામા ના ગભરાવ મને રક્ત કણો ઘટતા બંધ થયા હોય તેવુ લાગે છે. રશિયન સંસ્થામાંથી એક નિષ્ણાત આવ્યો અને ફરીથી એક ડોઝ અપાવ્યો બૂસ્ટર ડોઝની અસર થવી જ જોઇએ

રોહિત આ દરેક ગતિવીધીને સમજતો હતો અને શિવાનંદજીની વાતો એ તેના મનમાં પરમ તત્વને માનતો કરવા મજબૂર કર્યો હતો. મનમાં તેને કોઇ ચમત્કાર થઇ શકે છે તે ભાવના જાગૃત થતી અને વિકસતી જોઇ રહયો હતો.ક્યારેક ચમત્કારો થતા હોયછે અને એવો ચમત્કાર એની સાથે થઇ શકે છે તે વાતને મન માનવા લાગ્યુ ત્યારે એક વિશિષ્ટ પ્રકારની શાંતીનો અનુભવ તેને થવા લાગ્યો. એશા..એશા વિચારતા તેની આંખો ભરાઇ જતી અને તે આંસુ જોઇને બધા અનુકંપા કરતા પણ તેને તનના દર્દ કરતા હવે એશાથી થતી સુશ્રુષા અને તેને પડનારી ભવિષ્યની એકાંત વાસ ની સજા સહેવાતી નહોંતી. રાતના સમયે મહદ અંશે એશા તેની સાથે જ રહેતી અને ઉંઘની દવા તેને બહુ દર્દ હોય તો જ અપાતી. એશા અને રોહિત ઘણી વખત ભૂતકાળ યાદ કરે જેમાં દરેકે દરેક વાતમાં એશા કહે રાત ગઈ તેની વાત શું? અને રોહિત કહે જો હવે મને સમય મળશે તો મેં કરેલ સર્વ ઉપેક્ષાનાં દંડની સજા હું મને આપીશ. એશા ઘણી વખત એના એ વલણો ને હસી કાઢે અને કોઇક વાતો કરી તેના ઉપર આવતા નિરાશાનાં વાદળોને વિખેરી નાખતી.

બરોબર એકવીસમા દિવસે પહેલી વખત વધેલા રક્તકણો જોઇ એશા અને હેમાંગ ખુશીમાં ઝુમી ઉઠ્યા. રોહિતને પણ તે દિવસે ઘણુ સારુ લાગતું હતું.આશિકે હોર્મોન્સ

ઘટાડવા શરુ કર્યા અને રશીયા બધી હીમેટોલોજીકલ સ્લાઇડ્ઝ મોકલી આપી.૨૮મા દિવસે કેન્સર કણોનાં કદો ઘટતા જણાયા અને તે સ્લાઇડ્ઝ ઉપર ઘણું સંશોધન થયુ.

એશા તે દિવસે ખુશ હતી. પ્રભુ આંગણે જઇ ખરા મનથી પ્રભુને પ્રણામ કરી તે બોલી પ્રભુ! તમારા આશિર્વાદો ન હોત તો આ દિવસ જોવાનો નશીબે ન હોત.શિવાનંદજીએ આવીને કહ્યું રોહિતભાઇ તમે જે સદકાર્યો કર્યા હતા તે પુણ્ય ફરી વળ્યા..હવે પથારી છોડી લોક કલ્યાણનાં કામો શરુ કરો.

જેમ જેમ સમાચાર ફેલાતા ગયા તેમ લોક જુવાળ તેમના ઉપર થયેલ પ્રભુ મહેરબાનીને વધાવતા ગયા.

એશાને હવે થાક લાગતો હતો.પણ રોહિત હવે એશાને પળ માટે પણ આંખથી દુર થવા નહોંતો દેતો..એશાએ તેના જીવને ધર્મ અને હકારાત્મક માર્ગે વાળ્યુ હતુ જ્યારે રોહિત તેની સાથેજ એકાકાર થઇ ગયો હતો પહેલા જે જિંદગી માટે એશા ઝંખતી હતી તે જિંદગી તેને મળી ચુકી હતી.. હેમાંગ અને રૂચાને ત્યાં બે અને ધ્રુમિલ અને જાનકીને ત્યાં બે.સંતાનો આવનારા પાંચ વર્ષોમાં થયા.

કહેનારા કહેતા એશાબેન જ સતી સાવિત્રી બની રોહિતભાઇને પાછા લાવ્યા.

રોહિત તો સૌને કહેતો એશાએ કદી માન્યુ જ નહોંતુ કે કેન્સર એટલે કેન્સલ.ને આજે મને જે બોનસ મળ્યુ છે તે તેના દ્રઢ વિશ્વાસને કારણે જ..બરોબર ૧૩ વર્ષે ફરી કેન્સર કણોએ ઉથલો માર્યો. રસી હવે અસરકારક થવાની નથી તેવી ખબર એશા અને રોહિતને હતી.બંને તેમને મળેલી જિંદગીથી સંતુષ્ટ હતા. બીજા ઉથલે સ્વસ્થતાથી વિના અજંપે છુટા પડવાનું હતુ.

## એશા-ખુલ્લી કિતાબ(16) રાજુલ શાહ

રિવા પણ જાણતી હતી કે "જન્મ છે એનું મરણ છે". એ વાત જેટલી સાહજીકતાથી બોલાય એટલી સ્વીકારી શકાતી નથી.એને જ્યારે જીરવવાની થાય ત્યારે કેટલી

વિષમ પરિસ્થિતિ ઉભી થાય એ હવે વારંવાર એશાની વાતમાં ડોકાતું હતું. આમ વિકરાળ અજગર જીવનનો ભરડો લેવા તત્પર હતો એ સૌને સમજાઇ ગયું હતું.

એશા અને રોહીતની આંખો જ્યારે મળતી ત્યારે વણબોલાયેલા શબ્દો પણ એકબીજા સાંભળી-સમજી લેતા.મનમાં ઘણા શબ્દો ઉઠતા ઘણું એકબીજાને કહેવાનું હતું પણ શબ્દો હોઠ સુધી આવી ને ઠેલાઇ જતાહતા.મનના ખૂણે એક વાસ્તવિકતા જડાઇ ગઇ હતી.અને હવે તો ડૉકટરો પણ કહેતા"ઇશ્વર ઇચ્છા બલિયસી"

પણ હવે તો ઇશ્વરની ઇચ્છા પણ સાફ દેખાઇ આવતી હતી. રુચાના લગ્ન પહેલા જાન્યુઆરી-૦૧ નો પ્રસંગ ફરી એકવાર ભજવાયો સૌથી પહેલાં જે રિપોર્ટ આવ્યા પછી સ્વીકારવાની વાતો કરી હતી એ જ રીતે અંત સ્વીકારની ઘડી પાસે આવી રહી છે એ ઉઘાડી કે બંધ આંખે પણ દેખાઇ આવતું.

રુચા-હેમાંગ, ધ્રુમિલ-જાનકીની ઘરમાં હાજરી સતત રહેતી.ધ્રુમિલ બરોડા જાય તો પણ જાનકી અહીં જ રહેતી એશાની પાસે,એશાનીસાથે.

છેલ્લા ત્રણ દિવસ તો રોહીત લગભગ બેભાન અવસ્થામા...

બાકીના પાંચેના મનમાં એક સરખી વિચારો,આંખો ખોલશે કે આંખો બંધ કરશે?

કોણ કોને સમજાવે? અંતે તો બધાએ સાથે જ,બધાએ જાતે જ સમજવાનું હતું.રુચા-હેમાંગ,ધ્રુમિલ-જાનકીની હાજરીથી, એમનો હાથ પકડીને ઉભી ત્યારે એશાને લાગતું કે સહન કરવાની શકિતને મજબૂતાઇ મળે છે.

મન માનતું નહોતું અને છતાંય મન નજરે જે દેખાતું એને ખોટું ઠેરવી શકે તેમ નહોતું.પહેલી વાર તો પુછી લીધું હતુ કે 'રિપોર્ટ' તો બરાબર છે ને પણ હવે તો એ પણ હવે તો એ પણ પુછવાની જરુર ન હતી.

એક પછી એક આવતા મોજા પગ જ ભીના કરતા હતા એવું નહોતું. પગ નીચેથી જમીન પણ સરકાવતા જતા હતા.

હવે કશુંજ કરવાનું બાકી રહેતું નહોતું. જ્યારે પહેલી કીમો પછી રોહીત બેભાન અવસ્થામાં સરી ગયાહતા અને હ્રદયમાં પ્રાર્થનાઓએ સ્થાન લીધું હતું,હાથ હેઠા પડયા ત્યારે પ્રાર્થના માટે હાથ જોડાયા હતા એ જ પરિસ્થિતિ ફરી આવી હતી પણ પ્રાર્થનાનું સ્વરુપ બદલાયું હતું.

એશા ખરા હ્રદયથી-ખરા મનથી પ્રભુને પ્રાર્થના કરતી-"હે, પ્રભુ સહાય કરજે-યોગ્ય કરજે.જે થવા બેઠું જ છે તેમાં વધુ સમય યાતના ભોગવવી ના પડે તે જોજે".

અને એ જ થયું.નજરની સામે ક્યારે જીવન સરકી ગયું તે ખબર પણ ના પડી.જેને ક્યારેય બાંધી શકાય નહીં. તે "આત્મા" ચાલી ગયો.

ન કોઇ રોકકળ,નાકોઇ શોક-સંતાપ અત્યંત સમજ પૂર્વક એશા એ પોતાની જાતને સંભાળી લીધી.રુચા-ધ્રુમિલ-જાનકીને સંભાળી લીધા.હેમાંગ તો આ આખીય પરિસ્થિતિમાં પરિવાર જનની માફક જ નહિ  પણ એક ડૉકટર તરીકે પણ સતત એશાની સાથે જ રહ્યો હતો.

લોકાચારને  પણ એશાએ ખાસ મહત્વ આપ્યું નહોતું.સ્વસ્થતાથી પોતાનું મન જે માને એ રીતે રોહીત્ની પાછળ જે કરવા યોગ્ય સમજયું તે કર્યું. અહીં પણ ફરી પાછો રોહિતના પરિવારનો વાંધો વચ્ચે આવ્યો. એશાએ જે કર્યું તે દેખાયુ પણ એશાએ જે કરવાની ના પાડી તે નજરે  ચઢી ..પણ આ વખતે તો એશાનો પોતાનો પરિવાર એની સાથે હતો. ધ્રુમિલ અને  રુચા પણ સાથે હતા. એ લોકોએ તો જ્યારથી એશાને ઓળખી હતી -જાણી હતી એમાં ક્યાંય કોઇ બાંધ છોડ નો અવકાશ દેખાતો નહતો.

એશાએ એની કટોકટીના સમયે ક્યારેક મંદીરે જવાનો ક્રમ રાખ્યો હતો. મન એથી ઘણું શાંત રહેતુ હતુ. નાના શહેરની એ જ તો મઝા હતી . નાની અમસ્તી ઓળખાણ પણ આત્મીયતામાં બદલાતા વાર ન લાગે તો અહીં એશા અને રોહિતની એક અલગ ઓળખ હતી. દર્દીઓને ક્યારેય માત્ર દર્દી તરિકે ટ્રીટ  નહોતા કર્યા પણ સાચા અર્થમાં એમના ફેમિલી ડૉક્ટર બની રહ્યા હતા.એટલે આ શહેરમાં એક સન્માનીય વ્યક્તિ તરિકેનો  એમનો મોભો હતો.

માત્ર કમાવાની નેમ પણ ક્યાં રાખી હતી એ બંને જણે ? જરૂર પડે સેવાઓ આપવા તત્પર રહેતા.  માનવમંદિરમાં જ્યારે જ્યારે મેડીકલ કેમ્પ થતા ત્યારે ત્યારે એ બંને જણે પોતાની સેવાઓ આપી હતી એટલું જ નહીં પણ પોતાની હોસ્પીટલ  પણ આવા કેમ્પ સમયે ખુલ્લી મુકી દીધી હતી.ક્યારેક ડાયબીટીસના કેમ્પ તો ક્યારેક ટોટલ બોડી ચેક-અપ ના ફ્રી કેમ્પના સમયે એશા પેથોલોજીસ્ટ તરિકે પુરેપુરો સમય અને  સ્કીલ સેવા માટે  આપતી. એટલે મંદિરના સંતો સાથે પણ એક તાદાત્મ્ય જોડાતું ગયું હતું. અહીં માત્ર ઠાલી વાતો નહોતી , મનને સમાધાન થાય એવા તમામ જવાબો હતા.

જે બની ગયું તે દુઃખદ તો હતું જ પણ જીવનમાં જ્યારે જે પરિસ્થિતિ ઉભી થાય તે દરેક આપણા હાથમાં હોતી નથી એવી સમજ પણ એશાને અહીં થી મળતી. ધીમે ધીમે પોઝીટીવ થીંકીંગ ના સહારે વાસ્તવિકતા ઘણી ઝડપથી સ્વીકારાઇ ગઈ હતી. જીવન ગોઠવાતુ ગયું. રુચાને ધ્રુમિલને પણ સામેથી એશાએ રોજના કામે લાગવા સમજાવી લીધા.

“મમ્મી, હવે હું બરોડા રહેવાનો જ નથી.આણંદ અને બરોડા ક્યાં દુર છે? અપ-ડાઉન કરવા વાળા કેટલાય લોકો છે એવી રીતે હું પણ અપ- ડાઉન જ કરીશ.અને જાનકી પણ તમારી પાસે હશે તો તમે સાવ એકલા નહીપડી જાવ.”

ધ્રુમિલ એશાને કેમ કરીને એકલી મુકવા તૈયાર જ નહોતો.

“હું એકલી છું જ ક્યાં? એશા એને હળવેકથી સમજાવતી. આ આખુ આણંદ મારું જ તો છે. તે જોયું ક્યારે ક્યાં મહેમાનો સચવાઇ ગયા તે ખબરે પડી?

અને એશાની વાત પણ સાચી હતી.લગભગ ૧૩ દિવસ સુધીની મહેમાનોની અવર-જવરને મંદિરના સંતોએ ,ડીવોટીઓ એ સાચવી લીધા હતા એનો ભાર એશા કે એના ઘર સુધી પહોંચવા પણ દીધો નહોતો.

“હવે મને કોઇ બાંધશો નહી અને મારાથી બંધાયેલા પ રહેશો નહી.હવે હુ અને પ્રવુત્તિઓ વિસ્તરવા માંગીએ છીએ. તમે મારી સાથે હશો તો તમે મને સાચવ્યા જ કરશો. મારે હવે મારો સમય માત્ર મારા પર કેન્દ્રીત નથી કરવો, અને જરૂર પડે તો તમે અહીં આવો કે હું તમારી પાસે ક્યાં નથી આવી શકતી? “

આમ એશાએ ધ્રુમિલ અને જાનકીને સમજાવી લીધા. રુચા તો બાજુમાં જ રહેતી હતી ને?

એકલી રહેતી એશાનો ખાલીપો ભરાતો ગયો.જીંદગી જીવવા જેવી લાગે છે.એકલા જીવવાનું કદીક અધરું તો લાગે છે પણ કોઇ પ્રવૃતિમાં તે બાધક નથી બનતું.

”**એકલા આવ્યા છીએ એકલા જ જવાનું છે**.” એ જીવનમંત્ર આજે એશાએ એટલી હદે આત્મસાત કર્યો છે કે એકલી હોવા છતાં ક્યારેય એકલવાયી નથી. એકલતા એને ક્યારે સાલતી નથી.

# સંપૂર્ણ.

# આભાર

ગુજરાતી સાહિત્ય સરિતા સભ્યોનો

"સર્જન સહિયારું ગદ્ય" બ્લોગ નાં વાચક મિત્રોનો

ગમ્યુ તેવુ લખ્યુની ટીપ્પણી લખતા મિત્રોનો

ઈ મેલ દ્વારા મિત્રોને જાણ કરતા સૌનો